BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## પ્રથમ વર્ષ સેમેસ્ટર – 2

## SOMJ/SOMN – 201

# ભારતમાં સામાજિક સમસ્યાઓ

# (Social Problems in India)

## (મુખ્ય તથા ગૌણ વિષય)




As per NEP - 2020

B.A. (Honours)-Sociology

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**સંપાદન :**

| | |
|---|---|
| પ્રો.(ડો.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ. |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ. |
| ડૉ. પરેશ ચૌહાણ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ. |
| ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ. |

**વિષય સમિતિ :**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) મહેશ ગામિત | પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફિસ, આશ્રમ રોડ, અમદાવાદ. |

**પરામર્શન (વિષય) :**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) જે. સી. પટેલ | અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |

**લેખન :**

| | |
|---|---|
| ડૉ. હસમુખભાઈ પંચાલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| ડૉ. ઈશ્વરભાઈ સુતરિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ, તળાજા, જિ. ભાવનગર |
| **ડૉ સંદીપ સાંચલા** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કઠલાલ, ખેડા. |
| **ડૉ. ઇન્દિરા એમ. વાળા** | એસોસિએટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, જે.વી. આર્ટ્સ એન્ડ એમ.સી. પટેલ કોમર્સ કોલેજ, મુવાલ, તા. પાદરા, જિ. વડોદરા. |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| ડૉ. ધ્વનિલ પારેખ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| શ્રી ઘનશ્યામ ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતિ એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણા. |
| **ડૉ. દિવ્યેશ વ્યાસ** | આસિસ્ટન્ટ પ્રોફેસર, જર્નાલિઝમ એન્ડ માસ કમ્યૂનિકેશન ડિપાર્ટમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ. |



**પ્રકાશન વર્ષઃ પ્રથમ આવૃત્તિ, 2021**

**ISBN: 978-93-92139-46-8**

**પ્રકાશકઃ કુલસચિવ(કાર્યકારી) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**B.A. (Hons.)**

ભારતમાં સામાજિક સમસ્યાઓ

**(Social Problems In India)**

**SOMJ-201/SOMN-201**

# વિભાગ – 1


**એકમ ૧**

**સામાજિક સમસ્યાનો અર્થ અને સ્વરૂપ**

**એકમ ૨**

**સામાજિક સમસ્યાના કારણો અને પરિણામો**

**એકમ ૩**

**માળખાગત સમસ્યા તરીકે ગરીબીનો અર્થ,કારણો**

**એકમ ૪**

**ગરીબીના પરિણામો અને નિવારણો**

**એકમ ૫**

**જ્ઞાતિ અને લૈંગિક અસમાનતા**

**એકમ ૬**

**ધાર્મિક, એથનિક, પ્રાદેશિક વિસંવાદીત્તા**

**એકમ ૭**

**લઘુમતિઓ, પછાતવર્ગો અને દલિતો**

**એકમ ૮**

**કૌટુંબિક સમસ્યા તરીકે દહેજ અને ઘરેલું હિંસા**

## વિભાગ પરિચય : સામાજિક સમસ્યાનું સ્વરૂપ અને માળખાગત સમસ્યાઓ

*વિદ્યાર્થી મિત્રો, આપણે આ વિભાગમાં, સામાજિક સમસ્યાનું સ્વરૂપ અને માળખાગત સમસ્યાઓની વિસ્તૃત ચર્ચા કરીશું. જેમાં કુલ આઠ એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં સામાજિક સમસ્યાનો અર્થ સમજીશું. ઉપરાંત, સામાજિક સમસ્યાઓ કેવા સ્વરૂપની છે, તેની જાણકારી મેળવીશું. બીજા એકમના સંદર્ભમાં જોઈએ તો સમાજમાં સમસ્યાઓ વધવા માટે અનેક કારણો જવાબદાર છે. સામાજિક સમસ્યાઓ વધવા પાછળનાં મુખ્ય કારણોની ચર્ચા કરીશું. જેમ-જેમ સમસ્યાઓમાં વધારો કે ઘટાડો થાય તેમ-તેમ સમાજમાં પરિવર્તન આવતું જાય છે. પરિવર્તન વિધાયક કે વિઘાતક સ્વરૂપનું હોઈ શકે. સામાજિક સમસ્યાઓને કારણે આવતું કાર્યાત્મિક અને વિકાર્યાત્મિક પરિવર્તનોની ચર્ચા કરીશું. આ વિભાગના ત્રીજા એકમમાં 'ગરીબી'ની સમસ્યાને માળખાગત સમસ્યાના સંદર્ભમાં ચકાસીશું. ગરીબી જેવી સામાજિક સમસ્યાનો અર્થ, તેના મુખ્ય સામાજિક, વ્યક્તિગત, આર્થિક અને રાજનૈતિક કારણો સમજીશું. આગળના એકમમાં ગરીબીનો અર્થ અને કારણો સમજ્યા બાદ ગરીબીને કારણે સમાજમાં ઉદ્દભવતાં વિઘાતક પરિણામો જેવાં કે, અપરાધ, ભિક્ષાવૃત્તિ, આત્મહત્યા, છૂટાછેડા, બેકારી વગેરેની ચર્ચા કરીશું, તેમજ તેને નિવારવાના ઉપાયો ચોથા એકમમાં જોઈશું.*

*વિદ્યાર્થી મિત્રો, ભારતીય સમાજમાં અસમાનતા વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. તેનાથી કોઈ અજાણ નથી જ, પરંતુ ખાસ કરીને ભારતીય જ્ઞાતિ અને લૈંગિક અસમાનતા કેટલે અંશે પ્રવર્તે છે, તેનાં કારણો અને સમસ્યાઓની ચર્ચા પાંચમા એકમમાં કરીશું. ત્યારબાદ છઠ્ઠા એકમમાં આપણે ધાર્મિક, એથ્નિક, પ્રાદેશિક વિસંવાદીતાને એક સામાજિક સમસ્યા તરીકે સમજીશું. સાતમા એકમમાં ભારતના લઘુમતીઓ, પછાતવર્ગો અને દલિતો એમ ત્રણેય વર્ગો વિશેની વિસ્તૃત સમજ કેળવીશું. ખાસ કરીને લઘુમતીઓ, પછાતવર્ગો અને દલિતોનો અર્થ, તેઓની મુખ્ય સમસ્યાઓથી પરિચિત થઈશું. આગળના આઠમા એકમમાં મહિલાઓના સંદર્ભમાં સમસ્યાઓ કેવા પ્રકારની છે, તે સમજીશું, જેમાં મુખ્યત્વે મહિલાઓની કૌટુંબિક સમસ્યા તરીકે દહેજ અને ઘરેલું હિંસાનાં કારણો, પરિણામો તથા મહિલાઓ અને સમાજ પર થતી વિઘાતક અસરોની ચર્ચા કરીશું.*

**એકમ : 1** **સામાજિક સમસ્યાઓનો અર્થ અને સ્વરૂપ**

**: રૂપરેખા :**

**1.0 ઉદ્દેશો**
**1.1 પ્રસ્તાવના**
**1.2 સામાજિક સમસ્યાનો અર્થ**
**1.3 સામાજિક સમસ્યાનું સ્વરૂપ**
**1.4 સારાંશ**
**1.5 ચાવીરૂપ શબ્દો**
**1.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો/સંદર્ભ**
**1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 1.0 ઉદ્દેશો :

*આ એકમના અધ્યયન બાદ*

*– વિદ્યાર્થીઓ સામાજિક સમસ્યાને સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી જોતા થશે.*

- *ભારતના સંદર્ભમાં સામાજિક સમસ્યાઓ અને સામાજિક બદલાવ વચ્ચેનો સંબંધ સમજી શકશે.*
- *રચનાગત બદલાવ અને સામાજિક સમસ્યા વચ્ચેના જોડાણને વર્ણવી શકશે.*

## 1.1 પ્રસ્તાવના :

*આ એકમનું અધ્યયન વસ્તુ છે સામાજિક સમસ્યાનો અર્થ અને સ્વરૂપ. સ્વાભાવિક રીતે જ આપણે સામાજિક સમસ્યારૂપી પ્રક્રિયાને સમજવી જોઈએ. સમાજ અને સામાજિક સમસ્યાઓ બંને સ્થિર કે સ્થગિત નથી.સામાજિક સમસ્યાઓ સમાજની સામાજિક રચના ,વિચારસરણીઓ મૂલ્યો ,વલણો સસ્થાઓનાં સત્તા અને અધિકાર તથા હિતો સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. સામાજિક ફેરફારની પ્રક્રિયા સામાજિક જીવનના આ બધા વિભિન્ન પાસામાં પરિવર્તન લાવે છે અને સાથે સાથે નવી સામાજિક સમસ્યાઓને જન્મ આપે છે. બીજી બાજુ જો સામાજિક બદલાવની પ્રક્રિયા સ્વાભાવિક રીતે ચાલુ રહેતી હોય તો તે સમયે સમાજ માટે સંક્રાન્તિકાળના સમયમાં એટલે કે જૂના વ્યવસ્થાતંત્રનો પૂરેપૂરો અસ્ત નથી થયો નવા વ્યવસ્થાતંત્ર નો ઉદ્ભવ નથી થયો તેવા સમયમાં ,અનુકૂલનની સમસ્યાઓ ઉપસ્થિત થાય.*

## 1.2 સામાજિક સમસ્યાનો અર્થ : (Meaning Of Social Problem )

*સામાન્ય સમાજ પ્રમાણે સમાજમાંના એવા સંજોગો કે સ્થિતિ જે વ્યાપક ફેલાયેલા હોય અને સમાજમાં હાનિકારક પરિણામો લાવતાં હોય તેમને સામાજિક સમસ્યાઓ કહેવાય સામાજિક સમસ્યાઓ સમાજમાં અનિચ્છનિય પરિસ્થિતિઓ ગણાતી હોય છે. એટલે કે, જે પરિસ્થિતિઓ સમાજના અનેક*

*લોકોની ધ્યેયપ્રાપ્તિમાં અવરોધક બનતી હોય, લોકોનાં જીવન પર જેની વિપરીત અસર થતી હોય એવી સામાજિક પરિસ્થિતિઓને સમાજશાસ્ત્રીઓ સામાજિક સમસ્યા તરીકે ગણતા હોય છે. જો કે,અમુક પરિસ્થિતિ હાજર હોય છતાં લોકો તેને અનિચ્છનીય પરિસ્થિતિ તરીકે ગણતા ન હોય તો સમાજશાસ્ત્રની વ્યાખ્યા મુજબ તેને સામાજિક સમસ્યા તરીકે ગણી શકાય નહિ,એટલે કે કઈ પરિસ્થિતિને સામાજિક સમસ્યા તરીકે ગણી શકાય અને કઈ પરિસ્થિતિને સામાજિક સમસ્યા તરીકે ન ગણી શકાય એ બાબતમાં સામાન્ય લોકોની માન્યતાઓ તથા સમાજશાસ્ત્રીય અર્થ વચ્ચે કેટલીક વખત વિવિધતા જોવા મળે છે. આ અંગેની સ્પષ્ટતા માટે વિદ્વવાનોએ આપેલ વ્યાખ્યાઓ નીચે મુજબ છે.*

**નિસ્બેત** *: સમાજનો મોટો ભાગ અમુક વર્તન પદ્ધતિઓ કે તરાહને તેમના સમાજના સામાન્ય સ્વીકૃત સામાજિક ધોરણોના ઉલ્લંઘન તરીકે ગણતા હોય ત્યારે તે સામાજિક સમસ્યા છે. સામાજિક સમસ્યાઓ મૂળભૂત રીતે લોકો વચ્ચેના માનવીયસંબંધોની સમસ્યાઓ છે જે સમાજને માટે ગંભીર ખતરો ઉત્પન્ન કરે છે. અથવા વ્યકિતઓની મહત્ત્વાકાંક્ષાઓની પ્રાપ્તિનાં માર્ગમાં વિઘ્નરૂપ બને છે.*

*રૂબિંગ્ટન અને વેઈનબર્ગ – સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ સામાજિક સમસ્યા એ નોંધપાત્ર સંખ્યાના લોકોનાં મૂલ્યોથી વિરુદ્ધની કે મૂલ્યો સાથે પ્રતિકૂળ હોય એવી આક્ષેપાત્મક પરિસ્થિતિ છે જેને બદલવા માટે પગલાં લેવાની જરૂર છે તેમ આ લોકો સંમત થતા હોય છે.*

**હોર્ટન અને લેસ્લી** *: સામાજિક સમસ્યા એવી પરીસ્થિતિ છે જે લોકોની નોંધપાત્ર સંખ્યા પર અનિચ્છનીય રીતે અસર કરે છે અને આવી પરીસ્થિતિ અંગે સામૂહિક પગલાં દ્વારા કંઈક કરી શકાય તેમ છે એવી માન્યતા લોકો ધરાવતાં હોય છે.*

*સામાજિક સમસ્યાઓ મૂળભૂત રીતે લોકો વચ્ચેના માનવીય સંબંધોની સમસ્યાઓ છે. જે સમાજને માટે ગંભીર ખતરો ઉત્પન્ન કરે છે. અથવા વ્યકિતઓની મહત્ત્વાકાંક્ષાની પ્રાપ્તિનાં માર્ગમાં વિઘ્નરૂપ બને છે.*

*સામાજિક સમસ્યાનું સ્વરૂપ* (Nature of Social Problem ) *સામાજિક સમસ્યાના ખ્યાલને વિવિધ સમાજશાસ્ત્રીઓએ વ્યાખ્યા કરવાનો પ્રયાસ આપણે ઉપર તપાસી ગયા. જુદા -જુદા સમાજશાસ્ત્રીઓ જુદી-જુદી બાબતો દ્વારા સામાજિક સમસ્યાના સ્વરૂપને સમજાવે છે. રોબર્ટ મર્ટન અને રોબર્ટ નિસ્બેત દ્વારા સંપાદિત પુસ્તકના* ‘Introducation` *માં નિસ્બેતે કરેલ ચર્ચાના આધારે સામાજિક સમસ્યાનું સ્વરૂપ સમજવા કેટલાક મુદ્દાઓનો અભ્યાસ કરીશું.*

## 1.3 સામાજિક સમસ્યાનું સ્વરૂપ :

### (1) સામાજિક સમસ્યાની સાર્વત્રિકતા અને વૈવિધ્યઃ

*નિસ્બેતનોંધે છે કે સામાજિક સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ કરવા સામાજિક સમસ્યાઓની સાર્વત્રિકતા સ્પષ્ટ થાય છે. કોઈપણ સમાજમાં સામાજિક વિઘટન અને ધોરણભંગ વર્તનોનો સંપૂર્ણ અભાવ હોતો નથી .એટલે કે, કોઈપણ સમાજ, ભલે પછી તે સાદો સમાજ હોય કે જટિલ સમાજ હોય, પરંતુ કોઈપણ સ્વરૂપની સામાજિક સમસ્યા વગરનો સમાજ જોવા મળવો અશકય છે, આમ સામાજિક સમસ્યા ઘટના છે. સાર્વત્રિકતાની સાથોસાથ સામાજિક સમસ્યાઓમાં વૈવિધ્ય પણ જોવા મળે છે. નિસ્બેતજણાવે છે કે,માનવવર્તનને લગતા તુલનાત્મક અભ્યાસ સ્પષ્ટ રીતે એવું બતાવે છે કે સામાજિક*

*સમસ્યાઓના પ્રકારોમાં અને તેની તીવ્રતામાં સંસ્કૃતિએ – સંસ્કૃતિએ અને યુગે યુગે વૈવિધ્ય જોવા મળે છે.*

*સમાજની નૈતિક સમાનતામાં થતું રહેતું પરિવર્તન અમુક અંશે સામાજિક સમસ્યાની વિભિન્નતા કે વૈવિધ્ય સર્જે છે.આ ઉપરાત સમાજ જીવનધોરણ સામાજિક સત્તાની ઢબ અને સમાજની સભ્યસંખ્યામાં થતાં રહેતા ફેરફારો પણ સામાજિક સમસ્યાઓમાં વૈવિધ્ય આણે છે.*

**(2) સામાજિક  સમસ્યાઓનો સાંસ્કૃતિક આધાર :**

*આપણા સામાજિક અને નૈતિક વારસાના કારણે સામાજિક સમસ્યાઓ સમાજવિરોધી વર્તનના પરિણામે સર્જાતી હોવાનો ખ્યાલ પ્રચલિત થયો સામાન્ય લોકો એવી માન્યતાધરાવતા હોય છે કે, કાયમી સ્વરૂપના કેટલાંક અનિષ્ટોના કારણે જ સમસ્યાઓ પેદા થાય છે. પશ્ચિમના આચારશાસ્ત્રમાં પણ એવી માન્યતા રૂઢ થયેલી છે કે જેમ સારી બાબતોનું ઉદ્ભવ સ્થાન પણ સારું જ હોય છે તેમ અનિષ્ટ ઘટનાઓનું ઉદ્ભવ સ્થાન કોઈક અનિષ્ટ તત્ત્વોમાં જ રહેલું હોય છે. સમાજમાં જો ગુન્હાઓ બનતા હોય તો તેના કારણ તરીકે અનિષ્ટ વ્યક્તિઓ, અનિષ્ટ જૂથો અને અનિષ્ટ મૂલ્યો રહેલાં હોય છે. એવી માન્યતા સામાન્યપણે પ્રચલિત હોવાનું જોવા મળે છે. પરંતુ  આ માન્યતાને સાચી ગણાતી નથી. તેઓ સામાજિક મૂલ્યો સાથે સામાજિક સમસ્યાઓને સંબંધ હોવાનો મત ધરાવે છે . નિસ્બતનો આ મત સ્પષ્ટકરવા કેટલીક બાબતોને સમજીએ.*

**(અ) સાંસ્કૃતિક મૂલ્યો સાથે સામાજિક સમસ્યાઓનો સંબંધ :-** *સમાજમાં એવું જોવા મળે છે કે અમુક સામાજિક સમસ્યાઓની સંદર્ભ  પરિસ્થિતિને સામાજિક મૂલ્યો પ્રમાણે વાંધાજનક ગણવામાં આવતી નથી. એટલુ જ નહી કેટલીક વખત સમાજ તેને સારી ગણીને સ્વીકારી પણ લે છે જેમ કે, અમેરિકન સંસ્કૃતિમાં કૌટુંબિક ભોજન અને ધાર્મિક ઉત્સવોથી માંડીને રાજકીય સત્કાર સમારંભો સુધીના પ્રસંગોએ શરાબ પીવાની બાબતને સારી વસ્તુ ગણવામાં આવે છે. તે જ રીતે કેટલીક સામાજિક સમસ્યાઓ શહેરીજીવન  સાથે નિકટનો સંબંધ ધરાવે છે. કારણ કે શહેરી જીવનના સાંસ્કૃતિક મૂલ્યોમાંથી અનેક સામાજિક અનિષ્ટો પેદા થાય છે. તે જ રીતે મોટા કુટુંબને  ઈચ્છનીય ગણતું મૂલ્ય વસ્તીવૃદ્ધિની સમસ્યા સાથે નિકટનો સંબંધ ધરાવે છે આ બધા ઉદાહરણો સાંસ્કૃતિક મૂલ્યો સાથે સામાજિક સમસ્યાઓ કેટલો નિકટનો સંબંધ ધરાવે છે એ હકીકતની પ્રતીતિ કરાવે છે. ટૂંકમાં સામાજિક સમસ્યાઓને કોઈ બાહય લક્ષણ ગણી લેવાથી સામાજિક વાસ્તવિકતાની  ઉપેક્ષા થાય છે.*

**(બ) સામાજિક વર્તન સાથે સામાજિક સમસ્યાઓનો સંબંધ ;**

*સમાજમાં કોઈપણ પ્રકારનું સામાજિક વર્તન, ભલે પછી તે નૈતિક હોય કે અનૈતિક,કાયદેસરનું હોય કે ગેરકાયદેસર,પણ પ્રત્યેક સામાજિક વર્તન સમાજનાં મૂલ્યો અને સંસ્થાઓના સંદર્ભમાં જ સમજી શકાય છે. એટલે કે,સાંસ્કૃતિક મૂલ્યો વર્તન માટેના આદર્શો પૂરા પાડે છે. આથી જ સામાજિક સમસ્યા સમાજ કે જૂથના સભ્યોના વર્તનમાંથી ઉદ્ભવતી ઘટના છે. સાંસ્કૃતિક મૂલ્યો સામાજિક વર્તનને આધાર પૂરો પાડતા હોવાથી કોઈપણ સામાજિક સમસ્યાનું વૈજ્ઞાનિક વિશ્લેષણ જે તે સમાજની મૂલ્યવ્યવસ્થાના સંદર્ભમાં જ કરવું જરૂરી બને છે.*

**(ક) સામાજિક સમસ્યાઓની ઐતિહાસિક પરિવર્તનશીલતા :-**

*સામાજિક સમસ્યાઓની ઐતિહાસિક પરિવર્તનશીલતા પણ લક્ષમાં રાખવા જેવી છે. કોઈપણ સમાજનું અને સમાજનાં વિભિન્ન જૂથોનું સમય જતાં રૂપાંતર થઈ જતું હોય છે. સમયનાં પ્રવાહમાં સમાજની અને સમાજનાં વિભિન્ન જૂથોની અર્થવ્યવસ્થા, રાજકીય, સંસ્થાઓ અને સંસ્કૃતિ જેમ બદલાય જાય છે તેમ સામાજિક સમસ્યાઓનું સ્વરૂપ અને ઢબ પણ બદલાય જાય. ગ્રીક, રોમન ,ચાઈનીઝ વગેરે પ્રજાઓના ઈતિહાસ સ્પષ્ટ હોય છે કે સમયના પ્રવાહમાં આ બધી પ્રજાઓની આર્થિક અને રાજકીય તેમજ સાંસ્કૃતિક સિદ્ધિઓમાં પુષ્કળ વિવિધતા પ્રવેશતી રહી છે. એટલું જ નહી પણ તેમની સામાજિક સમસ્યાઓનું સ્વરૂપ પણ બદલાતું રહ્યું છે.*

**(3) સામાજિક સમસ્યાની સાપેક્ષતા:-**

*સામાજિક સમસ્યાને નિસ્બેત સાપેક્ષ સામાજિક પરિસ્થિતિ તરીકે ઓળખાવે છે. સામાજિક સમસ્યાની સાપેક્ષતાને નીચેની બાબતોથી સમજીએ*

**(અ) સમાજની નૈતિક સભાનતામાં થતી રહેતી વધઘટ અને સામાજિક સમસ્યાની સાપેક્ષતા:**

*સમાજની નૈતિક સભાનતામાં વધઘટ થતી રહે છે. કેટલીક સમસ્યાઓ પ્રત્યેની નૈતિક સભાનતા તીવ્ર સ્વરૂપે વ્યક્ત થાય છે. પરંતુ સમય જતાં એ જ સમસ્યા અંગેની નૈતિક સભાનતા બદલાઈ જતી હોય છે. જૂના વખતમાં બાળમજૂરીની પરિસ્થિતિ હતી પણ એ વખતે મોટા ભાગના લોકો બાળમજૂરીને ખરાબ ગણતા નહોતા. પરતું વર્તમાન સમયમાં આપણાં મૂલ્યો બદલાતાં હવે આપણે બાળકો પાસે મજૂરીનાં કામો કરાવવાની બાબતને ખરાબ અને અનિરછનીય ગણતાં થયા છીયે આથી હવે બાળમજૂરીએ સામાજિક સમસ્યા ગણાય છે. અને એના પર પ્રતિબંધ મૂકતા કાયદા પણ આપણે કર્યા છે. આમ. સામાજિક સમસ્યા કાયમી પરિસ્થિતી નથી પણ તે એક સાપેક્ષ પરિસ્થિતિ છે.*

**(બ) એક સમાજમાં એક સમયે જ વર્તનને ધોરણભંગ ગણવામાં આવતું હોય તે જ વર્તનને એ જ સમાજમાં બીજા સમયે ધોરણભંગ ગણવામાં આવતું ન હોય એમ બને છે. :-**

*આ હકીકતના ઉદાહરણ તરીકે, નિકટના સગાંઓ વચ્ચેના જાતીય સંબંધને આજે આપણાં સમાજમાં ધોરણભંગ વર્તન ગણવામાં આવે છે. પરંતુ પ્રાચીન ઈજિપ્તના સમાજમાં ઉચ્ચકુળનાં કુટુંબોમાં જાતીયસંબંધને ધોરણભંગ વર્તન ગણવામાં આવતું નહોતું. અમેરિકન સમાજશાસ્ત્રી વિલિયમ ગ્રેહામ સમ્નરે લખ્યું કે," લોક્નીતિ ખોટા ને સાચું સાચાને ખોટું બનાવે છે. ગ્રેહામના આ કથનમાં એવો અર્થ ગર્ભિત છે કે "સાચું" અને "ખોટું" "સારું" અને "ખરાબ" વગેરે ખ્યાલો પ્રવર્તમાન ધોરણોના સંદર્ભમાં સાપેક્ષ હોય છે. માનવજાતિમાં લોકોચારો,લોક્નીતિઓ અને ધોરણોમાં પારાવાર વિવિધતા હોય છે. આથી માનવવર્તનમાં પણ વિવિધતા જોવા મળે છે. સામાજિક સમસ્યા વર્તનની જ એક રીત હોવાથી પ્રત્યેક સામાજિક સમસ્યા ધોરણોના સંકુલ વિશેના આત્મલક્ષી સભાનતા સાથે અભેદ રીતે જોડાયેલી હોય છે.*

**(4) આધુનિક સમયમાં સામાજિક સમસ્યાઓને મળેલી માન્યતા:-**

*સામાજિક સમસ્યાઓના સંદર્ભમાં નિસ્બેત જણાવે છે કે કેવળ નૈતિક અને સામાજિક તત્ત્વો જ તપાસવામાં આવે એટલું પૂરતું નથી. ઐતિહાસિક કાળક્રમમાં સમાજમાં સામાજિક સમસ્યાઓને લોકોની માન્યતા કઈ રીતે મળી છે તે બાબત પણ એટલી જ મહત્ત્વની છે જેમાં બે ઐતિહાસિક પ્રવાહો મહત્ત્વનાં છે.*

**(અ) બિનસાંપ્રદાયિક બુદ્ધિવાદ :-**

*બિનસાંપ્રદાયિક બુદ્ધિવાદનું મૂળભૂત હાર્દ એ છે કે "સારું" કોને કહેવાય અને 'ખરાબ' કોને કહેવાય એ અંગેના ખ્યાલો પ્રાચીન ધર્મશાસ્ત્રીય સંદર્ભમાંથી મુક્ત થયા છે. પરિણામે સામાજિક પરીસ્થિતિઓ અને સમસ્યાઓને ધાર્મિક સંદર્ભમાં જોવાને બદલે હવે તેનો વિચાર બૌદ્ધિક રીતે થવા લાગ્યો છે. એટલે કે બિનસાંપ્રદાયિક બુદ્ધિવાદના વિકાસથી સામાજિક પરીસ્થિતિઓ અંગેની વિચારણા ધાર્મિક દ્દષ્ટિબિંદુમાંથી મુકત થઈ. આવી પરીસ્થિતિઓ અનિચ્છનીય ગણાવા લાગી અને વૈજ્ઞાનિક રીતે તેનો અભ્યાસ કરીને તેનું નિયંત્રણ કરવા માટેના પગલાં લેવાની જરૂરિયાત સ્વીકારવામાં આવી. આમ બિનસાંપ્રદાયિક બુદ્ધિવાદના સામાજિક સમસ્યાઓ પત્યે જાગૃતિ કેળવવામાં કે તેને સામાજિક માન્યતા આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.*

**(બ) માનવતાવાદ :**

19 *મી સદીના પ્રારંભમાં ઉદ્દભવેલો માનવતાવાદી દ્દષ્ટિકોણ પણ એક એવો બીજો ઐતિહાસિક પ્રવાહ છે, જેણે સામાજિક પરીસ્થિતિઓ વિષે નવી રીતે વિચારણા કરવાની પ્રેરણા પૂરી પાડી.* 19 *મી સદીના પ્રારંભે કેટલીક સામાજિક પરીસ્થિતિઓ વિશે બુદ્ધિપૂર્વક વિચારણા થવા લાગી અને આવી પરીસ્થિતિઓ બૌદ્ધિક પ્રશ્નો તરીકે ઓળખાવા લાગી.એટલું જ નહી નૈતિક રીતે પણ આવી પરીસ્થિતિઓ ધ્યાન ખેંચાનારી બની. નિસ્બેત જણાવે છે કે ઉપરોક્ત બાબતોએ સામાજિક સમસ્યાઓને પરિ સ્થિતિઓની સામાજિક માન્યતા આપવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.*

*ઉપરોક્ત ચર્ચાને અંતે સામાજિક સમસ્યાઓ અંગે કેટલીક મહત્ત્વની બાબતો છે.જેમ કે સામાજિક ધોરણો અને જરૂરિયાત પરિવર્તનને કારણે એક સમયે જે પરિસ્થિતિ સામાજિક સમસ્યા ગણાય છે તે પરિસ્થિતિ બીજા સમયે સામાજિક સમસ્યા ગણાતી નથી બીજી કે એક સમાજમાં એક વર્ગ માટે જ પરિસ્થિતિ સામાજિક સમસ્યા ગણાય છે તે પરિસ્થિતિ બીજા વર્ગ માટે સામાજિક સમસ્યા નથી હોતી. જેમ કે બાળલગ્ન.*

- **તમારી પ્રગતિચકાસો -1**

1.*સામાજિક સમસ્યા અંગે નિસ્બેતના વિચારો જણાવો.*

2.*સામાજિક સમસ્યાના સ્વરૂપ વિશે લખો.*

## 1.4 સારાંશ :

*સામાજિક સમસ્યાઓની વિભાવના,વ્યાખ્યા અને સ્વરૂપ વિશે ચર્ચા કરી. ભારતના સંદર્ભમાં સામાજિક સમસ્યાઓ અને સામાજિક બદલાવ વચ્ચેનો સંબંધ સમજવામાં વિદ્યાર્થીઓની ક્ષમતાનો વિકાસ થશે.*

## 1.5 ચાવીરૂપ શબ્દો (key words)

**સામાજિક સમસ્યાઓ** *સ્વીકૃત સામાજિક ધોરણોના અને ભંગ કે ઉલ્લંઘન કરતી વર્તનની તરાહો અથવા દુઃખ કે ફરિયાદો સામેના વિરોધોને સામાજિક સમસ્યાઓ કહેવાય છે.*

**વિચલન વર્તન** *સમાજશાસ્ત્રીઓ ગંભીર ગુનાઓ તેમ જ નીતિનિયમોના ઉલ્લંઘન તેમાં સમાવેશ કરે છે. 'સ્વાભાવિક અંગેનો સ્વીકૃત વિચારનો જ્યારે કોઈકના વર્તનમાં સર્વસામાન્યપણે ઉલ્લંઘન કરવામાં આવે છે ત્યારે તેને વિચલન વર્તન કહેવાય છે.*

## 1.6 કેટલાંક ઉપયોગી પુસ્તકોઃ


- Memon K. Robert, Nisabet,1971 Contemporary social problems, Fourth Edition,Harcourt Brace and,co
- *આહુજા રામ* (2016) *સામાજિક સમસ્યાયે તૃતીય સસ્કરણ, રાવત પબ્લિકેશન, જયપુર.*

## 1.7 તમારી પ્રગતિચકાસો -1 નાજવાબો :

1 *સામાજિક સમસ્યા અંગે નિસ્બેત જણાવે છે કે સમાજનો મોટો ભાગ અમુક વર્તન પદ્ધતિઓ કે તરાહને તેમના સમાજના સામાન્યઃ સ્વીકૃત સામાજિક ધોરણોના ઉલ્લંઘન તરીકે ગણતા હોય ત્યારે તે સામાજિક સમસ્યા છે.*

**2. સામાજિક સમસ્યાનાં સ્વરૂપનાં તત્ત્વો નીચે મુજબ છે.**

(1) *સામાજિક સમસ્યા એ આક્ષેપાત્મક પરિસ્થિતિ છે.*

(2) *લોકોની નોંધપાત્ર સંખ્યા પર અસર કરતી પરિસ્થિતિ.*

(3) *આવી અસર અનિચ્છનીય માનવામાં આવે છે.*

(4) *આવી પરિસ્થિતિ દૂર કરી શકાય તેમ છે એવી માન્યતા.*

(5) *સામૂહિક પગલાં દ્વારા પરિસ્થિતિનું નિવારણ કરવાનો પ્રયાસ.*

| | |
|---|---|
| **એકમ : 2** | **સામાજિક સમસ્યાઓનાં કારણો અને પરિણામો** |

**: રૂપરેખા :**

**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 સામાજિક સમસ્યાનાં કારણો**

**2.3 સામાજિક સમસ્યાના પરિણામો**

**2.4 સારાંશ**

**2.5 ચાવીરૂપ શબ્દો**

**2.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો/સંદર્ભ**

**2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 2.0 ઉદ્દેશો :

*આ એકમના ઉદ્દેશોમાં સામાજિક સમસ્યાનાં કારણો અને પરિણામોનું નિરૂપણ કરવું એ મુખ્ય છે. આ એકમનું અધ્યયન કર્યા બાદ તમે*

- *સામાજિક સમસ્યાના પ્રગતીકરણની સ્થિતિ જાણી શકશો.*
- *સામાજિક સમસ્યાને સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજી શકશો.*
- *સમાજિક સમસ્યાનાં પરિણામો અંગે વિચાર કરી શકશો.*
- *ભારતની સામાજિક સમસ્યાઓનું મૂલ્યાંકન કરી શકશો.*
- *ભારતની સામાજિક સમસ્યાઓનો વૈશ્વિક સમસ્યાઓની સાથે તુલનાત્મક અભ્યાસ કરી શકશો.*

## 2.1 પ્રસ્તાવના :

*સામાજિક સમસ્યા એ એક પ્રક્રિયા સ્વરૂપે સમજવી જરૂરી છે. સમાજ અને સામાજિક સમસ્યાઓ બન્ને સ્થિર કે સ્થગિત નથી. વ્યક્તિગત સમસ્યા એ છે, જે એક વ્યક્તિ કે એક સમુહને અસર કરે છે. તેનું સમાધાન તે વ્યક્તિ કે સમૂહના નજીકના વાતાવરણમાં હોય છે. તેનાથી અલગ વસ્તીવિષયક એ છે જેનો પુરા સમાજની મોટી સંખ્યા પર અસર પડે છે. તેનાથી અલગ વસ્તી વિષયક એ છે જેનો પુરા સમાજની મોટી સંરચનાઓના કાર્ય નિર્વાહમાં તે સમસ્યા કેવી રીતે ઉત્પન્ન થાય છે. સમાજશાસ્ત્રી સમાજમાં એકબીજાની સંબંધોના વિવિધ સ્વરૂપોની કાર્યપ્રણાલીનો તથા લોકો પર તેની શું અસર થાય છે. એ બાબતનો અભ્યાસ કરે છે. તે આ સમસ્યાઓના ઉકેલ માટે એ જુએ છે કે સામાજિક સંરચનાઓનું કેવી રીતે પુન ગઠન થઈ શકે અને સામાજિક વ્યવસ્થાની કેવી રીતે પુનઃસંરચના થઈ શકે છે. સિદ્ધાંતને પ્રયોગ સાથે જોડવાના પરિણામ સ્વરૂપ સમસ્યાના ઉકેલ માટે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ મળી જાય.*

## 2.2 સામાજિક સમસ્યાના કારણો :

*કોઈપણ સામાજિક સમસ્યા ઉત્પન્ન થવાનાં વિવિધ કારણો હોય છે. જ્યારે સામાજિક સંગઠનમાં સંવાદિતા સમાપ્ત થઈ જાય ત્યારે સામાજિક સમસ્યા ઉત્પન્ન થાય છે, પરંતુ પ્રત્યેક સામાજિક સમસ્યા કેટલાંક નિશ્ચિત કારણોમાંથી પસાર થઈને વિકસે છે. આ કારણો પરસ્પર સંકળાયેલાં હોય છે. જે દરેક સામાજિક સમસ્યાનાં અસ્તિત્વ, તીવ્રતા કે વ્યાપકતામાં ગૂંફિત સ્વરૂપે અસરકર્તા હોય છે. જુદાજુદા વિદ્વાનોએ સામાજિક સમસ્યાના જુદા- જુદા કારણો જણાવ્યા છે. રોબર્ટ એ. નીસ્બેતે સામાજિક સમસ્યાઓમાં મુખ્ય કારણો આપ્યાં છ. તે નીચે મુજબ દર્શાવી શકાય.*

**1. સંસ્થાઓનો સંઘર્ષ :**

*કેટલીકવાર અનેક સંસ્થાઓના ઉદ્દેશો, ધ્યેયો અને સાધનોમાં સંઘર્ષની સ્થતિ ઉત્પન્ન થઈ જાય છે. જૂની અને નવી સમસ્યાઓમાં આવો સંઘર્ષ વધુ જોવા મળે છે. કારણકે જૂની સમસ્યાઓ વ્યવસ્થાને મૂળરૂપે બનાવી રાખવા પર ભાર આપે છે. જ્યારે નવી સંસ્થાઓ સમાજિક ગતિશીલ પર વધારે ભાર આપે છે.*

**2. સામાજિક ગતિશીલતા :**

*આ પ્રથમ કારણ સાથે જોડાયેલ છે. ગતિશીલતાની સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા છે, કારણકે ગતિશીલતને કારણે વ્યક્તિને નવા મૂલ્યો દરરજ્જો વગેરેથી પણ ઘણો સંઘર્ષ કરવો પડે છે. અને કેટલીકવાર લોકો કંટાળીને અનૈતિક અવૈધાનીક કે અસ્વીકૃતિ પદ્ધતિ દ્વારા પોતાનો દરજ્જો ઉંચો રાખવાનો પ્રયાસ કરે છે.*

**3. વ્યક્તિવાદ :**

*વર્તમાન યુગમાં નિરંતર વધતો વ્યક્તિવાદ પણ સામાજિક સમસ્યાનું કારણ છે. પરંપરાગત સમાજોમાં જીવન સામુહિક હતું. પરંતુ આજે વ્યક્તિ પોતાનામાંજ ખોવાઈ રહ્યો છે. અને સામૂહિકતા સમાપ્ત થઈ રહી છે. તેથી આમાં પ્રાથમિક નિયંત્રણ શિથિલ થઈ જાય છે. અને વ્યક્તિના પદભ્રષ્ટ થવાની સંભાવના વધી જાય છે.*

**4.ચિંતાજનક સ્થિતિ :**

*ચિંતાજનક સ્થિતિપણ સામાજિક સમસ્યાઓને વિકસિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. આ સ્થિતિમાં વ્યક્તિ સમાજના મૂલ્યોની ચિંતા કર્યા વિના જે તેને સારું લાગે તેવું કરવા લાગે છે. અને તેથી સમાજમાં અવ્યવસ્થા તેમ જ સામાજિક સમસ્યાઓ વધી જાય છે. ચિંતાજનક સ્થિતિ એક પ્રકારે તો વિચલિત વર્તન કે ધોરણભંગની સ્થિતિ છે. જેમાં સમાજ આદર્શ નિયમ વ્યવહારને નિયમિત કરવામાં નિષ્ફળ રહે છે. લોકો પોતાની મરજી મુજબના વ્યવહાર કરવા લાગે છે. તેથી વિવિધ નવી સામાજિક સમસ્યાઓ વિકસિત થઈ જાય છે.*

*નિસ્બેત સાથે સાથે અન્ય વિદ્વાનોએએ પણ સામાજિક સમસ્યાના કારણોની ચર્ચા કરી છે. જે નીચે મુજબ સમજી શકાય.*

*મેરિલ સામાજિક સમસ્યાઓના કારણોમાં સામાજિક મૂલ્યોને કેન્દ્રમાં રાખીને જણાવે છે કે "સામાજિક સમસ્યાઓ સમાજિક મૂલ્યોની સીધી અસરરૂપે હોય છે. જો આવાં સામાજિક મૂલ્યોનું અસ્તિત્વ ન હોય તો સામાજિક સમસ્યા એટલે શું એ બાબત અજ્ઞાત બની જાય છે.*

*વિલિયમ ઓગબર્ન સામાજિક સમસ્યાને સંસ્કૃતિક મનંતા માને છે. સંસ્કૃતિનાં વિભિન્ન પાસાંઓમાં પરિવર્તનની અલગઅલગ માત્રા ચિંતા અથવા તણાવ ઉત્પન્ન કરે છે. જે સામાજિક વિઘટનની દશા માટે જવાબદાર છે.*

*ટૂંકમાં સામાજિક સમસ્યાની પાછળ એક કરતા વધુ કારણો જવાબદાર હોય છે. સામાજિક સમસ્યાની ભૂમિકામાં મુખ્ય ત્રણ મહત્વની છે.*

(i) *માનવીની વિવિધ અને સતત વધતી જતી જરૂરિયાત*

(ii) *સામાજિક મૂલ્યો અને સામાજિક ધોરણોની પ્રસ્થાપિતતા*

(iii) *સામાજિક સાંસ્કૃતિક પરિવર્તનો તથા તેમના ગતી વિચાર અને પ્રમાણમાં રહેલો તફાવત વિકૃત સામાજિક સ્થિતિઓ સામાજિક સમસ્યા જન્માવે છે. જે સાધારણ અને જટિલ અથવા તમામ સમાજોમાં ઉત્પન્ન થાય છે. જ્યાં વ્યક્તિઓ અને સમૂહોમાં પારસ્પરિક સંબંધો પ્રભાવિત થવાથી અસમાયોજન અને સંઘર્ષ પેદા થાય છે. ત્યાં સામાજિક સમસ્યા પેદા થાય છે.*

- **તમારી પ્રગતી ચકાસો.**

1) *નિસ્બેતે જણાવેલ સામાજિક સમસ્યાઓના કારણો લખો?*

2) *સામાજિક સમસ્યાની ભૂમિકામાં મુખ્ય કઈ ત્રણ બાબતોનો મહત્વ રહેલ છે.*

## 2.3 સામાજિક સમસ્યાનાં પરિણામો/અસરો :

*સામાજિક સમસ્યા એ સાર્વત્રિક ઘટના છે. સમાજ સાથે સંબંધિત પરીસ્થિતિઓ હોવાથી સમગ્ર સમાજવ્યવસ્થા ઉપર સમાજિક સમસ્યાઓની અસર થાય છે. અથવા પરિણામો આવે છે. કેટલીક વખત આવાં પરિણામો કે અસરો સમાજની વ્યવસ્થાને ટકાવી રાખવામાં અને જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં સહાયક બને છે. એટલે કે જે પરિણામો કે અસરો સમાજની કાર્યાત્મક જરૂરિયાતો પૂરી પાડવામાં મદદરૂપ બને છે તેને સામાજિક સમસ્યાના કાર્યો અને જે અસરો કે પરિણામો સમાજની કાર્યાત્મક જરૂરિયાતો પૂરી પાડવામાં અવરોધક  બનતી હોય તેવી અસરો કે પરિણામોને વિકાર્યો કહેવામાં આવે છે. પરંતુ કેટલીક સમસ્યાઓ સમાજના વિકાસમાં સહાયક અને કાર્યાત્મક બનતી હોય છે. અનેક સામાજિક સમસ્યાઓ માનવ સંસ્કૃતિ  અને સમાજને આધુનિક સ્વરૂપ બક્ષવામા મહત્વનો ફાળો આપે છે. સામાજિક માળખાને ટકાવી રાખે તેવી અસરો કે પરિણામો એટલે કાર્યાત્મક અને સામાજિક માળખાને તોડી પાડે તેવી અસરો કે પરિણામોને વિકાર્યાત્મક કહેવાય એટલે કોઈપણ સામાજિક સમસ્યા કાર્યાત્મક અને વિકાર્યાત્મક પરિણામો કે અસરો ધરાવે છે. જે નીચે મુજબ દર્શાવી શકાય.*

**સામાજિક સમસ્યા કાર્યાત્મક પરિણામો કે અસરો :**

*સામાજિક સમસ્યાઓ સમાજ રચનાનું સુગ્રથન સાધવામાં, સમાજના ધ્યેયોને સિદ્ધ કરવામાં, પરિસ્થિતિ સાથે સમાયોજન સાધવામાં મહત્વનો ભાગ ભજવે છે.*

*સામાજિક સમસ્યાઓના આ પ્રકારના પરિણામોને તેના કાર્યો તરીકે ઓળખાવી શકાય જે નીચે મુજબ નોંધી શકાય.*

**1) સામાજિક સમસ્યાઓ સામાજિક પરિવર્તન લાવે છે. :**

*સામાજિક સમસ્યાઓનું મહત્વનું કાર્યાત્મક પરિણામ એટલે સામાજિક પરિવર્તન. ખાસ કરીને ધોરણ ભંગ વર્તનો પ્રવર્તમાન સામાજિક ધોરણોમાં પરિવર્તનની જરૂરિયાત દર્શાવે છે. સામાજિક સમસ્યાઓનો ઉકેલ કરવામાં સામુહિક પ્રયાસો સમાજમાં જુદાં-જુદાં પરિવર્તનો લાવે છે. ઉદાહરણ તરીકે વધુ વસ્તીની સમસ્યાથી લગ્નની ઉમર, બાળકોની સંખ્યા, જન્મનું મહત્વ વગેરે બાબતોના પરંપરાગત ધોરણો બદલાવાં લાગ્યાં છે. તે જ રીતે અસ્પૃશ્યતાની સમસ્યાના ઉકેલ માટેના બંધારણીય અને કાનૂની પ્રયાસોના કારણે જ્ઞાતી અંગેના પરંપરાગત ધોરણો અને મૂલ્યોમાં પરિવર્તનની પ્રક્રિયા શરુ થઈ છે. યુવા અજંપાની સમસ્યાના કારણે શિક્ષણ - સંસ્થાઓના શૈક્ષણિક સુધારણા, વિદ્યાથી અને શિક્ષણની ભૂમિકા વગેરે બાબતોમાં પરિવર્તનો આવ્યાં છે. એટલેકે સામાજિક સમસ્યાઓ સમજિક રચનાતંત્રના કોઈ એક કે વધુ ભાગમાં સામાજિક પરિવર્તન લાવે છે.*

**2) નવીન શોધનું પ્રગટીકરણ :**

*સામાજિક સમસ્યાઓના પરિણામે નવીન શોધો નો જન્મ થાય છે. શીતળા, પોલિયો, મલેરિયા વગેરે રોગોની સમસ્યાઓએ ઔષધ વિજ્ઞાનમાં નવી ઔષધી અને નવી રસીઓની શોધને જન્મ આપ્યો છે. જેવી રીતે વધુ વસ્તીની સમસ્યાએ ગર્ભનિયંત્રણના કુત્રિમ સાધનોની શોધને જન્મ આપ્યો. બેકારીની સમસ્યાએ નવા વિવિધ ઉપયોગની શોધમાં મહત્વનો ફાળો આપ્યો છે. વિવિધ ક્ષેત્રોમાં થતા અકસ્માતોએ*

*વધુ આધુનિક સલામત યંત્રોની શોષ થઈ. જુના સંચારના માધ્યમોએ નવા ઈન્ટરનેટને જન્મ આપ્યો છે. એટલેકે સામાજિક સમસ્યાઓ સમાજ માટે પડકારો સર્જે છે. અને આ પડકારને પહોચી વળવા માટે માનવીના પ્રયાસોથી નવી નવી શોધોનું પ્રગટીકરણ થાય છે.*

**3) સામાજિક સંવાદિતા સ્થાપે છે. :**

*સામાજિક સમસ્યાઓ સમાજના રચનાતંત્રના જુદા-જુદા વિભાગો વચ્ચે વિસંવાદિતા પ્રવર્તતી હોવાનો નિર્દેશ કરે છે. આથી સમાજના રચનાતંત્રને ટકાવી રાખવા માટે આવી વિસંવાદિતાની પરીસ્થિતિ દુર કરીને સંવાદિતા સ્થાપના માટેના પ્રયાસો જરૂરી બને છે. સામાજિક ધોરણ ભંગ કરતી વ્યક્તિઓને શિક્ષાત્મક પગલાં કે સુધારણાના કાર્યક્રમો દ્વારા ધોરણ અનુરૂપ વર્તનો તરફ પછી વાળવાનો પ્રયાસ શરુ થાય છે જેમકે ભ્રષ્ટાચાર અને લાંચ-રુશવંતની સમસ્યાઓને ડામવા માટે વહીવટી તંત્રને સક્રિય અને ગતિશીલ બનાવવાની જરૂરિયાત ઉભી થાય છે. વિવિધ કામદારોની માંગણીઓ સંતોષવાના ચક્રોગતિમાન થાય છે. બેરોજગારી અને આર્થિક અસમાનતા જેવી સમસ્યાઓના કારણે મિલકતના પુન વિતરણની નવી આર્થિક નીતિ અમલમાં મુકવી જરૂરી બને છે. પરીક્ષાઓમાં થતી ચોરીઓ કે પેપર ફૂટવાની સમસ્યાના કારણે પરીક્ષા સુધારણાના પગલા અને સુરક્ષા નીતિનું અમલીકરણ ફરજીયાત બને છે. ટૂંકમાં સામાજિક સમસ્યાની પરિસ્થિતિમાંથી ઉદ્દભવતી વિસંવાદિતાને દુર કરી સામાજિક સંવાદિતા સ્થાપવા માટેના પ્રયાસોનો આરંભ વાસ્તવમાં સામાજિક સમસ્યાઓનું કાર્યાત્મક પરિણામ છે.*

**4) સામાજિક સુરક્ષા પૂરી પાડે છે.:**

*સામાજિક સમસ્યાઓ સામાજિક અનુકૂલનમાં ફાળો આપે છે. તેમ જ વ્યક્તિગત અને સામુહિક તંગદિલીનું નિવારણ કરવા માટેની તક પૂરી પાડીને સમાજમાં સામાજિક સુરક્ષા પૂરી પાડે છે. સામાજિક સમસ્યાઓ સમાજના કેટલાક જૂથોની જરૂરિયાત સંતોષે છે. એટલેકે જે પરિસ્થિતિઓને સમાજના અમુક જૂથો સમસ્યાઓ તરીકે ગણે છે. તે જ પરિસ્થિતિઓ સમાજમાં અમુક જૂથોની જરૂરિયાતો સંતોષવામા સહાયક બને છે. ઉદાહરણ તરીકે વેશ્યાવૃત્તિની સમસ્યા આજની કેટલીક વ્યક્તિઓની જાતિય સંતોષની જરૂરિયાત સંતોષે છે. આથી સમાજમાં સમસ્યાની પરિસ્થિતિઓનો સંપૂર્ણ અભાવ હોય તો તેમાંથી સમાજિક તંગદિલી પેદા થવાની શક્યતા રહેલી છે. કોઈપણ કામદારોનાં યુનિયનો પોતાનો અસંતોષ વ્યક્ત કરવા માટે આંદોલન, સરઘસ કાઢવાની કે શાંત-સત્યાગ્રહ કરવાની છૂટ આપવામાં આવે છે તેનું પણ આજ કારણ છે. તેથી સામાજિક સમસ્યાઓ સ્થાનિક સુરક્ષા પૂરી પાડે છે તેમ કહેવાય.*

*સામાજિક સમસ્યાના વિકાર્યાત્મક પરિણામો કે અસરો. સામાજિક સમસ્યાના કેટલાંક વિકાર્યાત્મક પરિણામો કે અસરો હોય છે. જે નીચે મુજબ દર્શાવી શકાય.*

**1) વ્યક્તિની ભૂમિકા અદા કરવામાં અવરોધક :**

*સમાજમાં વ્યક્તિ પોતપોતાની ભૂમિકા અદા કરે એ ખુબ જરૂરી છે. પરંતુ સામાજિક સમસ્યાઓની પરિસ્થિતિમાં વ્યક્તિ પોતાની અપેક્ષિત ભૂમિકા અદા કરી શકતા નથી. ભૂમિકા અદા કરવાની નિષ્ફળતા હંમેશા ઈરાદાપૂર્વક હોતી નથી. ઘણીવાર સામાજિક સમસ્યાની પરિસ્થિતિમાં વ્યક્તિ પોતાની ભૂમિકા સમજતા હોવા છતાં અદા કરવામાં અસમર્થ બને છે. મધપાન જેવી સમસ્યાઓની પરિસ્થિતિમાં પોતાની ભૂમિકા શું છે એ વિશેની સમજણ પણ રહેતી નથી. એટલે કે સામાજિક સમસ્યાઓ વ્યક્તિની ભૂમિકા અદા કરવામાં અવરોધક બને છે.*

**2) સામાજિક વિસંવાદિતા સર્જે છે. :**

*સામાજિક સમસ્યાઓ સામાજિક રચનાતંત્રમાં દરજ્જો, ભૂમિકા ધોરણો અને સાંસ્કૃતિક મૂલ્યો જેવા વિભાગો વચ્ચે પારસ્પરિક સંબંધમાં સામાજિક વિસંવાદિતતા સર્જે છે. સમસ્યાની પરિસ્થિતિમાં સમાજ કે જૂથના સભ્યો પોતાના દરજ્જા પ્રમાણે ભૂમિકા અદા કરવામાં નિષ્ફળ જાય. પ્રસ્થાપિત ધોરણોનો ભંગ કરે પ્રવર્તમાન સાંસ્કૃતિક મૂલ્યોની અવગણના કરે ત્યારે સમાજના રચનાતંત્રના વિભિન્ન વિભાગો વચ્ચે સંતુલન જળવાતું નથી. સામાજિક વિસંવાદિતા સર્જાય છે.*

**3) સામજિક ધોરણભંગની પરીસ્થિતિનો ઉદ્દભવ :**

*ખાસ કરીને સામાજિક સમસ્યાઓ ધોરણ ભંગ વર્તનોમાંથી ઉદભવતી હોય છે એટલે સામાજિક સમસ્યાઓ પોતે જ ધોરણ ભંગ વર્તનની ઘટનાનો નિર્દેશ કરે છે. આત્મહત્યા, બાળઅપરાધ, સામાજિક સંઘર્ષ વગેરે સમસ્યાઓ પ્રત્યક્ષ રીતે પ્રસ્થાપિત સામાજિક ધોરણોના ભંગમાંથી ઉદભવતી સમસ્યાઓ છે. પરિણામે સમાજની કેટલીક સર્વસામાજિક જરૂરિયાતોના સંતોષમાં અવરોધ ઉભો થાય છે.*

**4) માનસિક તંગદિલીનો ઉદ્દભવ :**

*સામાજિક સમસ્યાઓની પરિસ્થિતિમાં સભ્યોની માનસિક તંગદિલીમાં વધારો થાય છે. આત્મહત્ય, છૂટાછેડા, બેરોજગારી, સામાજિક સંઘર્ષ વગેરે પરિસ્થિતિમાં સમસ્યા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલાં લોકો ભારે માનસિક તંગદિલીનો અનુભવ કરે છે. જ્ઞાતી સંઘર્ષ અને કોમિ હુલ્લડ જેવી પરિસ્થિતિ ઉદ્દભવે ત્યારે લોકોમાં ઉત્તેજના અને ગભરાટ ફેલાય છે. તેમ જ લોકો માનસિક તંગદિલીની સ્થિતિનો અનુભવ કરતા હોય છે એ વિશે આપણે સૌ પરિચિત છીએ. માનસિક તંગદિલીની સ્થિતિ સામાજિક સંવાદિતાની કાર્યાત્મક જરૂરિયાતોમા અવરોધક બને છે.*

**5) નવી સામાજિક સમસ્યાઓનો ઉદ્દભવ :**

*ખાસ કરીને પ્રત્યેક સામાજિક સમસ્યા નવી સામાજિક સમસ્યાઓ જન્માવે છે. જેમકે યુવા, અજંપો, કોમી હુલ્લડ જેવી સમસ્યાઓ જાનમાલની નુકશાની જાહેર અને ખાનગી મિલકતને નુકશાન જેવી નવી સમસ્યાઓ સર્જે છે. ગંદા વિસ્તારોની સમસ્યા, બાળ અપરાધ અને ગુનાખોરીની સમસ્યાઓ સર્જે છે. બેરોજગારી જેવી સમસ્યા, આત્મહત્યા અને કૌટુંબિક વિઘટન જેવી નવી સમસ્યાઓ જન્મ આપે છે. છૂટાછેડા અને કૌટુંબિક વિઘટનની સમસ્યાઓ બાળકોના ઉછેરની નવી સમસ્યાઓ જન્માવે છે. ટૂંકમાં પ્રત્યેક સામાજિક સમસ્યા નવી સમસ્યાઓનો જન્મ આપે છે.*

*આમ, સામાજિક સમસ્યાઓ સમાજ સાથે જ સંબંધિત પરિસ્થિતિઓ હોવાથી સમગ્ર સમાજવ્યવસ્થા ઉપર સામાજિક સમસ્યાનાં કાર્યાત્મક અને વિકાર્યાત્મક એમ બન્ને પરિણામો મળે છે.*

- *તમારી પ્રગતી ચકાસો* - 1

1. *સામાજિક સમસ્યાના કાર્યાત્મક પરિણામો લખો.*

2. *સામાજિક સમસ્યાના વિકાર્યાત્મિક પરિણામો લખો.*

## 2.4 સારાંશ :

*સામાજિક સમસ્યાના કારણો અને પરિણામોની ચર્ચા કરી વિદ્યાથીમાં ભારતની સામાજિક સમસ્યાનો વૈશિક સાથે જોડાણ કરી સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણ વિકસિત થશે. સામાજિક સમસ્યાનાં કારણો તપાસીને તેના યોગ્ય ઉકેલ અંગે વિચારતા થશે. સામાજિક બદલાવમાં સહભાગી થશે.*

## 2.5 ચાવીરૂપ શબ્દો :

**સામાજિક સમસ્યાઓનાં કાર્યો** *કાર્યાત્મિક વિશ્લેષણની દ્રષ્ટિએ જોઈએ તો સામાજિક સમસ્યાઓની જે અસરો કે પરિણામો સમાજની કાર્યાત્મિક જરૂરિયાતો પૂરી પાડવામાં મદદરૂપ છે. તે અસરોને સામાજિક સમસ્યાના કાર્યો કહેવાય.*

**સામાજિક સમસ્યાના વિકાર્યો** *સામાજિક સમસ્યાની જે અસરો કે પરિણામો સમાજની કાર્યત્મક જરૂરિયાતો પૂરી પાડવામાં અવરોધક બનતી હોય તેવી અસરોને સામાજિક સમસ્યાના વિકાર્યો કહેવાય.*

## 2.6 કેટલાક ઉપયોગી પુસ્તકો :


- Meton K. Robert, Nesbit, Robert, 1971 Contemporary Social Problems, Forth Edition, Harcourt Brace and Co. New York.
- *આહુજા રામ (2016) સામાજિક સમસ્યાયે તૃતીય સસ્કરણ, રાવત પબ્લિકેશન, જયપુર.*

## 2.7 તમારી પ્રગતી ચકાસોના જવાબો

1. *નિસ્બેતે જણાવેલ સામાજિક સમસ્યાના કારણો:*

i. *સંસ્થાઓનો સંઘર્ષ*

ii. *સામાજિક ગતિશીલતા*

iii. *વ્યક્તિવાદ*

iv. *ચિંતાજનક*

**2. સામાજિક સમસ્યાની ભૂમિકામાં મુખ્ય ત્રણ બાબતો રહેલ છે.**

i. *માનવીની વિવિધ અને સતત વધતી જતી જરૂરિયાત*

ii. *સામાજિક મૂલ્યો અને સામાજિક ધોરણોની પ્રસ્થાપિતતા.*

iii. *સામાજિક સાંસ્કૃતિક પરિવર્તનો તથા તેમના ગતી વિસ્તાર અને પ્રમાણમાં રહેલો તફાવત.*

- **તમારી પ્રગતી ચકાસો - 2**

1. *સામાજિક સમસ્યાના કાર્યાત્મક પરિણામો નીચે મુજબ છે.*
   - *નવીન શોધનું પ્રગતીકરણ*
   - *સામાજિક સંવાદિતા સ્થાપે છે.*
   - *સામાજિક સમસ્યાઓ સામાજિક પરિવર્તન લાવે છે.*
   - *સામાજિક સુરક્ષા પૂરી પડે છે.*

**2. સામાજિક સમસ્યાના વિકાર્યોત્મક પરિણામો નીચે મુજબ છે.**
   - *વ્યક્તિની ભૂમિકા અવરોધક*
   - *સામાજિક વિસંવાદિતા સર્જે છે.*
   - *સામાજિક ધોરણભંગની પરિસ્થિતિનો ઉદ્દભવ*
   - *માનસિક તંગદીલીનો ઉદ્દભવ.*
   - *નવી સામાજિક સમસ્યાઓનો ઉદ્દભવ.*

**એકમ : 3** **માળખાગત સમસ્યા તરીકે ગરીબીનો અર્થ કારણો**

**: રૂપરેખા :**

**3.0 ઉદ્દેશો**

**3.1 પ્રસ્તાવના**

**3.1.1 ગરીબીનો અર્થ**

**3.2 ગરીબીનાં કારણો**

**3.2.1 સામાજિક કારણ**

**3.2.1.1 જ્ઞાતિપ્રથા**

**3.2.1.2 સંયુકત કુટુંબ પ્રથા**

**3.2.1.3 નિમ્ન સ્વાસ્થ્ય અને બીમારી**

**3.2.1.4 ગંદા વસવાટો**

**3.2.1.5 નિરક્ષરતા**

**3.2.2 વ્યકિતગત કારણ**

**3.2.2.1 બીમારી**

**3.2.2.2 માનસિક રોગ**

**3.2.2.3 ખરાબ આદતો**

**3.2.2.4 દુર્ઘટનાઓ**

**3.2.3 આર્થિક કારણો**

**3.2.3.1 ખેતીની નબળી આવક**

**3.2.3.2 બુનાયાદી ઉદ્યોગની પાછળની દશા**

**3.2.3.3 ઓછી આવક**

**3.2.3.4 વાહન વ્યવહાર અને સમૂહ સંચારના ઉત્તમ સાધનોની અછત**

**3.2.3.5 શ્રમિકોની કાર્યક્ષમતા ઓછી હોવી**

**3.2.3.6 બેંકીગની ઓછી સુવિધાઓ**

**3.2.3.7 પ્રાકૃતિક સાધનોનો અયોગ્ય ઉપયોગ**

**3.2.4 રાજનૈતિક કારણ**

**3.2.4.1 રાજનૈતિક ભ્રષ્ટાચાર**

**3.2.3.2 રાજનૈતિક ઘુસણખોરી**

**3.2.3.3 વસ્તી વિષયક પરિબળો.**

**3.3 સારાંશ**

- **તમારી પ્રગતિ ચકાસો**
- **સંદર્ભ ગ્રંથ**

## 3.0 ઉદેશોઃ-

*આ એકમ વાંચ્યા પછી તમે નીચે જણાવ્યા પ્રમાણે વર્ણન કરી શકશો.*

- *ગરીબી પાછળના સામાજિક કારણો.*
- *વ્યક્તિગત કારણે ગીરીબી*
- *ગરીબીનાં આર્થીક કારણો*
- *ગરીબીનાં રાજનૈતિક કારણો*

## 3.1 પ્રસ્તાવનાઃ

*ભારતમાં ગરીબી એક વિકરાળ આર્થિક સમસ્યા જ નથી પણ એક ભયંકર સામાજિક વિકરાળ સમસ્યા પણ છે. એ વાત પણ સાચી છે કે ગરીબીનું સ્વરૂપ મોટાભાગે આર્થિક જ હોય છે. પરતું તેના ફળ સ્વરૂપે જે સામાજિક પરિણામો આવે છે તે ઘણાં નુકસાનકારક સમાજ માટે સાબિત થતાં હોય છે ભારતમાં જે ગીરીબીનું સ્વરૂપ જોવા મળે છે. તે વિશ્વના બીજા દેશોમાં ઓછું જોવા મળે છે. સમાજનો એક વર્ગ પોતાના પાયાની લધુતમ  જરૂરિયાતો પણ સંતોષી શકતો નથી.આ આર્થિકઅસમાનતાના કારણે સમાજ વ્યવસ્થામાં અસંતોષ, અશાંતિ, ઈર્ષ્યા અને વર્ગ વિગ્રહ જેવી સ્થિતિ જોવા મળે છે. માનવ વિકાસ અહેવાલ 1997 મુજબ આર્થિક વિકાસ તે સાધન છે અને માનવ વિકાસ તે ધ્યેય છે આથી આર્થિક વિકાસ સાથે ગરીબીમાં પણ ઝડપથી ઘટાડો થાય તે અપેક્ષિત છે જ્યાં સુધી સમાજમાંથી આવકની અસમાનતા અને ગરીબીમાં ઘટાડો ન થાય ત્યાં સુધી આર્થિક વિકાસ સાચા અર્થમાં વિકાસ કહી શકાય નહી. આ સંદર્ભમાં ભારતમાં આયોજનકાળ દરમિયાન ગીરીબી નાબૂદીના ધ્યેયને આયોજનના એક મહત્ત્વના ધ્યેય તરીકે પણ સ્વીકાર્યો છે. પાંચમી પંચવર્ષીય યોજના અને તે પછીની પંચવર્ષીય યોજનામાં ગરીબી નાબુદી માટેની વ્યૂહરચના હેઠળ ખાસ કાર્યક્રમો અને યોજનાઓ શરુ કરવામાં આવી છે. પરંતુ ગરીબીમાં લક્ષ્યાંક મુજબનો ઘટાડો થયો નથી. વિશ્વના મોટાભાગના દેશોમાં ગરીબીનું અર્થધટન કરવાના પ્રયાસથયા છે. પરંતુ ગરીબી એક સાપેક્ષ ખ્યાલ હોવાથી તેનો અર્થ, સમય, સ્થળ અને સમાજ બદલાતાં બદલતો રહે છે. ગરીબી માટેના મોટાભાગના અર્થઘટનોમાં સમાજના એક સરેરાશ જીવન – સ્તરને ધ્યાનમાં લઈ સમાજમાં પર્વતમાન સમાનતા ને દર્શવામાં આવે છે. તેથી વિકસિત અને વિકાસશીલ દેશોમાં ગરીબીને નક્કી કરતા ધોરણોમાં તફાવત જોવા મળે છે.*

### 3.1.1 ગરીબીનો અર્થ :-

*સમાજની અંદર વસવાટ કરતા લોકોમાંથી મોટાભાગના લોકો તેમના જીવનની મૂળભૂત અને પાયાની જરૂરિયાતો જેવી કે ખોરાક, પોશાક, રહેઠાણ, શિક્ષણ આરોગ્યની સેવાઓની પરિપૂર્તિ થતી ન હોય અને તેમનાથી વંચિત રહીને જીવન જીવતા હોય તેને ગરીબી કહેવાય.*

*જીવન જીવવા માટે અને જીવિત રહેવા માટે દરેક વ્યક્તિની આધારભૂત આવશ્યકતામાં ખોરાક,રહેઠાણ,પોશાક,છે અને તે તેમની આવશ્યકતાની પરિપૂર્તિ ન થાય અને તેમનું જીવન ધોરણ ન્યુનતમ સ્તરથી પણ નીચે જાય છે તે અવસ્થાને ગરીબી કહે છે.*

**ગિલીન અને ગિલીનઃ**

*ગીરીબી એવી પરિસ્થિતિ છે જેમાં કોઈ વ્યક્તિ પોતાની ઓછી આવકને કારણે અથવા તેમની વિચારહીન માનસિકતા ને કારણે તેમના જીવનધોરણને એટલું પણ ઊંચુ નથી લઈ જઈ શકતા જેનાથી તેમની શારીરિક અને માનસિક સ્થિતિ જળવાઈ રહે. માત્ર તે વ્યકિતની જ નહિ પરંતુ તેના જે આશ્રિતો છે તેની પણ પાયાની જરુતીયાતો સંતોષાતી નથી.*

**જે.ડી.ગોડાર્ડઃ-**

*ગરીબી તે વસ્તુઓનો અભાવ અથવા અપ્રાપ્ત પૂર્તિ છે જે એક વ્યકિત તથા તેના આશ્રિતોને સ્વસ્થ બનાવી રાખવા માટે પાયાની જરૂરિયાતો પરિપૂર્તિ થઈ શકતી નથી.*

## 3.2 ગરીબીનાં કારણો :

*ગરીબીના સમસ્યા એક જટિલ સમસ્યા છે. એટલા માટે તેને કોઈ એક વિશેષ કારણના આધાર પર સમજાવી શકાય નહી. બીજા શબ્દોમાં કહીએ તો ગરીબીનાં એક કરતાં વધારે કારણો છે. આ ગરીબી પાછળનાં વિશેષ કારણો નીચે જોઈએ તો ........*

**3.2 .1.1 સામાજિક કારણ :-**

*ગરીબી પાછળનાકેટલાંક સામાજિક કારણો જોઈએ તો.*

**3.2.1.1 જ્ઞાતિપ્રથાઃ-**

*આપણા દેશમાં જ્ઞાતિ પ્રથા દેશની આર્થિક પ્રગતિના માર્ગમાં ઘણી વિકરાળ સમસ્યા છે. આ પ્રથા એ દેશના લોકોને અનેક નાના વિભાગોમાં વહેંચી દીધો છે જેના કારણે દેશનાં બધાં લોકો એક સાથે સહયોગથી અને મળીને દેશના આર્થિક વિકાસમાં ભાગ લેતા નથી. એટલું જ નહી. જાતિપ્રથાને કારણે લોકો શ્રમની ગરીમાને પણ સમજી શકતા નથી તેના કારણે પણ દેશમાં ગરીબી વધે છે.*

**3.2.1.2 સંયુક્ત કુંટુબપ્રથા :**

*આ પ્રથા ગરીબી માટેનું એક કારણ બની શકે છે આ સંયુક્ત કુંટુબ પ્રથાને કારણે કુંટુબના ઘણા સભ્યો નિર્બળ અને ગેર-જવાબદાર બનતા હોય છે. અને માત્ર બેઠા-બેઠા ખઈને કામ કરવા અંગે કશું વિચારતા નથી. સયુંકતકુંટુબ પ્રથા બાળલગ્ન ને પણ પ્રોત્સાહિત કરે છે. જેનાથી દેશની જન સંખ્યામાં પણ ઉતરોઉતર વધારો થાય છે. અને તેમની સાથો- સાથ ગરીબીના પ્રમાણમાં દિન-પ્રતિદિન વધારો થતો*

*જાય છે.ટુકમાં એવું.કહી શકાય કે સંયુક્ત કુટુંબમાં વ્યકિત પોતાની જાતને સુરક્ષિત સમજી અને પોતાની વ્યક્તિગત કોઈ જવાબદારી સ્વીકાર્યા વિના કામ કરવા તરફ વળતો ના હોવાને કારણે ગરીબીનું પ્રમાણ વધતું જાય છે.*

**3.2.1.3 નિમ્ન સ્વાસ્થ્ય અને બીમારી :-**

*આપણા દેશનાં લોકો અનેક બીમારીઓના ભોગથી ઘેરાયેલા છે. ટીબી.કેન્સર.મેલેરિયા વગેરે રોગોથી લાખો વ્યકિત આપણા દેશમાં પિડાઈ રહ્યાં છે જેના કરાણે તેઓ પુરતો શ્રમ કોઈપણ જગ્યાએ કરતા નથી અને શ્રમ ઘટવાને કારણે જે-તે ક્ષેત્રમાં ઉત્પાદન પણ ધટવાનું છે નિમ્ન સ્વાસ્થ્ય સ્તરના કારણે દેશમાં નાની ઉંમરે લોકો મૃત્યુ પાને છે. જેના ફળ સ્વરૂપે એ અનુભવી અને યોગ્ય વ્યકિતઓની હંમેશા ઉણપ રહે છે. આના કારણે પણ આર્થિક વિકાસ સારો રહેતો નથી.*

**3.2.1.4 ગંદા વસવાટો :**

*ભારતમાં લોકો ઔદ્યોગિક શ્રમિક ગંદા વસવાટમાં નિવાસ કરે છે આ વસાહતોમાં કે તેમની નજીક રહેવાથી અનેક રોગોના ભોગ બને છે. અને તેમનું સ્વાસ્થ્ય દિન-પ્રતિદિન નબળું પડે છે. સ્વાસ્થ્ય નબળું પડવાથી શ્રમિકોની કાર્યક્ષમતા ધટે છે અને કાર્યક્ષમતા ધટવાને કારણે રાષ્ટ્રીય ઉત્પાદન અને આવક બન્ને ઓછાં થાય છે આપણા દેશમાં લગભગ 7 કરોડથી વધુ લોકો ગંદા વસવાટ કરે છે અને ત્યાં રહેવા પાછળનું એક કારણ ગરીબી પણ છે.*

**3.2.1.5 નિરક્ષરતાઃ**

*નિરક્ષરતા પણ ગરીબી પાછળનું એક જવાબદાર કારણ છે. આજે દેશના ધણાં લોકો નિરક્ષર છે અહી ટેકનિકલ શિક્ષણ અને તેના માટે ટ્રેનિગનું પ્રમાણ ઘણું ઓછું છે જેના પરિણામે અહી સારા કુશળ કામદારો પણ ઉદ્યોગો માટે મેળવવા મુશ્કેલ છે જયાં સુધી દેશના ઔદ્યોગિક એકમો માટે પ્રશિક્ષિત કામદારો ન મળે ત્યાં સુધી દેશની આર્થીક સ્થિતિ મજબૂત થતા સમય લાગશે.*

**3.2.1.1 બીમારી :**

*આપણા દેશની અંદર લાખો લોકો મેલેરિયા ટી.બી કેન્સર એઈડસ આંખોના રોગ, પેટના રોગ વગેરેથી પીડાઈ રહ્યા છે આ બધી બીમારીઓ વ્યકિતને શારીરિક રીતે દુર્બળ બનાવે છે પણ સાથો- સાથ માનસિક રીતે પણ દુર્બળ બનાવે છે અને પરિણામે તે કામ કરવા યોગ્ય રહેતાં નથી. પરિણામે તેમની આવકમાં પણ ઘટાડો થાય છે અને સાથો-સાથ બીમારીની સારવાર કરવામાં પણ પૈસાની જરૂરિયાતો વધતી જાય છે. અને આવક કરતા જાવક વધતા વ્યક્તિ ગરીબીનો ભોગ બને છે.*

**3.2.2.2 માનસિક રોગઃ**

*શારીરિક રોગ કરતા માનસિક રોગ વધુ ખતરનાક છે માનસિક રોગ વ્યક્તિને કામ કરવા અયોગ્ય બનાવી દે છે. જેનાથી તેમની આવક બંધ થઈ જાય છે. સાથો –સાથ માનસિક રોગોનું નિદાન પણ જટિલ છે આ દેશની અંદર ઘણા માનસિક રોગીઓ એવા છે કે તેમની સારવાર ફરજિયાત હોસ્પિટલમાં જ કરાવવી પડે છે અને તેની ફી મોટાભાગે લોકોને પરવડતી નથી.*

**3.2.2.3 ખરાબ આદતો :**

*વ્યક્તિની ખરાબ આદતો પણ તેને પણ તેને ગરીબ બનાવી દે છે ભારતમાં ખરાબ આદતોમાં વેશ્યાવૃત્તિ નશાખોરી, જુગાર, સટ્ટાખોરી, લોટરીના ખેલ વગેરે વધારે પ્રમાણમાં ઉલ્લેખનીય છે. આ ખરાબ આદતો વ્યકિતને સામાજિકની સાથો-સાથ આર્થિક રીતે પણ ખોખલી બનાવી દે છે.*

**3.2.2.4 દુર્ઘટનાઓ :-**

*ભારતમાં કાર, રેલગાડી, વિમાન વગેરેની દુર્ઘટનાઓ ઘણી બધી થાય છે. સાથો -સાથ ભારતીય શ્રમિકોમાં મિલ અને કારખાનાઓમાં જૂન તથા જોખમી મશીનો પર પણ કામદારો કામ કરતા હોય છે. આ કારણથી મિલો અને કારખાનાઓમાં પણ દુર્ઘટનાઓ થતી હોય છે. અને પરિણામ સ્વરૂપ ઘણી વખત કામદારોના મૃત્યુ થતા હોય છે અથવા શારીરિક રીતે ઘણીવાર અસક્ષમ બની જતા હોય છે. આ પ્રકારથી ઉત્પન્ન થતી સ્થાયી અથવા અસ્થાયી અસમર્થતા પણ ગરીબીને પ્રોત્સાહન આપે છે અને આવી દુર્ઘટનામાં જો પરિવારનો એક માત્ર કમાવવાળા વ્યકિતનું જ દુર્ઘટનામાં મૃત્યુ થાય તો તે પરિવાર ગરીબીનો ભોગ બનતો હોય છે.*

**3.2.3 આર્થિક કારણ :**

*ગરીબી વધવા પાછળના કેટલાંક જવાબદાર આર્થિક કારણો નીચે મુજબ છે.*

**3.2.3.1 ખેતીની નબળી આવકઃ**

*આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. આપની શ્રમશકિતના ૬૫% લોકો પોતાની આજીવિકા માટે ખેતી પર નિર્ભર છે પણ દુઃખની વાત એ છે કે અહીં ખેતીની દશા અન્ય દેશોની તુલનામાં ઘણી બધી પાછળ રહી છે ખેતીનાં સાધનો અને સિંચાઈની અછતના કારણે કૃષિ-ઉત્પાદન ઘણું જ ખર્ચાળ અને ઓછું છે. તેમ જ પોષણક્ષમ ભાવોનો અભાવ પણ ખેતી સાથે સંકળાયેલ લોકોને ગરીબી તરફ ધકેલે છે.*

**3.2.3.2 બુનિયાદી ઉદ્યોગોની પાછળની દશાઃ**

*બુનિયાદી ઉદ્યોગોની દશા પણ આ દેશોમાં ઘણી નીચી છે. અહીં લોખંડનાં સાધનો તથા વૈજ્ઞાનિક ઉપકરણ, વીજળીના ભારે યંત્ર, ખનીજ તેલ, વાયુ પરિવહન, રેલ પરિવહન વગેરે બનાવવાના ઉદ્યોગોનું પ્રમાણ ઓછું છે. આને કારણે ઉદ્યોગોનો વિકાસ પણ ઝડપી થઈ શકતો નથી અને બીજી બાજુ મશીનો અને ઉપકરણોને વિદેશમાંથી માંગવામાં દેશનું ઘણું જ ધન વિદેશમાં જતું રહે છે આને કારણે પણ ગરીબીમાં વધારો થાય છે.*

**3.2.3.2 ઓછી આવક** *:*

*આપણા દેશના લોકો આવકમાંથી બચત ખૂબ જ ઓછી કરે છે. એનું એક કારણ એ પણ છે કે અહીંનાં લોકોની આવક જ એટલી ઓછી છે કે લોકો પોતાની આવક માંથી કોઈ રકમની બચત કરી શકતા નથી. પોતાની આવકનો મોટા ભાગ ખાવા –પીવામાં જતો રહે છે.એટલે કે પ્રાથમિક સુવિધાઓ પૂર્ણ કરવામાં જ પોતાની આવક ખર્ચાય જાય છે. અને તેમની પાસે એટલી પણ આવકની બચત થતી નથી કે તેમાંથી કોઈ ઉદ્યોગ-ધંધા નવા શરૂ કરી શકે.*

**3.2.3.4 વાહન વ્યવહાર અને સમૂહ સંચારના ઉત્તમ સાધનોની અછત :**

*ઉદ્યોગ, ધંધા, વ્યાપાર અને વાણિજયમાં ઉન્નતિ માટે વાહન વ્યવહાર અને સમૂહ સંચારના સાધનો ખૂબ જ આવશ્યક છે. આપણા દેશમાં હંમેશા તેની ઉણપ રહેલી છે આપણાં ગામડાંઓમાં ખાસ કરીને રેલ, કોમ્પ્યુટર, ટેલીફોન વગેરેની સુવિધાઓ ઘણી ઓછી છે. તેના કારણે ગ્રામીણ લોકો પોતાનું ઉત્પાદન સારી રીતે વહેંચી શકતા નથી અને પોતાની ઉપજનું સારું મૂલ્ય કે કિંમત પણ મેળવી શકતા નથી. તેનાથી પણ ગરીબીમાં વધારો થાય છે.*

**3.2.3.5 શ્રમિકોમાં કાર્યક્ષમતા ઓછી હોવીઃ**

*ભારતમાં ગરીબીનું એક કારણ આ પણ છે. અહીંના શ્રમિકોની કાર્યક્ષમતા બહુ ઓછી છે બીજા દેશનાં લોકો કરતા ભારતીય શ્રમિકોની કાર્યક્ષમતા ઘણી ઓછી છે. તેના પરિણામે અહી ઉત્પાદન ઓછું થાય છે અને તેના પ્રભાવ રાષ્ટ્રીય આવક પર પડે છે અને ગરીબીની દેશનો પીછો છોડી શકાવાતો નથી.*

**3.2.3.6 બેંકીગની ઓછી સુવિધાઓઃ**

*ભારતમાં બેંકિંગની સુવિધાઓ યોગ્ય માત્રામાં ઉપલબ્ધ નથી જેના કારણે દેશમાં આવકનો સંચય અને નિર્માણ સારી રીતે થઈ શકતા નથી. ખેડૂતોને, વેપારીઓને તથા ઉદ્યોગપતિઓને પર્યાપ્ત શાખા – સુવિધાઓ પ્રાપ્ત થતી નથી. તેનાથી પણ ખેતી અને ઉદ્યોગ –ધંધાનો દેશમાં સારી રીતે વિકાસ થઈ શકતો નથી. અને તેના કારણે પણ ગરીબીમાં વધારો થાય છે.*

**3.2.3.7 પ્રાકૃતિક સાધનોનો અયોગ્ય ઉપયોગ :**

*આપણા દેશમાં પ્રાકૃતિક સાધનોનો જથ્થો વિશાળ પ્રમાણમાં હતો. ભારતમાં જમીન, જંગલો, નદીઓ, ખનીજ સંપત્તિ પશુઓ, પ્રાણીઓ વગેરે પુષ્કળ પ્રમાણમાં હતા. પરંતુ વર્તમાન સમયમાં આપણે એને સારી રીતે ઉપયોગમાં લઈ શકયા નથી અને તેમનો દુરુઉપયોગ વધી ગયો અને તેના કારણે આપણી પાસે બધું હોવા છતાં આપણે નિર્ધન બની ગયા.*

**3.2.4 રાજનૈતિક કારણ :**

*ગરીબી માટેના ઘણાં રાજનૈતિક કારણોનો પણ ઉલ્લેખ કરી શકાય છે.*

**3.2.4 1 રાજનૈતિક ભ્રષ્ટાચાર :**

*આ દેશના શાસન વર્ગમાં ફેલાયેલો ભ્રષ્ટાચાર પણ ગરીબીનું મોટું કારણ છે.ભલે રાજય સરકાર હોય કે કેન્દ્ર સરકાર બધાંમાં કોઈક ખાતાઓમાં ભ્રષ્ટાચારથી ડુબેલા જોવા મળે છે. આ દેશમાં ઘણા ગોટાળાઓ એક પછી એક થતા રહ્યા છે . જેમાં કરોડો કે અબજો હેરાફેરી થાય છે અને જે ખોટી રીતે પૈસા હેરાફરી થતી તેમાં મોટાભાગે કોઈ રાજનેતાઓને સજા થતી નથી.ટુંકમાં મોટાભાગના દેશના વહીવટોમાં રાજનેતાઓનો હાથ હોય છે. અને ત્યાં જો ભ્રષ્ટાચાર આચરવામાં આવે તો તેમનો ભોગ ગરીબ જનતા બને છે.*

**3.2.4 2 રાજનૈતિક ઘુસણખોરી :**

*પડોશી દેશનાં ઘણાં લોકો આપણા દેશમાં ગેરકાયદેસર રીતે ઘુસી આવે છે અને તે માત્ર ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરે છે. અને દેશમાં હિંસા અને ગરબડ ઊભી કરે છે. તેનાથી પણ વિકાસની ગતિ થંભી જાય છે અને ગરીબી જન્મ લે છે.*

**3.2.4 3 વસ્તી વિષયક પરિબળો :**

*કહેવાય છે કે અતિ વસ્તી ભારતની ગરીબીનું મૂળ કારણ છે. આ એટલા માટે કહેવાય છે કે આપણા દેશની વસ્તી ઘણી ઝડપથી વધી રહી છે. વધતી જતી વસ્તીને રોજગાર આપવો સરળ નથી.તેનાથી દેશમાં બેરોજગારી ફેલાય છે અને ગરીબીનું પ્રમાણ વધતું જાય છે. શ્રમિકોની સંખ્યા વધારે પ્રમાણમાં જોવા મળે છે . વસ્તી અત્યંત વધવાથી પ્રતિ વ્યકિતની આવક ઘણી ઓછી થઈ છે. તેના કારણે વ્યક્તિને સંતુલિત ખોરાક મળતો નથી વ્યકિતને રહેવા માટે મકાન મળતું નથી પરિણામે વસ્તી પણ ગરીબીનું એક કારણ છે.*

*ગરીબીનાં મૂળ શહેરી વિસ્તાર કરતા ગામડામાં વધુ જોવા મળે છે. કારણકે ખેતીમાં અપૂરતાં વિકાસ અને અપૂરતી સિંચાઈની સગવડોને કારણે કૃષિક્ષેત્રમાંથી મળતી આવકમાં ખેડૂતોનો ઘટાડો થાય છે અને ખેતી સિવાયના મોટાભાગના ખેડૂતોને વૈકલ્પિક વ્યવસાયો ન હોવાના કારણે ખેડૂતોને રોજગારીની તકોનો અભાવ રહે છે. ખેતીની અંદર રોકડિયા પાકોને જે પ્રોત્સાહન મળ્યું છે તે ખાધ ઉત્પાદન પાકોને મળ્યું નથી તેના કારણે તેનું ઉત્પાદન ઘટ્યું છે.*

## 3.3 સારાંશ :

*ગરીબીનું વિષચક્ર ભારતમાં પકડ જમાવી રહ્યું છે. વસ્તી વૃદ્ધિદરમાં થતો સતત વધારો. સરેરાશ આયુષ્યમાં વધારો થયો. મૃત્યુ દરમાં ઘટાડો થયો. બેકારીના પ્રમાણમાં વધારો. શ્રમની કુલ માંગ કરતા શ્રમનો પુરવઠો વધ્યો. બીજી બાજુ જીવન જરૂરિયાતની માંગ સામે ઉત્પાદન ઘટતા ભાવમાં અસહ્ય વધારો થતો જાય છે. ખરીદશક્તિમાં તેના કારણે લોકોમાં ઘટાડો થતો ગયો અને લોકોનું જીવનધોરણ કથળતું ગયું દિવસેને દિવસે અને અંતે લોકોની ગરીબીમાં વધારો થતો ગયો.*

- **તમારી પ્રગતિ ચકાસો**

**ક નીચે આપેલા પ્રશ્નોનાનાં ટૂંકમાં જવાબ આપો.**

1.*ગરીબીનો અર્થ આપો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. *નિરક્ષરતા એટલે શું ?*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. *ગરીબીના કોઈપણ બે આર્થિક કારણ જણાવો.*

- **તમારી પ્રગતી ચકાસો**

**ખ નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે સાચો જવાબ પસંદ કરો.**

1. *ગરીબીમાં લક્ષ્યાંક મુજબનો……………………. થયો નથી.*

(A) *વધારો* (B) *ઘટાડો*

(C) *કંઈ* (D) *સમાન પરિસ્થિતિ*

2.*સંયુક્ત કુંટુબમાં વ્યક્તિ પોતાની જાતને કેવી સમજે છે.*

(A) *સુરક્ષિત* (B) *અસુરક્ષિત*

(C) *ધનવાન* (D) *નિરક્ષર*

3.*નિમ્ન સ્વાસ્થ્ય સ્તરના કારણે સરેરાશ આયુષ્યમાં શું થાય ?*

(A) *વધારો* (B) *અસંતુલન*

(C) *કંઈ* (D) *એકપણ નહી*

4. *બીમારીના કારણે લોકો શારીરિકની સાથો-સાથ શેમાં દુર્બળ બને છે?*

(A) *શૈક્ષણિક* (B) *સામાજિક*

(C) *રાજકીય* (D)*આર્થિક*

5. *ભારતની વસ્તી દિન-પ્રતિદિન ……………… જાય છે.*

(A) *વધતી* (B) *ઘટતી*

(C) *સમતોલ* (D) *એકપણ નહી*

- **તમારી પ્રગતિ ચકાસો.**

1.*ગરીબીનાં સામાજિક કારણો જણાવો.*

2.*ગરીબીનાં આર્થિક કારણો જણાવો.*

3.*ગરીબીનાં રાજનૈતિક કારણોની ચર્ચા કરો.*

**સંદર્ભ ગ્રંથ :**


1. *જ્યોતિવર્મા, (૨૦૧૩), સામાજિક સમસ્યાઓ, ડિસ્કવરી પબ્લિશિંગ હાઉસ, દિલ્લી, (હિન્દી આવૃત્તિ)*
2. *પરદેશી મહેશ અને ધારવાડકર, દિપક (૨૦૧૬), આધુનિક ભારત મેં સામાજિક સમસ્યાઓ, ઈસિકા પબ્લિશિંગ હાઉસ, જયપુર, (હિન્દી આવૃત્તિ)*
3. *કવિતા સીંઘ (૨૦૧૦) ભારત મેં સામાજિક સમસ્યાઓ ઈસિકા પબ્લિશિંગ હાઉસ, જયપુર, (હિન્દી આવૃત્તિ)*

**એકમ : 4** | **ગરીબીનાં પરિણામો અને નિવારણો**

**: રૂપરેખા :**

**4.0 ઉદ્દેશો**

**4.1 પ્રસ્તાવનાં**

**4.2 ગરીબીનાં પરિણામો**

**4.2.1 બાળઅપરાધ**

**4.2.2 અપરાધ**

**4.2.3 આત્મહત્યા**

**4.2.4 છુટાછેડા**

**4.2.5 બેકારી**

**4.2.6 ભિક્ષાવૃત્તિ**

**4.2.7 વેશ્યાવૃત્તિ**

**4.3 ગરીબી દૂર કરવાનાં નિવારણો**

**4.3.1 ખેતીની સ્થિતિમાં**

**4.3.2 નિરક્ષરતા દૂર કરવી**

**4.3.3 સ્વાસ્થ્ય સ્તરની સુધારણા**

**4.3.4 બેંકિંગ સુવિધાઓ વધારવી**

**4.3.5 ઉદ્યોગ ધંધાનો વિકાસ**

**4.3.6 સામાજિક સંસ્થાઓમાં પરિવર્તન**

**4.4 ગરીબી દૂર કરવા માટેના સરકારી પ્રયત્નો**

**4.4.1 દેશમાં મોટા ઉદ્યોગોનો વિકાસ**

**4.4.2 ગ્રામીણ તથા લઘુઉદ્યોગોને પ્રોત્સાહન**

**4.4.3 શિક્ષણનો વિકાસ**

**4.4.4 વીસ સૂત્રીયઆર્થિક કાર્યક્રમ**

**4.4.5 અન્નયોજના**

**4.4.6 સ્વર્ણજયંતી ગ્રામ્ય રોજગાર યોજના**

**4.4.7 પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**

**4.4.8 ગ્રામીણ આવાસ**

**4.4.9 સ્વર્ણજયંતી શહેરી રોજગાર યોજના**

**4.4.10 પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના તથા ગ્રામીણ આવાસ કાર્યક્રમ**

**4.5 સારાંશ**

- **તમારી પ્રગતિ ચકાસો**

## 4.0 ઉદ્દેશો :

*આ એકમ વાંચ્યા પછી તમે નીચે જણાવ્યા પ્રમાણે વર્ણન કરી શકશો.*

- *ગરીબીનાં પરિણામોની માહિતી મેળવવી*
- *ગરીબી દૂર કરવા માટેના ઉપાયો સમજવા*
- *સરકાર દ્વારા ગરીબી દૂર કરવા માટે કયા પ્રયત્નો કરવા તેની સમજ કેળવવી.*

## 4.1 પ્રસ્તાવના :

*વિશ્વના મોટા ભાગના દેશોમાં ગરીબીનું અર્થઘટન કરવાના પ્રયાસો થયા છે. પરંતુ ગરીબી એક સાપેક્ષ ખ્યાલ હોવાથી તેનો અર્થ સમય, સ્થળ, અને સમાજ બદલાતા બદલાતો રહે છે. ગરીબી માટેના મોટા ભાગના અર્થઘટનો સમાજના એક સરેરાશ જીવન સ્તરને ધ્યાનમાં લઈ સમાજમાં પ્રવર્તમાન અસમાનતાઓને દર્શાવવામાં આવે છે. તેથી વિકસિત અને વિકાસશીલ દેશોમાં ગરીબીને નકકી કરતાં ધોરણોમાં તફાવત જોવા મળે છે.*

*ટૂંકમાં ગરીબીના કારણે અનેક નવા પ્રશ્નો ઉભા થાય છે. જે સમાજવ્યવસ્થાનો વિકાસ ઓછો કરે છે. અને ગરીબીના કારણે ધણાં પરિણામો જન્મ લેતાં હોય છે. જેનાં કેટલાક સામાજિ ક પરિણામો જોઈએ તોઃ*

## 4.2 ગરીબીનાં પરિણામોઃ

*ગરીબીના કારણે ઉત્પન્ન થતા કેટલાંક સામાજિક પરિણામો નીચે પ્રમાણે છે.*

### 4. 2.1 બાળ અપરાધઃ

*ગરીબીનું એક મહત્ત્વપૂર્ણ સામાજિક પરિબળ બાળ અપરાધ છે. એક ગરીબ પરિવારનું બાળક પોતાનાથી વધારે સમૃદ્ધ પરિવારનાં બાળકોને ઘણા પ્રકારના આરામ અને ભોગ વિલાસની વસ્તુઓનો ઉપયોગ કરતા જોવા મળે છે.  અને ઈચ્છવા છતાં પણ ગરીબીના કારણે તે વસ્તુઓને પ્રાપ્ત કરી શકતો નથી. તે ગરીબ બાળકના કોરા માનસમાં લાલચ, દ્રેષ અને ઈર્ષ્યાની ભાવના જાગૃત થાય છે. પહેલા સમાજ માન્ય રીતે વસ્તુ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે.  પણ જયારે તે પ્રયત્ન અસફળ રહે ત્યારે તે ગેરકાનૂની રીતે ચોરી, લૂંટફાટ વગેરે નીતિ અપનાવે છે. આવી જ રીતે ગરીબોને કારણે માતા-પિતા બન્નેએ નોકરી કરવી પડે છે.  તેનાથી બાળકો પર તેનું નિયંત્રણ ઓછું થઈ જાય છે. અને બાળકો માટે બગડવું સરળ થઈ જાય છે. એટલેકે બાળકો અપરાધ તરફ વળે છે.*

### 4.2.2  અપરાધઃ

*ગરીબીનું પરિબળ અપરાધ પણ છે. ગરીબીના કારણે વ્યકિત પોતાની પ્રાથમિક જીવન-જરૂરિયાતો પણ પૂરી કરી શકતી નથી, તો પોતાની ઈમાનદારી મૂકીને પછી મજબૂરીમાં અપરાધ તરફ વળે છે. અને ગેરકાનૂની રીતે પોતાની જરૂરિયાતો પૂરી કરવાનો પ્રયત્ન કરે છે. આવી જ રીતે આર્થિક ચિંતામાં વ્યક્તિ  માનસિક સંતુલન ખોઈ બેસે છે. અને આ અવસ્થામાં તેનાથી કોઈપણ અપરાધ થવાની સંભાવના વધી જાય છે.*

### 4.2.3 આત્મહત્યાઃ

*ગરીબીના કારણે વ્યક્તિ આત્મહત્યા પણ કરતો જોવા મળે છે. ગરીબીથી પીડિત વ્યક્તિ જ્યારે પોતાનું તથા પોતાના પર આધાર રાખનાર આશ્રિતોની રોટી-કપડાની વ્યવસ્થા કરવામાં અસફળતા મળે છે. તો તે અવસ્થામાં તે આત્મહત્યા કરી પોતાની જાતનો અંત કરે છે. આવી જ રીતે વેપારમાં જ્યારે એકાએક નુકસાની જવાથી ગરીબી ઉત્પન્ન થાય છે, ત્યારે પણ આર્થિક સંકડામણના કારણે વ્યક્તિ આત્મહત્યા તરફ વળે છે. ગરીબી વ્યક્તિની સામાજિક પ્રતિષ્ઠા પણ નષ્ટ કરી દે છે. અને પ્રતિષ્ઠાનું નુકસાન ક્યારેક ક્યારેક વ્યક્તિને માટે અસહનીય થઈ જાય છે અને આત્મહત્યા તરફ વ્યક્તિ દોરાય છે.*

### 4.2.4 છુટાછેડાઃ

*ગરીબીનું એક ખરાબ પરિબળ છુટાછેડા પણ છે. આર્થિક સંકડામણ અને ઘણા દિવસો સુધી ચિંતામાં રહેવું પણ લગ્નજીવનના સંબંધનો નાશ કરતા હોય છે. સંભવ છે કે ગરીબ પતિ પોતાની નોકરીની શોધમાં દિવસ ભર સડક પર આમ તેમ ફરે અને જ્યારે સાંજ પડે અને ઘરે પાછો આવે તો પત્નીની સહાનુભૂતી પ્રાપ્ત થાય. પત્ની એવું વિચારે અને કહે કે જો સારી રીતે પ્રયત્ન કરો તો નોકરી ન મળવાનું કોઈ કારણ નથી. આવી વાતો અને આર્થિક ચિંતા પતિ-પત્ની અને બાળકોને ચિડિયા બનાવી દે છે અને પરિવારમાં અશાંતિ ઊભી થાય છે. ઘરની પૂરી પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ થતી નથી આના પરિણામે ઘણી વખત વૈવાહિક જીવન છુટાછેડાનું રૂપ ધારણ કરે છે.*

### 4.2.5 બેકારીઃ

*બેકારી ગરીબીનું એક અન્ય ખરાબ પરિણામ છે. ગરીબીના કારણે વ્યક્તિ પોતાની પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ કરી શકતો નથી. તેમની પોતાની રોટી-કપડાં અને મકાનની જરૂરિયાત પૂરી થતી નથી અને તે રોગી બની જાય છે રોગી વ્યકતિને નોકરીમાં વધારે રજા લેવી પડે છે. વધારે રજા રાખનારને નોકરીમાંથી કાઢી મૂકે છે અને તે બેરોજગાર બને છે. સાથો-સાથ આર્થિક ચિંતાઓના કારણે માનસિક રોગ પણ વ્યક્તિને શ્રમ કરવા માટે અયોગ્ય બનાવી દે છે. તેનાથી બેકારીનો ભોગ બને છે.*

### 4.2.6 ભિક્ષાવૃત્તિઃ

*ગરીબીનું એક સામાજિક પરિણામ ભિક્ષાવૃત્તિ પણ હોઈ શકે છે. ગરીબી જ્યારે ચરમસીમાએ પહોંચે ત્યારે વ્યક્તિ ભુખ્યો મરવા લાગે છે અને પોતાના પત્ની બાળકોને પણ પોતાની આંખ સામે ભૂખે તડપતા અને મરતાં જુએ છે. તો તેના માટે ભીખ માંગવાનું કામ પણ શરમનો વિષય હોતો નથી અને પોતે ભિક્ષાવૃત્તિ તરફ વળી જતો હોય છે. અને ઘણી વખત કુટુંબ અન્ય સભ્યોને મજબૂરીમાં ભિક્ષાવૃત્તિ તરફ વળે છે.*

### 4.2.7 વેશ્યાવૃત્તિઃ

*ગરીબીના કારણે જ્યારે આધારભૂત જરૂરિયાતોની પૂર્તિ થતી નથી ત્યારે સ્ત્રીઓ ઘણી વખત વેશ્યાવૃત્તિ અપનાવવા માટે મજબૂર થઈ જાય છે. વાસ્તવમાં પૈસા માટે પોતાના શરીરનો વેપાર કરવો એ જ વેશ્યાવૃત્તિ છે. અર્થાત્ વેશ્યા વ્યવસ્થામાં પૈસાને મહત્ત્વ આપવામાં આવે છે. એટલા માટે ગરીબની વિકરાળ પરિસ્થિતિમાં વેશ્યાવૃત્તિ તરફ મજબૂરીમાં ધકેલાતા હોય છે અને ચોરી-છુપીથી વેશ્યાવૃત્તિ કરતાં હોય છે. જ્યારે પ્રાથમિક જરૂરિયાતો નથી સંતોષાતી અને અન્ય કોઈ વિકલ્પ પૈસા કમાવવાનો*

*હોય ત્યારે દેહ વેપાર કર્યા સિવાય સ્ત્રીઓ પાસે કોઈ વિકલ્પ રહેતો નથી અને એવું કહી શકાય કે ગરીબીનું જ એક ખરાબ પરિણામ વેશ્યાવૃત્તિ છે.*

*આમ ઉપરોક્ત કેટલાંક ગરીબીનાં પરિણામો બતાવી શકાય.*

## 4.3 ગરીબી દૂર કરવાનાં નિવારણો :

*ભારતમાં ગરીબીને દૂર કરવાના ઉપાયો નીચે પ્રમાણે છે. જે તેને દૂર કરવામાં મદદરૂપ થઈ શકે છે.*

### 4.3.2 પોતાની સ્થિતિમાં સુધારોઃ

*આપણો દેશ કૃષિપ્રધાન દેશ છે. એ કારણે આ દેશની ગરીબી દૂર કરવા માટે કૃષિની દશાને સુધારવી પણ આવશ્યક છે. ભૂમિ સુધારણા, સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરવી, સુધારેલા બિયારણો, જંતુનાશકદવા, ખાતર અને કૃષિના સાધનોની વ્યવસ્થા વગેરે પ્રોત્સાહન આપવું મહત્ત્વપૂર્ણ ઉપાય થઈ શકે છે.*

### 4.3.2 નિરક્ષરતા દૂર કરવી :

*ગરીબીથી છૂટવા માટે સર્વ પ્રથમ દેશમાંથી નિરક્ષરતા દૂર કરવાના પ્રયત્ન કરવા જોઈએ. આજની પ્રચલિત શિક્ષણ-વ્યવસ્થામાં આ પ્રકારનો સુધાર કરવો જોઈએ. જેનાથી વિદ્યાર્થી વ્યાવહારિક દુનિયામાં ઉપયોગી સિદ્ધ થઈ શકે. સાથો-સાથ ઔધોગિક શિક્ષણ તથા ટ્રેનીગની માટે સારી વ્યવવસ્થા થવી જોઈએ. ટૂંકમાં નિરક્ષરતા દૂર કરવાના સઘળા પ્રયાસો કરવા જોઈએ અને વ્યક્તિને રોજગારી મળી રહે તેવા શિક્ષણના પ્રયત્નો કરવા જોઈએ.*

### 4.3.3 સ્વાસ્થ્ય સ્તરની સુધારણા : -

*સરકાર માલિકો તથા અન્ય સમાજ જેવી સંસ્થાઓ દ્વારા એ વાતનો પ્રયત્ન કરવો જોઈએ કે પ્રજાનું સ્વાસ્થ્ય સ્તર સારું થઈ શકે અને ભયંકર બીમારીથી તેનો પીછો છુટે. તેના માટે ચિકિત્સા સંબંધી સુવિધાઓને વધારવી તથા તેમની ઝડપી સારવાર થઈ શકે તેવા પ્રયત્ન કરવા જોઈએ.*

### 4.3.4 બેંકીંગ સુવિધાઓ વધારવી :

*દેશના આર્થિક વિકાસ માટે અત્યંત આવશ્યક છે કે દેશમાં પર્યાપ્ત અને સમુચિત બેંકીગ સુવિધાઓ ઉપલબ્ધ કરવી અને આ સંબંધી વિશેષ ધ્યાન ગામડાં તરફ પણ આપવું જોઈએ જેનાથી કૃષિવિકાસ તથા ગ્રામીણ ઉદ્યોગના વિકાસ માટે પ્રયત્ન ધન પ્રાપ્ત થઈ શકે.*

### 4.3.5 ઉદ્યોગ ધંધાનો વિકાસ -

*ગરીબીને દૂર કરવા માટે વિભિન્ન પ્રકારના ઔદ્યોગિક મશીનો અને મૂડી વસ્તુઓને ઉદ્યોગ ધંધાઓ પણ વધારવામાં વધારે વિકસીત કરવાની જરૂરિયાત છે. વિમાન, કોમ્પ્યુટર હાર્ડવેર અને સોફ્ટવેર, મોટરકાર, પોલાદ, ટેલીફોન કોમ્યુનિકેશન, દવાઓ, વૈજ્ઞાનિક સાધનો, રસાયણો વગેરે સાથે સંબંધિત ઉદ્યોગ અને કારખાનાંઓ તેમજ નાના કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા પડશે.*

### 4.3.6 સામાજિક સંસ્થાઓમાં પરિવર્તનઃ

*ગરીબીની જટિલ સમસ્યાને દૂર કરવા માટે સામાજિક સંસ્થાઓને પણ અનેક પ્રકારનાં પરિવર્તન કરવાની જરૂરિયાત છે. આ સંબંધી સૌ પ્રથમ તો આપણે પાયાની સંસ્થા લગ્ન સંસ્થામાં અનેક એવા રીતિરિવાજો છે જેના કારણે બીનજરૂરી ખોટો પેસાનો વ્યર્થ થાય છે. એટલું જ નહી ઘણા ખોટા રિવાજોના કારણે લોકોને ઉધાર નાણાં લેવા પડે છે. આવી રીતે તે ગરીબીના ગુલામ બનતા જાય છે. દા.ત. દહેજ પ્રથા એક એવો રિવાજ છે જેના કારણે અસંખ્ય લોકો ગરીબીનો ભોગ બને છે. જ્ઞાતિ સંસ્થા પણ એક એવી જ સામાજિક સંસ્થા છે જે ગરીબી વધારવામાં પોતાનું યોગદાન આપે છે. જ્ઞાતિ પ્રથાના પ્રતિબંધોના કારણે વ્યકતિને પોતાની રુચિ અને આવડત કે યોગ્યતા અનુસાર વ્યવસાય કરવા માટે અવસર મળતો નથી. આમ જ્ઞાતિ સંસ્થામાં પણ ધણાં પરિવર્તનો કરવાની જરૂરિયાતો છે.*

## 4.4 ગરીબી દૂર કરવા માટેના સરકારી પ્રયત્નોઃ

*ભારતમાં ગરીબીની વિકટ સમસ્યાને દૂર કરવા માટે કેન્દ્ર તથા રાજયસરકાર દ્વારા અનેક પ્રયત્ન કરવામાં આવ્યા છે અને કરી પણ રહ્યા છે. જેમાંનાં કેટલાક પ્રયત્નોનો પરિચય મેળવીએ.*

### 4.4.1 દેશમાં મોટા ઉદ્યોગોનો વિકાસઃ

*દેશમાં પ્રાપ્ત પ્રાકૃતિક સાધનોને કારણે ઔદ્યોગિક વિકાસની વધારે ક્ષમતા છે. સાતમી યોજનામાં આ ક્ષેત્રમાં* 29,220.36 *કરોડ રૂપિયાનો ખર્ચ કરેલ અને આઠમી યોજનામાં* 1,88,400 *કરોડનો ખર્ચ કરવાની ઘોષણા કરેલ. આશા છે કે તેનાથી દેશમાં વધારે પ્રમાણમાં લોકોને રોજગારી મળી શકશે અને ગરીબી થઈ શકશે.*

### 4.4.2 ગ્રામીણ તથા લઘુઉદ્યોગોને પ્રોત્સાહન : -

*ભારતની પરિસ્થિતિઓમાં જરૂરી છે કે દેશમાં નાના અને કુટિર ઉદ્યોગોને વધારેમાં વધારે પ્રોત્સાહિત કરી શકાય. તેનાથી લોકોને વધારેમાં વધારે રોજગારીની તક પ્રાપ્ત થઈ શકે. કેન્દ્ર સરકારે આ તથ્યને સ્વીકાર્યું છે. તે ઉદ્દેશથી ૮મી યોજનામાં આ ક્ષેત્રમાં* 417485 *કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો પ્રસ્તાવ હતો. જયારે સાતમી યોજના દરમ્યાન* 3263.85 *કરોડ રૂપિયાનો ખર્ચ કરેલ છે.*

### 4.4.3 શિક્ષણનો વિકાસઃ

*ગરીબીને દૂર કરવા માટે એ જરૂરી છે કે સામાન્ય તથા તકનીકી શિક્ષણ તથા સુવિધાના ફેલાવા દ્વારા સમગ્ર રાષ્ટ્રની ઉત્પાદકતાનું સ્તર ઊંચુ લાવી શકાય. આ ઉદ્દેશથી દરેક પંચ વર્ષીય યોજનામાં શિક્ષણના વિકાસ માટે નાણાકીય ભંડોળ ફાળવવામાં આવે છે. દેશની શિક્ષણવ્યવસ્થામાં વધારે પરિવર્તન કરવાના ઉદ્દેશથી નવી શિક્ષણનિતિનો અમલ કરવામાં આવ્યો છે. કારણકે દેશની સમકાલીન જરૂરિયાતોની પરિપૂર્તિ કરી શકે.*

### 4.4.4 વીસ સૂત્રીય આર્થિક કાર્યક્રમઃ

*દેશની ગરીબીને દૂર કરવા માટે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વ. શ્રીમતી ઈન્દિરા ગાંધી દ્વારા ૧જુલાઈ* 1975*માં વીસ સૂત્રીય કાર્યક્રમ અંતર્ગત ગરીબી હટાવો કાર્યક્રમનું ઉલ્લેખનીય યોગદાન રહ્યું છે. તેના પછી ઓગષ્ટ* 1983*માં દેશના ભૂતપૂર્વ પ્રધાન મંત્રી સ્વ.રાજીવ ગાંધી એ એક નવો વીસ સૂત્રીય કાર્યક્રમ*

1986ની ઘોષણા કરી હતી. વીસ સૂત્રીય કાર્યક્રમ 1એપ્રિલ 1987માં નવારૂપથી લાગુ પાડવામાં આવ્યો. આ કાર્યક્રમનું પહેલુ સુત્ર ગરીબીની વિરુદ્ધ સંઘર્ષ ટૂંકમાં વીસ સૂત્રીય કાર્યક્રમના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે.

1. ગરીબી વિરુદ્ધ સંઘર્ષ 2. વરસાદ પર આધારિત કૃષિ વિકાસ 3. સિંચાઈના પાણીનો યોગ્ય ઉપયોગ 4 કૃષિ ઉત્પાદન વધારવું 5 ભૂમિ-સુધારણા 6. ગ્રામીણ શ્રમિકો માટે વિશેષ કાર્યક્રમ 7. પીવાનું પાણી 8. સારુ સ્વાસ્થય 9. બાળકોનો વિકાસ 10. શિક્ષિત રાષ્ટ્ર 11. S.C, ST ને ન્યાય 12. મહિલાઓને સમાનતા 13. યુવા વર્ગ માટે નવી તક ઊભી કરવી. 14. બધાં માટે મકાન 15. ગંદી વસાવટોમાં સુધારો 16. વન-વિસ્તાર 17. પર્યાવરણ સંરક્ષણ 18. ઉપભોક્તા કલ્યાણ 19. ગામડાં માટે ઉર્જા 20. ઉત્તરદાયી વ્યવસ્થા
પૂર્વ અનુભવોના આધાર પર આ વીસ સૂત્રીય કાર્યક્રમને ફરીથી પરિભાષિત અને પુનઃગઠિત કરવામાં આવ્યો આ 14 જાન્યુઆરી 1992માં તેને ઘોષિત કરવામાં આવ્યો.

### 4.4.5 અંત્યોદય અન્ન યોજના :

પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. શ્રીઅટલ બિહારી વાજપેયીએ 28 ડિસેમ્બર 2000માં પોતાના ૭૬માં જન્મદિવસના અવસરે બેનવીયોજનાનો શુભ પ્રારંભ કર્યો હતો. તેમાંથી એક યોજના નિર્ધનોને ખાય સુરક્ષા ઉપલબ્ધ કરાવવા માટેના ઉદ્દેશથી અંત્યોદય અન્ન યોજનાંના નામથી શરૂ કરી. તેનાથી દેશના એક કરોડ લોકોને દર મહિને સસ્તા દરે એક વર્ષ માટે અનાજ આપવાનું શરૂ કર્યું. જેના કારણે થોડા અંશે ગરીબોને રાહત મળી હતી.

### 4.4.6 સ્વર્ણ જયંતી ગ્રામ્ય રોજગાર યોજના :

આયોજન દ્વારા ગામડામાં રહેતા ગરીબો માટે સ્વરોજગારીની એક માત્ર યોજના 1 એપ્રિલ 1999માં પ્રારંભ કરી હતી.. આ યોજનામાં પહેલેથી ચાલુ હોય તેવી યોજનાઓ સમાવેશ કરવામાં આવ્યો હતો.

### 4.4.7 પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાઃ

ગ્રામીણ સડકો દ્વારા ગામડાઓને જોડવાનો ઉદ્દેશ માત્ર ગ્રામીણ વિકાસ માટે સહાયક નથી પરંતુ તેના ગરીબી હટાવવા માટે આ કાર્યક્રમનો એક પ્રભાવી ધટક તરીકે સ્વીકાર થયો છે. આઝાદીના આટલાં વર્ષો બાદ પણ હજુ ભારતનાં દરેક ગામડાંઓ સારા સડક માર્ગથી જોડાયેલ નથી. આ યોજના 25 ડિસેમ્બર 2000 થી લાગુ પાડવામાં આવી છે. એક અનુમાન અનુસાર લગભગ 3.70 લાખ કિલોમીટર લાંબી સડકોનું નિર્માણ આયોજન અંતર્ગત કરવામાં આવશે.

### 4.4.8 ગ્રામીણ આવાસઃ

રહેઠાણ માનવજીવન માટે એક નૈતિક જરૂરિયાત છે. વસ્તી ગણતરીના નિષ્કર્ષો અનુસાર ગરીબી અને રહેઠાણનો સારો સબંધ જોવા મળે છે. ગરીબી રહેઠાણની સુવિધામાં આડરૂપ બને છે. સરકારે આવાસ વિનાના તમામ નાગરિકોને આવાસ બનાવી આપવાનો દ્દ્રઢ સંકલ્પ કરેલ છે.

### 4.4.9 સ્વર્ણજયંતી શહેરી રોજગાર યોજનાઃ

સ્વતંત્રતા સ્વર્ણજયંતી વર્ષમાં કેન્દ્ર સરકા રે શહેરી ક્ષેત્રમાં ગરીબી નિવારણની એક નવી યોજના પ્રારંભ કરી છે. જે સ્વર્ણજયંતી શહેરી રોજગાર યોજનાંના નામથી શરૂઆત કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ શહેરી ગરીબોને સ્વરોજગાર આપવાનો હેતુ અને નાણાકીય સહાયતા આપવાનું તથા

*સવેતન રોજગાર સર્જનનો હેતુ ઉત્પાદક ધનસંપત્તિઓનું નિર્માણ કરવાનો છે. સ્વર્ણજયંતી શહેરી રોજગાર માટે ધનની વ્યવસ્થા કેન્દ્ર અને રાજય સરકારના 7552ના ગુણોત્તરથી કરેલ છે. આ યોજનામાં બે પેટા યોજના શરૂ કરવામાં આવી છે.*

**1. શહેરી સ્વરોજગાર કાર્યક્રમ 2. શહેરી મજૂર રોજગાર કાર્યક્રમ**

*શહેરી સ્વરોજગાર કાર્યક્રમના અંતર્ગત શહેરી ગરીબોને સ્વરોજગાર ઊભા કરવા માટે સહાયતા આપવી અને સાથો-સાથ ગરીબ મહિલાઓ અને બાળકો માટે વિકાસ યોજના એક પેટા યોજના શરૂ કરી, શહેરી મજુર રોજગાર કાર્યક્રમનો ઉદ્દેશ ગરીબી રેખાથી નીચે રહેવા વાળા લાભાર્થીઓને તેના શ્રમનો સામાજિક અને આર્થિક રૂપથી ઊપીયોગી સાર્વજનિક સંપત્તિના નિર્માણમાં ઉપયોગ કરીને મજૂરી રોજગાર ઉભો કરવાનો છે.*

**4.4.10 પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના તથા ગ્રામીણ આવાસ કાર્યક્રમઃ**

*પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના એક એકમના રૂપમાં ગ્રામીણ આવાસ યોજના શરૂ કરાઈ હતી. ગ્રામીણ સ્તર પર લાભાર્થી માનવ વિકાસ પ્રધાનમંત્રી ગ્રામોદય યોજનાનો મુખ્ય ઉદેશ છે. જેની પરિપૂર્તિ માટે રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને વધારે કેન્દ્રીય સહયોગ આપવાની વ્યવસ્થા છે. આ યોજનાને કેન્દ્રીય આવાસ યોજનાની રીતથી કાર્યાન્વિત કરવાની છે.*

*આમ ઉપરોક્ત રીતે સરકારે પણ વિવિધ સરકારી યોજનાઓ દ્વારા ગરીબી નિવારણ માટેના સતત પ્રયત્નો શરૂ રાખ્યા છે. જેના કારણે ગરીબી નિવારણમાં આપણને ધીમે-ધીમે સફળતા પ્રાપ્ત થઈ રહી છે.*

## 4.5 સારાંશઃ

*ભારતમાં ગરીબી ઘટાડવાની વ્યુહરચનાના એક ભાગરૂપે વિવિધ સામાજિક સલામતોની યોજનાઓ સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે. અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે* 9*મે* 2015 *થી અટલપેન્શન યોજના અમલમાં આવી છે. આ સાથે પ્રધાનમંત્રી સુરક્ષા હેઠળ* 18 *થી* 70 *વર્ષની ઉંમરના વ્યક્તિઓને રૂ.*12/- *નાનજીવા પ્રિમિયમે રૂા.*2 *લાખનો અકસ્માત વીમો તેમ જ વાર્ષિક રૂ.* 330/-*ના પ્રિમિયમ રૂા.૨ લાખનો જીવન વીમો આપ જીવનજયોતી વીમા યોજના શરૂ કરાઈ છે. ખેતી ક્ષેત્રે ખેડૂતોને પાકુ નિષ્ફળતાના જોખમથી રક્ષણ આપવા પ્રધાનમંત્રી ફસલવીમા યોજના શરૂ કરવામાં આવી છે.*

*આમ ગરીબી નિવારણ માટેના તમામ પ્રયાસો શરૂ છે. અને આપણા દેશને ઝડપથી ગરીબીમાંથી સદ્ધરતા તરફ લઈ જઈએ.*

**તમારી પ્રગતિ ચકાસોઃ**
**(ક) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. *બાળઅપરાધ એટલે શુ?*

___

___

___

2. *ખેતી સુધારણા માટે શું કરવું જોઇએ?*

3. *સ્વાસ્થય સુધારણા માટે કોણે-કોણે આગળ આપવું જોઇએ.*

- **તમારી પ્રગતિ ચકાસોઃ**

**(ખ) નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પી જવાબમાંથી સાચો જવાબ પસંદ કરો.**

1. *વાસ્તવમાં પૈસા માટે પોતાના શરીરનો પૈસા માટે વેપાર કરવો એટલે.*

(A) *ભિક્ષાવૃત્તિ* (B) *વેશ્યાવૃત્તિ*

(C) *બાળઅપરાધ* (D) *આત્મહત્યા*

2 *ભારત દેશએ..............દેશછે.*

(A) *ઉદ્યોગ પ્રધાન* (B) *અમીર પ્રધાન*

(C)*ખેતી પ્રધાન* (D) *શિક્ષણ પ્રધાન*

3. *દેશના આર્થિક વિકાસ માટે નીચેનામાંથી અત્યંત આવશ્યક છે?*

(A) *બેંકીગ સુવિધા* (B) *શિક્ષણની અસુવિધા*

(C) *ઉદ્યોગોનો ઘટાડો* (D) *આરોગ્ય*

4. *ગરીબી દૂર કરવા માટે સર્વ પ્રથમ દેશમાંથી શું દૂર કરવું જોઇએ?*

(A) *આત્મહત્યા* (B) *નિરક્ષરતા*

(C)*બાળમજૂરી* (D) *બેકારી*

5. *વીસ સૂંત્રીય કાર્યક્રમ ગરીબી દૂર કરવા સૌ પ્રથમ કોણે આપ્યો?*

(A) *શ્રીનરેન્દ્ર મોદી* (B) *શ્રીમનમોહનસિંહ*

(C) *શ્રીમતી ઈન્દીરા ગાંધી* (D) *શ્રીઅટલબિહારી બાજપેયી*

**જવાબો :**

1. *વેશ્યાવૃત્તિ* 2. *ખેતી પ્રધાન* 3.*બેંકીગ સુવિધા* 4. *નિરક્ષરતા* 5. *શ્રીમતી ઈન્દીરા ગાંધી*

- **તમારી પ્રગતિ ચકાસો**

*નીચે આપેલ પ્રશ્નોના પંદર થી સત્તર લીટીમાં જવાબ આપો.*

1. *ગરીબીનાં પરિણામો જણાવો.*

2. *ગરીબી દૂર કરવા માટે શું કરવું જોઈએ?*

3. *ગરીબી દૂર કરવા માટે સરકારે ક્યાં પગલા લીધા તે જણાવો.*

| એકમ : 5 | જ્ઞાતિ અને લૈંગિક અસમાનતા |
|---|---|

: રૂપરેખા :

5.0 ઉદ્દેશો
5.1 પ્રસ્તાવના
5.2 જ્ઞાતિ અસમાનતા : સામાજિક સમસ્યા તરીકે
5.2.1 જ્ઞાતિનો અર્થ
5.2.2 જ્ઞાતિની લાક્ષણિકતાઓ
5.2.3 જ્ઞાતિ અસમાનતાની સમસ્યા
● તમારી પ્રગતિ ચકાસો (ક)
5.3 લૈંગિક અસમાનતા : સામાજિક સમસ્યા તરીકે
5.3.1 લૈંગિક અસમાનતા એટલે શું ?
5.3.2 લૈંગિક અસમાનતા અને સમાજ
5.3.3 લૈંગિક અસમાનતાના ક્ષેત્રો
● તમારી પ્રગતિ ચકાસો (ખ)
5.4 સારાંશ
- શબ્દાવલિ
- બહુવિકલ્પવાળા પ્રશ્નો
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો
- સ્વાધ્યાય
- સંદર્ભ

## 5.0 ઉદ્દેશો :

*આ એકમના અભ્યાસ બાદ તમે.....*

- *જ્ઞાતિ અને લૈંગિક અસમાનતા વિશે સમજ કેળવી શકશો.*
- *જ્ઞાતિ અસમાનતાની સમસ્યા વિશે વિસ્તૃત સમજૂતી મેળવી શકશો.*
- *લૈંગિક અસમાનતાની સમસ્યા વિશે જાણકારી મેળવી શકશો.*
- *લૈંગિક ભેદભાવના ક્ષેત્રો વિશે સમજૂતી મેળવી શકશો.*

## 5.1 પ્રસ્તાવના :

*સમગ્ર વિશ્વમાં ભારતીય સમાજમાં જોવા મળતી જ્ઞાતિ સંસ્થા એક અદ્વિતીય ઘટના છે. ભારતીય સમાજમાં અનેક નાના-મોટા જ્ઞાતિ સમૂહો એક સાથે વસવાટ કરતાં જોવા મળે છે. ભારતીય સમાજની*

*સામાજિક રચનામાં જ્ઞાતિએ અગત્યની તેમજ વિવિધ એકમોમાં હિંદુ સમાજને ટકાવી રાખનાર અને એકસૂત્રતામાં બાંધનારી મહત્ત્વની સામાજિક ઘટના છે, "જ્ઞાતિ વ્યવસ્થા એટલે ભારતીય સમાજ અને ભારતીય સમાજ એટલે જ્ઞાતિ વ્યવસ્થા" આવું સમીકરણ પણ જ્ઞાતિ માટે આપવામાં આવી રહ્યું છે. પરંતુ સમાજિક સમસ્યાના સંદર્ભમાં જ્ઞાતિઓ વચ્ચે જોવા મળતા ઉચ્ચ-નિમ્નના ખ્યાલોએ સમાજમાં અસમાનતાની સમસ્યા ઉત્પન્ન કરી છે, જ્ઞાતિ પ્રથાના વર્તમાન સ્વરૂપમાં વર્ગવિરોધ, વર્ગચેતના અને વર્ગએકતા આ ત્રણ બાબતો મહદઅંશે જોવા મળી છે,*

*સમાજમાં જ્ઞાતિ અસમાનતાની જેમ લૈંગિક અસમાનતાની સમસ્યા પણ જોવા મળી રહી છે, ભારતના બંધારણમાં સ્ત્રી-પુરુષને સમાન તકો આપવામાં આવી હોવા છતાં વ્યવહારમાં સ્ત્રી-પુરુષ અસમાનતા ભારોભાર જોવા મળે છે દરેક ક્ષેત્રે પુરુષની સરખામણીમાં સ્ત્રીનો દરજ્જો ઉતરતી કક્ષાનો ગણવામાં આવે છે, જન્મથી શરુ કરીને મૃત્યુ પર્યંતના સામાજિક વ્યવહારોમાં સ્ત્રીઓની સતત ઉપેક્ષા કરવામાં આવી રહી છે, આધુનિક સમાજમાં પણ વિચારસરણીમાં રૂઢિચુસ્તતા સમાજની સ્ત્રી-પુરુષના ભેદભાવની નીતિને અખત્યાર કરનારું પરિબળ બની રહે છે. સમાજમાં લિંગભેદના આધારે સ્ત્રીઓની ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે, જે સમાજનમાં લૈંગિક અસમાનતાની સમસ્યાને પીઠબળ પૂરું પડે છે.*

## 5.2 જ્ઞાતિ અસમાનતા : સામાજિક સમસ્યા તરીકે :

*વર્તમાન સમયમાં બધી જ જ્ઞાતિઓ પોતાનો ઉત્કર્ષ સાધવા સંગઠિત થઈ રહી છે, સાથે સાથે જ્ઞાતિ–જ્ઞાતિ વચ્ચે સ્પર્ધાઓ પણ વધી છે તેમજ શોષણ કરનારી જ્ઞાતિઓ સામે જ્ઞાતિઓમાં સભાનતા પણ વધી છે, સામાજિક કોટિક્રમમાં નિમ્ન જ્ઞાતિઓ પોતાનો દરજ્જો ઉચ્ચો લઈ જવા પ્રયત્નશીલ બની રહી છે,તેમજ ઉચ્ચ જ્ઞાતિઓ પોતાનું સ્થાન ટકાવી રાખવા પ્રયત્નશીલ બની રહી છે. આમ, વર્તમાન સ્વરૂપમાં જ્ઞાતિમાં ઉચ્ચ-નિમ્નના ભેદભાવો જ્ઞાતિઓ વચ્ચે જોવા મળતી અસમાનતાનો નિર્દેશ કરે છે.*

### 5.2.1 જ્ઞાતિનો અર્થ

*સમાજશાસ્ત્રીઓએ જ્ઞાતિને અલગ-અલગ સંદર્ભમાં આલેખવાનો પ્રયત્ન કરેલ છે જે નીચે મુજબ છે.*

*એમ.એન. શ્રીનિવાસના મતે " જ્ઞાતિ એ વંશ પરંપરાગત આંતર્લગ્નની પ્રથા ધરાવતું સામાન્ય રીતે એક જ સ્થળે વસવાટ કરતું જૂથ છે. જ્ઞાતિને પરંપરાગત વ્યવસાય હોય છે, તેમજ જ્ઞાતિના કોટિક્રમમાં તેનું સ્થાન નિશ્ચિત હોય છે, જુદી-જુદી જ્ઞાતિઓ વચ્ચે શુદ્ધિ -અશુદ્ધિના ખ્યાલો વડે નિયમન થાય છે, સામાન્ય રીતે સહભોજીતાનો રિવાજ જ્ઞાતિની અંદર સવિશેષ જોવા મળે છે."*

*ડૉ. રાધાકમલ મુકરજીના મતે "જ્ઞાતિએ એ એક એવું આંતરિક વર્તુળ છે જે, એક જ નામ ધરાવે છે જેના સભ્યો એક-બીજાં સાથે વ્યવસાયથી ગાઢ રીતે સંકળાયેલાં જોવા મળે છે બધા જ સભ્યો એક પૂર્વજોમાંથી ઉતરી આવ્યાં હોય છે તેમજ બધાના કુળદેવતા એક જ હોવાના નાતે જ્ઞાતિની અંદર એક સમાન આચરણ જોવા મળે છે."*

### 5.2.2 જ્ઞાતિની લાક્ષણીકતાઓ

*ડૉ. જી. એસ. ઘુર્યેએ આપેલી જ્ઞાતિની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.*

❖ *હિંદુ સમાજનું જુદાં જુદાં ખંડોમાં વિભાજન*

*વિવિધ જ્ઞાતિ સમૂહોના કારણે ભારતીય સમાજનું જુદાં જુદાં સમાજમાં વિભાજન થયેલું છે જો કે પ્રાચીન સમયથી જ ભારતીય સમાજ એક અખંડ સમુદાય રહ્યો છે. હિંદુ સમાજની પ્રત્યેક જ્ઞાતિ સમુદાય એક અલગ અને સ્વતંત્ર એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે.*

❖ *સામાજિક કોટિક્રમ*

*ડો. ઘુર્યેના મતે ભારતમાં જ્ઞાતિઓના ઉચ્ચ-નિમ્નતા અંગેના ચોક્કસ ખ્યાલો જોવા મળે છે. દરેક જ્ઞાતિનું સમાજિક કોટિક્રમમાં એક નિશ્ચિત સ્થાન હોય છે. નિમ્ન દરજ્જો ધરાવતું જ્ઞાતિ જૂથ સમાજિક કોટિક્રમમાં પોતાનો દરજ્જો ઉચ્ચ લઈ જવા પ્રયત્ન કરે છે જેનાથી જ્ઞાતિ સંઘર્ષ જેવી સમસ્યાઓ જન્મે છે.*

❖ *ખાનપાન અને સામાજિક વ્યવહાર પરના પ્રતિબંધો*

*ખાનપાન અને બીજા સામાજિક વ્યવહારો કઈ જ્ઞાતિ સાથે રાખી શકાય અને કઈ જ્ઞાતિ સાથે ન રાખી શકાય, તે અંગેના ચોક્કસ માપદંડો, ઝીણવટભર્યા નિયમો અને સમાજિક ધોરણો વિકસેલાં હોય છે. જે, જ્ઞાતિઓ વચ્ચે અસમાનતાઓ ટકાવી રાખે છે.*

❖ *નાગરિક-ધાર્મિક અસમર્થતાઓ અને વિશેષાધિકારો*

*ભારતીય સમાજમાં જ્ઞાતિ સમૂહોમાં જોતાં ચઢિયાતા અને ઉતરતાપણાના ખ્યાલોએ , નિમ્ન અને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ ખાસ કરીને, નાગરિક અને ધાર્મિક અસમર્થતાઓ અને વિશેષાધિકારો જેવી એક પ્રકારની જ્ઞાતિ અસમાનતા ઊભી કરે છે. નિમ્ન ગણાતા જ્ઞાતિ સમૂહો તેમની નીર્ યોગ્યતાઓના કારણે અનેક્વિધ ધાર્મિક અને નાગરિક અધિકારોથી વંચિત રહેવા પામે છે.*

❖ *વ્યવસાયની પસંદગી પરના અંકુશો*

*પ્રાચીન સમયથી ભારતીય સમાજમાં જ્ઞાતિના વ્યવસાયો વંશપરંપરાગત રીતે ચાલ્યા આવતા હતા. જ્ઞાતિનો નક્કી થયેલો વ્યવસાય કરવો એ જ જ્ઞાતિની મુખ્ય ફરજ ગણવામાં આવતી હતી. જ્ઞાતિના સભ્યમાં અન્ય વ્યવસાયની આવડત હોવાં છતાં વ્યક્તિ પોતાની જ્ઞાતિનો વ્યવસાય કરી શકતી નહિ. વ્યવસાય પરના અંકુશોએ વ્યક્તિની સ્વતંત્રતા પર એક જાતની તરાપ સમાન હતી. જ્ઞાતિના આ પ્રકારના પ્રતિબંધોએ જ્ઞાતિને વ્યવસાયના આધારે ઉચ્ચ-નિમ્ન ગણવામાં આવતી હતી. જે સમાજમાં અસમાનતા સર્જવામાં ભાગ ભવનારું પરિબળ હતું.*

### 5.2.3 જ્ઞાતિ અસમાનતાની સમસ્યા :

*જ્ઞાતિ અસમાનતાની સમસ્યાએ ભારતીય સમાજની અખંડિતતા અને એકતા માટે નુકસાનકારક સાબિત થઈ રહી છે, વર્તમાન સમયમાં જ્ઞાતિઓ વચ્ચે વધતી જતી તીવ્ર હરીફાઈઓએ જ્ઞાતિઓને તેમની સમર્થતાઓ અને નીર્ યોગ્યતાના કારણે ઉચ્ચ-નિમ્નના ભેદભાવો સર્જવામાં ફાળો આપ્યો છે. જ્ઞાતિઓ વચ્ચે પ્રવાર્તતા આ ઉચ્ચ-નિમ્ન ભેદભાવોએ જ્ઞાતિઓ વચ્ચે સંઘર્ષનું પ્રમાણ વધાર્યું છે. જે સામાજિક રીતે એક જ્ઞાતિ બીજી જ્ઞાતિના તિરસ્કારનું સૂચન કરે છે. જ્ઞાતિ અસમાનતાઓ જ એક જ્ઞાતિના સભ્યોને*

*બીજી જ્ઞાતિના સભ્યોના શોષણ તરફ દોરી જનારું પરિબળ બની રહે છે. જ્ઞાતિ અસમાનતાના કારણે સમાજમાં જ્ઞાતિવાદ ઉત્પન્ન થાય છે જે જ્ઞાતિ પ્રત્યે આંધળી વફાદારી દર્શાવે છે. અન્ય જ્ઞાતિઓના હિતની કાળજી લીધા વગર પોતાના જ્ઞાતિજૂથના સામાજિક આર્થિક અને રાજકીય હિતો જાળવી રાખવા પ્રયત્નશીલ રહે છે.*

❖ *જ્ઞાતિ અસમાનતાના કારણો*

- *જ્ઞાતિના વૈવાહિક (લગ્ન) અંગેના નિયમો વ્યકતિને જ્ઞાતિમાં જ લગ્ન કરવાની ફરજ પાડે છે જેન કારણે જ્ઞાતિવાદને ઉત્તેજન મળે છે. જે જ્ઞાતિ જૂથની સુમેળતામાં વધારો કરી આપે છે તેમાં પરિણામે જ્ઞાતિઓ વચ્ચે અસમાનતાઓ સર્જાય છે.*
- *શહેરીકરણની પ્રક્રિયાઓ ગ્રામીણ દ્વારા ઉપરાંત શહેરી સમાજોમાં પણ જ્ઞાતિનું તત્ત્વ અસર કરનારું પરિબળ બની રહે છે. શહેરી વિસ્તારોમાં અનેકવિધ જ્ઞાતિઓ એક સાથે વસવાટ કરતી હોવાથી સાંપ્રદાયિક ધોરણે પોતાની જ્ઞાતિના સભ્યોને સામાજિક સુરક્ષા અને સલામતી પૂરી પાડવાના હેતુથી શહેરી સમાજોમાં પણ, જ્ઞાતિ અસમાનતાઓ વિકસી રહી છે. જ્ઞાતિના છાત્રાલયોમાં જ્ઞાતિના વિદ્યાર્થીને જ પ્રવેશ મળે છે, જે જ્ઞાતિ અસમાનતાનું ઉદાહરણ ગણાવી શકાય.*
- *પરિવહન અને સંચાર વ્યવહારના માધ્યમોના કારણે જ્ઞાતિઓ વચ્ચે નિકટતા સર્જવામાં ભાગ ભજવે છે. આ માધ્યમો જ્ઞાતિના સભ્યો વચ્ચે ઘનિષ્ટ સંબંધ સાધવામાં ફાળો આપે છે. પરિણામે અન્ય જ્ઞાતિઓ સાથેના સબંધો માત્ર કામ પૂરતાં જ વિકસે છે જે સમાજમાં અસમાનતા સર્જવામાં ફાળો આપે છે.*

❖ *જ્ઞાતિ અસમાનતાની સમાજ પર અસરો*

*સમાજમાં જ્ઞાતિ અસમાનતાએ કેટલીક નકારાત્મક અસરો ઉપજાવી છે. જે નીચે મુજબ છેઃ-*

- *જ્ઞાતિ અસમાનતાની સમસ્યા સમાજમાં અસ્પૃશ્યતાને કાયમી ટકાવી રાખે છે. સમાજમાં ન્યાય અને સમાનતા અને સમરસતા સ્થાપવામાં અવરોધક સાબિત થાય છે.*
- *જ્ઞાતિ અસમાનતાના કારણે સમાજની શાંતિ, સુમેળ અને સમરસતા જોખમાય છે.*
- *જ્ઞાતિ અસમાનતાના કારણે અમુક જ્ઞાતિના સભ્યો ની વિચારસરણીમાં પોતાની જ્ઞાતિના રૂઢિચુસ્ત નિયમો અને રિવાજોને અનુસરતા હોય છે, જે આધુનિક વિચારધારાના મૂલ્ય ધોરણો વગેરેમાં અવરોધરૂપ બને છે.*
- *જ્ઞાતિ સમાજનું જુદાં જુદાં ભાગોમાં વિભાજન કરે છે, જેનાથી સમાજમાં ઉચ્ચ-નિમ્નના તફાવતો સર્જાય છે, જે જ્ઞાતિ સંઘર્ષની પરિસ્થિતિનું નિર્માણ કરે છે.*
- *ભારત જેવાં વિશાળ લોકશાહી ધરાવાતાં સમાજમાં, જ્ઞાતિ અસમાનતા સફળ લોકશાહી તંત્રના સંચાલનમાં અવરોધરૂપ બને છે.*

❖ *જ્ઞાતિ અસમાનતા દૂર કરવા માટે કેટલાંક સમાજશાસ્ત્રીય સૂચનો*

*સમાજમાં જ્ઞાતિ અસમાનતાની સમસ્યા દૂર કરવા માટે જી.એસ.ઘુર્યે, ડૉ.વી.કે.આર.વી.,પ્રો.પી.એન.પ્રભુ, શ્રીમતી ઈરાવતી કર્વે વગેરેએ કેટલાંક ઉપાયો સૂચવ્યાં છે જે નીચે મુજબ છે.*

- *જી.એસ.ધુર્યેના મતાનુસાર આંતરજ્ઞાતિય લગ્નોને વધુ પ્રોત્સાહન આપવું જોઈએ તેમજ સહશિક્ષણ પ્રાથમિક કક્ષાએથી જ અમલી બનાવવું જોઈએ. જેથી જ્ઞાતિઓ વચ્ચેના ભેદભાવો દૂર કરી શકાય.જ્ઞાતિ સમાનતા સ્થાપી શકાય.*
- *ડો. વી.કે.આર.વીના મતે જ્ઞાતિ અસમાનતા દૂર કરવા માટે કેટલાંક વૈકલ્પિક જૂથોની રચના કરવી જરૂરી છે. જેના દ્વારા સાંપ્રદાયિક પ્રવૃત્તિઓ પ્રગટ અને સંગઠિત રહી શકે. જેના કારણે વ્યક્તિને તેની જ્ઞાતિની બહાર પોતાની વૃત્તિઓ અને હેતુઓ દર્શાવવાની તક મળે. જે જ્ઞાતિ અસમાનતા દૂર કરવામાં સહાયરૂપ બનશે.*
- *શ્રીમતી ઈરાવતી કર્વેના મતાનુસાર ઉચ્ચ અને નિમ્ન જ્ઞાતિઓ વચ્ચે આર્થિક અને સાંસ્કૃતિક સમાનતાઓ ઊભી કરવાથી સમાજમાં જ્ઞાતિ અસમાનતા દૂર કરી શકાય.*
- *પ્રો. પી.એચ. પ્રભુના મતાનુસાર જ્ઞાતિઓ વચ્ચેના સંઘર્ષો અને અસમાનતાઓ ત્યારે જ દૂર કરી શકાય જયારે તેમનામાં આચારના આંતરિક પાસાંઓને પ્રભાવિત કરવામાં આવે, તે માટે લોકોમાં નવા વલણો અને વિકાસ કરવો જરૂરી છે.*

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

*નોંધ* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો*

(2) *એકમના અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ સરખાવો*

1. *જ્ઞાતિનો અર્થ લખો.*

## 5.3 લૈંગિક અસમાનતા : સામાજિક સમસ્યા તરીકે

*ભારતીય સમાજમાં જ્ઞાતિ અસમાનતાની સમસ્યાની જેમ, લૈંગિક અસમાનતાની સમસ્યા પણ એટલી વ્યાપક રીતે જોવા મળે છે. જે ભારતીય જ્ઞાતિ સમુદાય સાથે સંકળાયેલી છે. પુરુષોની સરખામણીમાં સ્ત્રીનો દરજ્જો લગભગ મોટાભાગની જ્ઞાતિ સમાજમાં ઉતરતો જોવા મળ્યો છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે જોવા મળતો લિંગભેદએ કુદરતી ઘટના છે પરંતુ સામાજિક ભેદભાવને કુદરતી ઘટના ગણાવી શકાય નહિ કારણ કે સામાજિક ભેદએ સમાજે ઊભો કરેલો ભેદભાવ છે. જે સમાજમાં લૈંગિક અસમાનતાની સમસ્યા સૂચવે છે. બાળકના જન્મ પછી સ્ત્રી અને પુરુષ બાળક તરીકે સમાજમાં તેનું અલગ સામાજિકરણ કરવામાં આવે છે જેમાં તેના લિંગ અનુસાર સમાજની રીતભાતો અને સંસ્કૃતિઓ શીખવવામાં આવે છે, મોટાભાગે સ્ત્રી-પુરુષના તફાવતો તેમાંથી જ સર્જાય છે.*

### 5.3.1 લૈંગિક અસમાનતાએટલે શું ?

*સ્ત્રી અને પુરુષ વચ્ચે જોવા મળતો વર્તનભેદ તેમજ તેમની ભૂમિકાની અપેક્ષામાં રખાતો ભેદ એ જેન્ડર ભેદ છે. જૈવિક રીતે જોવાં જઈએ તો સ્ત્રી બાળક અને પુરુષ બાળક વચ્ચે જોવા મળતો ભેદએ લિંગભેદ છે. પરંતુ પુરુષોમાં જોવા મળતા પુરુષત્વના ગુણો જેવાં કે નિર્ભયતા, સાહસિકતા આત્મનિર્ભરતા, વગેરે તેમજ સ્ત્રીમાં જોવા મળતા સ્ત્રીત્વના ગુણો જેવાં કે સુંદરતા, સહનશીલતા, સમર્પણ, આજ્ઞાંકિતતા વગેરે જેન્ડર ભેદ દર્શાવે છે.*

● *જેન્ડરની વિભાવના:*

*એન.ઓકલેના મતે "જેન્ડર એ સમાજ અને સંસ્કૃતિ સાથે સંકળાયેલી બાબત છે, જેમાં સ્ત્રી-પુરુષ વચ્ચેનો તફાવત સ્ત્રીત્વ અને પુરુષત્વ દ્વારા કરવામાં આવે છે. આમ, જેન્ડરએ સમાજ દ્વારા કરાયેલ સ્ત્રી-પુરુષના ભેદને વ્યકત કરતી બાબત છે."*

*બી. સિવાલ " જેન્ડરને સબંધોની એક વ્યવસ્થા તરીકે જુએ છે."*

*સ્ત્રી-પુરુષ અસમાનતાની અભિવ્યક્તિ ,માટે* Oppression*(દમન) શબ્દ પ્રયોગ થાય છે, જેમાં કોઈ પૂર્વગ્રહ હોય છે તેમંજ સ્ત્રી અને પુરુષનો દરજ્જો અલગ હોવાથી સ્ત્રી-પુરુષના વ્યવસાયમાં , શિક્ષણમાં, વ્યકતિત્વ વિકાસમાં તફાવત જોવા મળે છે. સ્ત્રી અને પુરુષનો દરજ્જો અલગ અને અસમાનતાભર્યો હોવાથી સ્ત્રીનું ગૌણ સ્થાન, તેના પરની હિંસાઓ, જાતીય શોષણ, દબાણ, તાબેદારી, સ્વાયત્તતા અને સ્વતંત્રતાની અવગણના વગેરે સર્જાય છે. જે સાર્વત્રિક હોવા છતાં એક સરખા પ્રમાણમાં જોવા મળતા નથી. દરજ્જાનું બીજું પાસું બહુપરિમાણીય છે, સમાજશાસ્ત્રીય દષ્ટિએ જોવાં જઈએ તો દરજ્જો વિકસાવેલો હોય છે પરાણે, સર્જેલો નથી હોતો. દરજ્જા સાથે પ્રતિષ્ઠા સંકળાયેલી હોય છે.અમુક સમાજમાં સ્ત્રીનો ઉચ્ચો દરજ્જો અને ઊંચી પ્રતિષ્ઠા હોઈ શકે પરંતુ બધે જ પુરુષોની સમકક્ષ સ્ત્રીઓને હક્ક મળતાં નથી. ભારતમાં નિમ્ન જ્ઞાતિની સ્ત્રીઓનો દરજ્જો નીચો ગણાય છે. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓની સ્ત્રીઓ તેમના જીવનમાં બધા જ હક્કો પ્રાપ્ત કરી શકે છે. સત્તાની સાથે બાહ્ય પારદર્શિતા સંકળાયેલી જોવા મળે છે. સ્ત્રીની સ્ત્રી તરીકેની સ્વીકૃતિમાં નિર્ણયની પ્રક્રિયા અને સ્ત્રી-પુરુષ સમતુલાનો મુદ્દો મહત્ત્વનો ગણાય છે. સંતાનોને જન્મ સ્ત્રી આપે છે પરંતુ તેનું ભરણ-પોષણ પુરુષ કરે છે, આથી સ્ત્રી કરતા પુરુષનું વર્ચસ્વ વધુ જોવા મળે છે.*

### 5.3.2 લૈંગિક અસમાનતા અને સમાજ

*વિશ્વના મોટાભાગના સમજો તરફ દષ્ટિપાત કરીએ તો વિવિધ સમાજ વર્ગ અને જ્ઞાતિઓમાં લૈંગિક અથવા તો જેન્ડર અસમાનતાની બાબતો જોવા મળે છ, ખાસ કરીને મૂડીવાદી સમાજોમાં સ્ત્રી-પુરુષના સમાન દરજ્જા માટેના પ્રયાસો થઈ રહ્યા છે પરંતુ ભારતના સંદર્ભમાં જોઈએ તો વૈદિકકાળમાં સ્ત્રીનો દરજ્જો પુરુષની સમકક્ષ ગણાતો હતો સ્ત્રીને પુરુષ જેવી સમાન તકો આપવામાં આવતી હતી. તેમજ વિવિધ વિદ્યાઓમાં પારંગત બનાવવામાં આવતી હતી, તેમજ લગ્નનું ચોક્કસ મૂલ્ય ગણાતું હતું. ટૂંકમાં વૈદિક યુગમાં સ્ત્રીને પુરુષ સમાન ઘણાખરા અધિકારો મળેલા હતા. એટલે કે સ્ત્રીનું સ્થાન પુરુષ કરતા ઉતરતું નહોતું સમાનકક્ષાનું હતું. વૈદિક યુગ બાદ સ્ત્રીના સ્થાનમાં ઉત્તરોતર બદલાવ આવવા માંડ્યા. વૈદિક યુગમાં તેમને મળેલા અધિકારો હક્કો ધીમે ધીમે છીનવાતા ગયાં. મધ્યકાલીન સમયમાં*

*સ્ત્રીના સ્થાન પર ઘણાં પ્રતિબંધો લગાવવામાં આવ્યાં. તેનું સ્થાન પુરુષની સરખામણીએ ઉતરતું બનવા લાગ્યું. તેમ છતાં બ્રિટિશયુગમાં સમાજસુધારકો અને કાનૂનીકરણની પ્રક્રિયા દ્વારા સુધાર થવા લાગ્યાં.*

*ભારતીય સમાજમાં લૈંગિક અસમાનતાની મુખ્ય તફાવતોમાં જોઈએ તો ઉત્પાદન વહીવટ, ધાર્મિક બાબતોમાં પુરુષોનું વર્ચસ્વ વધુ હતું. તેના કારણે પુરુષોની સમાજિક ભૂમિકા સ્ત્રીની સરખામણીએ વધુ મહત્ત્વની ગણાતી હતી. માનવ જાતિની ઉત્પાદન અને તેને ટકાવી રાખવાની જૈવિક ક્ષમતાના કારણે સ્ત્રીઓની ભૂમિકા ઘરની ચાર દીવાલો પુરતી સીમિત રહેવા પામી. આમ, આ પ્રકારની વિચારસરણીએ સમાજમાં લૈંગિક અસમાનતાઓ ઊભી કરી સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવોને રિવાજો, વિધિઓ અને સમાજિક વિધિવિધાનોનું સ્વરૂપ આપવામાં આવ્યું. સમય જતાં આ સામાજિક ભેદભાવો સ્વીકૃત બનવા લાગ્યા જેના કારણે સમાજમાં લૈંગિક અસમાનતા સમાજિક વાસ્તવિકતા બની.*

**5.3.3 લૈંગિક અસમાનતાના ક્ષેત્રો**

(1) *ભારતમાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થાના કારણે, કુટુંબમાં પુત્રી કરતાં પુત્રનું સ્થાન સવિશેષ માનવામાં આવે છે. તેમાં પણ આજની આધુનિક તબીબી અને વૈજ્ઞાનિક તકનીકોના કારણે આવનારાં બાળકનું લિંગ પરીક્ષણ શક્ય બન્યું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ સુવિધાઓનો દૂર ઉપયોગ કરીને આવનારું બાળક સ્ત્રી લિંગ હોય તો તેને જન્મ આપવામાં નથી આવતો. આવી ઘટનાઓ વધવા લાગી છે. જાતીય કે લૈંગિક અસમાનતાનું પ્રથમ સોપાન અહીંથી જ શરુ થાય છે.*

(2) *ભારતીય સમાજમાં લૈંગિક અસમાનતા માટે અનેક કારણો જવાબદાર હોઈ શકે, સમાજમાં દીકરા-દીકરીનું એક સમાન મહત્ત્વ હોવું જોઈએ. તેના બદલે ખોખલી ધાર્મિકતા અને રૂઢિવાદી ચુસ્ત માન્યતાઓએ દીકરાનું મહત્ત્વ વધુ પડતું આંક્યું છે. જે સમાજ માટે લૈંગિક અસમાનતા સર્જનારું છે.*

(3) *બાળકના જન્મ પ્રતિભાવથી શરુ કરીને તેના સામાજિકરણના દરેક તબક્કે જોવા જઈએ તો દીકરા-દીકરીના ઉછેરથી માંડીને તમામ બાબતોમાં લૈંગિક ભેદભાવ ઊડીને આંખે વળગે તે પ્રકારનો જોવા મળે છે. સ્ત્રી કે પુરુષ બાળકને રમવા આપવામાં આવતાં રમકડાં, કપડાંના કલર કે જન્મ સમયે મીઠાઈ સ્વરૂપે વહેંચવામાં આવતાં જલેબી-પેંડા વાસ્તવમાં લૈંગિક અસમાનતા સૂચવતાં પ્રતીકો છે.*

(4) *સામાજિકરણની પ્રક્રિયા દ્વારા જેમ જેમ બાળકમાં સ્વનો વિકાસ થાય છે. તેમ તેમ બાળક પોતાની સ્ત્રી અથવા તો પુરુષ તરીકેની ભૂમિકાથી સભાન બનતું જાય છે. પોતાની જ્ઞાતિ આધારિત સંસ્કૃતિ, પેટા સંસ્કૃતિ કે વંશ જાતિ કે કૌટુંબિક વાતાવરણ મુજબ તેમના મનોવલણો તેમના જીવનમાં ભાગ બનતા જાય છે.*

(5) *બાળક જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ તે ઘરની બહારની દુનિયામાં પ્રવેશ કરે છે શરૂઆતના તબક્કે સાથીદાર તરીકે રમવામાં કોઈ પણ પ્રકારની જાતિગત ભિન્નતાઓ હોતી નથી. પરંતુ ધીમે ધીમે તેમાં પરિવર્તન આવતું જાય છે. પુરુષ બાળક પાસે સાહસિક અને મર્દાનગીભરી રમતોની અપેક્ષા રાખવામાં આવે છે. જ્યારે છોકરીઓ પાસે તેના સ્ત્રીત્વ મુજબની રમતોની અપેક્ષા રાખવામાં આવે છે.*

(6) *શૈક્ષણિક સંસ્થાઓમાં ખાસ કરીને સ્ત્રી-પુરુષના માનસમાં વિવિધ વિષય અભ્યાસક્રમોમાં તેમજ રસ રૂચિ વગરેમાં જાતિગત ભૂમિકા, તફાવતો જોવા મળે છે, જે લૈંગિક અસમાનતાનો નિર્દેશ કરે છે.*

*(7) સમૂહ માધ્યમોમાં પણ સ્ત્રી - પુરુષની ભૂમિકાના ભેદભાવો દશ્યમાન થાય છે. ટી.વી. પર આવતાં કાર્યક્રમોમાં સ્ત્રી કે પુરુષ બાળકના કાર્યક્રમો જાતીયતાસભર હોય છે જે લાંબાગાળે લૈંગિક અસમાનતા સર્જવામાં ફાળો આપે છે.*

*(8) સ્ત્રી અને પુરુષના સામાજિક –સાંસ્કૃતિક વલણોની બાબતોમાં જોવા જઈએ તો સ્પર્ધા આત્મ વિશ્વાસ બૌદ્ધિકતા વગેરેમાં અસમાનતા જોવા મળે છે.*

*(9) સ્ત્રી-પુરુષની સામાજિક જવાબદારીઓમાં પણ અસમાનતા જોવા મળે છે.*

*(10) લગ્ન પસંદગી જેવી મહત્ત્વની બાબતમાં પણ સ્ત્રી કરતાં પુરુષને ચઢિયાતો ગણવામાં આવે છે. લગ્ન બાદ કુટુંબમાં સત્તા અને તાબેદારીના સબંધો કુટુંબમાં સ્ત્રી –પુરુષની ભૂમિકા વગેરેમાં અસમાનતા જોઈ શકાય છે.*

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

*નોંધ (1) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો*

*(2) એકમના અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ સરખાવો*

1. *લૈંગિક અસમાનતા અને સમાજ વિશે ટૂંકમાં સમજાવો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 5.4 સારાંશ :

*ભારતીય સમાજમાં જ્ઞાતિ અસમાનતા અને લૈંગિક અસમાનતાની સમસ્યા સમાજના સુમેળ એકતા અને અખંડિતતા માટે નુકસાનકારક બની રહી છે. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ સમસ્યાઓ હળવી કરવા માટેના અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. પરંતુ રૂઢિચુસ્ત માન્યતાઓ અને રિવાજોના બંધનોએ સમસ્યાને હળવી કરવાના બદલે વધુ ઘેરી બનાવી છે, આધુનિક વિચારસરણી અને મુલ્યોના પ્રભાવ હેઠળ લૈંગિક ભેદભાવોમાં ચોક્કસ ઘટાડો થઇ રહ્યો છે પણ જે ગતિમાં થવું જોઈએ તે મુજબ ધીમું છે. ભારતીય સમાજની એકતા ટકાવી રાખવા માટે બંને સમસ્યાઓ હલ કરવી જરૂરી છે.*

❖ **શબ્દાવલિ**

| | |
|---|---|
| **કોટિક્રમ** | *ચઢતો-ઉતરતો ક્રમ* |
| **અસમર્થતા** | *કાર્ય કરવા માટેની અયોગ્યતા* |
| **લૈંગિક** | *જાતીય* |

**તાબેદારી** *આધીનતા*

❖ *બહુવિકલ્પવાળા પ્રશ્નો*

(1) *જ્ઞાતિએ __________ પ્રકારનું વર્તુળ છે.*
*(ક) આંતરિક (ખ ) બાહ્ય (ગ) મિશ્ર*

(2) *જ્ઞાતિ અસમાનતા સમાજમાં ______ને કાયમી ટકાવી રાખે છે.*
*(ક) ગરીબી (ખ ) બેકારી (ગ) અસ્પૃશ્યતા*

(3) *ભારતીય સમાજમાં પરંપરાગત રીતે સ્ત્રીનો દરજ્જો પુરુષથી ______છે.*
*(ક) નીચો (ખ ) ઉચ્ચ (ગ) સમકક્ષ*

(4) *જ્ઞાતિ અસમાનતાથી _______ને ઉતેજન મળે છે.*
*(ક) કોમવાદ (ખ ) જ્ઞાતિવાદ (ગ) પ્રદેશવાદ*

(5) *જ્ઞાતિ અને લૈંગિક અસમાનતા જેવી સમસ્યાઓ સમાજ માટે ______છે.*
*(ક) ફાયદાકારક (ખ ) નુકસાનકારક (ગ) વરદાનદાયક*

- *જવાબો*

(1- *ક)* (2- *ગ )* (3 - *ક)* (4 -*ખ)* (5-*ખ)*

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

*તમારી પ્રગતિ ચકાસો (ક)*

*જ્ઞાતિએ વંશ પરંપરાગત આંતર્લગ્નની પ્રથા ધરાવતું સામાન્ય રીતે એક જ સ્થળે વસવાટ કરતું જૂથ છે. જ્ઞાતિને પરંપરાગત વ્યવસાય હોય છે, તેમજ જ્ઞાતિના કોટિક્રમમાં તેનું સ્થાન નિશ્ચિત હોય છે, જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે શુદ્ધિ -અશુદ્ધિના ખ્યાલો વડે નિયમન થાય છે, સામાન્ય રીતે સહભોજીતાનો રિવાજ જ્ઞાતિની અંદર સવિશેષ જોવા મળે છે.*

❖ **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

*વિશ્વના મોટાભાગના સમજો તરફ દ્દષ્ટિપાત કરીએ તો વિવિધ સમાજ વર્ગ અને જ્ઞાતિઓમાં લૈંગિક અથવા તો જેન્ડર અસમાનતાની બાબતો જોવા મળે છ, ખાસ કરીને મૂડીવાદી સમાજોમાં સ્ત્રી-પુરુષના સમાન દરજ્જા માટેના પ્રયાસો થઈ રહ્યાં છે પરંતુ ભારતના સંદર્ભમાં જોઈએ તો વૈદિકકાળમાં સ્ત્રીનો દરજ્જો પુરુષ સમકક્ષ ગણાતો હતો સ્ત્રીને પુરુષ સમાન તકો આપવામાં આવતી હતી.. વૈદિક યુગ બાદ સ્ત્રીના સ્થાનમાં ઉત્તરોતર બદલાવ આવવા માંડ્યા. વૈદિક યુગમાં તેમેણ મળેલાં અધિકારો, હક્કો ધીમે ધીમે છીનવાતાં ગયા. મધ્યકાલીન સમયમાં સ્ત્રીના સ્થાન પર ધણાં પ્રતિબંધો લગાવવામાં આવ્યાં. તેનું સ્થાન પુરુષની સરખામણીએ ઉતરતું બનવા લાગ્યું.*

❖ **સ્વાધ્યાય**

(1) *જ્ઞાતિની લાક્ષણિકતાઓ વિગતે સમજાવો.*

(2) *જ્ઞાતિ અસમાનતાના કારણો જણાવો.*

(3) *લૈંગિક અસમાનતાના ક્ષેત્રો વિશે સમજૂતી આપો.*

(4) *વર્તમાનપત્રોમાં આવતી જ્ઞાતિ અને લૈંગિક અસમાનતાની ઘટનાઓ એકત્રિત કરી તેના વિશે તમારા મંતવ્યો લખો.*

❖ *સંદર્ભ :*

1. *રામ આહુજા : સમાજિક સમસ્યાયેં(હિન્દી) રાવત પબ્લિકેશન જયપુર* (2016)
2. *દવે હર્ષિદા એચ. સામાજિક સમસ્યાઓ , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ.* (2000)
3. *યાદવ રામજી : સમાજિક સમસ્યાયેં (હિન્દી), અર્જુન પબ્લિકેશન હાઉસ ન્યુ દિલ્હી (*2011)
4. *મહાજન ધર્મવીર, મહાજન કમલેશ : ભારતીય સમાજ મુદ્દે એવમ સમસ્યાયે (હિન્દી), વિવેક પ્રકાશન દિલ્હી. (*2010)
5. *ડો. રવીન્દ્રનાથ મુખર્જી : ભારતીય સમાજિક સંસ્થાયેં (હિન્દી) વિવેક પ્રકાશન દિલ્હી. (*2007)
6. *ડો. ચંદ્રિકા રાવલ : જેન્ડર અને સમાજ :પાર્શ્વ પબ્લિકેશન ,અમદાવાદ. (પ્રથમ આવૃત્તિ :* 2010)
7. *દવે જે.કે. સામાજિક સમસ્યાઓ : અનડા પ્રકાશન, અમદવાદ (*2010)
8. *બારોટ જયેશ, પ્રા. પગી વી.કે. :અસમતુલિત જાતિ પ્રમાણ અને તેની સમસ્યાઓ શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ, સતલાસણા* (2007)
9. *રાવલ ચંદ્રિકા, શૈલજા ધ્રુવ : નારી વ્યથા : પાર્શ્વ પબ્લીકેશન અમદાવાદ,* (2002)

Website:

- www.grcgujarat.org (Gender Resource Centre- Women and child development)
- https://shodhganga.inflibnet.ac.in/ (Shodhganga)
- https://wcd.nic.in/annual-report (ministry of women & child Development)
- https://doi.org/10.1111/j.1467-9361.2005.00284.x (Caste, Inequality, and Poverty in India
- Vani K. Borooah)

**એકમ : 6** | **પ્રાદેશિક અને ધાર્મિક વિસંવાદિતા**

**: રૂપરેખા :**

**6.0 ઉદ્દેશો**
**6.1 પ્રસ્તાવના**
**6.2 પ્રાદેશિક વિસંવાદિતા : માળખાકીય સમસ્યા તરીકે**
**6.2.1 પ્રાદેશિક વિસંવાદિતાનો અર્થ**
**6.2.2 પ્રાદેશિક વિસંવાદિતાના કારણો**
**6.2.3 પ્રાદેશિક વિસંવાદિતાના પરિણામો**
**6.2.4 પ્રાદેશિક વિસંવાદિતાના ઉકેલો**
**તમારી પ્રગતિ ચકાસો (ક)**
**6.3 ધાર્મિક વિસંવાદિતા : માળખાકીય સમસ્યા તરીકે**
**6.2.1 ધાર્મિક વિસંવાદિતાનો અર્થ**
**6.2.2 ધાર્મિક વિસંવાદિતાની સમસ્યા**
**6.2.3 ધાર્મિક વિસંવાદિતાની સમસ્યાના કારણો**
**6.2.4 ધાર્મિક વિસંવાદિતાની સમસ્યાના ઉપાયો**
**તમારી પ્રગતિ ચકાસો (ખ)**
**6.4 સારાંશ**
- **શબ્દાવલી**
- **બહુવિકલ્પીય પ્રશ્નો**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
- **સ્વાધ્યાય**
- **સંદર્ભ**

## 6.0 ઉદ્દેશો :

*આ એકમના અભ્યાસ બાદ તમે.....*

- *પ્રાદેશિક અને ધાર્મિક વિસંવાદિતા વિશે સમજ કેળવી શકશો.*
- *પ્રાદેશિક અને ધાર્મિક અસમાનતાની સમસ્યાનાં કારણો અંગે સમજૂતી મેળવી શકશો.*
- *પ્રાદેશિક વિસંવાદિતાના પરિણામો અંગે જાણકારી મેળવી શકશો.*
- *ધાર્મિક વિસંવાદિતા વિશે સમજૂતી મેળવી શકશો.*

## 6.1 પ્રસ્તાવના :

*સમાજમાં જે સમસ્યાઓનાં મૂળ સામુદાયિક માળખામાં રહેલાં હોય તેવી સમસ્યાઓને માળખાકીય સમસ્યા તરીકે પરિભાષિત કરવામાં આવે છે, ખાસ કરીને ભારતીય સમુદાયનું માળખું જોવા જઈએ તો તેના ભાગો પારસ્પરિક સબંધોના તાણાવાણાથી સંકળાયેલા છે. જેમાં જ્ઞાતિ સમૂહો, ધાર્મિક સમૂહો, લઘુમતી સમૂહો, પ્રાદેશિક જૂથો વગેરે ઘટક જૂથો પરસ્પર મૂલ્યો-ધોરણો સંસ્કૃતિઓ અને રિવાજોથી સંકળયેલા છે. આ વિવિધ ઘટક જૂથોના સહ અસ્તિત્વના કારણે જ ભારતીય સમાજ બહુમુખી સમાજ તરીકે ઊપસી આવ્યો છે. આ તમામ ઘટકો વચ્ચે કોઈને કોઈ પ્રકારનું જોડણ અસ્તિત્વ ધરાવે છે. જેને કારણે તેમના વચ્ચે કોઈને કોઈ પ્રકારની આંતરક્રિયા શક્ય બને છે. આ વિવિધ ઘટક જૂથો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાનના કારણે સમાનતા પણ વિકાસ પામી છે, તેમજ ભારતીય બંધારણ અનુસાર બધા જ ઘટક જૂથોના સભ્યોને સમાનતા અને સ્વતંત્રતાના અધિકારો સરખા મળ્યા છે. પરંતુ વ્યાવહારિક રીતે સમાજમાં અસમાનતાઓ પ્રવર્તે છે. આ વિવિધ ઘટક જૂથો વચ્ચે પ્રવર્તતી અસમાનતાઓને લીધે વિવિધ ઘટક જૂથો સમાજમાં પોતાનું સ્થાન ઊંચું લઈ જવા પ્રયત્ન કરે છે. આ કારણસર સમાજમાં સંઘર્ષ, આંદોલનો, ચળવળો વગેરેનો આશરો લેવામાં આવે છે. આમ, આવાં અલગતાવાદી પરિબળો સમાજનાં વિવિધ ઘટક જૂથો વચ્ચે ઘર્ષણ અને તંગદિલીનો માહોલ સર્જે છે, જે રાષ્ટ્રઘડતર અને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં અવરોધરૂપ સાબિત થાય છે. આવી સમસ્યાઓમાં પ્રદેશવાદ અને ધાર્મિક અસમાનતાઓ પણ સામેલ છે. ભારત ભૌગોલિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક રીતે વિશાળ વિરાસતો ધરાવે છે. સમાનતાઓ પણ વ્યાપક છે પણ સાથે સાથે અસમાનતાઓ પણ ભરપૂર છે, કારણ કે આવી અસમાનતાઓ ઉદ્ભવવાનું મૂળ કારણ પણ ભારતીય સમાજના માળખામાં રહેલું છે આથી આવી સમસ્યાઓને માળખાગત સમસ્યા તરીકે પરિભાષિત કરવામાં આવે છે. અહી આપણે ઉપરોક્ત બંને સમસ્યાઓ વિશે વધુ જાણકારી મેળવીશું.*

## 6.2 પ્રાદેશિક વિસંવાદિતા : માળખાકીય સમસ્યા તરીકે :

*કોઈપણ પ્રદેશમાં આંતર સંબંધોનું મજબૂત માળખું જોવા મળે છે, કારણ કે સમાન પ્રદેશમાં વસતા લોકોની જીવનશૈલીમાં અને રીતરિવાજોમાં સમાનતા હોય છે. ભારત ભોગોલિક રીતે વિશાળ વિસ્તાર ધરાવતો દેશ છે. વિવિધ રાજ્યો તેમાં પણ પ્રદેશો અને પેટાપ્રદેશોમાં પ્રાદેશિક સમુદાયો વસવાટ કરે છે. ભારતની કેન્દ્ર સરકાર મારફત દરેક રાજ્યના સર્વાંગી વિકાસ માટે નાણાંકીય ભંડોળ ફાળવવામાં આવે છે, તેમ છતાં કેટલાક રાજ્યો પોતાને અન્યાય થતો હોય, તે પ્રકારની લાગણી સતત અનુભવતા હોય છે અને તેમાં પણ પ્રદેશવાદની લાગણી વિકસિત થતાં જુદા-જુદા પ્રદેશના લોકો વચ્ચે કડવાશ, વિખવાદની ભાવના પેદા થાય છે, જેને પ્રાદેશિક વિસંવાદિતા તરીકે ઓળખાવી શકાય.*

### 6.2.1 પ્રાદેશિક વિસંવાદિતાનો અર્થ

*પ્રાદેશિક વિસંવાદિતાનાં મૂળમાં પ્રાદેશિક વિસંવાદિતા રહેલી છે એટલે સૌથી પહેલા એનો અર્થ જાણીએ. પ્રાદેશિક વિસંવાદિતા એટલે વિવિધ પ્રદેશોની વિકાસની ક્ષમતામાં જોવા મળતો તફાવત. ભારત દેશ અનેકવિધ રાજ્યો અને કેન્દ્રશાષિત પ્રદેશોમાં વિભાજિત થયેલો છે. અમુક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેટલાક પ્રદેશોની ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસની કક્ષા*

*અને ક્ષમતામાં તફાવતો હોય છે, આવી વિસંવાદિતાઓના કારણે જ બધા જ પ્રાંતોમાં સમાન વિકાસ સાધી શકાતો નથી. રાજ્યોના જિલ્લા,તાલુકા કે ગામડાંઓ અને પ્રદેશોના વિકાસની કક્ષાના તફાવતો રહેલા છે, તેમજ શિક્ષણ, આરોગ્ય, વાહનવ્યવહાર, આધુનિક સંચાર સાધનો, રસ્તા, વીજળી, પાણી, વસવાટ વગેરેની સુવિધાઓની બાબતમાં વિસંવાદિતાઓ રહેલી છે અને આ વિસંવાદિતાની પરિસ્થિતિઓ જ વિસંવાદિતાની સમસ્યા ઉત્પન્ન કરે છે. ટૂંકમાં કહીએ વિવિધ પ્રદેશોના વિકાસની ક્ષમતા અને કક્ષામાં રહેલા તફાવતોને જ પ્રાદેશિક વિસંવાદિતા તરીકે ઓળખાવી શકાય. આ વિસંવાદિતા જે પ્રાદેશિક વિસંવાદિતાને વકરાવતી હોય છે.*

### 6.2.2 પ્રાદેશિક વિસંવાદિતાના કારણો

*પ્રાદેશિક વિસંવાદિતાના અનેકવિધ કારણોને લીધે ઊભી થાય છે, પરંતુ તેનાં મૂળભૂત કારણોમાં જોવા જઈએ તો આર્થિક સમૃદ્ધિના તફાવતોને મહત્ત્વનું કારણ ગણાવી શકાય, કારણ કે જેમ આંતરરાષ્ટ્રીય કક્ષાએ કેટલાક દેશો વિકસિત, વિકાસશીલ અને અલ્પ વિકસિતતા ના માપદંડોના આધારે જે તે દેશની આર્થિક સમૃદ્ધિ નક્કી કરવામાં આવે છે તે જ રીતે ભારતમાં કેટલાંક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો આર્થિક રીતે ખૂબ સમૃદ્ધ પ્રદેશો છે તો વળી કેટલાક પ્રદેશો અલ્પ વિકસિત અને કેટલાક પછાત પ્રદેશો તરીકેની નામના ધરાવે છે તેના કારણે જ દરેક રાજ્યની માથાદીઠ આવક, વપરાશ, જીવનશૈલી અને ખર્ચની બાબતમાં મસમોટા તફાવતો છે, આ પ્રકારની આર્થિક વિસંવાદિતાઓના કારણે દરેક રાજ્ય કેન્દ્ર સરકાર પાસે પોતાના પ્રદેશના વિકાસ માટે નાણાકીય સહાયો, સાધનો અને વિકાસલક્ષી, રોજગારલક્ષી યોજનાઓની વધુ ને વધુ માંગણીઓ કરતાં રહે છે. આમ, રાજ્યો અને પ્રદેશો વચ્ચે એક પરોક્ષ પ્રકારની સ્પર્ધા અને સંઘર્ષ જન્મ લે છે, જે અંતે પ્રાદેશિક વિસંવાદિતાઓમાં પરિણામે છે.*

*ભૌગોલિક તફાવતોને પણ પ્રાદેશિક વિસંવાદિતા માટે મહત્ત્વનું કારણ દર્શાવી શકાય. ભૌગોલિક રીતે ભારતમાં ઘણા પ્રદેશોને વિશાળ નદી કિનારાઓ અને વિશાળ દરિયાકાંઠો મળેલો. જે તે પ્રદેશને આર્થિક- સામાજિક- સાંસ્કૃતિક વિકાસ સાધવામાં સહાયરૂપ નીવડે છે. આમ, ભૌગોલિક અનુકૂળતાઓ અને પ્રતિકૂળતાઓના કારણસર કેન્દ્ર સરકાર દ્વારા જ્યારે પણ વિકાસ કે રોજગારલક્ષી કોઈ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ સ્થાપવાનો હોય ત્યારે દરેક રાજ્ય પોતાના પ્રદેશના વધુ વિકાસ અને રોજગારી મળે તે હેતુથી પ્રયાસ કરતો હોય છે. પરિણામે તંગદિલી, સંઘર્ષ અને ઘર્ષણ ઉત્પન્ન થતા હોય છે. અનેક રાજ્યો વચ્ચે ચાલતા જળવિવાદ તેના ઉદાહરણ સ્વરૂપે લઈ શકાય. આ સિવાય પ્રાગ ઐતિહાસિક સ્થળો, પર્યટન સ્થળો વગેરેનો વિકાસ અમુક રાજ્યોના આર્થિક સમૃધ્ધિમાં ફાળો આપે છે જે પણ પ્રાદેશિક વિસંવાદિતાઓ જન્માવે છે. વર્તમાન સમયમાં દરેક રાજ્ય પ્રવાસન સ્થળોના વિકાસ ઉપર ખાસ ભાર આપવા લાગ્યા છે, જે ચોક્સ પ્રદેશમાં વિકાસના દ્વાર ખોલી આપે છે. આ બાબત પણ આવનારા સમયમાં વધુ પ્રાદેશિક વિસંવાદિતાઓ ઊભી કરે તો નવાઈ નહિ.*

### 6.2.3 પ્રાદેશિક વિસંવાદિતાનાં પરિણામો

*રાષ્ટ્રની અખંડિત અને એકતા માટે દરેક રાજ્ય વચ્ચે મહત્ત્વપૂર્ણ અને સંવાદિતા અને સમતાપૂર્ણ સબંધો વિકસિત થાય એ જરૂરી છે પણ જ્યારે તેમાં સંઘર્ષો, તંગદિલી કે આંદોલનો કે ચળવળો જન્મ લે*

*છે ત્યારે રાષ્ટ્રના વિકાસમાં અવરોધરૂપ સબિત થાય છે. ભારતમાં સમયાંતરે ઉગ્ર બનતી અલગ રાજ્યોની માંગણીઓ સમાજમાં તનાવ અને અજંપાભર્યો માહોલ ઊભો કરે છે જે રાષ્ટ્રની સુગ્રથીતા અને સંવાદિતા સામે અનેક પડકારો ઊભા કરે છે, પરિણામે દેશમાં વિકાસનાં કામોની ગતિ મંદ પડે છે, તેમજ દેશનો સમય અને શક્તિ વિવાદોના ઉકેલ પાછળ ખર્ચાયે જાય છે.*

### 6.2.4 પ્રાદેશિક વિસંવાદિતાના ઉકેલો

*પ્રાદેશિક વિસંવાદિતાના ઉકેલ સ્વરૂપે સમતોલ વિકાસ ઉપર ભાર મૂકવામાં આવે છે. આ માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર સામાજિક-આર્થિક પ્રકારના વિકાસની ગતિ ઓછી હોય તેવા પ્રદેશો/પ્રાંતો ઉપર વધુ ધ્યાન આપી તેવા પ્રદેશના વિકાસ માટે વિશેષ પગલાં લેવાં જોઈએ. દરેક પ્રદેશના જિલ્લા મથકથી લઈ ગ્રામ્ય મથક સુધી સમતોલ વિકાસ સાધી શકાય એ બાબત તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. નીતિ આયોગ મારફત બધા જ પ્રદેશોનો સમતોલ વિકાસ સાધી શકાય એ માટે વિવિધ પંચવર્ષીય યોજનાઓમાં આ બાબતનું ધ્યાન રાખવામાં આવે છે, તેમજ કોઈપણ પ્રદેશનો વિકાસએ રાષ્ટ્રના વિકાસમાં જ સમર્પિત થવાનો છે, જે સમગ્ર દેશની અર્થવ્યવસ્થાનો ભાગ બની રહે છે માટે જ પ્રાદેશિક અસમાનતાઓ જેમ જેમ ઘટાડો થતો જશે તેમ રાષ્ટ્રની ઉન્નતિ અને પ્રગતિ વધુ થશે માટે તમામ પ્રદેશોના સમતોલ વિકાસને જ રાષ્ટ્રનો વિકાસ ગણીને આગળ વધવું જોઈએ.*

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

*પ્રાદેશિક વિસંવાદિતા એટલે શું ?*

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

## 6.3 ધાર્મિક વિસંવાદિતા : માળખાકીય સમસ્યા તરીકે :

*ભારત દેશની અખંડિતતા અને એકતાના અનુસંધાનમાં ધાર્મિક વિસંવાદિતાઓના પ્રશ્ન ઊભા થયા છે, આવી વિસંવાદિતાઓ રાષ્ટ્રીય ઘડતર અને રાષ્ટ્રના વિકાસમાં અવરોધક સાબિત થાય છે.*

### 6.3.1 ધાર્મિક વિસંવાદિતા એટલે શું ?

*ભારત બિનસાંપ્રદાયિકતાની નીતિ અખત્યાર કરનારો દેશ હોવાથી ભારતમાં અનેક ધાર્મિક જૂથો મુક્તપણે વિકાસ-વિસ્તાર કરી શકે છે. આ જૂથોને કોમ તરીકે પરિભાષિત કરવામાં આવે છે. કોઈપણ વિશાળ સમાજના પેઢી દર પેઢી ચાલ્યા આવતા વિશેષ પ્રકારના સામાજિક-સાંસ્કૃતિક પરંપરા ધરાવતા જૂથને કોમ તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં હિંદુ-મુસલમાન-શીખ વગેરે કોમ વસવાટ કરે છે, જેને વંશીય જૂથ તરીકે ઓળખવામાં આવે છે. સમાજમાં પરસ્પર બહુમતી અને લઘુમતીનો દરજ્જો ધરાવતા. જૂથોને પણ કોમ તરીકે પરિભાષિત કરવામાં આવે છે. આ કોમો વિશાળ સામાજિક- સાંસ્કૃતિક*

*અને ધાર્મિક વારસાના કારણે એકબીજાથી જુદા પડે છે તેમજ ચડસા ચડસી કે દુષ્પ્રચારને કારણે એકબીજા માટે નકારાત્મક સંદર્ભ જૂથ બની રહે છે. આમ, આવાં ધાર્મિક જૂથો કે સમૂહો વચ્ચે જોવા મળતી આ પ્રકારની નકારાત્મક ભાવના ધાર્મિક વિસંવાદિતા તરીકે ઓળખાવી શકાય.*

### 6.3.2 ધાર્મિક વિસંવાદિતાની સમસ્યાઃ

*કોમી દરરજો એ અર્પિત દરજ્જો છે, તેને એક ફરજિયાત ગ્રૂપ તરીકે પણ ઓળખવામાં આવે છે તેમજ જૂથના સભ્યો પોતાના હિતો પ્રત્યે સભાન હોય છે. આમ, આવાં જૂથોમાં નિકટવર્તી અને દૂરવર્તી એમ બે પ્રકારના સબંધો વિકસેલા જોવા મળે છે. કોઈપણ કોમ જ્યારે લઘુમતી કે બહુમતી જૂથના સબંધો વિકસાવે છે ત્યારે સમાજમાં કોમવાદની ઘટનાઓ આકાર પામતી હોય છે. કોમવાદની ઘટના વિશાળ સામાજિક સાંસ્કૃતિક હિતને પ્રાધાન્ય આપવાના બદલે પોતાની કોમ કે જૂથને વધુ પડતું પ્રાધાન્ય આપવામાં આવે તેના કારણે પેદા થતી હોય છે. પોતાની કોમને અન્ય કોમથી અલગ સામાજિક-રાજકીય પ્રભુત્વ વધે એ બાબત ઉપર વધુ પડતું લક્ષ્ય સેવવામાં આવે છે. વાસ્તવમાં કોમવાદએ પોતાની કોમના આધારે રાજકીય વફાદારી સાબિત કરવાની મનોવૃત્તિ દર્શાવે છે. આ ઉપરાંત કોમવાદએ પોતાની કોમ પ્રત્યે હકારાત્મક અને સામેની કોમ પ્રત્યે નકારાત્મક વલણ દાખવવાની મનોવૃત્તિ પણ દર્શાવે છે. મોટે ભાગે જોવા જઈએ તો કોમવાદની ઘટના સમાજમાં કોમી અશાંતિ કે કોમી રમખાણો જેવો અશાંત માહોલ ઊભો કરવામાં ભાગ ભજવતી ઘટના છે. ગૃહ વિભાગ દ્વારા કેટલાંક શહેરો કે પ્રદેશોમાં અશાંતધારા હેઠળ અશાંત વિસ્તાર તરીકે અમુક એરિયા રાખવામાં આવતા હોય છે, આવાં વિસ્તારોને કોમી તંગદિલી ઉભી થવાની શકયતા ધરાવતા વિસ્તાર તરીકે પણ ઓળખવામાં આવે છે. ઘણીવાર તેને સંવેદનશીલ વિસ્તાર તરીકે પણ ઓળખાવમાં આવે છે .*

### 6.3.3 ધાર્મિક વિસંવાદિતાની સમસ્યાના કારણો :

*ભારતમાં કોમી વિસંવાદિતા માટે અનેકવિધ કારણો જવાબદાર ગણાવી શકાય. તેમાનું એક બ્રિટિશ સમય દરમિયાન બ્રીટિશરોની ‘ભાગલા પાડો અને રાજ કરો’ ની નીતિ પણ જવાબદાર હતી, કારણ કે અંગ્રેજોએ ભારતમાં રાજ કરવા માટે હિંદુ-મુસ્લિમ કોમ વચ્ચે વેરઝેર, ઈર્ષ્યા તેમજ અશાંતિનાં બીજ રોપેલાં. આ કારણે જ ભારતમાં આ બંને કોમ વચ્ચેના વિખવાદો સતત વધતા રહ્યા જેના પરિણામે અખંડ ભારતના બે ભાગ પડ્યા- ભારત અને પાકિસ્તાન. આ ઘટનાથી જ રાજકારણમાં હિંદુ-મુસ્લિમના રાજકારણનો પણ ઉદ્ભવ વિકાસ થયો એમ કહી શકાય. આજે પણ રાજકીય બાબતોમાં બંને કોમના મતદારોના આધારે ચૂંટણીમાં ઉમેદવારો ઊભા રાખવામાં આવતા હોય છે જે કોમવાદની રાજનીતિ દર્શાવે છે. ભારતમાં અન્ય કોમ કરતા હિંદુ- મુસલમાન કોમના ખ્યાલો વધુ સ્પષ્ટ છે. હિંદુઓમાં બહુમતિ અને મુસ્લિમોમાં લઘુમતીની ભાવના અને લાગણી ઉદ્ભવી તેમજ બંને કોમોના સામાજિક- સાંસ્કૃતિક તેમજ ધાર્મિક તફાવતોએ પણ કોમવાદની ભાવના વિકસાવવામાં ફાળો આપ્યો છે. બંને કોમ એક બીજાના રિવાજો, સંસ્કૃતિ અને ધર્મની પાયાની બાબતોને માન આપે છે તેમ છતાં બંનેના ધાર્મિક દષ્ટિકોણ અલગ હોવાની બાબત કોમી તંગદિલી કે ઘર્ષણનું કારણ બને છે. વિકાસની વધતી જતી ઝંખનાને કારણે દરજ્જા (સ્ટેટસ) પ્રાપ્તિની સ્પર્ધાઓ જન્મી, એ પણ બંને કોમ વચ્ચે કોમી કે ધાર્મિક વિસંવાદિતાનું કારણ બની રહે છે. આ ઉપરાંત સામાજિકરણની પ્રક્રિયામાં કોમી માનસનું ઘડતર પણ*

*ધાર્મિક વિસંવાદિતાનું એક પરિબળ ગણી શકાય. સ્થાપિત હિતો પણ કોમવાદી માનસને પોષે છે. આ ઉપરાંત અમુક આંતરરાષ્ટ્રીય પરિબળોને પણ ભારતમાં કોમી વિસંવાદિતા માટે જવાબદાર ગણી શકાય.*

### 6.3.4 ધાર્મિક વિસંવાદિતાની સમસ્યા નિવારવાના ઉપાયો :

*ભારતમાં બંધારણમાં બિનસાંપ્રદાયિકતાની નીતિ અપનાવીને આઝાદ ભારતના ઉદય સાથે જ કોમી એખલાસના વાતાવરણ સ્થપાવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રીય એકતા સમિતિના. સૂચનો પણ કોમી એખલાસ જાળવવામાં સહાયરૂપ બને છે. તેમજ દેશમાં આવતી કુદરતી આફતો જેવી કે પૂર, હોનારત, દુષ્કાળ, ધરતીકંપ, સુનામી વગરે જેવી આપત્તિઓ વખતે દેશ નાગરીકો કોમી ભેદભાવો ભૂલીને એકબીજાની મદદ કરીને દેશમાં કોમી એકતાના દર્શન કરાવે છે, જે રાષ્ટ્રની એકતામાં સહાયરૂપ સાબિત થાય છે. આ ઉપરાંત શિક્ષણ, સંચાર માધ્યમોનો વિકાસ વગેરે જેવી બાબતોએ પણ લોકોમાં જાગૃતિ વધારી છે. લોકો આજ કાલ સોશ્યલ મીડિયાના માધ્યમથી એક બીજાના ધાર્મિક તહેવારો અને ઉત્સવોને માન આપવા લાગ્યા છે. કોઈપણ કોમની લાગણીઓ ના દુભાય એ બાબતનું પણ ધ્યાન રાખતા થયા છે. રક્ષાબંધન, ભાઈબીજ, દિવાળી, રમઝાન ઈદ, મોહરમ જેવા તહેવારોમાં લોકો એકબીજાના ધર્મને સન્માન આપતી ઘણી ઘટનાઓ કોમી એકતાનું વાતાવરણ સર્જે છે. કોઈપણ રાષ્ટ્રના વિકાસમાં અંતે તો તેના નાગરિકોનો જ ફાળો સવિશેષ હોય. ભારત જેવા બિનસાંપ્રદાયિક દેશના નિર્માણમાં અમુક ઘટનાઓને બાદ કરતા સવિશેષ જ્યારે દેશની અસ્મિતા કે અખંડિતતાનો સવાલ હોય ત્યારે ત્યારે ભારતની પ્રજાએ નાત-જાત કે કોમના ભેદભાવ ભૂલીને રાષ્ટ્રહિત સર્વોપરિ ગણ્યું છે.*

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

*ધાર્મિક વિસંવાદિતાનાં કારણોની ટૂંકમાં ચર્ચા કરો.*

## 6.4 સારાંશ :

*માળખાકીય સમસ્યાઓના સંદર્ભમાં જોવા જઈએ તો પ્રાદેશિક અને ધાર્મિક વિસંવાદિતાની સમસ્યાઓ ભારતના માળખા સાથે સંકળાયેલી બાબતો કે ઘટક જૂથો સાથે વણાયેલી છે. આ સમસ્યાઓનાં મૂળ પણ સામુદાયિક માળખામાં જ છુપાયેલાં હોય છે, જે તે સમસ્યાના ઉદ્ભવ અને વિકાસમાં ફાળો આપતા હોય છે. જો કે, આ માળખાગત સમસ્યાનાં પરિણામો સમાજની એકતા માટે*

*નુકસાનકારક સબિત થાય છે. અલબત્ત આવી સમસ્યાઓ નિવારવાના પ્રયાસો પણ સમાજના રૂઢિગત માળખામાંથી આકાર પામે છે. જે રાષ્ટ્ર કે સમાજના નિર્માણમાં ઉપયોગી બની રહે છે.*

- **શબ્દાવલી**

| | |
|---|---|
| **વિસંવાદિતા** | *જુદાપણું, ઉગ્ર મતભેદ* |
| **સંવાદિતા** | *સુમેળભર્યું* |
| **કોમ** | *એક ચોક્સ પ્રકારનું ધાર્મિક જૂથ* |
| **એખલાસ** | *શાંતિપૂણ માહોલ* |
| **અશાંત વિસ્તાર** | *જે વિસ્તારમાં કોમી તંગદિલી સર્જાવાની શક્યતાઓ વધુ હોય તેવો વિસ્તાર* |

- **બહુવિકલ્પી પ્રશ્નો**

1. *ભારત _________ ની નીતિ ધરાવતો દેશ છે.*
*(ક) અલગતા (ખ ) બિનસાંપ્રદાયિકતા (ગ) સામ્યવાદી*

2. *પ્રદેશોની વિકાસની ક્ષમતામાં જોવા મળતા તફાવતોને કારણે ______________ જન્મે છે.*
*(ક) કોમવાદ (ખ ) જ્ઞાતિવાદ (ગ) પ્રદેશવાદ*
3. *પ્રાંતવાદની ભાવના રાષ્ટ્રીય _________ માટે નુકસાનકારક છે.*
*(ક) એકતા (ખ ) વિવિધતા (ગ) એકપણ નહિ*
4. *ધાર્મિક વિસંવાદિતાથી ______ ને ઉતેજન મળે છે.*
*(ક) કોમવાદ (ખ ) જ્ઞાતિવાદ (ગ) પ્રદેશવાદ*
5. *કોમવાદ એ કોઈપણ રાષ્ટ્રના વિકાસ માટે _________ હોય છે.*
*(ક) ફાયદાકારક (ખ ) નુકસાનકારક (ગ) વરદાનદાયક*

- *જવાબો*

*(1- ખ) (2- ગ ) (3 - ક) (4 -ક) (5-ખ)*

**● તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

*તમારી પ્રગતિ ચકાસો (ક)*

*ભારત ભોગોલિક રીતે વિશાળ વિસ્તાર ધરાવતો દેશ છે વિવિધ રાજ્યો તેમાં પણ પ્રદેશો અને પેટાપ્રદેશોમાં પ્રાદેશિક સમુદાયો વસવાટ કરે છે. ભારતની કેન્દ્ર સરકાર મારફત દરેક રાજ્યના સર્વાંગી વિકાસ માટે નાણાંકીય ભંડોળ ફાળવવામાં આવે છે. તેમ છતાં કેટલાંક રાજ્યો પોતાને અન્યાય થતો હોય તે પ્રકારની લાગણી સતત અનુભવતા હોય છે અને તેમાં પણ પ્રદેશવાદની લાગણી વિકસિત થતા જુદા-જુદા પ્રદેશના લોકો વચ્ચે કડવાશ, વિખવાદની ભાવના જન્મ લે છે. જેને પ્રાદેશિક વિસંવાદિતા તરીકે ઓળખાવી શકાય.*

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

*ભારતમાં અન્ય કોમ કરતાં હિંદુ- મુસલમાન કોમના ખ્યાલો વધુ સ્પષ્ટ છે. વિકાસની વધતી જતી ઝંખનાઓને કારણે દરજ્જા પ્રાપ્તિની સ્પર્ધાઓ જન્મી, એ પણ બંને કોમ વચ્ચે કોમી કે ધાર્મિક વિસંવાદિતાનું કારણ બની રહે છે. આ ઉપરાંત સામાજિકરણની પ્રક્રિયામાં કોમી માનસનું ઘડતર પણ ધાર્મિક વિસંવાદિતાનું એક પરિબળ ગણી શકાય. સ્થાપિત હિતો પણ કોમવાદી માનસને પોષે છે. આ ઉપરાંત અમુક આંતરરાષ્ટ્રીય રાષ્ટ્રીય પરિબળોને પણ ભારતમાં કોમી વિસંવાદિતા માટે જવાબદાર ગણી શકાય*

- **સ્વાધ્યાય**

(1) *પ્રદેશવાદના કારણોની વિગતવાર ચર્ચા કરો.*

(2) *ધાર્મિક વિસંવાદિતાની સમસ્યા સમજાવો.*

(3) *ભારતમાં પ્રદેશવાદ અને ધાર્મિક વિસંવાદિતા અંગેના વર્તમાનપત્રોના લેખો અહેવાલો એકઠા કરી તેની સમીક્ષા કરો.*

- **સંદર્ભ :**


1. *આહુજા રામ : સામાજિક સમસ્યાએ(હિન્દી) રાવત પબ્લિકેશન જયપુર* (2016)
2. *દવે, હર્ષિદા એચ. સામાજિક સમસ્યાઓ , યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ. (*2000)
3. *યાદવ, રામજી : સામાજિક સમસ્યાએ(હિન્દી), અર્જુન પબ્લિશિંગ હાઉસ ન્યૂ દિલ્હી* (2011)
4. *મહાજન ધર્મવીર, મહાજન, કમલેશ : ભારતીય સમાજ મુદ્દે એવમ સમસ્યાએ(હિન્દી), વિવેક પ્રકાશન દિલ્હી.* (2010)
5. *સિંહ, રાજુ : વિકાસ વિસ્થાપન અને પુનર્વાસ(હિન્દી) રાવત પબ્લિકેશન, જયપુર* (2016)
6. *મુખર્જી, ડો. રવીન્દ્રનાથ : ભારતીય સામાજિક સંસ્થાએ (હિન્દી) વિવેક પ્રકાશન દિલ્હી.* (2007)
7. *સિંહ, રાખી : બહુસંસ્કૃતિવાદ એવમ સામાજિક ન્યાય(હિન્દી) રાવત પબ્લિકેશન, જયપુર* (2014)
8. *દવે જે.કે. સામાજિક સમસ્યાઓ : અનડા પ્રકાશન, અમદવાદ* (2010)
9. *સિંહ, શિવબહાલ : વિકાસ કા સમાજશાસ્ત્ર (હિન્દી) રાવત પબ્લિકેશન, જયપુર* ((2010.
10. *સિંહ, સુનીલકુમાર : જાતિ વ્યવસ્થા : નિરંતરતા એવમ પરિવર્તન (હિન્દી) રાવત, પબ્લિકેશન, જયપુર* (2010)

**એકમ :7** **લઘુમતીઓ, પછાતવર્ગો અને દલિતો**

**: રૂપરેખા :**

**7.0 ઉદ્દેશ્યો**
**7.1 લઘુમતીઓ - પ્રસ્તાવના**
**7.1.1 અર્થ**
**7.1.2 લઘુમતીઓના સાંસ્કૃતિક – શૈક્ષણિક અધિકારો**
**7.1.3 લઘુમતીના પ્રશ્નો**
**7.1.4 લઘુમતીના ઉત્કર્ષ માટેના પગલા**
**7.1.5 ઉપસંહાર**
**7.2 પછાતવર્ગ- પ્રસ્તાવના**
**7.2.1 પછાતવર્ગ**
**7.2.2 અન્ય પછાતવર્ગો માટેના પંચની જોગવાઈ**
**7.2.3 પછાતવર્ગો માટે ઉત્કર્ષ યોજનાઓ**
**7.2.4 પછાતવર્ગના લોકોના પ્રશ્નો**
**7.2.5 ઉપસંહાર**
**7.3 દલિતો- પ્રસ્તાવના**
**7.3.1 દલિતોની વિભાવના**
**7.3.2 ભારતીય સમાજમાં દલિતોનો દરજ્જોઃ એક વિહંગાવલોકન**
**7.3.3 દલિતોમાં શિક્ષણ**
**7.3.4 દલિતો અને અનામત પ્રથા**
**7.3.5 દલિતોની સમસ્યાઓ**
**7.3.6 ઉપસંહાર**
**7.4 સ્વાધ્યાય પ્રશ્નો**
**7.5 સંદર્ભ સૂચિ**

## 7.0 ઉદ્દેશ્યો :

*આ એકમનાં અભ્યાસ બાદ તમે*

1. *લઘુમતીનો અર્થ તથા તેઓનાં સાંસ્કૃતિક-શૈક્ષણિક અધિકારો સમજી શકશો.*
2. *લઘુમતીના પ્રશ્નો સમજી શકશો.*
3. *લઘુમતીના ઉત્કર્ષ માટેના પગલા જાણી શકશો.*
4. *પછાતવર્ગોની જોગવાઈ અને યોજનાઓ જાણી શકશો.*

5. *દલિતોનો દરજ્જો, શિક્ષણ અને અનામત પ્રથા વિશે માહિતી મેળવી શકશો.*

## 7.1 લઘુમતીઓ પ્રસ્તાવના :

*ભારત ગામડાંઓનો બનેલો દેશ છે. ભારતની કુલ વસ્તીના 70 ટકા વસ્તી ગામડાંમાં રહે છે. ભારતીય સમાજનો ઈતિહાસ ખૂબ લાંબો છે તેમજ તેની રચના અત્યંત જટિલ અને વ્યાપક છે. દૂબેના મતે ભારતીય સમાજ અંદાજે પાંચ હજાર વર્ષ કરતાં જૂનો છે. આટલા લાંબા સમયગાળામાં ભારતમાં વિવિધ જાતિઓ, વિવિધ ધર્મીઓ અને વિવિધ ભાષાકૂળના લોકો આવીને વસેલા છે. તેમણે ભારતની વસ્તીમાં ભળીને ભારતની વિવિધતા, સુખ-સમૃદ્ધિ તેમજ જીવનશૈલીમાં અમૂલ્ય ફાળો આપ્યો છે.*

*વિશ્વના મોટાભાગના ધર્મો હિન્દુ, ઈસ્લામ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ, પારસી, શીખ, યહૂદી વેગેરે ભારતમાં જોવા મળે છે. તેથી જ બંધારણમાં ભારતને બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકે જાહેર કરવામાં આવ્યું છે. જ્યાં બધાજ ધર્મના લોકો કોઈપણ જાતના ભેદભાવ વગર રહી શકે છે.*

### 7.1.1 અર્થ

*ભારત એક બિન સાંપ્રદાયિક રાષ્ટ્ર છે. તે વિવિધતામાં એકતાની વિશિષ્ટ લાક્ષણિકતા ધરાવે છે. ભારતમાં હિન્દુઓની વસ્તી ૮૨ ટકા અને અન્ય ધર્મીઓની વસ્તી 18 ટકા જેટલી છે. અહી હિન્દુઓની વસ્તી વધુ હોવાથી હિન્દુઓ બહુમતીમાં છે તેથી તે બહુમતીઓ તરીકે, જ્યારે અન્ય ધર્મીઓની વસ્તી ઓછી હોવાથી તે લઘુમતીમાં છે, તેથી તે લઘુમતીઓ તરીકે ઓળખાય છે. આમ, ભારતમાં ધાર્મિક વૈવિધ્યતા જોવા મળે છે.*

*ભારતમાં લઘુમતીઓમાં ઈસ્લામ ધર્મ, ખ્રિસ્તિ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને યહૂદીવગેરે ધર્મો પાળનારા લોકોનો સમાવેશ થાય છે. ભારત સરકારે તેમને રાષ્ટ્રીય સમિતિ લઘુમતી કાયદા ૧૯૯૨ પ્રમાણે લઘુમતીઓ તરીકે જાહેર કરેલાં છે. ભારતમાં હિન્દુ સિવાય અન્ય ધર્મના લોકોની વસ્તી ઓછી હોવાથી તેમને લઘુમતીઓ તરીકે ઓળખવામાં આવે છે. જેની વિગત સંક્ષિપ્તમાં નીચે મુજબ જોઈ શકાય છે.*

**1) મુસ્લિમો :** *ભારતમાં મુસ્લિમો શિયા અને સુન્ની એમ બે મુખ્ય સમુદાયમાં વહેંચાયેલા છે. ભારતમાં તેમની વસ્તી ૧૨ ટકા જેટલી છે. તેઓમાં ૫૮૪ પેટાસમુદાયો છે.*

**2) ખ્રિસ્તીઓઃ** *ભારતમાં ખ્રિસ્તીઓની વસ્તી 2 ટકા થી વધુ છે. તેઓ રોમન કેથોલિક્સ અને પ્રોટેસ્ટન્ટ્સ તેમજ ઘણા સામુદાયિક ચર્ચામાં વહેંચાયેલામ છે. ખ્રિસ્તીઓમાં ૩૩૯ સમુદાયો છે.*

**3) બૌદ્ધો :** *બૌદ્ધ ધર્મ સૌથી જુનો ધર્મ છે. બૌદ્ધોની વસ્તી 1 ટકાથી ઓછી છે. તેઓમાં હીનયાન – મહાયાન એવા બે વિભાગો જોવા મળે છે. બૌદ્ધોમાં ૯૩ સમુદાયો છે.*

**4) શીખ ધર્મ :** *શીખ ધર્મ સમન્વયકારી ધર્મ છે. તે સમતા ઉપર ભાર મૂકે છે. નિમ્ન જ્ઞાતિના ધર્માતરિત શીખો મજહુબીઓ તરીકે ઓળકાય છે. શીખોની વસ્તી ૨ ટકા જેટલી છે જે 130 સમુદાયોમાં વહેંચાયેલો છે.*

**5) જૈન ધર્મ :** *જૈન ધર્મ દિગંબર અને શ્વેતાંબર એવા બે વિભાગમાં વિભાજિત છે. જૈનોની વસ્તી અર્ધા ટકાથી ઓછી છે. જૈનોમાં 100 સમુદાયો છે. લઘુમતીઓમાં સમાવાયેલા જૈન ધર્મીઓ સામાજિક –*

*શૈક્ષણિક અને આર્થિક રીતે સમૃદ્ધ છે. આધુનિક જૈન સમાજશાસ્ત્રી સંગવેના મતે જૈન સમુદાય એક ખૂલ્લી વર્ગવ્યવસ્થા ધરાવે છે.*

**6) પારસી ધર્મ :** *પારસી ધર્મ એક નાનો સમુદાય છે, જે ૦૩ વિભાગમાં વિભાજીત છે. ભારતની ઔધોગિક વિકાસમાં તેમનો અમૂલ્ય ફાળો રહેલો છે. ભારતમાં પારસીઓ ઈરાનમાંથી આવીને વસેલા છે. તેઓ ભારતના રાષ્ટ્રીય પ્રવાહમાં દૂધમાં સાકળ ભળે તેમ ભળી ગયા છે. તેમની વસ્તી અર્ધા ટકા થી ઓછી છે.*

**7) યહૂદીઓ :** *ભારતમાં યહૂદીઓની સંખ્યા અર્ધા ટકા કરતા ઓછી છે. તેઓ હિબ્રુવંશના છે, તેમજ અશ્વેત યહૂદીઓ અને શ્વેત યહૂદીઓ એવા બે વિભાગમાં વિભાજિત છે, તેમનો મુખ્ય વસવાટ કેરળના કોચીનમાં અને મહારાષ્ટ્રના કોંકણમાં છે, તેઓમાં કાળા-ગોરાનો ભેદભાવ છે, જે છેલ્લાં વર્ષોમાં ઘટતો જાય છે.*

*ઉપરોક્ત ધર્મના લોકોની વસ્તી ઓછી હોવાથી તેઓ લઘુમતીઓમાં ગણના પામ્યા છે. આ ઉપરાંત ભારત સરકારે ભાષાકીય લઘુમતીઓમાં ઊર્દુ, સિંધી અને મરાઠીનો સમાવેશ કર્યો છે.*

### 7.1.2 લઘુમતીઓના સાંસ્કૃતિક – શૈક્ષણિક અધિકારો

*ભારતના બંધારણમાં ભારતના તમામ નાગરીકોને સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો છે, તેમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, સ્ત્રી, પુરુષ એમ કોઈપણ ભેદભાવ કરી શકાશે નહી. તદઉપરાંત લઘુમતીઓને, અસ્પૃશ્યોને વિશેષ અધિકારો અને રક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. બંધારણમાં આપેલ અધિકારો પૈકી સાંસ્કૃતિક – શૈક્ષણિક અધિકારોમાં લઘુમતીઓના હિતોનું રક્ષણ કરવાની ખાતરી આપી છે. લઘુમતીઓને તેમની શૈક્ષણિક, ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો, તેનો વહીવટ કરવાનો અધિકાર અપાયા છે. એ જ રીતે લઘુમતીઓને તેમની પોતાની ભાષા, લિપિ કે સંસ્કૃતિનો વારસો જાળવી રાખવાનો અધિકાર અપાયો છે. લોકશાહી રાષ્ટ્રમાં વધુ સંખ્યાબળ ધરાવતાં જૂથો લઘુમતીઓના હક્કો ઉપર તરીપ ન મારે તે માટે બંધારણે મૂળભૂત અધિકાર તરીકે લઘુમતીઓને આ હક્કોની ખાતરી આપી છે. સાથે – સાથે રાજ્ય દ્વારા ચાલતી કે રાજ્યના અનુદાનથી ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં ધર્મ, જાતિ-જ્ઞાતિ કે ભાષાના ભેદભાવ વગર તમામને પ્રવેશનો હક્ક આપેલો છે.*

*વર્ષ* 2011*ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતની* 121 *કરોડની વસ્તીમાં હિન્દુ ધર્મની વસ્તી* 96.63 *કરોડ, મુસ્લિમોની વસ્તી* 17.22 *કરોડ છે. જે ભારતની કુલ વસ્તીના અનુક્રમે* 79.08 *ટકા અને* 14.02 *ટકા થાય છે. ગુજરાતમાં* 2016*માં* 6.63 *કરોડની વસ્તીમાં* 86.6 *ટકા હિન્દુ અને* 11.5 *ટકા લુઘુમતિઓ છે. જેમાં મુસ્લિમો* 9.70 *ટકા, જૈન* 1.0 *ટકા, ખ્રિસ્તી* 0.5 *ટકા, શીખ* 0.5 *ટકા બૌદ્ધ* 0.1 *ટકા તથા અન્ય ધર્મના* 0.1 *ટકા છે, જેમાં પારસી અને યહૂદીઓનો સમાવેશ થાય છે. આમ, ભારત બહુધર્મી દેશ છે. ભારતમાં બધાં જ ધર્મના લોકો એકબીજાના વિશ્વાસ અને વ્યવહારોને માન આપીને એકસાથે રહે છે. ભારતમાં ધાર્મિક સહિષ્ણુતા અને વિવિધતાની સ્વીકૃતિ ઉદાહરણરૂપ છે. બહુધર્મી ભારતમાં દરેક વ્યક્તિ પોતાની ધાર્મિક શ્રદ્ધાને માનવા અને સુરક્ષિત રાખવા સ્વતંત્ર છે. ભારતના બંધારણની કલમ* 25(1) *દરેક વ્યક્તિને ધાર્મિક સ્વાતંત્ર્ય આપે છે. સામાજિક– ધાર્મિક – સાંસ્કૃતિક, વિવિધતા વચ્ચે પણ દેશની પ્રજા એકસૂત્રતાથી બંધાયેલ છે.*

### 7.1.3 લઘુમતીના પ્રશ્નો

*સામાજિક– સાંસ્કૃતિક – ધાર્મિક ભિન્નતાને કારણે લઘુમતી સમુદાયના લોકોને અને પ્રશ્નોનો સામનો કરવો પડે છે. ખાસ કરીને લઘુમતીઓની કુલ વસ્તીમાં મુસ્લિમોની વસ્તી ૧૨ ટકા જેટલી છે. તેઓ અન્ય લઘુમતીઓ કરતાં વિશેષ અલગતા ધરાવે છે. તેઓમાં રૂઢિચુસ્તતાનું પ્રમાણ વધુ છે. તેઓ કુટુંબ નિયોજનમાં માનતા નથી, બહુપત્ની પ્રથાને અનુસરે છે, તેથી બાળકોની સંખ્યા પણ વધારે હોય છે. પરિણામે ગરીબીની સ્થિતિનું નિર્માણ થાય છે. અર્થાત્ ગરીબીનું પ્રમાણ પણ વધુ છે. તલાક પ્રથાને લીધે મુસ્લિમ સ્ત્રીઓની સ્થિતિ દયનીય છે. મુક્ત વાતાવરણનો અભાવ છે. સ્ત્રી સ્વતંત્રતા ઓછી છે. નાના-મોટા ધંધો કરીને ગુજરાન ચલાવે છે, તેઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. વળી, સ્ત્રી શિક્ષણ નહિવત્ છે. તદુપરાંત તેમને સામાજિક ઓળખ, રક્ષણ અને અસમાનતાના પ્રશ્નો નડે છે. તેઓ જીવનમાં અસુરક્ષિતતા અનુભવે છે. બંધારણીય અધિકાર મળેલો હોવાં છતાં લઘુમતીઓ તરીકેની ઓળખને કારણે વિકાસની સમાન તક પ્રાપ્ત થતી નથી. ખાનગી તેમજ અનુદાન મેળવતી સંસ્થાઓમાં નોકરી મેળવવામાં મુશ્કેલી પડે છે, તેમને શંકાની દ્રષ્ટિએ જોવામાં આવે છે. હિન્દુઓના રહેઠાણવાળા વિસ્તારોણાં મકાન – મિલકત ખરીદી શકતા નથી. લઘુમતીઓ પૈકી મુસ્લિમો તરફ રાખવામાં આવતા પૂર્વગ્રહોને કારણે વેરભાવનું પ્રમાણ વધે છે. યુવાનઓ ગુનાહિત પ્રવૃત્તિ તરફ વળે છે.*

### 7.1.4 લઘુમતીના ઉત્કર્ષ માટેના પગલા

*લઘુમતીઓના ગરીબ સમુદાયોના આર્થિક વિકાસને પ્રોત્સાહન કરવા જુદી-જુદી યોજનાઓ જેવી કે, મુદ્દતની લોન યોજના, માર્જિન મની લોન યોજના, શૈક્ષણિક લોન યોજના, લઘુ ધિરાણ યોજના, સ્વ-સહાય જૂથોમાં પ્રોત્સાહન માટે વ્યાજમુક્ત લોન, મહિલા સમૃદ્ધિ યોજના, લઘુમતીઓ માટે ક્લસ્ટર વિકાસ કાર્યક્રમ વગેરે અમલમાં મૂકવામાં આવી છે.*

*ટૂંકમાં લઘુમતીઓ માટે બંધારણીય જોગવાઈઓ કરવામાં આવી છે તથા વડાપ્રધાનના* 15 *મુદ્દાના કાર્યક્રમનો પણ સમાવેશ થાય છે, જે નીચે મુજબ છે :*

1. *બાળ વિકાસની સગવડો વધારવી.*
2. *પ્રાથમિક શિક્ષણની સગવડો વધારવી.*
3. *મદરેસા શિક્ષણનું આધુનિકરણ કરવું / ગુણવત્તાયુક્ત શિક્ષણ*
4. *ઉર્દૂ શિક્ષણ માટેના સ્રોતો વિકસાવવા*
5. *લઘુમતીઓમાં આવતા તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી.*
6. *મૌલાના આઝાદ શિક્ષણ સંસ્થાન દ્વારા શિક્ષણનું સ્તર ઊંચુ લઈ જવુ*
7. *ગરીબો માટે સ્વરોજગાર અને મજૂરો માટે રોજગારી પૂરી પાડવી.*
8. *ટેક્નીકલ શિક્ષણ દ્વારા કૌશલ્યોનું ઘડતર કરવું*
9. *ઉદ્યોગ સાહસિકોને લોન આપવી*
10. *રાજ્ય અને કેન્દ્રની સેવાઓમાં ભરતી કરવી*
11. *ગ્રામીણ આવાસ યોજનામાં ભાગીદારી*
12. *લઘુમતીઓના ગંદા વસવાટોની સ્થિતિમાં સુધારો કરવો*
13. *ધાર્મિક કોમવાદી ઘટનાઓને રોકવી*

14. સામુદાયિક અપરાધો અટકાવવા માટે યોગ્ય આયોજન કરવું.
15. કોમવાદી ઝઘડાનો ભોગ બનેલા લોકોનું પુનર્વસન કરાવવું.

દેશમાં સ્ત્રીઓની ખાસ કરીને વંચિત સમાજમાંથી આવતી સ્ત્રીઓની પરિસ્થિતિ સારી નથી. છોકરીઓ જન્મતા પહેલા જ ભેદભાવ સહન કરવાનું શરૂ કરી દેતી હોય છે. જન્મ બાદ પણ ખોરાક, શિક્ષણ, આરોગ્ય બાબતે તથા નાની ઉંમરે લગ્ન કરાવી દેવા જેવી બાબતોમાં ભેદભાવનો સામનો કરવો પડે છે. લઘુમતી સમુદાયોની સ્ત્રીઓ પણ આ બાબતથી ખરાબ રીતે પ્રભાવિત છે, તેઓ માત્ર લઘુમતી નહી પરંતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલી બહુમતી છે. આવી લઘુમતી સમુદાયની સ્ત્રીઓના વિકાસ માટે નેતૃત્વ વિકાસની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો હેતુ લઘુમતી સ્ત્રીઓના નેતૃત્વ વિકાસના માધ્યમથી સ્ત્રીઓને જ્ઞાન આપવું તથા સરકારી તંત્ર, બેંક કે અન્ય સાથે વાર્તાલાપ કરી શકે તેમજ તેમનામાં આત્મવિશ્વાસ પેદા કરી તેઓનું સશક્તિકરણ કરવાનો છે.

### 7.1.5 ઉપસંહાર

ઉપરોક્ત ચર્ચાથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં લઘુમતીઓની વસ્તી 18 ટકા થી વધુ છે. તેઓ સામાજિક– સાસ્કૃતિક – ધાર્મિક રીતે બહુમતીઓથી ઘણી-બધી બાબતોમાં જુદા પડે છે. ખાસ કરીને મુસ્લિમો લઘુમતીઓમાં બહુમતી ધરાવતો સમુદાય છે. સરકાર દ્વારા લઘુમતીઓના વિકાસ માટે લઘુમતી બાબતોનું મંત્રાલય કાર્યરત છે, જે લઘુમતીઓના વિકાસ માટે અને શૈક્ષણિક – આર્થિક, મહિલા વિકાસ માટેની યોજનાઓ અમલમાં મૂકી છે.'રાષ્ટ્રીય લઘુમતી વિકાસ અને ફાઈનાન્સ કોર્પોરેશન' (એન.એમ.ડી.એફ.સી.) તેઓના વિકાસ માટે કાર્ય કરે છે.

## ❖ પછાત વર્ગો

### 7.2 પ્રસ્તાવના

જ્ઞાતિ સંસ્થા એ ભારતીય સમાજની પાયાની વ્યવસ્થા છે. આજે પણ ભારતીય સમાજના વિવિધ ક્ષેત્રે જ્ઞાતિનું પ્રભુત્વ ભારતમાં જોવા મળે છે, એવી જ્ઞાતિવ્યવસ્થા અન્ય રાષ્ટ્રોમાં નથી. ભારતમાં ચૂસ્ત રીતે જ્ઞાતિ વ્યવસ્થા અસ્તિત્વમાં છે. જ્ઞાતિએ વિભિન્ન યુગો દરમ્યાન વિવિધ સ્વરૂપો ધારણ કર્યાં છે. ભારતમાં ઉપલી જ્ઞાતિ, મધ્યમ જ્ઞાતિ અને નિમ્ન જ્ઞાતિ એવા જ્ઞાતિ સ્તર જોવા મળે છે. જેમાં બ્રાહ્મણો સૌથી ઊંચા અને અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓ સૌથી નિમ્ન સ્થાને છે. જ્યારે મધ્યમ જ્ઞાતિઓમાં કઈ જ્ઞાતિ ઊંચી અને કઈ જ્ઞાતિ નીચી તેની કોઈ સ્પષ્ટતા નથી. આ જ્ઞાતિઓ એકબીજાથી ચઢિયાતી ઊતરતી હોવાનો દાવો કરે છે. જ્ઞાતિ કોટી ક્રમમાં ઉચ્ચ અને મધ્યમ જ્ઞાતિઓની પછીનું સ્થાન ધરાવતી જ્ઞાતિઓને અન્ય પછાત જ્ઞાતિઓમાં સમાવવામાં આવી છે.

### 7.2.1 પછાત વર્ગ

બંધારણની કલમ 340માં ખાસ કરીને પછાત વર્ગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભારતના બંધારણમાં જે સમુહોનો દલિતો કે આદિવાસીઓમાં સમાવેશ કરાયો નથી. છતાં તે પછાત અવસ્થામાં હતા, તેમને પછાત વર્ગો તરીકે ઓળખવામાં આવ્યા છે. બંધારણની કલમ 15(4)માં અને કલમ 340માં સામાજિક શૈક્ષણિક પછાત વર્ગો તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે.

*ડૉ. બાબાસાહેબ આંબેડકરના મતે પછાત વર્ગ એટલે કેટલીક જ્ઞાતિના સમૂહ સિવાય બીજું કશું જ નહીં પછાત વર્ગની જ્ઞાતિઓમાં કેટલીક કારીગર વર્ગની કેટલીક કોડી જ્ઞાતિઓ, વિચરતી જાતિઓ તેમજ કેટલીક મુસ્લિમ જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં પછાત વર્ગની* 100*થી વધુ જ્ઞાતિઓ લગભગ* 49 *ટકા વસતી ધરાવે છે. જેમાં મોટાભાગે ગરીબ ખેડૂતો અને ખેત મજૂરો છે. શહેરી વિસ્તારમાં તેઓ મજૂર તરીકે કામ કરે છે. આવી જ્ઞાતિઓને સામાજિક શૈક્ષણિક અને આર્થિક રીતે પછાથ વર્ગો તરીકે ઓળખવામાં આવે છે.*

*ડૉ. હરીશ ઝાલાએ વ્યાવર્તક અસરો (સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણની સ્થિતિ ગતિ) પરના અભ્યાસ ગ્રંથમાં નોંધ્યુ છે કે ગુજરાતમાં આવી જ્ઞાતિની સંખ્યા* 106 *ઉપર છે. તેઓ પોતાની જ્ઞાતિ પરંપરા અનુરૂપ જીવન જીવે છે તેમજ પરંપરાને વળગી રહેવાનું વલણ ધરાવે છે. સૌરાષ્ટ્રમાં જ્ઞાતિ સમૂહને ડૉ. ઝાલાએ ત્રણ વિભાગમાં વર્ગીકૃત કર્યા છે.*

**1) ખેતી પશુપાલન સાથે સંકળાયેલાં જ્ઞાતિજૂથો**

**2) પરંપરાગત કારીગર વર્ગનાં જ્ઞાતિજૂથો**

**3) આધિ ભૌતિક રહસ્યો સંસ્કાર સંવાહક જ્ઞાતિજૂથો**

*ડૉ.હરીશ ઝાલા નોંધે છે કે તેમ સંસ્કાર અને પરંપરાનો ખ્યાલ તેમજ વ્યાવસાયિક સૂઝ એમની વિશિષ્ટતા છે. અન્ય પછાતવર્ગમાં એવી કેટલીક જ્ઞાતિઓ છે, જે આજ સુધી પણ ઓળખી રહી છે. સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારોમાં સ્થાનિક વસવાટ કરતી તેમજ અન્યત્ર ફરતી રહેતી આવી જ્ઞાતિઓનો અભ્યાસ ડૉ. હરેશકુમાર ઝાલાએ કર્યો છે. જેમાં સૌરાષ્ટ્રની મુંડા, ધરવી, વાસુદેવા, ગરૂન્ડા અને નાગ મંગાનો સમાવેશ કર્યો છે. આ જ્ઞાતિઓને તેમણે અવશિષ્ટ જ્ઞાતિઓ તરીકે ઓળખાવી છે. તેમના નોંધ્યા મુજબ ગરવી સિવાયની બધી જ્ઞાતિઓના મોટાભાગના કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે તેમના જીવનનિર્વાહના સાધનો પણ નિશ્ચિત નથી. તેઓ દયનીય સ્થિતિમાં જીવન જીવે છે. ડૉ. ઝાલાએ આવી જ્ઞાતિઓને 'લુપ્ત થતી જતી જ્ઞાતિ' તરીકે ઓળખાવી છે.*

*બીજી રીતે જોઈએ તો ભારતીય સમાજમાં કેટલી જ્ઞાતિઓ અસ્પૃશ્ય નથી કે આદિવાસી નથી છતાં તે આજે પણ અતિ પછાત જ્ઞાતિ જ રહી છે, જેને પછાત જ્ઞાતિઓમાં સમાવવામાં આવી છે. તેમની વસ્તીના કોઈ ચોક્કસ આંકડા ન હોવાથી અંદાજિત* 50 *ટકાથી વધુ વસ્તી હોવાનું માની શકાય. તેઓમાં* 127 *જ્ઞાતિઓ તેમજ પેટાજ્ઞાતિઓ મળીને* 350 *જૂથો છે. આ જ્ઞાતિઓ સામાજિક શૈક્ષણિક રીતે પછાત હોવાથી વિકાસના પ્રવાહથી વેગળી રહી છે. તેમના જીવનની તકો છીનવાઈ ગઈ છે ગુજરાતમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેશ જ્ઞાતિઓને બક્ષીપંચની જ્ઞાતિઓ પણ કહેવામાં આવે છે રાજ્ય સરકાર તેને વિકસતી જાતિઓ તરીકે ઓળખાવે છે, જ્યારે કેન્દ્ર સરકાર અન્ય પછાત વર્ગો તરીકે ઓળખાવે છે. અંગ્રેજીમાં તેને* OBC *તરીકે ઓળખાવી શકાય. ટૂંકમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં બક્ષીપંચની જ્ઞાતિઓ, વિકસતી જાતિઓ કે અન્ય પછાત વર્ગો એમ બધાનો સમાવેશ કરવામાં આવ્યો છે.*

*પછાતપણાનો ખ્યાલ ઔદ્યોગીકરણ પછી વિકસ્યો છે. વિકાસની પ્રક્રિયામાં જે વર્ગો પાછળ રહી ગયા છે તેમની માટે આ શબ્દ વપરાય છે. પછાતપણું એ વ્યક્તિગત નહી પરંતુ સમૂહની ઘટના છે*

*સમગ્ર સમૂહ અન્ય સમૂહના પ્રમાણમાં પછાત છે. ભારતીય સમાજમાં વિકાસની તકો મેળવવામાં પાછળ રહી ગયેલા માટે (1) સામાજિક કલ્યાણ (2) સામાજિક સુરક્ષા અમ બે અભિગમ રજૂ કરવામાં આવ્યા છે. પછાતપણું નક્કી કરવા માટેના માપદંડો નીચે પ્રમાણે છે. (1) પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થામાં નિમ્ન સામાજિક સ્તર (2) એક જ્ઞાતિ જૂથનો નોંધપાત્ર ભાગ શૈક્ષણિક વિકાસથી વંચિત (3) સરકારી નોકરીઓમાં તેમનું અપૂરતું પ્રતિનિધિત્વ (4) વાણિજ્ય, વ્યવસાય અને ઉદ્યોગ ધંધામાં પૂરતા પ્રતિનિધિત્વનો અભાવ.*

*આમ સામાજિક શૈક્ષણિક અને આર્થિક એમ ત્રણેયને ધ્યાના લઈને પછાત વર્ગોની યાદી તૈયાર કરવામાં આવી છે, જેમાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે લગભગ 25 ટકા કરતાં વધારે નબળા હોય તેને પછાત વર્ગમાં સમાવવામાં આવ્યા છે.*

### 7.2.2 અન્ય પછાત વર્ગો માટેના પંચની જોગવાઈ

*બંધારણની કલમ 340 મુજબ ભારતમાં અન્ય પછાત વર્ગો માટે બે પંચોની નિમણૂંક કરવામાં આવી હતી પ્રથમ પંચ કાકા કાલેલકરની અધ્યક્ષતામાં 1953માં નિમાયું હતુ અને બીજું પંચ શ્રી બી.પી. માંડલની અધ્યક્ષતામાં 1978માં નિમાયુ હતું. ગુજરાત રાજ્યમાં પછાત વર્ગોની યાદી માટે વિવિધ પંચોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ ગુજરાત હાઈકોર્ટના નિવૃત ન્યામૂર્તિ શ્રી એ. આ. બક્ષીના અધ્યક્ષસ્થાને 1972માં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેના પંચની (બક્ષીપંચ) રચના કરવામાં આવી. ત્યારબાદ (1981)માં ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સી. વી. રાણેની અધ્યક્ષતામાં પછાત વર્ગો માટે બીજા પંચની (રાણે પંચ) રચના કરવામાં આવી. ત્યારબાદ 1987માં ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી આર.સી. માકડની અધ્યક્ષતામાં પછાતપર્ગોના પંચની (માકડ પંચ) નિમણૂંક કરવામાં આવી અને છેલ્લે 1993માં માંડેલપંચ અંગેના સુપ્રિમ કોર્ટના ચુકાદા અન્વયે ગુજરાત હાઈકોર્ટના નિવૃત મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી એ.આર. ગોકુલક્રિષ્નાના અધ્યક્ષપદે અન્ય પછાતવર્ગો માટેના પંચની રચના કરવામાં આવી. આ પંચોની ભલામણોના આધારે પછાતવર્ગોના ઉત્કર્ષ માટે, શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે તથા આરોગ્ય અને વસવાટ સહિતની વિવિધ યોજનાઓ સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી. રાણે પંચની ભલામણને આધારે પછાતવર્ગોને નોકરીમાં પ્રવેશવાની ઉંમરમાં પાંચ વર્ષની છૂટછાટ આપવાનું સરકારે સ્વીકાર્યું.*

*આ પંચોની ભલામણ મુજબ ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિની યાદીમાં 30, અનુસૂચિત જનજાતિમાં 29 વિચરતી જાતીઓ માટે 28 વિમુક્ત જાતિઓમાં 12 વિકસતીજાતિઓમાં (બક્ષીપંચ) 127 અને રાજ્યની લઘુમતી કોમની યાદીમાં મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બૌધ અને પારસી એમ કુલ પાંચ અને ભાષાકીય લઘુમતીઓની યાદીમાં ૩ ઉર્દૂ, સિંધી અને મરાઠીએમ ત્રણેય પ્રજાતિઓને સમાવેશ થાય છે આ સમુદાયમાં ખેત મજૂર જમીન વિહોણા મજૂર પશુપાલન અને માછીમારી કરતાં સમુદાયોનો સમાવેશ કર્યો છે. તદુપરાંત પરંપરાગત વ્યવસાય કરતા આર્થિક રીતે બેરોજગાર છે, તેવા સામાજિક શૈક્ષણિક પછાત એવા મુસ્લિમ-ખ્રિસ્તીઓ તથા શીખો વગેરેનો પછાત વર્ગોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.*

### 7.2.3 પછાત વર્ગો માટે ઉત્કર્ષ યોજનાઓ

*પછાત વર્ગો માટે રચાયેલા પંચોની ભલામણોના આધારે પછાત વર્ગોના ઉત્કર્ષ માટે સરકાર દ્વારા શૈક્ષણિક, આર્થિક તેમજ આરોગ્ય અને વસવાટ સહિતની વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે રાણે પંચની ભલામણ મુજબ પછાત વર્ગોને નોકરીઓમાં પ્રવેશવાની ઉંમરમાં પાંચ વર્ષની છૂટછાટ આપવાનું સરકારે સ્વીકાર્યું. આવકમર્યાદા 40000 માંથી 10000 કરવામાં આવી તેમના સામાજિક કલ્યાણ અને સામાજિક સુરક્ષા માટે તેમને સામાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા માટે અનામત નીતિ દાખલ કરવામાં આવી. આમ, કચડાયેલા, લાભોથી વંચિત આર્થિક શૈક્ષણિક પછાત અવસ્થા ધરાવતાં સમુહોને ઉચ્ચ જ્ઞાતિના લોકોની જેમ સમાન ન્યાય મળે તે આશયથી અનામત વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.*

- **શિક્ષણ ક્ષેત્ર :**

*પછાત વર્ગના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે ટકાવારીમાં છૂટછાટ આપવામાં આવી છે, આ ઉપરાંત શિક્ષણમાં 27 ટકા બેઠકો અનામત રાખવામાં આવી છે સાથે-સાથે શિષ્યવૃત્તિ ફી માફી, છાત્રાલયોમાં મફત રહેવાની સુવિધા વગેરે યોજના અમલમાં છે વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે. આવી જ સુવિધાઓ ઉચ્ચ શિક્ષણ માટે પણ અપાય છે આમ અનામત અને અન્ય શૈક્ષણિક સુવિધાઓને પરિણામે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શૈક્ષણિક દરજ્જો ઊંચો લઈ જવાની તક મળી છે.*

- **રોજગારી ક્ષેત્રે :**

*પછાત વર્ગના લોકોને નોકરીમાં બઢતીનો લાભ મળે તે હેતુથી નોકરીમાં અનામત દાખલ કરવામાં આવી. પછાત વર્ગના લોકો સરકારી નોકરીમાં પ્રવેશી શકે તે માટે નોકરીઓમાં અનામત વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે. સરકારી કર્મચારીઓને ભરતીમાં અનામત અંગે કોઈ ખાસ વાંધો નથી, પરંતુ બઢતીમાં રોસ્ટર અપનાવવાથી વાંધો હોવાનું જોવા મળે છે. આમ, સરકારી નોકરીઓમાં ૨૭ ટકા અનામત જગ્યાઓ રાખવામાં આવી છે.*

- **રાજકીય ક્ષેત્રે:**

*ભારતીય સમાજમાં જે તીવ્ર સામાજિક અસમાનતા હતી, તેમાં સમાનતા લાવવાના તેમજ રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનાવવાના હેતુથી નબળા વર્ગ, દલિતો તથા આદિવાસીઓને રાજકીય અનામત આપવામાં આવી છે. તેઓ પોતાના સમાજનું પ્રતિનિધિત્વ કરી સમાજના વિકાસમાં ફાળો આપી શકે છે. અનામત બેઠકોની ફાળવણી નિયમ અનુસાર રાજ્ય ચૂંટણીપંચે કરવાની છે અને ગુજરાત ગ્રામ પંચાયત ચૂંટણી નિયમો 1994 મુજબ અમલ કરવાનો છે. આ અધિકાર કલેક્ટરને આપેલ છે. ટૂંકમાં, ગ્રામ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત બેઠકો રાખવાની જોગવાઈ કરી છે. એ જ રીતે 33% બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવી છે ટૂંકમાં જ્ઞાતિ-જાતિ કે જન્મને આધારે સામાજિક આર્થિક શૈક્ષણિક રીતે પછાત છે, તેવા લોકોને આધુનિક પ્રવાહમાં સામેલ કરવાના આશ્યથી અનામત વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે.*

### 7.2.4 પછાત વર્ગના લોકોના પ્રશ્નો

*સામાજિક, શૈક્ષણિક, આર્થિક રીતે પછાત વર્ગના લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેઓ પરંપરાઓ રીત-રીવાજોને વળગી રહેવાનું વલણ ધરાવે છે. દેવુ કરીને પણ સામાજિક-ધાર્મિક પ્રસંગો ઉજવવાની પ્રથા છે. તેથી તેઓ દેવાદાર બને છે. શિક્ષણના અભાવને કારણે સરકારી નોકરીઓમાં ઉચ્ચ હોદ્દા પર નહિવત્ પ્રમાણ છે. તેથી આર્થિક રીતે પણ તેમનો દરજ્જો નીચે રહે છે. તેઓમાં વ્યસનોનું પ્રમાણ વધુ હોવાથી ઘણા બધા કુટુંબો આર્થિક રીતે પાયમાલ થયેલા જોવા મળે છે. તેમજ ટીબી જેવી બીમારીનો ભોગ બને છે અને નાની ઉંમરે મૃત્યુને ભેટે છે આ સમુદાયના લોકોમાં સ્ત્રીઓમાં નાની વયે લગ્ન કરાવી દેવાતા હોવાથી સ્ત્રી શિક્ષણનું પ્રમાણ પણ ઓછું છે. સ્ત્રીઓ માટે નિયમ અને નિષેધો પ્રવર્તે છે તેથી સ્ત્રીઓનો વિકાસ થતો નથી તેમનું કાર્યક્ષેત્ર ઘરની ચાર દિવાલો પુરતું સિમિત રહે છે સ્ત્રી પોતાને મળેલા બંધારણિય અધિકારો ભોગવી શકતી નથી. શહેરી સમુદાયમાં વસ્તી આ સમુદાયની સ્ત્રીઓ કુટંબને આર્થિક મદદ થવા માટે ઘર કામ ઉપરાંત અન્યના ઘરે કપડાં વાસણ જાડું પોતા જેવા કામ કરે છે.*

*ટૂંકમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોમાં નિરક્ષરતાને કારણે થતાં દેવું વ્યસનો, આરોગ્યનું નીચું સ્તર, સ્ત્રીનો નીચો સામાજિક દરજ્જો જેવી અનેક સમસ્યા જોવા મળે છે, જે તેમના વિકાસમાં પ્રગતિમાં અવરોધક પરિબળ બની રહે છે.*

### 7.2.5 ઉપસંહાર

*ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે ભારતીય સમાજમાં જોવા મળતી જ્ઞાતિ વ્યવસ્થામાં ઉચ્ચ અને મધ્યમ સ્તરની જ્ઞાતિઓ પછીનું સ્થાન ધરાવતી જ્ઞાતિઓને અન્ય પછાત વર્ગમાં સ્થાન આપવામાં આવ્યું છે. બંધારણીય જોગવાઈઓ મુજબ તેઓને પણ અનુસૂચિત જાતિ જનજાતિની જેમ જ અનામતનો લાભ આપવામાં આવ્યો છે. જેથી તેઓ આધુનિક પ્રવાહમાં સામેલ થઈ શકે આ સમુદાયમાં નિરક્ષરતા દેવું ગરીબી વ્યસનો આરોગ્યનું નીચું સ્તર, સ્ત્રીઓનો નીચો દરજ્જો જેવી અનેક સામાજિક સમસ્યાઓ પ્રવર્તે છે. તેમની વસ્તીના પ્રમાણને આધારે તેઓ ગ્રામ પંચાયતથી માંડીને વિધાનસભા લોકસભા રાજ્યસભામાં પ્રતિનિધિત્વ કરે છે. હવે તેઓમાં શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું હોય તેમ જણાય છે. સ્ત્રીઓને પણ શિક્ષણ આપવું જોઈએ એવું માનવાવાળો એક વર્ગ અસ્તિત્વમાં આવ્યો છે, તેથી સ્ત્રી શિક્ષણના થોડો વધારો થયેલો જોવા મળે છે.*

❖ **દલિતો**

## 7.3 પ્રસ્તાવના

*વિશ્વના તમામ રાષ્ટ્રોમાં કોઈ ને કોઈ સ્વરૂપે ઊંચ-નીચ ના ભેદભાવો પ્રવર્તે છે. પરંતુ ભારતીય સમાજમાં જોવા મળે છે.તેવા ભેદભાવ બીજો કયાંય જોવા મળતા નથી. ભારતમાં જ્ઞાતિ વ્યવસ્થામાં ચુસ્ત રીતે અસ્તિત્વમાં છે. તેમજ નાના-નાના જ્ઞાતિ જૂથો ઊંચનીચના ભેદભાવોમાં વહેંચાયેલા છે. જ્ઞાતિવ્યવસ્થામાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓને વિશેષ અધિકારો મળેલા છે. જયારે નિમ્ન ગણાતી જ્ઞાતિઓને અધિકારોથી વંચિત રાખવામાં આવી છે.*

*ભારતીય સમાજજીવનમાં વિવિધતા એકતાનો આદર્શ હોવા છતાંય દલિત સમાજ માટે અલગતા તિરસ્કારની અભાડછેડની અન્યાયી પરંપરા અસ્તિત્વ ધરાવે છે. અનેક ભાષા, ધર્મ જાતિ, કોમ અને પ્રદેશ ધરાવતા ભારતીય સમાજમાં સદીઓથી દલિતોનો આગવો અને અલગ સમાજ છે તેઓ સૌની સાથે સૌથી અલગ અછુત વાસમાં આગવું જીવન જીવે છે. દલિતોના વિકાસ અને પતનનો પણ આગવો અને અલગ ઈતિહાસ છે.*

### 7.3.1 દલિત ની વિભાવના :

*દલિતો માટે બંધારણીય નામ અનુસુચિત જાતિ છે. અંગ્રજીમાં તેને શેડ્યુલ્ડ કાસ્ટ* (Scheduled Cast) *તરીકે ઓળખવામાં આવે છે. પરંપરાગત હિંદુ સમાજમાં અસ્પૃશ્ય ગણાતા લોકો માટે મહાત્મા ગાંધીજીએ 'હરીજન' શબ્દ પ્રચલિત કર્યો હતો.*

*વિશાળ અર્થમાં જોઈએ તો દલિત એટલે દબાઈ ગયેલો,કચડાયેલો,બહિષ્કૃત,અને પદ દલિતના અર્થમાં ડો.બાબાસાહેબે 'દલિત' શબ્દ આપેલો છે.* 1936*માં પ્રગતિશીલ સાહિત્યના મંચ પરથી દલિત શબ્દનો અર્થ પ્રેમચંદ્રજીએ કરેલો જયારે* 1937-38*માં ગુજરાતી સાહિત્યના અધિવેશમાં પ્રમુખ સ્થાનેથી શ્રી કનૈયાલાલ મુનશીએ તેમના પ્રવચનમાં દલિત શબ્દનો પ્રયોગ કર્યો હતો.ગુજરાતી સાહિત્યમાં પણ* 1935*માં દલિત શબ્દ મળે છે. આજે બંધારણે સૂચવેલ અનુસુચિત જાતિના સમાજ સમૂહ માટે દલિત શબ્દ વપરાય છે.*

### 7.3.2 ભારતીય સમાજમાં દલિતોનો દરજ્જો : એક વિહંગાવલોકન

*ભારતમાં નિમ્ન ગણાતી જ્ઞાતિના લોકોને ભૂતકાળમાં સામાજિક- ધાર્મિક માન્યતાઓનો ભોગ બનવું પડ્યું છે તેઓ અન્યાય અને ભેદભાવભર્યું ગુલામીવાળું જીવન જીવતા. તેમના માટે જાહેર સ્થળો કૂવા રસ્તાના ઉપયોગ પર પ્રતિબંધ હતો. ઉપરાંત તેઓ ધાર્મિક પુસ્તકોનું વાંચન, મંત્રોચ્ચાર, મંદિર પ્રવેશ કે પૂજા-પાઠ કરી શકતા ના હતા. ભારતમાં નિમ્ન જ્ઞાતિઓ અને અસ્પૃશ્ય વર્ગો સાથે થતા ભેદભાવપૂર્ણ વર્તન માટે ધાર્મિક ખ્યાલોને જવાબદાર ગણાવી શકા.*

*અનુસુચિત જાતિઓની પરંપરાગત સ્થિતિ વર્ણવતા ટી.કે ઓમેન નોંધે છે કે દલિતોને મંદિર પ્રવેશ શાળા પ્રવેશ અને જાહેર કુવાના ઉપયોગથી વંચિત રાખવામાં આવ્યા હતા.તેઓને અડકવાથી પણ અભડાઈ જવાનો ખ્યાલ દ્રઢ થયો હતો. તેમને સ્પર્શ કરવાથી અશુદ્ધ થઈ જવાય તેવી માન્યતા પ્રવર્તતી હતી તેઓ નાગરિક ધાર્મિક જીવનની અસમર્થતાઓનો ભોગ બન્યા હતા..તેમનું શોષણ થતું હતું. તેમને શિક્ષણ નો અધિકાર ન હતો.પરંપરાગત વ્યવસ્થામાં તેઓ ગરીબી નિરક્ષરતા અસમાનતા, શોષણ, અત્યાચાર, અન્યાય અને નીચા આરોગ્ય સ્તરનો ભોગ બનેલા સમૂહ હતા.*

*દલિતો પણ અનેક પેટાજાતિઓ છે, તેમજ અંદરોઅંદર ઊંચનીચના તેમની વચ્ચેના ભેદભાવનું કારણ રજુ કરવાથી મુદ્દો વધુ સ્પષ્ટ થશે ભેદભાવ પણ જોવા મળે છે. વાલ્મિકી,રોહિત, વણકર, તુરી, ગરોડા, સેનવા તેમની અલગ અલગ જ્ઞાતિઓ હતી. તેઓ ગામને છેડે એટલે કે ગામની બહાર વસવાટ કરતા હતા.જાહેર જળાશયો, મંદિરો અને ધર્મશાળામાં પ્રવેશી શકતા ના હતા. સરકારી શાળાઓમાં તેમનાં બાળકોને દૂર બેસડવામાં આવતા રહેણીકરણી, રીતરિવાજ, રહેઠાણ વગેરે બાબતોમાં એમના પર ઘણા અકૂશો હતા. આવી સ્થિતિને લીધે દલિત સમાજના લોકો શિક્ષણથી વંચિત રહ્યા હતા. દલિતોની*

*પેટા જ્ઞાતિઓ ગરોડા અને તુરી તેમના બ્રાહ્મણ હતા તેઓ સામાજિક ધાર્મિક પ્રસંગોમાં વિધિ કરતા દલિતોમાં વણકરો વણાટ કામ સાથે સંકળાયેલા હતા. ચમાર લોકો ચામડું રગવાનો તથા જૂતા સીવવાનો ધંધો કરતા હતા. દલિતોમાં વાલ્મિકી સૌથી નિમ્ન સ્થાને હતા.તેઓ મુખ્યત્વે મેલુ ઉપડવાનું તેમજ સાફ-સફાઈ કરવાનું તેમજ મરેલાં પશુઓ ને ઉપાડી ગામ બહાર ફેંકી આવવાનું કામ કરતા સૂંગવાળા વ્યવસાયને કારણે તેઓ પત્યે અસ્પુશ્યતાનું આચરણ કરવામાં આવતું.*

*ઊર્મિલાબેન પટેલના પુસ્તક 'વિક્સતા સમુદાય' માં લખ્યું છે કે અસ્પૃશ્યોએ અસ્પૃશ્યતાના કલંકને નિર્મૂળ કરવું હોય તો તેમણે તેની સામે બેધારી તલવારથી ઝઝૂમવું પડશે.*

*ભારતમાં અંગ્રેજોના સમયમાં ભારતીય સમાજમાં પરીવર્તન ની શરૂઆત થઈ અસ્પૃશ્યો સાથેના અમાનવીય વ્યવહારો તરફ અંગ્રેજોનું ધ્યાન ગયું. સાથે-સાથે કેટલાક સમાજસુધારકોના પ્રયાસોથી ભારતીય સમાજમાં પરીવર્તનની શરૂઆત થઈ. આમ, અંગ્રેજોના શાસનમાં દલિતોના ઉદ્ધાર માટેના પ્રયાસો થયા હતા.*

*આઝાદી બાદ ભારતીય સમાજમાં કલ્યાણની અને વિકાસની વૃદ્ધિ થઈ. બંધારણ દ્વારા તમામ નાગરિકોને એક સમાન દરજ્જો મળતા રાજકીય સ્તરે જ્ઞાતિના ભેદભાવ દૂર કરવામાં આવ્યા. બંધારણની જોગવાઈઓ મુજબ ભારતીય સમાજના પછાત રહી ગયેલા વર્ગોના લોકો માટે દલિતો તેમજ આદિવાસીઓ માટે અનામત નીતિની વિચારણા કરવામાં આવી તેઓને શૈક્ષણિક, વ્યાવસાયિક તેમજ રાજકીય ક્ષેત્રે અનામત વિષે ચર્ચા કરી, તેમના ઉત્કર્ષ માટે વિશિષ્ટ જોગવાઈઓ કરી. કલ્યાણ માટેના પ્રયત્નો કર્યા. ટૂંકમાં, અસ્પૃશ્ય અને અધિકારોથી વંચિત હોવાથી નિમ્ન જીવનધોરણ જીવતા હોવાથી તેમના ઉત્કર્ષ માટે, વિકાસ માટે, ન્યાય માટે અને સમાનતા માટે બંધારણમાં અનેક જોગવાઈઓ કરી છે.*

*સ્વતંત્રતા બાદ ઔદ્યોગિકરણ, શહેરીકરણ, સામાજિક કાયદા, બંધારણ, શિક્ષણ જેવાં પરિબળોને પરિણામે દલિતોના દરજ્જામાં પરીવર્તન આવેલું જોવા મળે છે. શહેરી સમુદાયોમાં અસ્પૃશ્યતા સંપૂર્ણ નાબૂદ થઈ હોય તેમ લાગે છે પરંતુ કેટલાક અંતરિયાળ ગામડામાં હજી પણ અશ્પૃશ્યતા આચરણ થતું હોવાના કિસ્સા વર્તમાન પત્રોમાં આવતા જોવા મળે છે. દા.ત. ઉનાકાંડ, વર્તમાન સમયમાં શિક્ષિત દલિતોનો મોટો વર્ગ ઊભો થયો છે. તેઓમાં યુનિયન પણ કાર્યરત થયું છે. દલિતોના અધિકારોની અવગણના થતી હોય કે અધિકારો છીનવાઈ જાય, તેવી પરિસ્થિતિનું નિર્માણ થતું હોય તેવું લાગે ત્યારે દલિતોનો બહોળો વર્ગ નો વિરોધ કરતો થયો છે. ટૂંકમાં, શિક્ષિત દલિતો પોતાના અધિકારો બાબતે જાગૃત બન્યા છે.*

### 7.3.3 **દલિતોમાં શિક્ષણ**

*શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું પ્રવેશદ્વાર છે. અશ્પૃશ્યતા દૂર કરવાનું એક માત્ર સક્ષમ સાધન છે. શિક્ષણ સત્ય હકીકતને પ્રસ્થાપિત કરે છે. શિક્ષણ દ્વારા ખોટા ખ્યાલો, ખોટી માન્યતાઓ, વહેમો દૂર થઈ શકે છે, તેથી જ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ અને આની પછાત વર્ગના લોકોના વિકાસ માટે બંધારણની કલમ 46થી તેઓના શિક્ષણના વિકાસ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે દલિતોમાં સાચો શિક્ષણનો વિકાસ સ્વતંત્રતા બાદ 1950થી 1970 ના દાયકમાં થયો ડો. બાબાસાહેબ*

*આંબેડકર અને તેમની વિચારધારા ધરાવતા નેતાઓના પ્રયત્નોને પરિણામે દલિત ઉત્કર્ષ માટેના રાજકીય, ધારાકીય અને બંધારણીય સુધારા થતા ગયા. 1920થી 1950ના સમયમાં ગાંધીયુગ્મ દલિતો માટે શિક્ષણનો પ્રારંભ થયો વીસમી સદીમાં કૉંગ્રેસના કાર્યકરો અમૃતલાલ ઠક્કર, બબલભાઈ મહેતા વેગેરે દલિત શિક્ષણઆપવાની પહેલ કરી ડૉ. બાબાસાહેબ આંબેડકર અને ભાઉરાવ પાટિલ એજ્યુકેશન સોસાયટી, રેયત શિક્ષણ સંઘ ની સ્થાપના કરી પૂજ્ય ગાંધીજીએ હરીજન સેવક સંઘની સ્થાપના કરી પરિણામે દલિતો માટે આગવી શાળાએ અને છાત્રાલયે શરૂ કરવામાં આવ્યાં. સૌરાષ્ટ્રમાં ગાયકવાડી શાસન દરમિયાન દલિતોને શિક્ષણની પહેલ કરનાર મહારાજ શ્રી સયાજીરાવ હતા. તેમણે સૌપ્રથમ પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યું અને પોતાના રાજ્યની શાળાઓના દ્વાર દલિતો માટે ખૂલ્લાં મૂક્યાં.*

*આઝાદી બાદ બંધારણ દ્વારા 10 થી 14 વર્ષની ઉંમરનાં તમામ બાળકોને મફત શિક્ષણ આપવાનું નક્કી થતાં શાળા-કોલેજોમાં કોઈપણ જાતના ભેદભાવ વગર દલિત બાળકોને પ્રવેશ મળ્યો અભ્યાસ માટે ફી માફી,સ્કોલરશીપ, હોસ્ટેલ ફી, વગેરે રાજ્ય સરકાર દ્વારા મળતા દરેક વિધાર્થી મહાશાળાઓમાં શિક્ષણ મેળવતા થયા. તેઓ ઉચ્ચ જ્ઞાતિના લોકો જેવું જીવન જીવતા થયાં. તેમની કૌટુંબિક, સામાજિક અને આર્થિક સ્થિતિમાં પણ સુધારો થશે.*

*ડૉ. ઘનશ્યામ શાહના લેખમાં દર્શાવેલ સંખ્યાત્મક માહિતી પરથી કહી શકાય કે વર્તમાન સ્થિતિ મુજબ ગુજરાતમાં 30 થી વધુ અનુસુચિત જાતિઓ સાત ટકાથી વધુ વસ્તી ધરાવે છે. તેઓ હવે પોતાને દલિતો તરીખે ઓળખાવે છે. મોટાભાગના દલિતો નાના સામંત ખેડૂતો તરીકે ખેત મજૂરો અને બિન ખેતીના વ્યવસાયમાં મજૂરો તરીકે કામ કરે છે. શહેરોમાં પણ તેઓ કામદારો છે દલિતોની વસ્તી ના 6% કુટુંબોમાંથી એક સભ્ય કોલેજનું શિક્ષણ મેળવ્યું છે અને ઉચ્ચ હોડા પર કાર્યરત છે. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ માં તેઓ ઉચ્ચ વર્ગો સાથે હરીફાઈ કરે છે. અનામત વ્યવસ્થા લીધે સરકારી નોકરીઓમાં તેમનું પ્રમાણ વધ્યું છે. શિક્ષણનું પ્રમાણ વધતાં, શહેરીકરણ થતાં દલિતોની બીજી પેઢી પોતાના અધિકારો બાબતે જાગૃત બની છે. શહેરી શિક્ષિત દલિતોની જીવન જીવવાની ઢબમાં પરીવર્તન આવ્યું છે. તેઓ સ્વમાન, માનવગૌરવને મહત્ત્વનું ગણે છે.*

*ડૉ. મનુભાઈ મકવાણા તેમના અભ્યાસ ગ્રંથ 'ગુજરાતમાં અનુસુચિત જાતિઓમાં' નોંધે છે કે અનુસુચિત જાતિઓ સમગ્ર ગુજરાતમાં પથરયેલી છે. તેમની ભાષા, પહેરવેશ, રહેણીકરણી વગેરે ઉપર ગુજરાતના જે તે પરદેશની ઉચ્ચ જ્ઞાતિના સમાજની અસર પડેલી છે. વ્યાવસાયિક ગતિશીલતને અનુલક્ષીને ડૉ. મકવાણાએ નોંધ્યું છે કે દલિત સમાજ તેમના પરંપરાગત વ્યવસાયથી વીજાણુ યુગના વ્યવસાય તરફ વળ્યો છે. તેઓ ટેક્નિકલ કામગીરીવાળા વ્યવસાયોમાં, ઉજળિયાત નોકરીઓમાં, સ્વરોજગારી આપતા વ્યવસાયોમાં જોડાવા લાગ્યા છે. ઉદ્યોગસાહસિકતા તરફ પણ વળ્યા છે. તેઓ વ્યાપક સમાજ સાથેના સંપર્કમાં આવ્યા છે, કેટલાંક ક્ષેત્રમાં તેઓ સમકક્ષ કે ક્યારેક હરિફ ગણવામાં આવી રહ્યા છે.*

### 7.3.4 **દલિતો અને અનામત પ્રથા :**

*ભારતના બંધારણે દરેક નાગરિકને સમાન ન્યાય, સમાન દરજ્જો અને સમાન તકની તેમજ સામાજિક અન્યાય અને શોષણની સામે રક્ષણ આપવાની બાંહેધરી આપી છે. અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના વિકાસ અને કલ્યાણ માટે બંધારણમાં જોગવાઈ કરવામાં*

*આવી છે દલિતોને વિકાસની તક પૂરી પાડવા માટે અનામતનીતી દાખલ કરવામાં આવી છે બંધારણ થકી ૧૯૫૫માં અસ્પૃશ્યતાનિવારણ કાનૂન કરી સમાનતા સ્થાપવાનો પ્રયત્ન કર્યો છે. દલીતોને ઊંચા લાવવા ઉચ્ચ જ્ઞાતિની સમક્ષ દરજ્જો પ્રાપ્ત કરી સકે તેવા હેતુથી નોકરીઓમાં, શિક્ષણમાં અને રાજકીય ક્ષેત્રે અનામત નીતિ દાખલ કરી, તેને અમલમાં મૂકવામાં આવી. લોકસભા અને રાજ્યસભામાં પણ અનુસુચિત જાતિ, જનજાતિ માટે બેઠકો અનામત રાખવામા આવી છે. એ જ રીતે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતમાં અનુસુચિત જાતિ માટે અનામત બેઠકો રાખવામાં આવી છે. ૭૩માં બંધારણીય સુધારા મુજબ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓ માટે 33 ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં દલિત મહિલાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે તેવી જ રીતે ગ્રામપંચાયતમાં સરપંચની બેઠક પણ વસ્તીના ધોરણે અનુસુચિત જાતિ માટે અનામત રાખવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.*

**7.3.5. દલિતોની સમસ્યાઓ :**

*દલિતો ભારતીય સમાજનો જ એક ભાગ હોવા છતાં તેમના પ્રત્યે ભેદભાવ ભર્યું વર્તન દાખવવામાં આવે છે. તેઓને અનેક મુશ્કેલીઓ અને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેને ચાર ક્ષેત્રમાં વિભાજિત કરી શકાયઃ*

**1. એક શિક્ષણ ક્ષેત્ર**

*દલિત સમાજના લોકોને શિક્ષણ ક્ષેત્રે અનેક પ્રશ્નો કે પડકારોનો સામનો કરવો પડે છે, જેમ કે, આરટીઈ મુજબ ઉચ્ચ શ્રેણીની શાળામાં પ્રવેશ અપાય છે, પરંતુ શિક્ષણ તેમજ વિધાર્થીને આપતી સગવડ બાબતમાં ભેદભાવ રાખવામા આવે છે. સમયસર સ્કોલરશીપનાં નાણાં ચૂકવવામાં આવતાં નથી, પ્રવેશફોર્મ માં જાતિનો ઉલ્લેખ થતો હોવાથી શિક્ષક દ્વારા ભેદભાવ રાખવામા આવે છે દલિત વિધાર્થીઓનો સાચું માર્ગદર્શન પણ આપવામાં આવતું નથી. સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ કોલેજ જે મેડિકલ ક્ષેત્રે દલિત સમાજના વિધાર્થીઓને નાણાના અભાવે પ્રવેશથી વંચિત રહેવું પડે છે. અર્થાત પ્રવેશ મળતો નથી. અનામત ખાલી રહેલી બેઠક ઉપર ઉચ્ચજ્ઞાતિના પૈસાદાર વર્ગના વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. ઉચ્ચ જ્ઞાતિના વિધાર્થીઓ સમક્ષ યોગ્યતા હોવા છતાં તેને અનામત જ રાખવામા આવે છે.*

**2. નોકરીક્ષેત્ર :**

*સરકારી નોકરીઓમાં અનામતની વ્યવસ્થા હોવાં છતાં બંધારણ મુજબ મળેલ અનામતની જગ્યાઓ ભરવામાં આવતી નથી. એસી. એસ.ટીની ભરતી પ્રક્રિયા અન્યાયકર્તા છે. એસસી,એસટી ઉમેદવાર ન મળતા તે જગ્યાને જનરલ કેટેગરીમાં ફેરવી દેવામાં આવેછે રોસ્ટરપદ્ધતિનો અમલ થતો નથી દલિત કર્મચારીઓ પ્રત્યે સૂગ રાખવામાં આવે છે તેનામાં આવડત, કાર્યકુશળતા હોવા છતાં તેના પ્રત્યે ઓરમાયું વર્તન દાખવવામાં આવે છે. કોઈને કોઈ આરોપ મૂકી તેને હેરાન પરેશાન કરવામાં આવે છે . ખાનગી ક્ષેત્રમાં અનામત ન હોવાથી દલિત યુવક યુવતીઓને રોજગારીની તકો પ્રાપ્ત થતી નથી. દલિત કર્મચારીઓને બઢતીના પ્રશ્નો નડે છે. પ્રમોશનના નિયમોને બાજુએ મૂકી તેને હેરાન- પરેશાન કરવામાં આવે છે. વારંવાર બદલી કરી તેને માનસિક રીતે હેરાન કરવામાં આવતા હોવાની ફરિયાદો મળતી હોય છે.*

**3. રાજકીયક્ષેત્ર :**

*રાજકીય ક્ષેત્ર માત્ર ઉચ્ચજ્ઞાતિ કે પ્રભાવી જ્ઞાતિની ઈજારાશાહી હોય તેમ લાગે છે. યોગ્યતા હોવા છતાં દલિતોને ચૂંટણીમાં ટિકિટ ફાળવવામાં આવતી નથી. અનામત બેઠક હોય તો જ તે બેઠક માટે દલિતને ટિકિટ આપવામાં આવે છે. વસતીના પ્રમાણમાં પ્રતિનિધિ હોવાથી બહુ ઓછા દલિતો સક્રિય રાજકારણમાં ભાગ લઈ શકે છે. નાણાના અભાવે, ચૂંટણી ખર્ચના અભાવે તેઓ ચૂંટણી લડી શકતા નથી. દલિતો પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે.*

*દલિતોનું પ્રતિનિધિત્વ ઓછું હોવાથી બહુમતી ન હોવાથી જરૂરી નિર્ણયો લેવામાં નિયમો કે કાયદો કરવામાં મુશ્કેલી પડે છે. ગ્રામીણ ક્ષેત્રે ગ્રામપંચાયતમાં દલિત સરપંચને અનેક પ્રશ્નોનો સામનો કરવો પડે છે. ઘણા કિસ્સામાં તો દલિત સરપંચ રબર સ્ટેમ્પ ભૂમિકામાં જોવામળે છે તો ક્યારેક પ્રભાવી જ્ઞાતિના આગેવાનોના, નેતાઓના દબાણ હેઠળ કામ કરવું પડે છે.*

**5. સામાજિકક્ષેત્ર :**

*ભારતના ગામડામાં ખાસ કરીને અંતરિયાળ ગામોમાં આજે પણ દલિતો પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે. મંદિર પ્રવેશ બાબતે આભડછેટ રાખવામાં આવે છે. તેમનો વસવાટ ગામના છેવાડાના વિસ્તારમાં હોવાથી પાયાની સુવિધાઓથી વંચિત રહે છે. લગ્ન જેવા પ્રસંગોમાં વરઘોડો કાઢવા દેવામાં આવતો નથી. દલિત યુવક યુવતીના ઉચ્ચજ્ઞાતિના યુવક યુવતી સાથે લગ્નને માન્યતા આપવામાં આવતી નથી. અપવાદરૂપ કિસ્સામાં પ્રેમ લગ્ન કરી લેતો પાછળથી તેઓને હેરાન પરેશાન કરવામાં આવે છે. આવા અનેક કિસ્સા વર્તમાનપત્રોમાં આવતા જોવા મળે છે. તદુપરાંત ગામડામાં બનતી સોસાયટીમાં દલિતોને મકાન આપતા નથી. સરકારી યોજનાઓને પૂરેપૂરો લાભ દલિત સમાજ સુધી પહોંચી શક્યો નથી. ગામડામાં આજે પણ દલિતો પાસે એક ખેતરમાં કામ કરાવી ઓછા પૈસા ચૂકવવામાં આવે છે, અર્થાત આર્થિક શોષણ કરવામાં આવે છે.*

## 7.3.6 ઉપસંહાર :

*ઉપરોક્ત ચર્ચાને આધારે સ્પષ્ટ છે કે દલિત સમાજ ભારતીય સમાજનો જ એક ભાગ હોવા છતાં તેની સાથે અમાનવીય વર્તન થતા હતા પરંપરાગત ભારતીય સમાજમાં દલિતો દયનીય પરિસ્થિતિમાં જીવન જીવતા હતા તેમને તમામ અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા હતા.*

*સ્વતંત્રતા બાદ સમાનતા અને શિક્ષણનો અધિકાર મળતાં તેમજ સમાજ સુધારકોના પ્રયાસોથી દલિતોની સ્થિતિમાં પરિવર્તન આવવાની શરૂઆત થઈ દલિતોની સ્થિતિમાં સુધાર માટે 1955ના અસ્પૃશ્યતા નિવારણધારાની ઘેરી અસર થયેલી જોવા મળે છે. તેઓમાં શિક્ષણનું પ્રમાણ વધતાં તેમના સામાજિક દરજ્જામાં પરિવર્તન આવ્યું છે. આજે શહેરમાં વસતા શિક્ષણ મેળવી ઉચ્ચ વ્યવસાયમાં જોડાયેલા દલિતો સંસ્કૃતિકરણની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યા છે. પરંતુ ગ્રામીણ સમાજમાં આજે પણ ક્યાંકને ક્યાંક દલિતોને અન્યાય થઈ રહ્યો હોય તેવું વર્તમાનપત્રો દ્વારા જાણવા મળે છે.*

**7.4 સ્વાધ્યાય પ્રશ્નો :**

**1 વૈકલ્પિક પ્રશ્નો**

1) *ભારતમાં લઘુમતીઓની વસ્તી કેટલી છે.*

*(અ)* 18% *(બ)* 20% *(ક)* 22%

2) *ક્યાં ધર્મના લોકો "દુધ સાકર" ભળે તેમ, ભારતના રાષ્ટ્રીય પ્રવાહમાં ભળી ગયા છે.*

*(અ) મુસ્લિમ (બ) ખ્રિસ્તી (ક) પારસી*

*૩) ક્યા ધર્મના લોકો સામાજિક – શૈક્ષણિક અને આર્થિક રીતે સમૃદ્ધ છે.*

*(અ) શીખ (બ) બૌદ્ધ (ક) જૈન*

4) *લઘુમતી સમુદાયની સ્ત્રીઓ માટે કઈ યોજના અમલામાં મૂકવામાં આવી છે.*

*(અ) નેતૃત્વ વિકાસ યોજના (બ) લઘુમતી કલ્યાણ યોજના*

*(ક) પ્રધાનમંત્રી* 15 *મુદ્રા યોજના*

5) *ગુજરાતમાં મુસ્લિમોની વસ્તી કેટલી છે.*

*(અ)* 9.70% *(બ)* 11.1% *(ક)* 12%

6) 2011*ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં મુસ્લિમોની વસ્તી કેટલી છે.*

*(અ)* 20% *(બ)* 19.5% *(ક)* 14.2%

7) *લઘુમતી એટલે શું ?લઘુમતીઓના સાંસ્કૃતિક – શૈક્ષણિક અધિકારોની ચર્ચા કરો.*

**8) ટૂંકનોંધ લોખો**

(1) *લઘુમતીઓના પ્રશ્નો*

(2) લઘુમતીઓના ઉત્કર્ષ માટેના પગલાં

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

જવાબો : (1) અ (2) ક (3) ક (4) અ (5)ક (6) ક

**2. સ્વાધ્યાય**

1. બંધારણની કઈ કલમમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?
(અ) 15(4) (બ) 20(4) (ક) 25(3)

2. અન્ય પછાત વર્ગો માટે કયો અંગ્રેજી શબ્દ પ્રચલિત છે ?
(અ) એસ સી (બ) એસ ટી (ક) ઓ બી સી

3. "પછાત વર્ગ એટલે કેટલી જ્ઞાતિના સમૂહ સિવાય બીજું કશું જ નહી" આ વિધાન કોણે કર્યુ હતું ?
(અ) ડૉ. બાબાસાહેબ આંબેડકર (બ) ગાંધીજી (ક) પંડિત જવાહરલાલ નહેરુ

4. પછાત વર્ગની જ્ઞાતિઓ માટે કેટલા ટકા અનામત રાખવામાં આવેલ છે?
(અ) 7% (બ) 14% (ક) 27%

5. સૌરાષ્ટ્રમાં આ જ્ઞાતિ સમૂહને ડૉ. ઝાલાએ કેટલા વિભાગમાં વર્ગીકૃત કર્યા છે?
(અ) ત્રણ (બ) પાંચ (ક) સાત

6. પછાત વર્ગમાં કેટલી જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે?
(અ) 110 (બ) 117 (ક) 127

7. ભારતમાં અન્ય પછાત વર્ગો માટેનું પ્રથમ પંચ કઈ સાલમાં નિમાયું ?
(અ) 1953 (બ) 1964 (ક) 1966

8. 1978માં નિમાયેલા બીજા પંચના અધ્યક્ષ કોણ હતા?
(અ) કાકા કાલેલકર (બ) બીપી માંડલ (ક) એ.આર. બક્ષી

9. 1972માં ક્યા પંચની નિમણૂંક કરવામાં આવી ?
(અ) માંડલ (બ) રાણે પંચ (ક) બક્ષીપંચ

10. પછાત વર્ગના લોકોમાં નીચે પૈકી કઈ સમસ્યા જોવા મળે છે?
(અ) વ્યસનો (બ) સ્થળાંતર (ક) ગીચ વસવાટ

11. લઘુમતી એટલે શું ? લઘુમતીઓના સાંસ્કૃતિક – શૈક્ષણિક અધિકારોની ચર્ચા કરો.

*જવાબો :* (1) *અ* (2) *ક* (3) *અ* (4) *ક* (5)*અ* (6) *ક* (7) *અ* (8)*બ* (9)*ક* (10)*અ*

*પ્રશ્ન* -1 *પછાતવર્ગો એક વિહંગાવલોકન કરો.*

*પ્રશ્ન* - 2 *પછાતવર્ગો એટલે શું? પછાતવર્ગો માટેની ઉત્કર્ષ યોજનાઓ જણાવો.*

**1) ટૂંકનોંધ લોખો**

(1) *અન્ય પછાતવર્ગો માટેના પંચની જોગવાઈ*

(2) *પછાતવર્ગોના પ્રશ્નો*

**3. વૈકલ્પિક પ્રશ્નો**

1. *દલિતોનું બંધારણીય નામ શું છે?*

a. *અનુસૂચિત જનજાતિ છે.* b. *અનુસૂચિતજાતિ* c. *બક્ષીપંચ*

2. *મહાત્મા ગાંધીજીએ અસ્પૃશ્યો માટે કયો શબ્દ આપ્યો હતો?*

a. *દલિતો* b. *હરિજન* c. *અછૂત*

3. *ભારતમાં અસ્પૃશ્યોની અસમર્થતા માટે કયા ખ્યાલો જવાબદાર છે?*

a. *ધાર્મિક* b. *રાજકીય .* c. *આર્થિક*

4. *નિમ્નજ્ઞાતિમાં આવતા વણકરો કયા વ્યવસાય સાથે સંકળાયેલા હતા?*

a. *વણાટકામ.* b. *પૂજાપાઠ* c. *સાફ-સફાઈ*

5. *દલિતોના દરજ્જામાં પરિવર્તન માટે નીચેના પૈકી કયું પરિબળ જવાબદાર છે?*

a. *શિક્ષણ* b. *ધાર્મિક ખ્યાલો* c. *નિરક્ષરતા*

6. *શિક્ષિત દલિતોનો મોટો વર્ગ કઈ પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો છે?*

a. *આધુનિકરણ* b. *સંસ્કૃતિકરણ* c . *પશ્ચિમીકરણ*

7. *પૂજ્ય ગાંધીજીએ કયા સંઘની સ્થાપના કરી?*

a. *હરિજન સેવક સંઘ* b. *રૈયત શિક્ષણ સંઘ* c. *પીપલ્સ એજ્યુકેશન સોસાયટી*

8. *સૌરાષ્ટ્રમાં દલિતોને શિક્ષણની પહેલ કરનાર કોણ હતા?*

a. *મહારાજા કૃષ્ણકુમારજી.* b.*મહારાજા સયાજીરાવ* c. *ગાંધીજી*

9. *અસ્પૃશ્યતા નિવારણધારો કઈ સાલમાં ઘડાયો?*

a. 1950 b. 1955 c. 1960

10. *ભારતના બંધારણના ઘડવૈયા કોણ છે?*

a. *ડો.બાબાસાહેબ આંબેડકર* b. *ગાંધીજી* c .*પંડિત જવાલાલ નહેરુ*

11. *દલિતોના તારણહાર' કોને કહેવામાં આવે છે?*

a. બાબાસાહેબ આંબેડકર b. વિનોબા ભાવે c. ગાંધીજી

12. કોણે અસ્પૃશ્યતાને હિન્દુધર્મનું મોટામાં મોટું કલંક ગણાવ્યું છે?
a. ગાંધીજી b. લાલબહાદુર શાસ્ત્રી c. લોકમાન્ય તિલક

13. ડૉ.બાબાસાહેબ આંબેડકરે કઈ સોસાયટીની સ્થાપના કરી?
a. ક્રેડિટ સોસાયટી b. કો-ઓપરેટીવ સોસાયટી c. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી

**જવાબો :**
(1) B (2) B (3) A (4) A (5) A (6) B (7) A (8) B (9) B (10) A (11) A (12) A (13) c

1. દલિતની વિભાવના આપી, ભારતીય સમાજમાં દલિતોનો દરજ્જો વર્ણવો.

2. દલિતો માટેની અનામતપ્રથાની ચર્ચા કરી તેમની સમસ્યાઓ વર્ણવો.

## 7.5 સંદર્ભ સૂચિ :


1. ત્રિવેદી નલિની, દવે કાદમ્બરી, 'સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ, ઝાલા પ્રકાશન.
2. દવે જે.કે. 'ભારતીય સમાજ', અનડા પ્રકાશન
3. દવે જે.કે. 'ભારતીય સમાજનું માળખું', અનડા પ્રકાશન
4. પટેલ આશિષ (૨૦૧૮) 'ગ્રામીણ વિકાસમાં સરકારી/બિનસરકારી ભૂમિકા – એક સમાજશાસ્ત્રીય અધ્યયન', પીએચ.ડી. મહાનિબંધ.
5. 'ગુજરાત રાજ્યમાં અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, નવસર્જન પબ્લિકેશન.
6. પરમાર એમ. જે. 'પરિવર્તની દિશામાં દલિત સમાજ'
7. શબ્દસૃષ્ટિ (૨૦૦૩) પાન નં.૧૪૩
8. www.minority
9. www.ministryaffairs.gov.in/primeministers

| એકમ : 8 | કૌટુંબિક સમસ્યા  તરીકે દહેજ અને ઘરેલું હિંસા |
|---|---|

**: રૂપરેખા :**

**8.0 ઉદ્દેશ્યો**
**8.1 પ્રસ્તાવના**
**8.2 દહેજનો અર્થ**
**8.3 દહેજ પ્રથાનાં કારણો**
**8.4 દહેજની વિપરીત અસરો**
**8.5 દહેજની સમસ્યા નિવારણના ઉપાયો**
**8.6 ઉપસંહાર**
**8.7 સ્વાધ્યાયના પ્રશ્નો**
**8.8 ઘરેલું હિંસા : પ્રસ્તાવના**
**8.9 ઘરેલું હિંસા એટલે શું?**
**8.10 ઘરેલું હિંસાના પ્રકાર**
**8.11 ઘરેલું હિંસાના કારણો**
**8.12 ઉપસંહાર**
**8.13 સ્વાધ્યાયના પ્રશ્નો**
**8.14 સંદર્ભસૂચિ**

## 8.0 ઉદ્દેશ્યો :

*આ એકમના અભ્યાસ બાદ તમે -*

1. *દહેજ વિશે વિસ્તૃત સમજ મેળવી શકશો.*
2. *દહેજનાં કારણો અને વિપરીત અસરો સમજી શકશો.*
3. *દહેજની સમસ્યા નિવારણના ઉપાયો વિશે માહિતી મેળવી* **શકશો.**

## 8.1 પ્રસ્તાવના :

*ભારતીય સમાજમાં પિતૃપ્રધાન કુટુંબવ્યવસ્થા હોવાથી સમાજનાં તમામ ક્ષેત્રે પુરુષોનું પ્રાધાન્ય જોવા મળે છે. પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીનું સામાજિક સ્થાન નીચું છે.*

*લૈંગિક ભેદભાવને કારણે સ્ત્રીનું મહત્ત્વ ઓછું આંકવામાં આવે છે. સ્ત્રીના નાની ઉંમરે લગ્ન કરાવી દેવાનું વલણ સમાજમાં જોવા મળે છે, તેથી સ્ત્રીશિક્ષણની અવગણના થવા લાગી છે. લગ્નજીવનમાં પણ સ્ત્રીઓને સ્પર્શતી અનેક સામાજિક સમસ્યાઓ જોવા મળે છે. દહેજ સ્ત્રી-જીવનને સ્પર્શતી ગંભીર સામાજિક સમસ્યા છે. દહેજને લગતો કાયદો હોવા છતાં ભારતીય ગામડાં અને શહેરોમાં દહેજ એક રીવાજ તરીકે જોવા મળે છે. તદુઉપરાંત સ્ત્રીઓને જન્મથી મૃત્યુપર્યંત અનેક સામાજિક સમસ્યાઓ સામનો*

કરવો પડે છે. દહેજને લીધે સ્ત્રી તથા તેનાં માતા-પિતા વિકટ પરિસ્થિતિ સામનો કરવો પડે છે, તેથી તેને કૌટુંબિક સમસ્યા પણ કહી શકાય.

## 8.2 દહેજનો અર્થ :

સ્ત્રી-જીવનને સ્પર્શતી સમસ્યાઓ પૈકી દહેજ એક ગંભીર સામાજિક સમસ્યા છે, તેને વર્તમાન સમયનો પ્રશ્ન કહી શકાય. આજે પણ ભારતનાં ગામડાંમાં કેટલીક જ્ઞાતિઓમાં "દહેજ" સ્વરૂપે પ્રચલિત છે. લગ્ન વખતે જીવનસાથીની પસંદગીમાં દહેજનું તત્ત્વ મહત્ત્વનું ધોરણ બની રહે છે. વર્તમાન સમયમાં જીવનસાથીની પસંદગીમાં "દહેજ " નિર્ણાયક ભાગ ભજવે છે.

દહેજ એ લગ્નની એક શરત તરીકે કન્યાપક્ષ અને વરપક્ષ દ્વારા થતી લેવડ –દેવડ છે. આઝાદી બાદ "દહેજ" ને સ્ત્રીજીવનને અસર કરતી એક સમસ્યા તરીકે જોવામાં આવે છે. 1961નાં દહેજપ્રથા પ્રતિબંધક કાનૂન મુજબ લગ્ન સમયે વરપક્ષ કે કન્યાપક્ષનાં વડીલો કે અન્ય સગાઓ લગ્ન પહેલાં કે પછી લગ્નની એક શરત તરીકે કોઈ મિલકત આપે કે આપવા માટે સંમતિ બતાવે તો તેને દહેજ કહેવાય અને તે ગુનો છે. જો સ્ત્રીના દરજ્જા વિષયક રાષ્ટ્રીય સમિતિનાં અહેવાલ મુજબ આ કાયદો તદ્દન નિષ્ફળ નીવડયો છે આજે બદલાયેલ સ્વરૂપે દહેજપ્રથાનો વ્યાપ ખૂબ જ વધ્યો છે ૧૯૮૪નાં ધી ડાવરી પ્રોહિબિશન એમેન્ડમેન્ટ એક્ટ મુજબ કન્યા કે વરને અથવા તો અન્ય કોઈ વ્યક્તિને લગ્ન સંબંધને અનુલક્ષીને આપવામાં આવેલી મિલકત કે કિંમતી ચીજવસ્તુ,અથવા તે આપવા સંમતિ આપી હોય તો તેને "દહેજ" કહેવાય. કાનૂની વ્યાખ્યા મુજબ દહેજમાં વરશુલ્ક અને કન્યાશુલ્ક બંનેનો સમાવેશ થાય છે. એક પ્રથા મુજબ મોટેભાગે લગ્ન સમયે કન્યાપક્ષ વરપક્ષને કેટલીક ચીજવસ્તુઓ જેવી કે, કપડાં, વાસણ, ઘરેણાં, રોકડરકમ, અન્ય ચીજવસ્તુઓ ભેટમાં આપે છે. જેને દહેજ તરીકે ઓળખવામાં આવે છે. દહેજ માટે કરિયાવર, પૈઠણ, પહેરામણી જેવા શબ્દો પણ પ્રચલિત છે. ખાસ કરીને હિન્દુ જ્ઞાતિઓમાં અમીર – ઉમરાવોમાં, ખ્રિસ્તી તેમ જ મુસ્લિમોમાં દહેજપ્રથા જોવા મળે છે. દહેજપ્રથાને કુલીનશાહી લગ્નપ્રથા, મા-બાપ યોજિત લગ્નપ્રથા તેમજ જ્ઞાતિ અંર્તલગ્ન સાથે સીધો સંબંધ છે. અર્થાત્ આ ત્રણેય પ્રથા દહેજ સાથે સંકળાયેલી છે. પ્રત્યેક સમાજમાં દહેજનું પ્રમાણ વધતું જાય છે. પોતાની પુત્રીને સારો વાર મળે તે માટે પુત્રીનાં માં-બાપ ઊંચું દહેજ આપવા તૈયાર થતાં હોય છે. દહેજની રકમ સામાન્યથી માંડીને લાખો રૂપિયા સુધીની હોઈ શકે છે, તેમજ સોના-ચાંદીનાં દાગીનાં, ગાડી, ફ્રીજ, એરકન્ડીશન જેવી વસ્તુઓ પણ દહેજમાં આપવામાં આવતી હોય છે.

નીરા દેસાઈનાં મતે કાયદા મુજબ એટલે લગ્ન સંબંધથી જોડનારા એક પક્ષ બીજા પક્ષને મિલકત કે મુલ્યવાન ચીજવસ્તુઓ આપે કે આપવાનાં હોય તો તેને દહેજ ગણી શકાય.સમાજ કલ્યાણ ખાતાની ર્દષ્ટિએ વરપક્ષની માંગણી મુજબ કન્યાપક્ષ તરફથી આપવામાં આવતી રોકડ રકમ અથવા મુલ્યવાન ચીજવસ્તુઓને દહેજ કહી શકાય.

સમાજવિજ્ઞાનનાં જ્ઞાનકોષના મેક્ષ રેડીને આપેલ વ્યાખ્યા મુજબ જોઈએ તો દહેજ એવી સંપતિ છે જે પુરુષ પોતાના લગ્ન સમયે પોતાની પત્નીનાં કુટુંબ પાસેથી મેળવે છે.

રમા મહેતાના અભ્યાસમાં પણ જોવા મળ્યું છે કે, બધી સ્ત્રીઓ દહેજપ્રથા વિરુદ્ધના મતની હતી પરંતુ મોટાભાગની સ્ત્રીઓ વ્યક્તિગત કારણોસર દહેજપ્રથા ત્યાગ કરવા તૈયાર ન હતી, દહેજપ્રથાનાં

*મૂળ પરંપરાથી ચાલી આવતી લગ્નવ્યવસ્થા, જ્ઞાતિપ્રથા, લૈંગિક ભેદભાવ, સમાજમાં પ્રતિષ્ઠા મેળવવા અંગેના ખ્યાલો, મા-બાપ કે વડીલ યોજિત લગ્નપ્રથા વગેરેમાં રહેલાં છે.*

## 8.3 દહેજપ્રથા કારણો :

*દહેજની સમસ્યા માટે નીચે મુજબનાં કારણો જવાબદાર છે.*

**(1) અંતર્લગ્ન પ્રથાઃ**

*ભારતમાં ચુસ્ત રીતે અસ્તિત્વમાં છે પ્રત્યેક સ્ત્રી-પુરુષ પોતાની જ્ઞાતિ કે પેટા જ્ઞાતિમાંથીમાંથી જ જીવનસાથીની પસંદગી કરે તેવો નિયમ પ્રવર્તે છે તેથી જીવનસાથીની પસંદગીનું ક્ષેત્ર મર્યાદિત બને છે. પોતાની જ જ્ઞાતિમાં યોગ્ય મુરતિયો શોધવાની હરીફાઈમાં માતા-પિતા ઊંચું દહેજ આપવા તૈયાર થઈ જાય છે. આમ અંર્તલગ્ન પ્રથા દહેજની સમસ્યાનું મહત્ત્વનું કારણ બને છે.*

**(2) કુલીનશાહી લગ્ન :**

*પોતાનાં કુળ કરતાં ઊંચા કુળમાં પુત્રીને પરણાવવાની પ્રથાને કુલીનશાહી અથવા અધિલગ્નપ્રથા કહેવામાં આવે છે. દરેક જ્ઞાતિમાં ઊંચા કુળનાં મુરતિયા મર્યાદિત સંખ્યામાં હોય છે. આવા મુરતિયા સાથે પોતાની પુત્રીનાં લગ્ન માટે ઘણાં માતા-પિતા પ્રયત્નો કરે છે. ઊંચું દહેજ આપવું પડે તો તે આપીને પણ પોતાની પુત્રીને ઊંચા કુળમાં પરણવવામાં ઈચ્છુક હોય છે. આમ ઊંચા કુળનો વર શીધવાની સ્પર્ધામાં વિજયી થવા દહેજનો આશ્રય લેવાય છે ,આમ કુલીનશાહી લગ્ન દહેજનું અગત્યનું કારણ બને છે.*

**(3) યોજિત લગ્ન પ્રથાઃ**

*પરંપરાગત સમયથી સંતાનના લગ્ન એ કૌટુંબિક બાબત ગણાતી આવી છે. સંતાન માટે લગ્નસાથીની પસંદગી માતા-પિતા કે વડીલો દ્વારા કરવામાં આવે છે. સંતાનો તેનો સ્વીકાર કરે છે. ભારતીય સમાજમાં આજે પણ માં-બાપ યોજિત લગ્નપ્રથા પ્રવર્તે છે. કન્યાનાંમાં-બાપ વરની વ્યકિતગત* **લાયકાતો, તેનાં કુટુંબની પ્રતિષ્ઠા,સામાજિક સ્થાન વગેરે મુજબ દહેજ આપવા તૈયાર થઈ જાય છે.આમ** *દહેજપ્રથા વડીલ યોજિત લગ્નપ્રથા સાથે સંકળાયેલી છે.*

**(4) જીવનસાથીની પસંદગીનાં ધોરણો :**

*આધુનિક સમયમાં જીવનસાથી પસંદગીનાં ધોરણોમાં પરિવર્તન આવ્યું છે. વર્તમાન સમયમાં કૌટુંબિક બાબતોની સાથે-સાથે- વ્યક્તિગત ગુણોને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. ખાસ કરીને વરની પસંદગી વખતે તેનુ શિક્ષણ, વ્યવસાય, કૌટુંબિક પરિસ્થિતિ વગેરેને મહત્ત્વ આપવામાં આવે છે, ડૉક્ટર, એન્જિનિયર જેવા વ્યવસાયમાં હોય તેવા વર માટે કન્યાનાં મા-બાપ ઊંચું દહેજ આપવા તૈયાર થઈ જતાં હોય છે. આવા વરનાં માતા-પિતા પણ ઊંચા દહેજ ની અપેક્ષા રાખતાં હોય છે.*

**(5) પુત્રીના ભાવિની સુરક્ષાની ભાવના :**

*કેટલાક માતા-પિતા માનતાં હોય છે કે ઊંચું દહેજ આપવાની પોતાની પુત્રીનું ભાવી સુરક્ષિત રહેશે. સાસુ-સસરા, જમાઈ વગેરે ખુશ રહેશે. પોતાની પુત્રીનીઊણપો ઢંકાઈ જશે, શ્વસુર ગૃહે પુત્રી સલામત રહશે, આવી માન્યતાઓ દહેજપ્રથાને વિકસાવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સ્ત્રીનાં દરજ્જા*

*વિષયક સમિતીનાં અહેવાલમાં નોધ્યું છે તેમ કેટલાંક માં-બાપ દહેજને પુત્રીને પિયરમાંથી મળેલી સંપત્તિનાં વારસારૂપે જુએ છે તો કેટલાંક દહેજને આર્થિક મુશ્કેલીનાં સમયમાં પુત્રીની સુરક્ષાનાં ભાગરૂપે જુએ છે. કેટલાંક લોકો દહેજને નવું ઘર શરુ કરવામાં સહાયરૂપ સાધન તરીકે ગણે છે.*

**(6) મિલકતમાં ભાગ આપ્યાનો સંતોષ :-**

*માતા-પિતાની મિલકતમાં પુત્ર-પુત્રી બંનેનો સમાન અધિકાર હોવા છતાં વ્યવહારમાં હજી પુત્રીને માતા-પિતાની મિલકતમાં ભાગ મેળવવાની બાબતને સામાજિક સ્વીકૃતિ મળી નથી.વળી પુત્રી પોતે પણ માતા-પિતાની મિલકતમાં ભાઈ જેટલો જ ભાગ મળવો જોઈએ એવી માંગણી કયારેય કરતી નથી તેથી જ માતા-પિતા પુત્રીનાં લગ્ન સમયે તેને વસ્ત્રો,અલંકારો,અન્યચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે આપે છે અને પુત્રીની મિલકતમાં ભાગ આપ્યાનો સંતોષ મેળવે છે. આમ માં-બાપની આવી લાગણી દહેજપ્રથાના ઉદ્ભવ માટે મહત્ત્વનું પરિબળ બને છે.*

**(7) સામાજિક પ્રતિષ્ઠા મળતી હોવાની માન્યતાઃ**

*લગ્નમાં કન્યાને ઊંચું દહેજ આપવાથી સમાજમાં પોતાની પ્રતિષ્ઠા,માન,મોભો વધશે.સમાજમાં વાહ વાહ થશેતેવી લાગણી દહેજપ્રથાને ઉતેજન આપે છે.પોતે દીકરીને ઘણુંઆપી શકે તેમ છે, આમંત્રિત મહેમાનો વચ્ચે પોતાની પ્રશંસા કે આત્મપ્રદર્શન કરવાની ભાવના દહેજપ્રથા માટે જવાબદાર ગણાવી શકાય.*

**(8) વરપક્ષે આર્થિક સ્થિતિ સુધારવામાં અપેક્ષા :-**

*સામાન્ય કુટુંબનો ઉચ્ચશિક્ષણ મેળવી ડૉક્ટર,એન્જિનિયર મુરતિયો અને તેનાં કુટુંબીઓ લગ્નને આર્થિક સ્થિતિ સુધરવામાં સાધન ગણે છે.તેથી જ તેઓ ઊંચા દહેજની માંગણી કરે છે અપેક્ષા રાખે છે કે કન્યાપક્ષ દહેજમાં બંગલો, ગાડી, રોકડ રકમ, ફર્નિચર, ઘરેણાં વગેરે આપે. આમ પોતાની આર્થિક સ્થિતિ સુધારવામાં ઈચ્છા દહેજપ્રથાનું મહત્ત્વનું કારણ બને છે.*

## 8.4 દહેજની વિપરીત અસરોઃ

*દહેજની સમસ્યા સમાજના તમામ જ્ઞાતિ-સમૂહોમાં વત્તે-ઓછે અંશે જોવા મળે છે કેટલાંક સમૂહોમાં સહેજની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. જેની વિપરીત અસરો નીચે મુજબ જોઈ શકાય.*

**(1) કન્યાજન્મ બોજારૂપ બન્યો છે. :**

*ગરીબ માતા-પિતા દહેજ ના ચૂકવી શકવાને કારણે પોતાની પુત્રી માટે યોગ્ય મુરતિયો શોધી શકતા નથી. તેથી પુત્રીને લાયક વર મળતો નથી તેથી માતા-પિતાને પુત્રી જન્મ બોજારૂપ લાગે છે. આજે જોવા મળતાં સ્ત્રી-ભ્રૂણ હત્યાનાં કિસ્સા આ બાબતની પ્રતીતિ કરાવે છે તેથી જ સમાજમાં પુત્રી જન્મ અને પુત્ર જન્માં તીવ્ર ભેદભાવ જોવા મળે છે.*

**(2) કજોડાં લગ્નઃ**

*ઊંચું દહેજ ચુકવવાની અશક્તિને લીધે માતા-પિતાને પોતાની પુત્રી માટે યોગ્ય મુરતિયો મળતો નથી.તેથીતેઓ,ઉંમર, શિક્ષણ,બાહ્ય દેખાવ,નોકરી વગેરેમાં પુત્રીની સમકક્ષ ન હોવા છતાં પુત્રનાં તેની સાથે લગ્ન કરાવી દે છે. આવા લગ્નને કજોડાં લગ્ન તરીકે ઓળખવામાં આવે છે. ઘણી વખત દીકરીએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હોય પરંતુ દહેજ ના આપી શકવાને લીધે પોતાનાં કરતાં ઓછું શિક્ષણ મેળવેલ યુવક સાથે પુત્રીને લગ્ન કરવાની માતા-પિતા દ્વારા ફરજ પાડવામાં આવે છે. તેથી બૌદ્ધિક કજોડું ઊભું થાય છે તેથી લગ્નજીવનમાં અનેક પ્રશ્નો ઊભા થાય છે.*

**(3) ફરજિયાત કુંવારાપણું :**

*ગરીબીને કારણે માતા-પિતા દહેજ આપવા સક્ષમ હોતાં નથી તેથી પોતાની પુત્રીની લગ્ન કરવા તેમની માટે મુશ્કેલી બને છે આવા કિસ્સામાં પુત્રોઓને ફરજિયાત કુંવારા રહેવું પડે છે. શ્રીમતી હાટેનાં અભ્યાસમાં પણ જોવા મળ્યું છે કે દહેજને કારણે કેટલીક સ્ત્રીઓને કુંવારા રહેવું પડ્યું છે.તો કેટલીક સ્ત્રીઓ પરિણીત પુરુષની રખાત બનવા તરફ દોરાય છે. આમ વ્યભિચારની સ્થિતિનું નિર્માણ થાય છે. સ્ત્રીને સમગ્ર જીવન દરમ્યાન અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે આમ દહેજની સ્ત્રી જીવન પર વિપરીત અસરો થતી જોવા મળે છે.*

**(4) દામ્પત્ય જીવન પર વિપરીત અસરઃ**

*શ્વસુર પક્ષ તરફથી વારંવાર થતી માગણીઓ સંતોષી ન શકતા સાસુ, સસરા, જેઠ, નણંદ વગેરે દ્વારા સ્ત્રીને શારીરિક –માનસિક રીતે પરેશાન કરવામાં આવે છે પોતાનાં પુત્રને પણ પત્ની સાથે અમુક પ્રકારનો દુર્વ્યવહાર કરવા ફરજ પાડે છે. પતિ-પત્ની એકબીજાને ચાહતાં હોવા છતાં માતા-પિતાનાં દબાણ હેઠળ પતિ પોતાની પત્નીને અન્યાય કરી બેસે છે પત્ની સાથે સુમેળભર્યા સંબંધો જાળવવામાં નિષ્ફળ જાય છે. પરિણામે પતિ-પત્ની વચ્ચે ઝઘડો, અબોલા, મારઝૂડ જેવો વ્યવહાર શરુ થાય છે.આમ પતિ-પત્ની દામપત્યજીવન દુ:ખમય બની રહે છે.*

**(5) ખૂન-આત્મહત્યા :-**

*દહેજપ્રથાને લીધે પતિ-સાસુ-સસરા વગેરે પુત્રવધૂ પાસે વારંવાર કિમતી ચીજ-વસ્તુની અપેક્ષા રાખે છે. દીકરીનાં માતા-પિતા શક્ય હોય ત્યાં સુધી તેમની અપેક્ષાઓ સંતોષે છે. પરંતુ જયારે તેઓ અપેક્ષાઓ સંતોષવામાં નિષ્ફળ નીવડે ત્યારે સ્ત્રી માટે મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થાય છે. તેને સાસરિયાનાં મેણા-ટોણાનો ભોગ બનવું પડે છે. માતા-પિતાની પરિસ્થિતિ સારી ના હોવાથી તેમેને પણ કહી શકાતી નથી અવ સંજોગોમાં સ્ત્રીને માત્ર મુત્યુનો માર્ગ દેખાય છે વિકટ પરિસ્થિતિમાંથી મુક્ત થવા આત્મહત્યા કરી લે છે. દિન-પ્રતિદિન દહેજ-મૃત્યુના કિસ્સા વધતા જાય છે. દહેજને કારણે પુત્રવધુને જીવતી સળગાવી દેવાનાં કિસ્સા પણ દૈનિક વર્તમાનપત્રોમાં આવતાં જોવા મળે છે. પાછળથી તેને આત્મહત્યામાં ખપાવી દેવામાં આવે છે.*

**(6) સ્ત્રીનું નિમ્ન સ્થાન :**

*ભારતીય સમાજમાં પરંપરાગત સમયથી સ્ત્રીનું સ્થાન પુરુષની તુલનામાં નીચું રહ્યું છે.તેમાંય વળી દહેજની ગંભીર સમસ્યાને લીધે માતા-પિતા પુત્રીનાં જન્મને આવકારતાં નથી પુત્ર-પુત્રીના ઉછેર*

*માં પણ ભેદભાવ જોવા મળે છે. પુત્રીને સાસરીમાં સુખી જોવા માતા-પિતાએ અવાર – નવાર ભેટ – સોગાદો આપવી પડે છે. આ બાબત સ્પષ્ટ કરે છે કે સ્ત્રીનું સ્થાન પુરુષ કરતાં નીચું છે. દહેજને કારણે સ્ત્રીને જીવનસાથી પસંદગી કરવાની તક મળતી નથી. સાસરીમાં તેને આવકનું સાધન ગણી તેનું શોષણ કરવામાં આવે છે. સ્ત્રી મેંણા – ટોણા,શારીરીક –માનસિક ત્રાસનો ભોગ બનવું પડે છે. તેથી સ્ત્રી માનસિક –તાણ –તંગદિલી અનુભવે છે.*

**(7) લગ્ન બહારના જાતીય સંબંધોનું પ્રમાણ વધે છે. :**

*દહેજપ્રથાને લીધે સ્ત્રીને કજોડાં લગ્નનો ભોગ બનવું પડે છે. પસંદ ન હોય તો પણ માતા-પિતાની લાગણી,દબાને વંશ થઈ લગ્ન કરવા પડે છે ઘણા કિસ્સામાંપતિ તરફથી પૂરો જાતીય સંતોષ ન મળતો હોવાથી તે અન્ય પુરુષ તરફ આકર્ષાય છે. એ જ રીતે ફરીજિયાત કુંવારા રહેવું પડતું હોવાથી સ્ત્રીઓ માટે જાતીય જીવનમાં સંતોષની સમસ્યા ઊભી થાય છે. આવા સંજોગોમાં સ્ત્રી જાતીય જીવનનાં સંતોષની સમસ્યા ઊભી થાય છે. આવા સંજોગોમાં સ્ત્રી જાતીય જીવનની તૃપ્તિ માટે અન્ય પુરુષ તરફ આકર્ષાયને જાતીય સંબંધ બાધે છે. આમ પતિ-પત્ની વચ્ચે મનમેળનો અભાવ, કુમેળભર્યા સંબંધો, લગ્નબહારના સંબંધોને પ્રોત્સાહન પૂરું પાડે છે.*

**(8) સ્ત્રી-શિક્ષણ પર વિપરીત અસરઃ**

*ભારતીય સમાજમાં સામાન્ય રીતે એવી માન્યતા છે કે સ્ત્રી વધુ ભણેલી હશે તો તેને માટે મુરતિયો શોધવા મુશ્કેલ બનશે.લાયક વાર મેળવવા ઊંચું દહેજ ચુકવવું પડશે.યોગ્ય પાત્ર નહીં મળે જેવી બાબતોને લીધે માતા-પિતા દીકરીને લગ્નવયે પહોંચ એટલે લગ્ન કરાવી દેવાનું વલણ ધરાવે છે. સ્ત્રીને શિક્ષણન આપવાને બદલે જલ્દીથી લગ્ન કરાવી દેવાનું વલણ ધરાવે છે. સ્ત્રીને શિક્ષણ આપવાને બદલે જલ્દીથી લગ્ન કરાવી દે છે. પરિણામે સ્ત્રી ઉચ્ચશિક્ષણથી વંચિત રહે છે. આમ દહેજની સ્ત્રી- શિક્ષણ ઉપર માઠી અસર થાય છે. આ ઉપરાંત દહેજની સમસ્યા અનેક વિપરીત અસરો કરેછે. જેમ કે, જીવનસાથી પસંદગીનું ક્ષેત્ર મર્યાદિત બને છે, લગ્ન વય વટાવી જાય છે, પૃથ્થગવાસ અને છૂટાછેડાની સમસ્યા ઊભી થાય છે.ભ્રષ્ટાચાર, લાંચરુશ્વતને પ્રોત્સાહન મળે છે. દહેજની રકમ એકત્ર કરવા સ્ત્રીએ સમાજનાં અમાન્ય માર્ગો વળવું પડે છે. સ્ત્રીઓને અયોગ્ય-અન્યાયી હરીફાઈનો સામનો કરવો પડે છે.મર્યાદિત આવકવાળા કુટુંબો દેવાદાર બને છે. કન્યાની વ્યક્તિગત લાયકાતની કોઈ કદર થતી નથી.આમ,દહેજની સમસ્યા સ્ત્રી-જીવન ઉપર ખુબ જ માઠી અસરો કરે છે.*

## 8.5 દહેજની સમસ્યા નિવારણના ઉપાયો :

*વર્તમાન સમયમાં દહેજ એક દુષણ બની ગયું છે જે સ્ત્રીની જિંદગીનો ભોગ લે છે. કેટલાંક કિસ્સામાં સ્ત્રીની માતા-પિતાની જિંદગી પણ નરક સમાન બની જાય છે. આવી ગંભીર સમસ્યાનાં ઉકેલ માટે કેટલાંક પ્રયત્નો કરવામાં આવ્યા છે. જે નીચે મુજબ જોઈ શકાયઃ*

**(1) સમાજ સુધારકોના પ્રયાસોઃ-**

*ભારતીય સમાજમાં જીવ મળતી કુપ્રથાઓને નાબૂદ કરવા સમાજ સુધારકોએ પ્રયત્નો કર્યા હતા. સ્ત્રી-જીવનને માઠી અસરો કરતી કુપ્રથાઓ સતીપ્રથા નાબુદી, વિધવા પુર્નલગ્ન, કુલીનશાહી લગ્ન,*

*કજોડાં લગ્ન વગેરે નાબુદ કરવા સમાજ સુધારકોએ પ્રયાસો કર્યા હતા. રાજા રામમોહનરાયે સતીપ્રથા નાબુદી માટે, ન્યાયમૂર્તિ રાનડેએ દહેજ અને ખર્ચાળ લગ્ન બંધ કરવાનો પ્રયાસ કર્યો હતો. ગાંધીજીએ પણ સ્ત્રી-પુરુષ સમાનતા ઉપર ભાર મૂકી સ્ત્રીઓને સમસ્યાને દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો. ઈશ્વરચંદ્ર વિધાસાગરે વિધવાવિવાહ માટે પ્રયાસ કર્યો હતો. તદુપરાંત જુદાં-જુદાં સ્ત્રી-સંગઠનો પણ દહેજ તેમ જ અન્ય કુપ્રથાઓની નાબુદી માટે સંગઠિત પ્રયત્નો કરી રહી છે.*

**(2) કાયદાકીય પ્રયાસો :-**

*દહેજ ની સમસ્યાના ઉકેલ સ્વરૂપે કાયદાકીય પગલાં લેવામાં આવ્યાં છે.*

**(1) દહેજ પ્રતિબંધક કાનૂન- 1961:-**

*આ કાયદા મુજબ લગ્ન સમયે વર કે કન્યા પક્ષ દ્વારા લગ્ન પહેલાં કે લગ્ન પછી એક "શરત" તરીકે કોઈ મિલકત આપે કે આપવાની સંમતિ દર્શાવે તો તેને દહેજ કહે છે. જે ગુનો ગણાય છે. જો કે સ્ત્રીનાં દરજ્જા વિષયક રાષ્ટ્રીય સમિતિએ નોધ્યું છે કે આ કાયદો તદ્દન નિષ્ફળ ગયો છે. પ્રસ્તુત કાયદાની અસર ઓછી છે તેથી તેમાં સુધારો કરીને નવો કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે.*

**(2) ધી ડાવરી પ્રોહિબિશન એમેન્ડમેન્ટ એકટ -1984 :**

*દહેજ અંગેનો સુધારેલો આ કાયદો ઓકટોબર 1984 માં અમલમાં આવ્યો. આ કાયદા મુજબ લગ્ન સંબંધમાં કન્યાને કે વરને અથવા કોઈ વ્યકિતને મિલકત કે કીમતી સિક્યુરીટી અપાઈ હોય કે આપવાની કબૂલાત કરાઈ હોય તો તે દહેજ કહેવાય આ કાયદા મુજબ કન્યા કે વરનાં માં-બાપ કે સગાં પાસેથી લગ્ન સંબંધમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દહેજ માગનારને છે માસથી પાંચ વર્ષ સુધીની જેલની સજા રૂ.15000/- નો દંડ થઈ શકે છે. દહેજ આપવા-લેવામાં મદદ કરનાર પણ સજાપાત્ર બને છે આ કાયદા હેઠળ થતાં કેસમાં સમાધાન શક્ય નથી ભોગ બનનાર પોતે કે સ્ત્રી સંગઠનો દ્વારા કોર્ટમાં જઈ શકે છે.*

**(3) 1983નો સુધારેલો ફોજદારી કાયદો :**

*દહેજને કારણે મૃત્યુના વધતા જતા કિસ્સા તેમ જ સ્ત્રીઓ પરના બળાત્કારના વધતાં જતા કિસ્સાને રોકવા માટે ફોજદારી કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે.તે મુજબ લગ્નનાં સાત વર્ષનાં સ્ત્રીનું શંકાસ્પદ મૃત્યુ થાય કે આત્મહત્યા કરે તો તેના સસુરપક્ષનાં કોઈ સગા પર શંકા કરી શકાય છે અને કેસ કરી શકાય છે. સ્ત્રીની આત્મહત્યાને ખૂન તરીકે ગણી પતિને જવાબદાર માની શકાય. આવા આત્મહત્યાના કિસ્સામાં પોસ્ટમોર્ટમની જોગવાઈ કરવામાં આવી છે. આવા કિસ્સામાં પોલિસફરિયાદ બની શકે છે. તેમ જ ભોગ બનેલ કુટુંબ પણ ફરિયાદ કરી શકે છે. 1983નાં સુધારેલા કાયદા મુજબ બળાત્કારના ગુનામાં ઓછામાં ઓછી સાત વર્ષની જેલની સજા થઈ શકે છે. આવા કિસ્સામાં સ્ત્રી-સંગઠનોને પણ ફરિયાદમાં આગેવાની લેવાનો અધિકાર આપવામાં આવ્યો છે.*

**(4) અન્ય ઉપાયોઃ**

- *સ્ત્રીઓને કાનૂની સહાય પૂરી પાડવામાં આવે.*
- *સ્ત્રીઓને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવામાં આવે.*

- *શિબિરો દ્વારા, શેરી નાટકો દ્વારા, પ્રદશન  દ્વારા દહેજ વિરોધી – અત્યાચાર વિરોધી વાતોથી સમાજનાં લોકોને સમજવવામાં આવે.*
- *સ્વપસંદગીનાં લગ્નને લોકપ્રિય બનવવામાં આવે. સંચાર માધ્યમો દ્વારા સમગ્ર સમાજને દહેજનાં વિકરાળ સ્વરૂપ અંગે વાકેફ કરવામાં આવે.*
- *સમાજનાં લોકો જાગૃત થશે તો જ દહેજ જેવી કુપ્રથાને દુર કરી શકાશે.*

## 8.6 ઉપસંહાર :

*ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે દહેજની સમસ્યા વર્તમાન સમયનો સળગતો પ્રશ્ન છે. દહેજ પ્રતિબંધક કાનુન હોવાં છતાં દહેજ પ્રતિબંધક કાનુન હોવા છતાં દહેજ એક દૂષણ સ્વરૂપે પ્રત્યેક સમજમાં જ્ઞાતિઓમાં ઓછે-વત્તે- અંશે જોવા મળે છે. આ કાયદાને સમાજનું પીઠબળ ન હોવાથી કાયદો સફળ રહ્યો નથી દહેજ સમસ્યાએ સ્ત્રી-જીવન ઉપર માઠી અસરો કરી છે તેને માટે ઉપર મુજબના અનેક કારણો જવાબદાર છે.*

## 8.7 સ્વાધ્યાયના પ્રશ્નો :

**વિકલ્પ શોધી જવાબ આપો**

(1) *દહેજ  એ કેવી સમસ્યા ગણાવી શકાય ?*

(અ) *લગ્ન સંબંધી*   (બ) *ધર્મ સંબંધી*   (ક) *રાજય સંબંધી*

(2) *દહેજપ્રથા પ્રતિબંધક કાનૂન કઈ સાલમાં ઘડાયો ?*

(અ) 1956   (બ) 1961   (ક) 1970

(3) *દહેજપ્રથાને કઈ પ્રથા સાથે સીધો સંબંધ છે?*

(અ) *આંતરજ્ઞાતીય લગ્ન* (બ) *સ્વપસંદગી લગ્ન*   (ક) *જ્ઞાતિઅંર્ત લગ્ન*

(4) *પોતાનાં કુળ કરતાં ઊંચા કુળમાં પુત્રીને પરણાવવાની પ્રથાને શું કહેવાય?*

(અ) *કુલીનશાહ લગ્ન*   (બ) *ગાંધર્વ લગ્ન*   (ક) *સ્વપંસદગી લગ્ન*

(5) *કયાં લગ્નમાં દહેજ  પ્રથા જોવા મળતી નથી?*

(અ) *પ્રેમલગ્ન*   (બ) *યોજિત  લગ્ન*   (ક) *કુલીનશાહી લગ્ન*

(6) *ધી ડાવરી પ્રોહિબિશન એમેન્ડમેન્ડ એક્ટ કયારે ઘડાયો ?*

(અ) 1980   (બ) 1984   (ક) 1988

**જવાબો**

(1) *અ,*  (2) *બ,* (3) *ક,* (4) *અ,* (5) *અ* (6) *બ*

**પ્રશ્નો :**

1. *દહેજનો અર્થ અને કારણો જણાવો.*

2. *દહેજની વિપરીત અસરો જણાવી તેના નિવારણના ઉપાયો વર્ણવો.*

❖ **ઘરેલું હિંસા**

**8.8 પ્રસ્તાવના :**

*ભારત ગામડાંનો બનેલો દેશ છે. ભારતની 70% વસ્તી ગામડાંમાં રહે છે.ગ્રામીણ સમાજમાં હજી પણ પરંપરાગત મુલ્યો.માન્યતાઓ, ધોરણો પ્રવર્તે છે, જેમાં લૈંગિક ભેદભાવ આજે પણ નજરે ચડે તેવો છે. સ્ત્રી-પુરુષ અસમાનતા ધ્યાન ખેંચે તેવી છે. સ્ત્રી માનવસમાજનું અત્યંત મહત્ત્વનું અંગ હોવા છતાં સદીઓથી સ્ત્રી સાથે ભેદભાવ ભર્યું વર્તન દખાવવામાં આવે છે. સ્ત્રીના સામાજિક સ્થાન બાબતે વૈદિક અનુવૈદિક યુગ પ્રમાણમાં સારો હતો. પરંતુ મધ્યયુગ અને મોગલોનાં શાસન દરમ્યાન સ્ત્રીનું સ્થાન નિમ્ન સ્તરે ગયું. દેશમાં સ્ત્રીઓની પરિસ્થિતિ ખાસ કરીને વંચિત સમાજોમાંથી આવતી સ્ત્રીઓની પરિસ્થિતિ સારી નથી છોકરીઓ જન્મતાં પહેલાં જ ભેદભાવ સહન કરવાનું શરૂ કરી દેતી હોય છે. જન્મ બાદ પણ તેને ખોરાક, શિક્ષણ, આરોગ્ય સેવાઓ, લગ્ન જેવી બાબતોમાં ભેદભાવનો સામનો કરવો પડે*

*છે. સ્ત્રીઓ સવારથી રાત્રી સુધી જે કાર્ય કરે છે, તે તેની ફરજ માનવામાં આવે છે. વળી આવું કાર્ય આર્થિક વળતર વગરનું છે.*

*સ્વતંત્રતાબાદ વિવિધ પરિબળો જેવાંકે, શિક્ષણ, બંધારણ, સમાજ સુધારકોનાં પ્રયાસો, કાયદો વગેરે દ્વારા સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપવામાં આવી છે, પરંતુ વ્યવહારમાં હજુ તેમ બન્યું નથી. ભારતીય સમાજવ્યવસ્થામાં આજે પણ સ્ત્રીનાં સૈધાંતિક સ્થાન અને વાસ્તવિક સ્થાન વચ્ચે ઘણું અંતર છે, પરંપરા,મૂલ્યો, માન્યતાઓ વગેરે સ્ત્રીનાં સ્થાન પરિવર્તનનાં માર્ગમાં અવરોધક બને છે. સ્ત્રીને અનેક પ્રકારના પ્રશ્નો પડકારોનો સામનો કરવો પડે છે. કૌટુંબિક જીવનમાં પણ તે વિકટ પરિસ્થિતિનો સામનો કરી રહી છે.*

## 8.9 ઘરેલું હિંસા એટલે શું?:

*ભારતીય સમાજ પિતૃપ્રધાન સમાજ હોવાથી પુરુષનું સ્થાન ઊંચુ અને સ્ત્રીનું સ્થાન નીચું છે સ્ત્રી બાળકી તરીકે જન્મ લે છે. ત્યારથી જ તેની તરફ ધ્રુણાની લાગણીથી જોવામાં આવે છે. કુટુંબમાં પુત્ર સંતાનને ઓછું મહત્ત્વ આપવામાં આવે છે, તેથી સ્ત્રીઓને પોતાને અન્યાય થતો હોય તેવું લાગે છે. વળી સ્ત્રી ભ્રૂણહત્યા દ્વારા સ્ત્રી બાળકને ગર્ભમાંજ મારી નાખવામાં આવે છે, આ પણ ઘરેલું હિંસા જ ગણાવી શકાય.*

*પુરુષ પ્રધાન ભારતીય સમાજમાં સ્ત્રી ઉપર પુરુષનું પ્રભુત્વ જોવા મળે છે. સ્ત્રી-પુરુષ આધારિત હોવાથી તેણે પતિનાં આદેશોનું પાલન કરવું પડે છે .પતિ દ્વારા સ્ત્રીને મારઝૂડ થતી હોય છે. ઘણા કિસ્સામાં આર્થિક રીતે સ્વાવલંબી પત્નીઓને પણ પતિની ક્રૂરતાનો ભોગ બનવું પડે છે. આમ,પતિ દ્વારા અત્યાચાર, મારઝૂડ કે સતામણી થતી હોવાનું જોવા મળે છે. જેને ઘરેલું હિંસા કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં તેને કૌટુંબિક હિંસા પણ કહી શકાય ઘરેલું હિંસામાં સ્ત્રી ઉપર શારીરિક અત્યાચાર કરવામાં આવે છે, જેમ કે માર મારવો, ગડદા-પાટુનો માર મારવો, ડામ દેવા, લાત મારવી, વાળ પકડીને પછાડવી, પરોણાથી ઘા કરવો, અણીદાર છરી-ચપ્પુથી ઘા કરવો જેવી ક્રુરતાનો સમાવેશ થાય છે. સ્ત્રી પોતાના ઘરમાં જ અસલામતીનો અનુભ કરે છે. આવો અત્યાચાર પતિ દ્વારા, સાવકા પિતા- માતા દ્વારા, સાસુ – સસરા, જેઠ વગેરે દ્વારા આચરવામાં આવતો હોય છે. સ્ત્રી ઉપર થતાં અત્યાચારનાં કિસ્સા વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થતા હોય છે. સ્ત્રીની જીવતી સળગાવી દેવાનાં કિસ્સા પણ બને છે.*

*ટૂંકમાં સ્ત્રીને તેના પતિ, સાસુ - સસરા, જેઠ, દિયર, પિતા, ભાઈ જેવાં કુટુંબીજનો કહેવાતી વ્યક્તિઓ દ્વારા માર-મારવામાં આવે, અત્યાચાર કરવામાં આવે ત્યારે તેને ઘરેલું હિંસા અથવા કૌટુંબિક હિંસા કહેવામાં આવે છે. વળી સ્ત્રી પોતાનાં ઘરમાં જ પોતાની વ્યક્તિઓ દ્વારા જ અત્યાચારનો ભોગ બને છે.*

*કૌટુંબિક હિંસા એ ઘરેલું હિંસાનો પર્યાય છે. કૌટુંબિક હિંસા એ સ્ત્રી વર્ગને સ્પર્શતી વિશ્વ વ્યાપક સમસ્યા છે. ઘરેલું એટલે પારિવારિક, કૌટુંબિક અને હિંસા એટલે કોઈને પણ પીડા આપવી, કોઈપણ જીવનો નાશ કરવો, તેને દુઃખ પહોચાડવું અને તે માટે સતાનો ઉપયોગ કરવો સામાન્ય રીતે પરવારના જ કોઈ સભ્ય દ્વારા અન્ય સભ્ય ઉપર હિસાત્મક આચરણ થતું હોય તો તેને કૌટુંબિક હિંસા કહેવામાં આવે*

*છે. કુટુંબમાં સ્ત્રીઓ પર અનેક સ્વરૂપ અત્યાચાર થાય છે. માતાના ગર્ભથી માંડીને જન્મથી મૃત્યુપર્યંત સ્ત્રી-અત્યાચાર ભોગ બને છે. આવા સ્ત્રીપર થતાં અત્યાચારોને ઘરેલું હિંસા ગણાવી શકાય.*

*બેલા રાની શર્માના મતે હિંસા એટલે સ્ત્રીને ધમકી આપવી, માર-મારવો, અલગ રાખવી, ઘરમાં ગોંધી રાખવી, પૈસાથી, ખોરાકથી, કપડાંથી વંચિત રાખવી, સ્ત્રીને હલકી પાડવી, મેણાં -ટોણાં મારવા, જાતીય દુરપયોગ કરવો જેવા આચરણોને હિંસામાં સમાવી*

*ઉષા શર્માના મતે હિંસા એટલે નિયંત્રણ અને દમન, હિંસા આંતરિક અને બાહ્ય સ્વરૂપની હોય શકે છે ઘરેલું હિંસા ઘરમાં કે કુટુંબમાં થાય છે. તેમાં હિસાનો ભોગ બનનાર સ્ત્રી અને હિંસા આચરનાર વચ્ચે નજીકનો સંબંધ હોય છે. મોટાભાગના સંશોધનમાં જોવા મળ્યું છે કે ઘરેલું હિંસા સ્ત્રીઓ ઉપર પુરુષો દ્વારા કરવામાં આવે છે. ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ* 2005 *મુજબ કૌટુંબિક સંબંધ ધરાવતા પુરુષ દ્વારા સ્ત્રીના સ્વાસ્થ્ય, સલામતી, સુખાકારી કે શરીરના અવયવોને નુકસાન ઈજા પહોચાડવાનાં હેતુથી કરવામાં આવતાં કૃત્યને ઘરેલું હિંસામાં સમાવી શકાય.*

*ટૂંકમાં કુંટુંબના, નીકટના, સગાં કે જેની સાથે લોહીનો, લગ્નથી જોડાયેલો કે દત્તકનો સંબંધ હોય અને બધાં જ એક જ છત નીચે રહેતાં હોય તેવાં કુંટુંબના સભ્ય દ્વારા આચરવામાં આવતી હિંસાને ઘરેલું હિંસા કહેવામાં આવે છે.*

*ભારતનાં પ્રત્યેક સમાજોમાં અને ખાસ કરીને આર્થિક –સામાજિક રીતે પછાત એવા પ્રત્યેક સમૂહોમાં સ્ત્રીઓ સ્થાન વિશેષ પછાત ગણી શકાય.આવા સમુદાયોમાં સ્ત્રી-પર થતાં અત્યાચાનું પ્રમાણ પણ વધુ છે. સાંજના કૌટુંબિક માળખામાં પણ સ્ત્રી શોષિતવર્ગ છે,તેથીજ બંધારણમાં સ્ત્રીઓ માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે,પરંતુ વાસ્તવિક ચિત્ર કઈક જુદું જ છે.*

## 8.10 ઘરેલું હિંસાના પ્રકાર :

*ઘરેલુ હિંસાના ચાર પ્રકાર છે.*

**01) શરીર સંબધિત હિંસા :-**

*સ્ત્રીનાં શરીરનાં અંગોને નુકસાન કરવાના હેતુથી કરવામાં આવતી હિંસાને શારરીક હિંસા કહી શકાય. જેમકે માર મારવો, તમાચો મારવો, વાળ પકડીને પછડાવું, ધક્કો મારવો વગેરે શરીર સંબંધિત હિંસા છે. શૈલજા ધ્રુવનાં અભ્યાસમાં પણ આવાં આચરણોને શારીરિક હિંસામાં સમાવવામાં આવ્યા છે.*

**02) જાતીયતા સંબંધિત હિંસાઃ-**

*સ્ત્રીની જાતીયતા સંબંધિત કોઈપણ અત્યાચારને જાતીયતા સંબધિત હિંસા ગણાવી શકાય. જેમકે શોષણ કરવું, બળાત્કાર કરવો, બળજબરીથી દુષ્કૃત્ય આચરવું, વેશ્યા વ્યવસાય માટે ફરજ પાડવી, બીભત્સ ચિત્રો જોવા દબાણ કરી જાતીય સંબંધ બાંધવો વગેરે હિંસાને જાતીયતા સંબંધિત હિંસા તરીકે ઓળખાવી શકાય.*

**(03) ભાવા ત્મક સંબંધિત હિંસાઃ-**

*અમુક વાક્યો બોલીને કે શબ્દોનો પ્રયોગ કરીને સ્ત્રીની લાગણીઓ, ભાવનાઓને ઠેસ પહોંચાડાવાના હેતુથી થતી હિંસાને ભાવા ત્મકતા સંબધિત હિંસા ગણાવી શકાય.ઘણા કિસ્સામાં સ્ત્રીને અપશબ્દો બોલીને,અપમાન કરીને,માનભંગ થાય તેવા નામનો પ્રયોગ કરીને સ્ત્રી પર માનસિક રીતે હિંસા આચરવામાં આવે છે. શૈલજા ધ્રુવના અભ્યામાં આવા જ માનસિક થતાં હોવાનું જોવા મળ્યું છે.*

**(04) નાણાં સંબધિત હિંસાઃ-**

*સ્ત્રીને આર્થિક અને જીવન જરૂરિયાતથી વંચિત રાખવા સબંધિત આચરણોને આર્થિકતા સબંધિત હિંસા કહી શકાય. જેમ કે, ખોરાક, પોષક તેમ જ આરોગ્યવિષયક બાબતોથી વંચિત રાખવી. સ્ત્રીને કામ-ધંધે જતી અટકાવવી, નોકરી કરતી સ્ત્રીનાં પગારનાં પૈસા લઈ લેવા, પિયરપક્ષ તરફથી મળતી નાણાકીય મદદ છીનવી લેવી, ઘર ચલાવવા માટે નાણાં ન આપવાં વગેરે આર્થિકતા સંબધિત હિંસા કહી શકાય.*

## 8.11 ઘરેલું હિંસાનાં કારણો :

*ઘરેલું હિંસાની ઘટનામાં એવું જોવા મળે છે. સ્ત્રી પોતાનાં સગપણ સંબંધીઓની વચ્ચે પણ સલામત નથી તે સતત અસલામતીનો અનુભવ કરે છે. આવી ઘરેલું હિંસા માટે નીચેનાં કારણો જવાબદાર છે.*

**01) કૌટુંબિક ઝગડા :-**

*ભારતીય સમાજમાં સંયુક્ત કુટુંબ પ્રથા જોવા મળે છે. સંયુક્ત કુટુંબમાં કુટુંબનાં વડાનું આધિપત્ય હોય છે. સ્ત્રીનું મહત્ત્વ ઓછું હોય છે. ઘણી વખત સાસુ-સસરા દ્વારા પુત્રવધૂને વારંવાર રોક-ટોક કરવામાં આવે છે. પુત્રને તેની વિરુદ્ધ ચઢવણી કરે છે. કયારેક ઘરકામ બાબતે, તો કયારેક ખરીદી બાબતે કે અન્ય બાબતે ઘરમાં કલેષનું વાતાવરણ ઊભું થતું હોય છે. પત્ની પતિને ફરિયાદ કરે તો પણ પતિ –પત્નીની વાત સંભાળવા તૈયાર હોતો નથી. માતા-પિતાની વાતો સાચી માની પત્ની સાથે ઝઘડો કરે છે. પત્ની પતિ સામે ઊંચા આવજે બોલે તો તેને મારી શાંત કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. નવી પેઢી જૂની પેઢી વચ્ચેનાં અંતરને કારણે કૌટુંબિક ઝગડા થતાં હોય છે, જેનાં પરિણામે સ્વરૂપે સ્ત્રીને અત્યાચાર, હિંસાનો ભોગ બનવું પડે છે.*

**(2) પુરુષ પ્રધાન સમાજવ્યવસ્થા :-**

*પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓનું સામાજિક સ્થાન પુરુષોની સરખામણી ઘણું નીચું છે. સ્ત્રીઓ હંમેશા પુરુષ આધારિત જીવન જીવે છે. પુરુષો સ્ત્રીઓને હંમેશા પોતાનાં તાબામાં, પોતાનાં નિયંત્રણમાં રહેવાની ફરજ પાડે છે. જો સ્ત્રી તેનાથી વિપરીત વર્તન કરે ત્યારે પુરુષનું પુરુષત્વ હણાયું હોવાની લાગણી અનુભવે છે અને સ્ત્રી સાથે ઝઘડો કરી ક્રૂરતા આચરે છે. બાળપણથી દીકરીને ઘરનાં કોઈ ને કોઈ પુરુષનાં નિયંત્રણમાં રહેવાનું સમાજીકરણ દ્વારા શીખવવામાં આવે છે. સ્ત્રીને બાળપણમાં પિતાનાં નિયંત્રણમાં.થોડી મોટી થાય ત્યારે પિતાની સાથે સાથે ભાઈનાં નિયંત્રણમાં, લગ્ન બાદ પિતાનાં નિયંત્રણમાં રહેવું, અને વૃદ્ધાવસ્થામાં દીકરાનાં નિયંત્રણમાં રહેવું પડે છે. જો સ્ત્રી કુટુંબમાં ધોરણોનું ઉલ્લંઘન કરે તો તેની પર શારીરિક-માનસિક અત્યાચાર ગુજારવામાં આવે છે. આમ, પુરુષપ્રધાન (પિતૃપ્રધાન ) સમાજવ્યવસ્થા ઘરેલું હિંસાનું મહત્વનું કારણ બને છે.*

**(03) મદ્યપાન :**

*કેટલીક જ્ઞાતિ સમૂહોમાં મદ્યપાન એક ગંભીર સમસ્યા છે. પુરુષ દારૂ પીને ઘરે આવીને પત્ની તથા બાળકો સાથે અપશબ્દો બોલે છે, મારામારી કરે છે. પુરુષ પોતાની કમાણી દારૂપીવામાં ખર્ચી નાખે છે. પત્ની અને બાળકોનાં ભરણ-પોષણની જવાબદારી પુરુષની હોવા છતાં તે છટકાવાનાં પ્રયત્નો કરે છે. પત્ની માટે ઘર ચલાવવું, બાળકોનાં શિક્ષણની જવાબદારી નિભાવવી મુશ્કેલ બને છે. પત્ની પતિ પાસે પૈસાની માંગણી કરે અથવા દારૂ પીવા બાબતે વિરોધ કરે, વાંધો ઉઠાવે તો પતિ તરફથી તેની પર અત્યાચાર આચરવામાં આવે છે. મદ્યપાન કરતાં પુરુષની પત્ની યાતનાભર્યું જીવન જીવે છે. પતિ દ્વારા થતો અત્યાચાર સહન કરે છે.*

**(4) સ્ત્રીઓનું આર્થિક પરાવલંબનઃ**

*ભારતમાં આજે પણ ઘણીબધી સ્ત્રીઓ પતિ પર આધારિત જીવન જીવે છે. પોતે આર્થિક રીતે પગભર ન હોવાથી તેણે પતિ, સાસુ, સસરા વગેરેનાં નિયત્રણમાં રહેવું પડે છે. પોતાની જરૂરિયાતો માટે સ્ત્રી પતિ પર આધાર રાખતી હોવાથી પતિ તથા કુટુંબીજનો દ્વારા થતો અત્યાચાર સહન કરી લે છે. એવી જ રીતે વૃદ્ધ સ્ત્રી શારીરિક રીતે પરાવલબી તેમજ અશકત હોવાથી પુત્ર અને પુત્રવધૂ માટે બોજારૂપ બને છે, તેઓ તરફથી વૃદ્ધ માતા પર અત્યાચાર કરવામાં આવે છે. કયારેક જમવાનું ન આપી માર મારી ઘરમાંથી કાઢી મૂકવામાં આવે છે. તો કયારેક તેઓ પોતે જ વૃદ્ધમાતાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે. આમ, સ્ત્રી યુવાન હોય કે વૃદ્ધ તેનાં પર કુટુંબના સભ્યો દ્વારા જ શારીરિક-માનસિક હિસા આચરવામાં આવે છે.*

**(5) લગ્નેતર જાતીય સબંધો :**

*જાતીય પવિત્રતા એ ભારતીય સમાજનું પાયાનું મૂલ્ય છે. દામ્પત્ય જીવનમાં જાતીય વફાદારી ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. સ્ત્રીને લગ્નેતર સબંધો હોય તો પુરુષ તેને સહી શકતો નથી, પત્ની ઉપર આશંકા રાખી અત્યાચાર આચરે છે. એજ રીતે પુરૂષ લગ્ન બાદ અન્ય સ્ત્રી સાથે જાતીય સબંધ રાખે તો પત્ની તેનો વિરોધ કરે છે ત્યારે તે પતિનાં અત્યાચારનો, મારઝૂડનો ભોગ બને છે. પતિ-પત્ની વચ્ચેનો જાતીય અસંતોષ, લગ્નેતર જાતીય સંબંધો માટેનું મહત્ત્વનું પરિબળ બની રહે છે. પરિણામે દાંપત્યજીવનમાં સંઘર્ષ પેદા થાય છે. જેમાં સ્ત્રી પતિના ગુસ્સાનો ભોગ બને છે, હિંસા આચરી સ્ત્રીને શાંત કરવાના પ્રયત્નો પતિ દ્વારા કરવામાં આવે છે. શૈલજા ધ્રુવનાં અભ્યાસમાં પણ જોવા મળ્યું છે કે પતિ કે પત્નીનાં લગ્નેતર સંબંધો તેમનાં દાંપત્યજીવનમાં ઉગ્ર સંઘર્ષ ઊભો કરે છે. આવા સંબંધોની જાણ થઈ જતાં બંને વચ્ચે તંગદીલી, અબોલા, અથડામણ, કે મારા-મારી સુધીનાં કિસ્સા બનતા જોવા મળે છે. લગ્નેતર સંબંધોને પરિણામે કુટુંબમાં તંગદીલી, તણાવનું વાતાવરણ પેદા થાય છે, જેમાં સ્ત્રી શારીરિક, માનસિક યાતનાનો ભોગ બને છે.*

**(6) દહેજ પ્રથા :**

*અમુક જ્ઞાતિઓમાં દહેજ પ્રથા એક દૂષણ સ્વરૂપે જોવા મળે છે. સાસરી પક્ષ દ્વારા પુત્રવધૂ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે, તે પિયરમાંથી કિંમતી ચીજ-વસ્તુ, રોકડ રકમ લઈ આવે જો તે ન લાવે તો તેને સાસુ, સસરા, નણંદ, પતિ દ્વારા મેણાં-ટોણાં સાંભળવા પડે છે. પતિ દ્વારા ઢોર માર મારવામાં આવે છે. સ્ત્રી અસહ્ય યાતનાનો ભોગ બને છે, લાચારી અનુભવે છે. સ્ત્રી નાં માતા-પિતાની આર્થિક સ્થિતિ*

*સારી ન હોય તેવા સંજોગોમાં સ્ત્રી તેના કુટુંબીજનોની અપેક્ષા પૂરી કરી શકતી નથી, તેથી કૌટુંબિક ઝગડા શરૂ થાય છે, જેમાં સ્ત્રીને શારીરિક- માનસિક ત્રાસ આપવામાં આવે છે. ઘણા કિસ્સામાં સ્ત્રી સાસુ-સસરા, પતિ દ્વારા થતાં અત્યાચારમાંથી મુકત થવા આત્મહત્યા કરી લેતી હોય છે. કેટલાક કિસ્સામાં સ્ત્રીને મારી નાખીને તેને આત્મહત્યા ખપાવી દેવામાં આવેછે. આમ, દહેજપ્રથાને પરિણામે સ્ત્રી પરના અત્યાચારનું પ્રમાણ વધ્યું છે. દહેજ પ્રથા સ્ત્રી ને મુત્યુનાં મુખમાં ધકેલી દે છે.*

**(7) વૈધવ્યઅવસ્થાઃ**

*કેટલાંક કુટુંબોમાં પતિના અવસાન બાદ તેની વિધવા કુટુંબ માટે બોજારૂપ બને છે. જો વિધવા સ્ત્રી કુટુંબની મિલકતમાં ભાગ માંગે તો તેની સાથે ઝઘડો કરી મારા-મારી કરી ઘરમાંથી કાઢી મૂકવામાં આવે છે. વિધવા સ્ત્રી પોતાનાં સંતાનોના ભરણપોષણ માટે કુટુંબમાં રહે છે ત્યારે તેને માનસિક અને શારીરિક ઈજા પહોંચાડવાનાં કિસ્સા વર્તમાનપત્રોમાં આવતાં જોવા મળે છે. ઘણી વખત કુટુંબની મિલકતમાં ભાગ ન આપવો પડે તે માટે પણ તેની સાથે ઝઘડો કરી તેને માર-પીટ કરી ઘરમાંથી કાઢી મૂકવામાં આવે છે.*

**(8) પતિનું અહંવાદી વલણઃ**

*પુરુષ પ્રધાન ભારતીય સમાજમાં પુરુષનું મહત્ત્વ વધારે છે. પતિ પોતાની પત્નીને પોતાનાં કરતાં નીચી માને છે. પત્ની પતિને કંઈ કહે, રોક-ટોક કરે, ત્યારે તેનું પુરુષત્વ, તેનો અહંમ ઘવાય છે. પત્ની ઉપર પોતાનો પ્રભાવ સ્થાપિત કરવા અત્યાચાર ગુજારે છે. સમાજની સ્ત્રીઓ પ્રત્યેની માનસિક્તા પતિનાં અહંમને પોષે છે. આમ, પતિનું અહંમવાદી વલણ ઘરેલું હિંસાનું જવાબદાર કારણ બને છે.*

**(09) સ્ત્રીઓનો પોતાની જાત વિશેનો નિમ્ન ખ્યાલઃ**

*કુટુંબ એ સમાજીકરણ કરતું શક્તિશાળી સાધન છે. કુટુંબમાં બાળપણથી જ દીકરા – દીકરીને તેનાં લિંગ મુજબ સમાજીકરણ કરવામાં આવે છે. જેમાં સ્ત્રી – પુરુષ કરતાં ઉતરતી છે તેવો ખ્યાલ દ્રઢ કરવામાં આવે છે. જેથી સ્ત્રીઓ પોતે જ પોતાની જાતને પુરૂષથી ઉતરતી કક્ષાની, ઓછી શક્તિશાળી માને છે. પોતાનું સમગ્ર જીવન પુરુષ આધીન જીવવા ટેવાઈ જાય છે, અને પતિ દ્વારા થતાં શારીરિક - માનસિક ત્રાસને મૂંગે મોઢે સહન કરી લે છે.*

**(10) સ્ત્રીઓમાં નિરક્ષરતાઃ**

*શિક્ષણ પરિવર્તન માટેનું પ્રવેશદ્વાર ગણાય છે. શિક્ષણથી વ્યકિત વિરોધ સામે અવાજ ઉઠાવવા સક્ષમ બને છે. શિક્ષણને લીધે સ્ત્રીને કોઈની પર અવલંબિત રહેવું પડતું નથી, જ્યારે નિરક્ષરતા, ગરીબી, પરાધીનતાને પોષે છે. સ્ત્રી માટે સામાજિક - આર્થિક સલામતીની સમસ્યા પેદા કરે છે તે કુટુંબમાં પતિની સાથે રહેતી હોવાં છતાં અસુરક્ષા, અસલામતી અનુભવે છે. પતિ –પત્નીનાં નજીવા ઝઘડામાં પણ સ્ત્રીને માર – મારવામાં આવે છે. સ્ત્રી નિરક્ષર હોવાથી, અજ્ઞાન હોવાથી તેમ જ પતિ પર આધારિ હોવાથી તે સહન કરતી રહે છે. ઘણા કિસ્સામાં પોતાનાં સંતાનોનાં ભવિષ્યને ધ્યાનમાં રાખીને તેને થતો શારીરિક - માનસિક ત્રાસ સહન કરે છે.*

**(11) અહં અને સ્વાભિમાનઃ**

*વર્તમાન સમયમાં શિક્ષિત સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિમાં જોડાવા લાગી છે. પતિની સાથે ખભે – ખભો મિલાવીને કામ કરે છે. છતાંય કુટુંબમાં પુરુષને મહત્ત્વ મળે છે, અને સ્ત્રીની અવગણના થાય છે, ત્યારે શિક્ષિત સ્ત્રી તે સહન કરી શક્તી નથી. સ્ત્રી સંયુક્ત કુટુંબમાં રહેતી હોય ત્યારે વ્યવસાયને સ્થળે સમયે પહોંચવાની ઉતાવળમાં પુત્રવધૂ તરીકેની જવાબદારી નિભાવવામાં ઉણી ઉતરે છે. કૌટુંબિક જીવનમાં ભૂમિકા સંઘર્ષનો અનુભવ કરે છે. સ્ત્રીની બેવડી ભૂમિકાને કારણે તે શારીરિક - માનસિક થાક અનુભવે છે. ઘરમાં સાસુ-સસરા કે પતિ દ્વારા કંઈક કહેવામાં આવે ત્યારે તે જલ્દી ગુસ્સે થઈ જાય છે, તેનામાં સહનશક્તિનો અભાવ તેને આક્રમક બનાવે છે, પરિણામે કુટુંબમાં કલેષમય પરિસ્થિતિનું નિર્માણ થાય છે, જેમાં સહન સ્ત્રીએ જ કરવું પડે છે. આવી વિકટ પરિસ્થિતિમાં સ્ત્રી અત્યાચાર અને માનસિક હેરાનગતિનો ભોગ બને છે. શિક્ષિત સ્ત્રીને ગુલામીનું જીવન પસંદ હોતું નથી તેથી તે તેમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરે છે ત્યારે તેને અનેક યાતનાઓ ભોગવવી પડે છે. ઘણા કિસ્સામાં પતિ લઘુતાગ્રંથિથી પીડાઈ છે, તેથી પત્ની પ્રત્યે ઈર્ષા રાખી અત્યાચાર ગુજારે છે.*

*આ ઉપરાંત સ્ત્રીઓનો વ્યવસાય પ્રવેશ, બેવડી ભૂમિકા, ભૂમિકા સંઘર્ષ, વૃદ્ધોની સંભાળ, વૈધવ્ય અવસ્થા, ભપકાદાર જીવનની મહત્વાકાંક્ષા, જેવાં અનેક કારણો સ્ત્રી પર થતી ઘરેલું હિંસા માટે જવાબદાર ગણાવી શકાય.*

## 8.12 ઉપસંહારઃ

*ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે, ભારતીય સમાજમાં સ્ત્રી – પુરુષ અસમાનતા હોવાના કારણે, સ્ત્રીનું સામાજિક સ્થાન નીચું છે. સ્ત્રી ઉપર પુરુષનું પ્રભુત્વ રહે છે. સ્ત્રીને જન્મથી મૃત્યુપર્યંત યાતનાના ભોગ બનવું પડે છે. વર્તમાન સમયમાં શિક્ષિત, વ્યવસાય કરતી સ્ત્રીઓ પણ પુરુષનાં રોષનો ભોગ બનવા લાગી છે. કુટુંબની પ્રતિષ્ઠા, પિયર પક્ષની ઓછી સધ્ધરતા, પોતાનાં સંતાનો પ્રત્યેનો લગાવ વગેરે સ્ત્રીને અત્યાચાર સહન કરવાની ફરજ પાડે છે. સ્ત્રી મૂંગે મોઢે પતિ કે પતિનાં કુટુંબીજનો દ્વારા થતી હિંસાને સહી લે છે. કેટલાંક કિસ્સામાં સહનશક્તિની હદ ઓળંગાઈ જતાં સ્ત્રી આત્મહત્યા કરી લેતી હોય છે. સ્ત્રીની આત્મહત્યાના અનેક કિસ્સા દૈનિકપત્રોમાં આવતા હોય છે. આમ, સ્ત્રીઓ પરનાં અત્યાચાર, ઘરેલું હિંસા એ વર્તમાન સમયની ગંભીર સામાજિક સમસ્યા છે.*

## 8.13 સ્વાધ્યાયના પ્રશ્નો :

(1) *ભારતની કેટલી વસ્તી ગામડામાં રહે છે?*

*(અ)* 70% *(બ)* 04 *(ક)* 90%

(2) *નીચેનું ક્યું પરિબળ સ્ત્રીનાં સ્થાન પરિવર્તનમાં અવરોધક બને છે?*

*(અ) પરંપરાઓ (બ) શિક્ષણ (ક) કાયદો*

(3) *કૌટુંબિક હિંસા એ સ્ત્રી વર્ગને સ્પર્શતી કેવી સમસ્યા ગણાવી શકાય?*

*(અ) સ્થાનિક (બ) પ્રાદેશિક (ક) વિશ્વવ્યાપી*

(4) *ઉષા શર્માના મતે હિંસા એટલે શું?*

*(અ) મેણું મારવું (બ) નિયંત્રણ અને દમન (ક) ગોંધી રાખવી*

(5) ઘરેલું હિંસાનાં કેટલાં પ્રકાર છે?
(અ) 04 (બ) 06 (ક) 08
(6) સ્ત્રી પર બળજબરી પૂર્વક દુષકૃત્ય આચરવું એ કેવા પ્રકારની હિંસા ગણાવી શકાય?
(અ) જાતીય (બ) આર્થિક (ક) ભાવાનાત્મક
(7) નીચેના પૈકી ક્યું કારણ ઘરેલું હિંસા માટે જવાબદાર છે?
(અ) કાયદો (બ) શિક્ષણ (ક) દહેજપ્રથા
(8) દાંપત્યજીવનમાં ક્યાં મૂલ્યને મહત્ત્વનું ગણવામાં આવ્યું છે?
(અ) જાતિય વફાદારી (બ) જાતીય હિંસા (ક) માનસિક હિંસા
(9) શિક્ષિત સ્ત્રીઓમાં નીચે પૈકી કઈ લાગણી જોવા મળે છે?
(અ) સ્વાભિમાનની (બ) અભિમાનની (ક) એક પણ નહી
(10) સ્ત્રીની બેવડી ભૂમિકા કઈ પરિસ્થિતિ ઊભી કરે છે?
(અ) સંઘર્ષની (બ) લઘુતાગ્રંથિની (ક) પરાધીનતાની

જવાબો (1) એ, (2) એ, (3) સી, (4) બી, (5) એ, (6) એ, (7) સી, (8) એ
(9) એ, (10) એ

**પ્રશ્નો:**

(1) ઘરેલું હિંસાનો અર્થ અને કારણો જણાવો.

(2) ઘરેલું હિંસા સ્ત્રીઓની સમસ્યા તરીકે સમજાવો.

(3) ઘરેલું હિંસાના પ્રકાર વર્ણવો.

## 8.14 સંદર્ભ સૂચિ :


- *દવે જે.કે., શાહ એ.જી. 'સામાજિક સમસ્યાઓ, અનડા પ્રકાશન, અમદાવાદ*
- *દવે જે.કે., 'કુટુંબનું સમાજશાસ્ત્ર', અનડા પ્રકાશન, અમદાવાદ*
- *ક્લાર્ક રાજસી, 'બંધારણમાં સ્ત્રીઓનો દરજ્જો સ્ત્રી સંસ્કૃતિની આધારશિલા' પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ*
- *ત્રિવેદી નલિની, દવે કાદમ્બરી, 'સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ, ઝાલા પ્રકાશન.*

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*


**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**સંપાદન :**

પ્રો.(ડો.) અમી ઉપાધ્યાય — નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

ડૉ. સંજય પટેલ — આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

ડૉ. પરેશ ચૌહાણ — આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

ડૉ. ભાગ્યશ્રી રાજપૂત — આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

**વિષય સમિતિ :**

ડૉ. સંજય પટેલ — આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ — પ્રોફેસર સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રો. (ડૉ.) મહેશ ગામિત — પ્રોફેસર, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફિસ, આશ્રમ રોડ, અમદાવાદ.

**પરામર્શન (વિષય) :**

પ્રો. (ડૉ.) જે. સી. પટેલ — અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ.

**લેખન :**

શ્રીમતિ પલ્લવિકા ભટ્ટ — આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કઠલાલ, જિ. ખેડા.

**ડૉ. સંદીપ સાંચલા** — આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કઠલાલ, ખેડા.

**પરામર્શન (ભાષા):**

ડૉ. ધ્વનિલ પારેખ — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા, ગુજરાત વિદ્યાપીઠ.

શ્રી ઘનશ્યામ ગઢવી — નિવૃત્ત આચાર્ય, શ્રીમતિ એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણા.

ડૉ. **દિવ્યેશ વ્યાસ** — આસિસ્ટન્ટ પ્રોફેસર, જર્નાલિઝમ એન્ડ માસ કમ્યૂનિકેશન ડિપાર્ટમેન્ટ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

**પ્રકાશન વર્ષઃ પ્રથમ આવૃત્તિ, 2021**

**ISBN: 978-93-92139-47-5**

**પ્રકાશકઃ કુલસચિવ(કાર્યકારી) ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**B.A. (Hons.)**
**ભારતમાં સામાજિક સમસ્યાઓ**
**(Social Problems In India)**
**SOMJ-201/SOMN-201**

# વિભાગ – 2


**એકમ ૯**

કૌટુંબિક સમસ્યા તરીકે છુટાછેડા,આંતરપેઢીય સંઘર્ષ, અંત:પેઢીય સંઘર્ષ

---

**એકમ ૧૦**

વૃદ્ધાવસ્થાની સમસ્યા

---

**એકમ ૧૧**

વિકાસાત્મક સમસ્યા:પ્રાદેશિક વિસંગતતા અને વિકાસ પ્રેરિત વિસ્થાપન

---

**એકમ ૧૨**

પરિસ્થિતિયશાસ્ત્રીય અધ:પતન અને પર્યાવરણ પ્રદુષણ

---

**એકમ ૧૩**

ઉપભોગતાવાદ અને નૈતિક મૂલ્યોનું પતન

---

**એકમ ૧૪**

વિઘટનલક્ષી પ્રશ્નો  અપરાધ અને ગુનાવૃત્તિ

---

**એકમ ૧૫**

શ્વેત ગુનાઓ અને ભ્રષ્ટાચાર

---

**એકમ ૧૬**

વ્યસન અને આત્મહત્યાની સમસ્યા

---

**એકમ ૧૭**

ભારતીય સમાજની સામાજિક સંસ્કૃતિક, આર્થિક અને રાજનૈતિક સમસ્યાઓ પ્રત્યેના દ્રષ્ટિકોણ

# વિભાગ પરિચય : વિકાસાત્મક સમસ્યા અને વિઘટનલક્ષી પ્રક્રિયાઓ

*'વિદ્યાર્થીમિત્રો, અગાઉના ભાગ-1માં સામાજિક સમસ્યાઓ વિશે સમજ મેળવ્યા બાદ પેપર-203ના વિકાસાત્મક સમસ્યા અને વિઘટનલક્ષી પ્રક્રિયાઓના બીજા ભાગમાં ભારતીય સામાજિક સમસ્યાઓ વિશે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી માહિતી મેળવીશું. જેમાં એકમ-9થી 17 સુધીનો સમાવેશ કરવામાં આવ્યું છે. નવમા એકમમાં કૌટુંબિક સમસ્યા તરીકે છૂટાછેડા, આંતરપેઢીય સંઘર્ષ, અંતઃપેઢીય સંઘર્ષની જાણકારી મેળવીશું. આ સમસ્યાઓ અમૂર્ત છે, કે જેને ભારતીય મૂલ્યો, પરંપરાગત માળખા પર તરાપ મારી છે, અનેક નવી સમસ્યાઓ જન્માવી છે, તે સંદર્ભે ચર્ચા કરીશું. વિદ્યાર્થીમિત્રો, માનવજીવનને મુખ્યત્વે બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એમ ચાર અવસ્થામાં વિભાજિત કરી છે. આમ તો પ્રત્યેક અવસ્થામાં માનવી કોઈને કોઈ વ્યક્તિગત, કૌટુંબિક, શારીરિક-માનસિક કે અન્ય કોઈપણ સમસ્યાઓનો સતત સામનો કરતો જ રહે છે. આ વિભાગના દસમા એકમમાં મુખ્યત્વે વૃદ્ધાવસ્થા, વૃદ્ધોની મુખ્ય સમસ્યાઓની માહિતી પ્રાપ્ત કરીશું.*

*વિદ્યાર્થીમિત્રો, આધુનિકતા તરફ ગતિ કરવાની સાથે માનવી વિકાસ અને વિનાશ એમ બંનેને નોતરું આપે છે. વિકાસ અને સમસ્યાત્મક પરિસ્થિતિ માનવીને નવી સમસ્યાઓમાં ધકેલી દે છે. આથી અગિયારમા એકમમાં વિકાસાત્મક સમસ્યાઃ પ્રાદેશિક વિસંગતતા અને વિકાસ પ્રેરિત વિસ્થાપનની સમજૂતી મેળવીશું. અનેક પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતન અને પર્યાવરણ પ્રદૂષણની ચર્ચા-વિચારણા બારમા એકમમાં કરવામાં આવી છે. માનવ વિકાસ શહેરીકરણ, ઉદ્યોગીકરણ, ટેક્નોલોજી, આધુનિક મૂલ્યોને પ્રોત્સાહન આપે છે, જે કારણે મૂડીવાદી-ગરીબ વર્ગ રચાય છે. ક્યારેક ચોરી, લૂંટફાટ, ભ્રષ્ટાચાર, સંગ્રહખોરી, ઉપભોગતાના બનાવોમાં વધારે બને છે. આ બાબતને ધ્યાનમાં રાખી તેરમા એકમમાં ઉપભોગતાવાદ અને નૈતિક મૂલ્યોના પતનની ચર્ચા કરીશું. અનેકવિધ સમસ્યાઓ સામે અસ્તિત્વ ટકાવી રાખવા માનવી કેટલેક અંશે ગુનાહિત પ્રવૃત્તિ તરફ ધકેલાય છે અને વિઘટનલક્ષી પ્રશ્નો - અપરાધ અને ગુનાવૃત્તિની સમસ્યાઓ વધે છે, જેની સમજૂતી ચૌદમા એકમ દ્વારા પ્રાપ્ત કરીશું. ગુનાઓ માત્ર ગરીબ કે મજબૂર લોકો જ નથી કરતા, પરંતુ હરિફાઈમાં ટકી રહેવા, સત્તા વધુ પ્રબળ બનાવવા મૂડીવાદી, હોદ્દેદાર વ્યક્તિઓ પણ ગુનાહિત પ્રવૃત્તિ કરે છે  જે વિશેની વિસ્તૃત માહિતી પંદરમા 'શ્વેત ગુનાઓ અને ભ્રષ્ટાચાર' વિષયના એકમમાં જોઈશું. ત્યારબાદ સોળમા એકમમાં વ્યસન અને આત્મહત્યાની સમસ્યાનાં મુખ્ય કારણો, પરિણામો અને સમસ્યાઓને નિવારવાનાં પગલાંઓ વિશે જાણકારી મેળવીશું. છેલ્લા સત્તરમાં એકમમા ભારતીય સમાજની સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક અને રાજનૈતિક સમસ્યાઓ પ્રત્યેના દ્રષ્ટિકોણ તપાસીશું.*

**એકમ : 9** **કૌટુંબિક સમસ્યા તરીકે છૂટાછેડા, આંતરપેઢીય સંઘર્ષ, અંતઃપેઢીય સંઘર્ષ**

**: રૂપરેખા :**

**9.0 ઉદ્દેશ્યો**
**9.1 પ્રસ્તાવના**
**9.2 કૌટુંબિક સમસ્યા તરીકે છૂટાછેડા સમસ્યા**
- **9.2.1 છૂટાછેડાનો અર્થ**
- **9.2.2 છૂટાછેડા,પૃથક્વાસ/પરિત્યાગ અને ન્યાયિક પૃથક્વાસ**
- **9.2.3 છૂટાછેડાની કાનૂની જોગવાઈઓ**
- **9.2.4 છૂટાછેડાનાં કારણો**
- **9.2.5 છૂટાછેડાની અસરો**

- **તમારી પ્રગતિ ચકાસો(ક)**

**9.3 કૌટુંબિક સમસ્યા તરીકે આંતર પેઢીય સંઘર્ષ,**
- **9.3.1 આંતરપેઢીય સંઘર્ષનો અર્થ**
- **9.3.2 આંતરપેઢીય સંઘર્ષનાં કારણો**
- **9.3.3 આંતરપેઢીય સંઘર્ષની અસરો**
- **9.3.4 આંતર પેઢીય સંઘર્ષ દૂર કરવાના ઉપાયો.**

- **તમારી પ્રગતિ ચકાસો(ખ)**

**9.4 કૌટુંબિક સમસ્યા તરીકે અંતઃ પેઢીય સંઘર્ષ**
- **9.4.1 અંતઃ પેઢીય સંઘર્ષનો અર્થ**
- **9.4.2 અંતઃ પેઢીય સંઘર્ષનાં કારણો**
- **9.4.3 અંતઃ પેઢીય સંઘર્ષની અસરો**

- **તમારી પ્રગતિ ચકાસો(ગ)**

**9.5 સારાંશ**
**9.6 શબ્દાવલી**
**9.7 બહુવિકલ્પીય પ્રશ્નો (જવાબો સહિત)**
**9.8 સ્વાધ્યાય**

- **સંદર્ભ સૂચિ.**

## 9.0 ઉદ્દેશ્યો :

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે-*

- *છૂટાછેડાની સમસ્યા, આંતરપેઢીય સંઘર્ષ અને અંત:પેઢીય સંઘર્ષના ખ્યાલની સમજૂતી મેળવી શકશો.*
- *આ ત્રેણય સમસ્યાઓ અંગે વિસ્તૃત જાણકારી મેળવી શકશો.*
- *આ ત્રણેય સમસ્યાના કારણો અને અસરોનું વર્ણન કરી શકશે.*
- *કૌટુંબિક સમસ્યા તરીકે છૂટાછેડા, આંતર પેઢીય સંઘર્ષ અને અંત:પેઢીય સંઘર્ષ અંગે ચર્ચા વિચારણા કરી શકશો .*

## 9.1 પ્રસ્તાવના :

*પ્રસ્તુત પ્રકરણમાં કૌટુંબિક સમસ્યા તરીકે છૂટાછેડા,આંતર પેઢીય સંઘર્ષ અને અંત:પેઢીય સંઘર્ષની ચર્ચા કરવામાં આવી છે.ઉપરોક્ત સમસ્યાઓ સમાજના કૌટુંબિક રચનાતંત્રીય માળખા સાથે સંકળાયેલી સમસ્યા છે જે કૌટુંબિક વિઘટનને પરિણામે ઉદ્દભવે છે.જે આધુનિક સમયમાં વિભિન્ન પરિબળોની અસર હેઠળ છૂટાછેડા, આંતર પેઢીય સંઘર્ષ અને અંત:પેઢીય સંઘર્ષનું પ્રમાણ વધતું જાય છે. જે કુટુંબ સંસ્થા પર ઘાતક અસરો નીપજાવે છે. પ્રસ્તુત પ્રકરણમાં આ ત્રણેય સમસ્યાઓના અર્થ તેના ઉદભવના કારણો અને પરિણામોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.*

## 9.2 કૌટુંબિક સમસ્યા તરીકે છૂટાછેડા સમસ્યાઃ

*વૈશ્વિક સ્તરે તેમ જ ભારતીય સમાજમાં લગ્ન સંસ્થા અને કુટુંબ સંસ્થા સાથે સંકળાયેલી સમસ્યાઓમાં છૂટાછેડાની સમસ્યા અગત્યની છે. રૂઢિવાદી વિચારસરણી મુજબ છૂટાછેડા ઈચ્છનીય મનાતા નથી. કારણ કે છૂટાછેડાના પરિણામે છૂટાછેડા લેનાર સ્ત્રી અને પુરુષની સાથે સાથે તેમના કુટુંબીજનો પર પણ વિઘાતક અસરો થાય છે. અને તેથી જ સામાન્ય રીતે દાંપત્ય જીવનમાં અનુકૂલન સાધવા પર ભાર મૂકવામાં આવે છે. આમ, છતાં છૂટાછેડાને અનિવાર્ય અનિષ્ટ ગણવામાં આવે છે. કારણ કે, છૂટાછેડાના માધ્યમ થકી દુ;ખદ લગ્નજીવનનો અંત આવે છે કેટલાંક લોકો છૂટાછેડાને કુટુંબના વિઘટનનું કારણ મને છે પરંતુ છૂટાછેડા કૌટુંબિક વિઘટનનું એક માત્ર પ્રતીક અથવા ચિહ્ન છે કારણકે કૌટુંબિક વિઘટનની શરૂઆત તો પતિ –પત્નીના દામ્પત્યજીવનમાં થતા સંઘર્ષોથી જ થઈ જાય છે અને છૂટાછેડા એ કુટુંબનું અંતિમ સ્વરૂપે વિઘટન દર્શાવે છે. કેટલાંક લોકો છૂટાછેડાને વ્યક્તિગત ઘટના માને છે. કારણ કે તે વ્યક્તિગત સંબંધો સાથે સંકળાયેલી બાબત છે. પરંતુ તે દ્દષ્ટિકોણ યોગ્ય નથી કારણ કે, છૂટાછેડાનાં પરિણામો, કૌટુંબિક સમસ્યાઓ અને કૌટુંબિક વિઘટન સ્વરૂપ ધારણ કરે છે. જેથી છૂટાછેડાને કૌટુંબિક વિઘટનનું એક રૂપ માનવું જ યોગ્ય છે.*

**9.2.1 છૂટાછેડાનો અર્થ :**

*લગ્નથી સ્ત્રી અને પુરુષને પતિ અને પત્ની તરીકેનો દરજ્જો પ્રાપ્ત થાય છે. જ્યારે છૂટાછેડાના માધ્યમથી પતિ-પત્ની તરીકેના આ દરજ્જાનો અંત આવે છે. એટલે કે લગ્ન સંબંધોનો અંત થાય છે જ્યારે પતિ અને પત્ની વચ્ચેનું વૈવાહિક જીવન સંઘર્ષભર્યું અને ત્રાસદાયી બનવા લાગે ત્યારે બંનેના વૈવાહિક સંબંધોનો કાનૂની અને સામાજિક રીતે અંત લાવવામાં આવે ત્યારે તેને છૂટાછેડા કહેવામાં આવે છે.સામાન્ય રીતે છૂટાછેડા એક દુ:ખદાયક અને કષ્ટદાયક સ્થિતિ છે કારણ કે તેના થકી પતિ –પત્ની વચ્ચેના પારસ્પરિક વિશ્વાસ, શ્રદ્ધા અને પ્રેમનો અંત આવે છે.*

*છૂટાછેડા માટે અંગ્રેજીમાં* 'Divroce` *શબ્દ પ્રચલિત છે.* 'Divroce` *શબ્દ લેટીન ભાષાના* 'Divortium' (Distvertere) *શબ્દથી બનેલો છે. જેનો અર્થ થાય છે 'અલગ થવું '* Sanctuary and Whitechead *(સેન્ચુરી અને વ્હાઈટહેડ) ના શબ્દોમાં કહીએ તો 'છૂટાછેડા એ એવી અપેક્ષાઓની સમાપ્તિ છે જે દંપતી એકબીજા પ્રત્યે રાખતા હોય છે તે એવું પ્રમાણપત્ર છે. કે તેમનો સંબંધ પૂરો થઈ ગયો છે* Encyelopedia of Britanica*માં તેને લગ્નસંબંધના તૂટી જવાના અર્થમાં દર્શાવ્યો છે ગુજરાતી ભાષામાં છૂટાછેડાનો શાબ્દિક અર્થ જોઈએ તો,હિન્દુ લગ્નસંસ્થામાં લગ્ન સમયે સપ્તપદી વખતે સ્ત્રી અને પુરુષના ઉપવસ્ત્રોના ગઠબંધનથી તેમની વચ્ચે પતિ –પત્નીના સંબંધોનું સ્થપાન થાય છે. અને તેથી જ આ સંબંધોના વિચ્છેદને છૂટાછેડા તરીકે ઓળખવામાં આવે છે.*

*આમ, છૂટાછેડા એ સંપૂર્ણ રીતે દાંપત્યજીવવનો અંત છે.જે વૈવાહિક જીવનની નિષ્ફળતા સૂચવે છે, છૂટાછેડા લીધેલ સ્ત્રી-પુરુષ પતિ કે પત્ની તરીકેના દરજ્જાથી મુક્ત બને છે તેમજ છૂટાછેડા લીધા બાદ તેઓ પરસ્પર પતિ કે પત્નીના હક્ક ભોગવવા કે ફરજો નિભાવવા અદા કરવા બંધાયેલા હોતા નથી. આવી વ્યકિત ફરીથી પોતાની પહેલા જેવી સ્થિતિમાં આવી જાય છે અને લગ્ન માટે સ્વતંત્ર હોય છે.*

**9.2.2 છૂટાછેડા,પૃથકવાસ/પરિત્યાગ અને ન્યાયિક પૃથક્વાસ** *ની સમજ મેળવવી પણ આવશ્યક છે આગળ આપણે જોયું તેમ છૂટાછેડા એ દામ્પત્યજીવનનો અંત દર્શાવે છે જ્યારે પૃથક્વાસ કે ન્યાયિક પૃથક્વાસ એ દામ્પત્યજીવનમાં પતિ-પત્ની એકબીજા સાથે પારસ્પરિક અનુકૂલન ના સાધી શકે ત્યારે પૃથકવાસની સ્થિતિ ઉદ્દભવે છે પૃથકવાસનો અર્થ એક પક્ષ દ્વારા બીજા પક્ષને છૂટાછેડા લીધા વગર ત્યજી દેવું એવો થાય છે જેમાં લગ્નની જવાબદારીથી ભાગી જવાની વૃતિ હોય છે. તેમ જ આ વિભાવનામાં પતિ દ્વારા પત્નીના ત્યાગનો જ નહી પરંતુ પત્ની દ્વારા પતિના ત્યાગનો સમાવેશ પણ થાય છે. જેને સામાન્ય શબ્દોમાં પરિત્યાગ પણ કહે છે. પૃથકવાસથી પતિને ત્યકત તરીકેનો અને પત્નીને ત્યકતા તરીકેનો દરજ્જો મળે છે. જેમાં કામ ચલાઉ ધોરણે પતિ-પત્ની વચ્ચેના લગ્નસંબંધો કે કુટુંબીજનોના હસ્તક્ષેપથી તે પુન:સ્થાપિત થાય તેવા સંજોગો પણ સંભવી શકે છે. જેથી તેને લગ્નજીવનમાં અંત નહિ પરંતુ લગ્નજીવનનું ભંગાણ કહેવામાં આવે છે ન્યાયિક પૃથક્વાસએ છૂટાછેડાની દિશામાં પ્રથમ પગથિયું છે. પતિ –પત્ની વચ્ચે જ્યારે સતત ઝઘડા*

*અને સંઘર્ષ ચાલ્યા કરતા હોય અને બંનેનું સાથે રહેવું મુશ્કેલ હોય તેવા સંજોગોમાં પતિ કે પત્ની અલગ નિવાસ માટે કોર્ટમાં અરજી કરે છે. અને કેટલાંક યોગ્ય કારણોસર કોર્ટ તેની અરજી સ્વીકારી તેમને અલગ રહેવાની મંજૂરી આપે છે જેને ન્યાયિક પૃથક્વાસ કહેવાય .અહી લગ્ન સંબંધોનો સંપૂર્ણ અંત આવતો નથી પરંતુ આ દરમ્યાન પતિ કે પત્ની તેમના પતિ-પત્ની તરીકેનો હક્કો ભોગવી શકતા નથી. મહદઅંશે ન્યાયિક પૃથક્વાસ છૂટાછેડા માટેની પૂર્વાઅવસ્થા બની રહે છે જયારે કયારેક બંને પક્ષોમાં સમાધાન થતા લગ્નજીવન પુનઃસ્થાપિત થાય તેવું પણ બને છે.*

**9.2.3 છૂટાછેડાની કાનૂની જોગવાઈઓ***:*

*ભારત બિનસાંપ્રદાયિક દેશ છે અહી વિભિન્ન ધાર્મિક સમુદાયો વસવાટ કરે છે.આથી જુદા જુદા ધાર્મિક સમુદાયો માટે લગ્ન અને છૂટાછેડાને લગતા જુદા –જુદા કાયદાઓ છે.*

**1954નો સ્પેશ્યલ મેરેજ એકટ:**

*આ કાયદો સમગ્ર ભારતના નાગરિકોને લાગુ પડે છે. આ કાયદા હેઠળ લગ્નની નોંધણી કરાવી પતિ-પત્ની તરીકેનો લગ્ન સંબંધ સ્થાપિત કરી શકાય છે. તો સાથે સાથે આ કાયદા દ્વારા પતિ-પત્ની બંનેને છૂટાછેડાનો સમાન અધિકાર મળે છે. આ કાયદા મુજબ પતિ-પત્ની બંને પારસ્પરિક સંમતીથી છૂટાછેડા લઈ શકે છે.*

**1955નો હિન્દુ લગ્નનો કાયદો***:*

*આ કાયદો સમગ્ર ભારતના હિન્દુઓ, બૌદ્ધો, શીખો અને જૈનોને લાગુ પડે છે. ઉપરાંત,ધર્મથી જેઓ મુસ્લિમ,ખ્રીસ્તી,પારસી કે યહુદી ન હોય તેવા લોકોને પણ આ કાયદો લાગુ પડે છે. અનુસૂચિત જનજાતિના લોકોને આ કાયદો લાગુ પડતો નથી. આમ છતાં કેટલાક કિસ્સામાં કેન્દ્ર સરકારે નોટીફીકેશન દ્વારા લાગુ પાડ્યો હોય તેવી અનુસૂચિત જનજાતિને આ કાયદો લાગુ પડે છે આ કાયદા મુજબ પતિ કે પત્ની નીચેનાં સંજોગોમાંથી કોઈપણ એક કે વધુ કારણસર છૂટાછેડા મેળવી શકે છે.*

1. *સામો પક્ષ વ્યભિચારના ગુના માટે અપરાધી હોય.*
2. *સામો પક્ષ ધર્મપરિવર્તન કરીને હિન્દુ મટી ગયો હોય.*
3. *અરજી કર્યાના ત્રણ વર્ષ પહેલાથી સામોપક્ષ પાગલ થઈ ગયો હોય કે ઈલાજથી સુધરી શકે તેમ ન હોય.*
4. *સામોપક્ષ ત્રણ વર્ષથી કોઢના ભયંકર રોગથી પીડાતો હોય અથવા કોઈ ચેપી ગુપ્ત રોગથી પીડાતો હોય.*
5. *સામોપક્ષ શારીરિક કે માનસિક ક્રૂરતા આચરતો હોય.*
6. *સામોપક્ષ સંન્યાસી થઈ ગયો હોય.*
7. *સામોપક્ષ જીવિત હોવાના સાત વર્ષથી કોઈ સમાચાર ન હોય.*

*ન્યાયિક પૃથક્વાસ મળ્યા પછી બે વર્ષ કે તેથી વધુ સમય સુધી સામા પક્ષે સહવાસ શરૂ કર્યો ન હોય અથવા લગ્નના અધિકારો પુનઃસ્થાપિત કરવાના અદાલતના હુકમનું સામાપક્ષે પાલન ન કર્યું હોય વગેરે.*

*મુસ્લિમ ધર્મમાં છૂટાછેડાનીમાટે તલાક, ખુબા અને મુબરત નામની પ્રથાઓ પ્રચલિત છે. પતિ દ્વારા પત્નીને છૂટાછેડા આપવામાં આવે તેને તલાક,પત્ની દ્વારા પતિને છૂટાછેડા આપવામાં આવે તેને ખુલા અને બંનેની પારસ્પરિક સંમતીથી થતા છૂટાછેડાને મુબારત કહેવામાં આવે છે. પતિ દ્વારા પત્નીને અપાતા છૂટાછેડામાં સતલકે અહસન,તલાકે હસન અને તલાકે-ઉલ-બિદ્દત નામની પ્રથાઓ પ્રચલિત છે. હાલમાં* The Muslim Women (Protection of Rights On Marriage ) Act -2019 *દ્વારા તલાકે –ઉલ-બિદ્દત કે ત્રણ તલાકથી ઓળખાતી પ્રથાને ગેરકાનૂની ઠરાવી મુસ્લિમ સ્ત્રીઓને છૂટાછેડા સામે રક્ષણ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત મુસ્લિમ સ્ત્રીને લગ્નમાં છૂટાછેડાનો કાયદો* 1939 *અંગે વિશેષાધિકાર આપવામાં આવ્યા છે.*

*ખ્રિસ્તી ધર્મમાં છૂટાછેડા માટે* 1869 *નો ભારતીય છૂટાછેડાનો કાયદો લાગુ પડે છે જે મુજબ નીચેના કારણોસર છૂટાછેડા મળી શકે છે.*

*પત્ની નીચેનાં સંજોગોમાં છૂટાછેડા મેળવી શકે છે.*

*-ધર્મપરિવર્તન*

*-વ્યભિચાર કે અન્ય સ્ત્રી સાથે લગ્ન*

*-બળાત્કાર,કુદરત વિરુદ્ધનું કૃત્ય અથવા પશુગમન*

*-પારસ્પરિક સંમતી*

*-પતિ બે વર્ષ કરતા વધુ સમયથી અસ્થિર મગજ ધરાવતો હોય કે જેનો ઈલાજ થઈ શકતો ન હોય વગેરે*

*પારસી ધર્મમાં છૂટાછેડા માટે* 1936 *નો પારસી લગ્ન અને છૂટાછેડાનો કાયદો અમલમાં હતો. જેને* 1988*માં સુધારવામાં આવ્યો.*1988*ના પારસી લગ્ન અને છૂટાછેડાના સુધારેલા કાયદામાં લગ્ન અને છૂટાછેડા માટેની જોગવાઈઓ* 1955*ના હિન્દુ લગ્નના કાયદા જેવી બનાવવામાં આવી છે*

*યહુદીમાં લગ્ન અને છૂટાછેડા અંગેનું નિયમન તેમના ધર્મના કાયદા મુજબ થાય છે જેમાં વ્યભિચાર કે ક્રૂરતાના પાયા પર છૂટાછેડા લઈ શકાય છે.*

**9.2 4 છૂટાછેડાનાં કારણોઃ**

*છૂટાછેડાની સમસ્યાના ઉદ્દભવના કારણો નીચે મુજબ જોઈ શકાય છે.*

**(1) કેટલીક સામાજિક પ્રથાઓ :**

*ઘણીવાર કેટલીક સામાજિક પ્રથાઓ જેવી કે, દહેજપ્રથા,બાળલગ્ન,માં-બાપ યોજિત લગ્ન,સંયુક્ત કુટુંબપ્રથા વગેરે છૂટાછેડા માટેનું કારણ બની રહે છે. દહેજ પ્રતિબંધક કાનૂન હોવા છતાં, હજી પણ કેટલીક જ્ઞાતિઓમાં દહેજપ્રથા પ્રચલિત છે જે*

*મુજબ કન્યાપક્ષે વરપક્ષને રોકડ રકમ કે ચીજવસ્તુ સ્વરૂપે દહેજ ચૂકવવાનું હોય છે. જેના પરિણામે વરપક્ષ માટે પત્ની કે પુત્રવધૂ આવકનું સાધન બની રહે તેવી સ્થિતિ પણ સર્જાતી હોય છે. અને તે અવાર-નવાર પિયરથી ચીજવસ્તુઓ લાવે તેવી અપેક્ષા સેવાતી હોય છે. આવી અપેક્ષા ના સંતોષાતા લગ્નજીવનમાં સંઘર્ષ ઉદ્દભવે છે અને તે છૂટાછેડા તરફ દોરી જાય છે. બાળલગ્ન તેમ જ માં-બાપ યોજિત લગ્નોમાં વ્યક્તિને જીવનસાથી પસંદ કરવાનો અવકાશ મળતો નથી જેથી દામ્પત્યજીવનમાં અનુકૂલન સાધવાના પ્રશ્નો ઉદ્દભવે છે કેટલીકવાર કજોડાં લગ્નો પણ થતા હોય છે. જેનાથી લગ્નજીવનમાં અસંતોષ અને સંઘર્ષ ઉદ્દભવે છે જે કયારેક છૂટાછેડામાં પરિણમે છે. સંયુક્ત કુંટુંબપ્રથાને કારણે લગ્ન કૌટુંબિક વિષય બની જાય છે. લગ્ન બાદ સ્ત્રીને કુંટુંબના પ્રત્યેક વ્યક્તિની અપેક્ષાઓ અનુસાર પોતાનું જીવન ગોઠવવાનું હોય છે આ અપેક્ષાઓ પરિપૂર્ણ ના થતા કૌટુંબિક સંઘર્ષ અને તેના પરિણામે ઘણી વખત દામ્પત્યજીવનમાં પણ વિખવાદ શરૂ થાય છે. જે દંપતીને છૂટાછેડા તરફ દોરી જાય છે.*

**(2) બદલતા સામાજિક મૂલ્યોઃ**

*આધુનિક સમયમાં વિભિન્ન પરિબળોની અસર હેઠળ સ્ત્રી-પુરુષ સમાનતા અને સ્વતંત્રતાનાં મૂલ્યો વિકાસ પામ્યા છે. જેના પરિણામ સ્વરૂપે સ્ત્રી અને પુરુષ બંને તેમના વ્યક્તિગત જીવનમાં સ્વાતંત્ર્ય અને સમાનતાં ઝંખે છે. તેમાંય સ્ત્રી સ્વાતંત્ર્ય અને સમાનતાના મુલ્યો ભારતીય પરંપરાગત પિતૃસત્તાક વ્યવસ્થાનાં મૂલ્યોના સંઘર્ષમાં આવે છે.જેના પરિણામે દામ્પત્યજીવન ડહોળાય છે. જે કેટલીકવાર છૂટાછેડા તરફ દોરી જાય છે. તદુપરાંત, છૂટાછેડા પ્રત્યે સમાજનો જે દ્રષ્ટિકોણ હતો તે પણ હવે બદલાયો છે. હવે છૂટાછેડાને સામાન્ય ઘટના તરીકે સ્વીકારવામાં આવે છે. જેથી દંપતીને છૂટાછેડા લેતા સમયે કોઈ ગંભીર સામાજિક ઉપેક્ષાનો સામનો કરવાનો ભય સતાવતો નથી. જે બાબત સમાજમાં છૂટાછેડાનું પ્રમાણ વધવા માટેનું એક પરિબળ બની રહે છે.*

**(3) વંધ્યત્વ અને નપુંસકતા :**

*ભારતીય સંસ્કૃતિમાં પ્રજોત્પાદનને લગ્ન કરવા માટેના પ્રમુખ ઉદ્દેશ્ય તરીકે સ્વીકારવામાં આવે છે જેથી આ હેતુ સિદ્ધ ન થઈ શકે તેવા સંજોગો એટલે કે વંધ્યત્વ કે નપુંસકતાની પરિસ્થિતિ મહદઅંશે છૂટાછેડા તરફ દોરી જાય છે. ઉપરાંત,પુત્રજન્મને વિશેષ મહત્ત્વ આપવામાં આવતું હોવાથી ઘણીવાર પુત્રીઓને જન્મ આપતી સ્ત્રી સાથે લગ્નસંબંધનો અંત લાવવામાં આવે તેવા કિસ્સા પણ જોવા મળે છે.*

**(4) સ્ત્રીનું આર્થિક અશકિતકરણ :**

*આધુનિક સ્ત્રી આર્થિક રીતે સ્વાવલંબી અને આત્મનિર્ભર બનતી જાય છે. વળી, કાયદાકીય રીતે પણ તે મિલકતની વારસદાર તેમ જ ભરણપોષણની અધિકારી બની છે. સ્ત્રીનું આ આર્થિક શકિતકરણ તેનામાં આત્મવિશ્વાસ અને આત્મસન્માનની ભાવનાને વધારે છે જયારે પિતૃસત્તાક વ્યવસ્થામાં સ્ત્રીની આ ભાવના સંઘર્ષ નું કારણ બની રહે છે અને ઘણીવાર છૂટાછેડા તરફ દોરી જાય છે.*

**(5) પતિ-પત્નીના મૂળકુટુંબનો દરજ્જા તફાવત :**

*પતિ અને પત્ની માટે તેમના માતા-પિતાનું કુટુંબ તેમનું મૂળકુટુંબ કહેવાય છે સામાન્ય રીતે સમાજમાં લગ્ન માટે સમોવાડીયા કુટુંબને જ પ્રાધાન્ય અપાય છે.આમ છતાં,અધિલગ્ન પ્રથા મુજબ કન્યાને ઊંચા કુળમાં પરણાવી એ પ્રતિષ્ઠારૂપ માનવામાં આવે છે. આમ ઘણીવાર સામાજિક કે આર્થિક દરજ્જા ભેદ ધરાવતા કુટુંબો વચ્ચે લગ્નસંબંધ બંધાતા બે કુટુંબો વચ્ચેનો દરજ્જાભેદ કૌટુંબિકવિખવાદનું કારણ બને છે અને કેટલીકવાર છૂટાછેડામાં પરિણમે છે.*

**(6) સામાજિક ગતિશીલતાઃ**

*આધુનિક સમયમાં સામાજિક ગતિશીલતા પણ છૂટાછેડા માટેનું એક કારણ બને છે પતિ કે પત્નીનું નોકરી કે અન્ય કારણોસરનું સ્થળાંતર તેમની વચ્ચે ભૌતિક અંતર ઊભું કરે છે અને જાતીયજીવનની સમસ્યાઓ ઉદ્દભવે છે જે છૂટાછેડામાટેનું કારણ બને છે. તો સાથેસાથે લગ્ન બાદ પતિ કે પત્ની બેમાંથી એક કોઈ કાર્યસિદ્ધિ દ્વારા ઉચ્ચ સામાજિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે અને બીજું તેના તે જ સામાજિક સ્થાન પર હોય તે સમયે તેમની વચ્ચે સામાજિક અંતર વધી જતું હોય છે જે છૂટાછેડા માટેનું કારણ બની રહે છે.*

**(7) નૈતિક અધઃપતન :**

*ઉપભોગવાદી માનસિકતા ને પરિણામે સમાજનું નૈતિક અધઃપતન થવા લાગ્યું છે જેની અસર હેઠળ સમાજમાં જીવનસાથી પ્રત્યેની વફાદારીનું મૂલ્ય ઘટતું જાય છે. તેમજ લગ્નેત્તર સંબંધોમા વધારો થતો જાય છે. લગ્નસંબંધ પારસ્પરિક પ્રેમ, શ્રદ્ધા અને વફાદારી પર ટકેલો હોય છે જે લગ્નેત્તર સંબંધોને પરિણામે તૂટી પડે છે. નૈતિક અધઃપતનને પરિણામે પરસ્ત્રીગમન,પરપુરુષગમન ,પશુગમન, બળાત્કાર વગેરે જેવી સમસ્યાઓનું પ્રમાણ પણ દિવસેને દિવસે વધતું જાય છે. જે છૂટાછેડા માટેનું એક પરિબળ બની રહે છે.*

**(8) જીવનસાથી પાસેથી વધુ પડતી અપેક્ષાઓઃ**

*કેટલીકવાર જીવનસાથી પાસેથી વધુ પડતી અપેક્ષાઓ પણ છૂટાછેડાનું કારણ બને છે. ટેલિવિઝન જેવા માધ્યમોમાં દર્શાવાતા કાલ્પનિક જીવનની અસરને પરિણામે કેટલાંક લોકો કાલ્પનિક જગતમાં રાચે છે અને વાસ્તવિક જીવનમાં પણ જીવનસાથી પાસેથી એ બધી જ અપેક્ષાઓ રાખે છે. જે તેમની કલ્પના મુજબની હોય.આવી અપેક્ષાઓ પૂરી ન થતા લગ્નજીવન સંઘર્ષમાં પરિણમે છે અને કયારેક છૂટાછેડા તરફ દોરી જાય છે.*

**(9) જાતીય અસંતોષ :**

*જાતીય સંબંધો એ માનવીનીદૈહિક જરૂરિયાત છે. જેની પૂર્તિ લગ્ન સંસ્થા દ્વારા કરવામાં આવે છે. જયારે લગ્ન દ્વારા આ આ જરૂરિયાત પૂર્તિ યોગ્ય રીતે ન થઈ શકે ત્યારે દાંમ્પત્યજીવનમાં અસંતોષ વ્યાપે છે અને તે છૂટાછેડા માટેનું કારણ બને છે.*

*આ ઉપરાંત,ઉદ્યોગિકરણ શહેરીકરણ, પ્રણયભાવના, લગ્ન અને કુટુંબ અંગેનું ખામીભર્યું સામાજીકરણ જેવા કેટલાંક પરિબળો પણ તે છૂટાછેડા માટે કારણરૂપ બને છે તેવું સંશોધનો દ્વારા જાણવામાં આવ્યું છે.*

**9.2.5 છૂટાછેડાની અસરો:**

*છૂટાછેડા દંપતિને સંઘર્ષમાંથી લગ્નજીવનમાંથી છુટકારો તો ચોક્કસપણે આપે છે. પરંતુ તેનાં પરિણામો દુ:ખદ અને કષ્ટદાયક બની રહે છે જે છૂટાછેડા લીધેલ વ્યક્તિ પર,તેમના કુટુંબ પર અને સમાજ પર કેટલીક વિપરીત અસરો નીપજાવે છે જે નીચે મુજબ છે.*

**A. છૂટાછેડાની છૂટાછેડા લીધેલ વ્યકિત પર થતી અસરો:**

*છૂટાછેડાની ઘટના દંપતીમાં પ્રેમ,વિશ્વાસ ,શ્રદ્ધા અને લાગણીઓનો અંત લાવે છે તે વ્યકિતને અસ્વીકૃતિ,અપમાન,તિરસ્કાર અને પીડાનો અનુભવ કરાવે છે. જેથી છૂટાછેડા લીધેલ વ્યકિત મહ્દઅંશે હતાશા-નિરાશા, લઘુતાગ્રંથિ અને એકલતાનો શિકાર બને છે. છૂટાછેડા વ્યકિતના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર વિપરીત અસર કરે છે. સમાજમાં છૂટાછેડા અનિચ્છનીય ગણાતા હોવાથી છૂટાછેડા લીધેલ વ્યકિતનું સામાજિક સ્થાન પણ નીચું આવતું હોય છે. છૂટાછેડા લીધેલ વ્યકિત તરફ સમાજ શંકાશીલતાનું વલણ ધરાવે છે. જે વ્યકિતના વ્યકિતત્વને અસર કરે છે. છૂટાછેડા લીધેલ વ્યકિતના જાતીય જીવનની સમસ્યાઓ પણ ઉદ્દભવે છે જે તેમને વ્યભિચાર, વેશ્યાગમન કે બીજી વિકૃતિઓ તરફ દોરી જાય છે. છૂટાછેડા લીધેલ વ્યકિતના લાંબા સમય સુધી પુનઃલગ્ન ન કરવામાં આવે અને જાતીય જીવનનો અસંતોષ રહે તો તેનામાં અનેક વિકૃતિઓ પેદા થવાથી સંભાવના રહે છે. છૂટાછેડા લેનાર સ્ત્રીના ભરણપોષણના પ્રશ્નો પણ ઉદ્દભવે છે ઘણીવખત કાનૂની જોગવાઈ મુજબ સ્ત્રીને ભરણપોષણની રકમ મળતી હોય પરંતુ તે તેના અને તેના બાળકના ભરણપોષણ માટે પૂરતી ન થઈ રહે તેવા સંજોગોમાં તેને સતત આર્થિક સંકડામણનો સામનો કરવો પડે છે. છૂટાછેડા લીધા બાદ બીજા લગ્ન કરવા સંદર્ભે પણ ઘણા પ્રશ્નો સર્જાય છે. અમુક ઉંમર કરતા મોટી ઉંમરની વ્યકિતને બીજા લગ્ન માટે જલ્દીથી પાત્ર મળી રહેતું નથી તેમ જ સંતાનની માતા હોય તેવી સ્ત્રીના માટે પણ બીજા લગ્નનો વિકલ્પ અત્યંત મુશ્કેલ બની રહે છે. આમ, છૂટાછેડા વ્યકિત માટે દુ:ખદ ઘટના બની રહે છે.*

**(B) છૂટાછેડાની કુટુંબ પર થતી અસરો:**

*છૂટાછેડાને પરિણામે ભગ્ન કુટુંબો સર્જાય છે જે બાળઉછેરની સમસ્યાઓ સર્જે છે માતા કે પિતાના અભાવને પરિણામે બાળકનું સામાજીકરણ ખામીયુક્ત બની રહેવા પામે તેવું પણ કેટલાક કિસ્સાઓમાં નોંધાયું છે. છૂટાછેડા પ્રત્યે સમાજમાં એક પ્રકારની સૂગ વર્તાતી હોય છે. જેના પરિણામે છૂટાછેડા થયેલ કુટુંબની સામાજિક પ્રતિષ્ઠામાં ઘટાડો થાય છે છૂટાછેડા થયેલ કુટુંબના અન્ય કુંવારા સભ્યોના લગ્નમાં પણ તેના કારણે વિક્ષેપ ઊભો થાય છે. છૂટાછેડા લીધેલ સ્ત્રી તેના પિતાના કે ભાઈના ઘરમાં આવીને વસવાટ કરે ત્યારે*

*લાંબાગાળે કૌટુંબિક સંઘર્ષો પણ ઉદ્દભવતા હોય છે. આમ, છૂટાછેડા માત્ર બે વ્યક્તિઓ પર નહિ પરંતુ સમગ્ર કુટુંબ પર વિપરીત અસર નીપજાવે છે.*

**(C) છૂટાછેડાની સમાજ પર થતી અસરોઃ**

*છૂટાછેડાનું વધતું જતું પ્રમાણ લગ્નસંસ્થા તરફ અવિશ્વાસ પેદા કરે છે જેને પરિણામે લીવ-ઈન-રીલેશનશીપ,લેસ્બિયન રીલેશનશીપ,ગે રીલેશનશીપ જેવી વ્યવસ્થા વિકસે છે જે લગ્નસંસ્થા માટે ખતરારૂપ છે. છૂટાછેડાના પરિણામે સમાજમાં ભગ્ન કુટુંબોનું પ્રમાણ પણ વધે છે. જે કુટુંબવ્યવસ્થા માટે ઈચ્છનીય નથી. વળી,તેનાપરિણામે બાળઉછેરની સમસ્યાઓ પણ ઉદભવે છે. જે સમાજની નવી પેઢીમાં સામાજીકરણના પ્રશ્નો સર્જે છે. છૂટાછેડાને પરિણામે ઉદ્ભવતો જાતીય અસંતોષ વેશ્યાવ્યવસાય અને વ્યભિચાર જેવી સામાજિક સમસ્યાને પ્રોત્સાહન આપે છે.*

*આમ, છૂટાછેડા સંઘર્ષમય કુટુંબજીવનનો અંત હોવા છતાં,તેની વિપરીત અસરોનું ફલક પણ વિશાળ છે. તેથી જ છૂટાછેડાને અનિવાર્ય અનિષ્ટ કહેવામાં આવે છે.*

**તમારી પ્રગતિ ચકાસો(ક)**

*નોંધ:* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*

(2) *એકમના અંતે આપેલા જવાબ સાથે તમારા જવાબ સરખાવો*

1. *છૂટાછેડા એટલે શું? ત્રણ લીટીમાં સમજાવો.*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2.*સાચું જોડકું પંસદ કરો.*

| | |
|---|---|
| *(અ) પૃથકવાસ* | ( I ) 1954 |
| *(બ) છૂટાછેડા* | (II) *દામ્પત્યજીવનમાં ભંગાણ* |
| *(ક)સ્પેશ્યલ મેરેજ એક્ટ* | (III) 1955 |
| *(ડ) હિન્દુ લગ્નનો કાયદો* | (IV) *દામ્પત્યજીવનનો અંત* |

## 9.3 કૌટુંબિક સમસ્યા તરીકે આંતરપેઢીય સંઘર્ષ :

*લિંગ વર્ગ,જ્ઞાતિ વગેરેની માફક વય એટલે કે ઉમરના તફાવતો પણ સમાજજીવનમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે આંતરપેઢીય સંઘર્ષ એ વયજૂથ સાથે સંબંધિત સમસ્યા છે. જેને કૌટુંબિક, સામુદાયિક કે સામાજિક સ્તર પર જોઈ શકાય છે. આ સમસ્યાનો ઈતિહાસ બહુ જૂનો નથી. કેટલાક વિદ્વાનોનું કહેવું છે કે પ્રાચીન સમયમાં આ સમસ્યા નહિવત હતી કારણ કે તે સમયે સામાજિક પરિવર્તનો અત્યંત ધીમા હતા જેથી બે*

*જુદી-જુદી પેઢી એટ્લે કે પિતા અને પુત્રના સામાજિક પરિવેશમાં બહુ તફાવત જોવા મળતો નહોતો. આવનાર બધી જ પેઢીનું સમાજજીવન જાણે જૂની પેઢીનાં મૂલ્યો, આદર્શો, રીતિ-રિવાજો, રહેણી-કરણી, મનોવૃત્તિઓનું અનુકરણ બની રહેતું પરંતુ આધુનિક સમયમાં સમાજ ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યો છે. બે પેઢી વચ્ચે ઉમરના તફાવતોની સાથે-સાથે સામાજિક-સાંસ્કૃતિક તફાવતો સર્જે છે. આ તફાવતો બે પેઢી વચ્ચે સામાજિક-સાંસ્કુતિક અંતર ઊભું કરે છે. જેને પેઢીગાળો પણ કહેવામાં આવે છે. જે આંતરપેઢીય સંઘર્ષનું કારણ બની રહે છે.*

### 9.3.1 આંતર પેઢીય પેઢીનો સંઘર્ષનો અર્થ

*આંતરપેઢીયનો સંઘર્ષને વ્યાખ્યાયિત કરતાં પહેલા આપણે પેઢી અને પેઢી અંતરની વિભાવનાને સમજી લઈએ. પેઢી એટલે એક જ યુગમાં કે સમાન કહી શકાય તેવા સમયગાળામાં જન્મેલી વ્યક્તિઓનો સમગ્ર પેઢી અંતર એટલે જૂની અને નવી, બે પેઢી વચ્ચેના સામાજિક-સાંસ્કૃતિક ભેદભાવના કારણે વિકસતો વિચારસરણી, મૂલ્યો અને રહેણી-કરણીનો તફાવત. જેને પેઢીગાળો પણ કહેવાય છે. દા.ત. માતા-પિતા અને તેમના સંતાનોની વિચારસરણી અને જીવનરીતોમાં જે તફાવત જોવા મળે છે તેને પેઢીઅંતર કહેવાય. આંતરપેઢીય સંઘર્ષ બે પેઢીઓમાં કોઈને કોઈ વાતને લઈને જોવા મળતો મતભેદ કે વિરોધ છે. આધુનિક વિશ્વમાં આંતર પેઢી સંઘર્ષનું પ્રમાણ વધતું જાય છે. તેમાં પણ વિકસિત અને વિકાસશીલ દેશોમાં આ સમસ્યા વિકટ સ્વરૂપ ધારણ કરી રહી છે.*

*આંતરપેઢીય સંબંધ એ એવો સંઘર્ષ છે જે માત્ર મતભેદ કે જુદી-જુદી વૈચારિક પૃષ્ઠભૂમિને પરિણામે ઉદભવે છે જેમાં બીજાનો વિનાશ કરવાનો કે અહિત કરવાનો હેતુ રહેલો હોતો નથી. તેથી આ સંઘર્ષ તેની ચરમસીમા સુધી ભાગ્યે જ પહોંચે છે. નવી અને જૂની પેઢી વચ્ચે સામાન્ય રીતે વીસથી ત્રીસ વર્ષની ઉંમરનો તફાવત જોવા મળતો હોય છે. આ વીસ-ત્રીસ વર્ષના સમયગાળામાં શૈક્ષણિક, આર્થિક, સામાજિક, રાજકીય, ટેક્નોલોજીકલ આવા તમામ ક્ષેત્રે ઘણાં પરિવર્તનો આવી ગયાં હોય છે. જૂની પેઢી નવા પ્રવેશેલાં પરિવર્તનો સાથે અનુકૂલન સાધી શકતી નથી. જ્યારે નવી પેઢી આ પરિવર્તનો સાથે જ ઉછરેલી હોવાથી જૂની પરંપરાઓને સ્વીકારી કે સમજી શકતી નથી. આવા તફાવતોને પરિણામે બંને પેઢી વચ્ચે ઉદભવતા સંઘર્ષોને આંતરપેઢીય સંઘર્ષો તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. આજની યુવા પેઢી મોડી રાત સુધી જાગવા અને સવારે મોડા ઉઠવાની દિનચર્યા સાથે ટેવાયેલી છે જ્યારે તેમનાં માતા-પિતા વહેલા સૂવા અને વહેલા ઉઠવાની દિનચર્યાને જ યોગ્ય માને છે. જેના પરિણામે ઘણીવાર કુટુંબમાં માતા-પિતા અને સંતાનો વચ્ચે સંઘર્ષ થતો હોય છે. જેને આંતર પેઢીય સંઘર્ષ કહે છે. સતત આવા નાના મોટા મતભેદોને પરિણામે ઉદભવતા સંઘર્ષો આગળ જતાં વિકટ સમસ્યાનું સ્વરૂપ ધારણ કરી લેતા હોય છે.*

### 9.3.2 આંતરપેઢીય સંઘર્ષનાં કારણો

*આંતરપેઢીય સંઘર્ષનાં કારણો નીચે મુજબ છે*

**1.સામાજિક સંરચનામાં ઝડપી પરિવર્તનો :**

*આંતરપેઢીય સંઘર્ષનું મુખ્ય કારણ સામાજિક સંરચનામાં આવતા ઝડપી પરિવર્તનો છે. સામાજિક સંરચનામાં થતાં પરિવર્તનો સાથે યુવા પેઢી સરળતાથી અનુકૂલન સાધી લે છે. તેઓ સરળતાથી નવા મૂલ્યો, માન્યતાઓ અને વિચારસરણીને સ્વીકારી લે છે. જયારે જૂની પેઢી તેમનામાં આંતરીકૃત થયેલાં મૂલ્યો, માન્યતાઓ અને વિચારસરણીને છોડી શકતી નથી. જેથી બંને વચ્ચે વૈચારિક ભેદ ઉદ્દભવે છે. જે સંઘર્ષને જન્મ આપે છે. કિંગ્સલે ડેવિસ સામાજિક સંરચનામાં  થતા પરિવર્તનને આંતરપેઢીય સંઘર્ષનું મુખ્ય કારણ માને છે.*

**2.પારસ્પરિક અવિશ્વાસ :**

*નવી પેઢી અને જૂની પેઢી બંને વચ્ચે પારસ્પરિક અવિશ્વાસ જોવા મળે છે. જૂની પેઢીને સતત એવું લાગ્યા કરે છે કે નવી પેઢી  બેદરકાર, સ્વચ્છંદ અને નાસમજ છે જેથી તે તેમને વારંવાર ટોકે છે સલાહ સૂચનો આપે છે. જયારે નવી પેઢી એવું માને છે કે જૂની પેઢી સતત રોક-ટોક કરનાર, નિરર્થક બાબતોમાં સમય બગાડનાર અને પરંપરાને વળગી રહેનાર છે જેથી તેઓ જૂની પેઢીને ગંભીરતાથી લેતા નથી. આમ,તેમની વચ્ચેનો પારસ્પરિક અવિશ્વાસ સંઘર્ષ માટેનું કારણ બને છે.*

**3.આદર્શો અને મૂલ્યોમાં તફાવતઃ**

*તફાવત વ્યક્તિમાં તેના સામાજીકરણ દ્વારા જે તે સમાજના આદર્શો અને મૂલ્યોને આંતરિકૃત કરવામાં આવે છે. જૂની પેઢીમાં તેમની બાલ્યાવસ્થા અને યુવાવસ્થા સમયના તત્કાલીન આદર્શો અને મૂલ્યો આંતરિકૃત અને દ્રઢીકૃત થયેલા હોય છે. નવી પેઢી અને જૂની પેઢી વચ્ચે લગભગ 20-30 વર્ષોનો તફાવત હોય છે. આ સમય દરમ્યાન સામાજિક મૂલ્યો અને આદર્શોમાં પણ પરિવર્તન આવ્યું હોય છે. નવી પેઢી નવા મુલ્યોને આંતરિકૃત કરે છે. આમ બંને પેઢીમાં આદર્શો અને મૂલ્યોનો તફાવત સર્જાય છે જે સંઘર્ષનું કારણ બને છે.*

**4. સંચાર માધ્યમો :**

*સંચાર માધ્યમના અવનવાં સાધનોએ વ્યક્તિના સંપર્કોનું પ્રમાણ વધાર્યું છે.સંચાર માધ્યમનાં સાધનો જેવા કે ટેલીફોન, છાપાં, પુસ્તકો, મોબાઈલ, ઈન્ટરનેટ, કોમ્પ્યુટર વગેરેના બહોળો ઉપયોગને પરિણામે યુવા પેઢી રોજ નવા સંપર્કો, નવાં ખ્યાલો નવાં મૂલ્યો, નવા દ્રષ્ટિકોણ વિકસાવે છે. જયારે જૂની પેઢી નવી ટેકનોલોજીના જ્ઞાનના અભાવે મર્યાદિત સંપર્કો ધરાવે છે. જે બંને પેઢી વચ્ચે જીવનદષ્ટિનું અંતર વધારે છે અને સંઘર્ષ માટેનું પરિબળ બની રહે છે.*

**5 શૈક્ષણિક તફાવતોઃ**

*જેમજેમ નવી શોધખોળો થતી રહે છે. નવું જ્ઞાન પ્રાપ્ત થતું રહે છે તેમતેમ શૈક્ષણિક અભ્યાસક્ર્મોમાં પણ નવા વિચારોને સ્થાન મળતું રહે છે. જૂનું શિક્ષણ ધર્મ અને પરંપરા પર આધારિત હતું. જ્યારે નવા શિક્ષણમાં બિનસાંપ્રદાયિકતા, સમાનતા, સ્વતંત્રતા જેવા મુલ્યો પર વધુ ભાર મૂકવામાં આવે છે. જે બંને પેઢી વચ્ચે શૈક્ષણિક તફાવતો સર્જે છે. વળી,જૂની પેઢીમાં શિક્ષણ પણ બંને પેઢી વચ્ચે શૈક્ષણિક તફાવત ઊભા કરે છે. જે સંઘર્ષ માટે કારણરૂપ બને છે.*

**6 અનુભવ વિશ્વની અસમાનતા :**

*દરેક પેઢી જે તે સમયના સામાજિક પરિવેશમાં જીવે છે અને તે સામાજિક પરિવેશ મુજબ તેનું અનુભવવિશ્વ ઘડાય છે દા.ત જૂની પેઢીએ આર્થિક તંગીમાં જીવન પસાર કર્યું હોવાથી તે પૈસા બચાવવામાં મને છે. જ્યારે નવી પેઢીને આર્થિક તંગીનો અનુભવ ન થયો હોય તો તે જૂની પેઢીની કરકસર ને કંજૂસાઈમાં ખપાવે છે આમ,જુદું-જુદું અનુભવ વિશ્વ બંને પેઢી વચ્ચે અંતર ઊભું કરે છે.*

**7 ખામી ભર્યું સામાજીકરણ :**

*ઘણીવખત ખામીભર્યું સામાજીકરણ પણ આંતરપેઢીય સંઘર્ષનું કારણ બની રહે છે. માતા-પિતા બંને નોકરી કરતા હોય કે અન્ય કારણોસર જો બાળકનું યોગ્ય સામાજીકરણ ન કરી શકે તેને સાચું માર્ગદર્શન ન પૂરું પાડી શકે તેવા સમયે બાળક માતા-પિતાના નિયંત્રણમાં રહેતું નથી અને બંને પેઢીમાં વિરોધી મૂલ્યો સંઘર્ષનું કારણ બને છે.*

*આમ,ઉપરોક્ત કારણોને આંતરપેઢીય સંઘર્ષ માટે જવાબદાર ગણાવી શકાય.આમ છતાં, હંમેશા બે પેઢીઓ વચ્ચે સંઘર્ષ જ હોય છે તેવું નથી. ઘણા સંયુક્ત કુટુંબોમાં બેથી વધુ પેઢીના સભ્યો પારસ્પરિક સમજદારીથી રહેતાં હોય તેવું પણ જોવા મળે છે.*

### 9.3.3 આંતરપેઢીય સંઘર્ષની અસરોઃ

*આંતરપેઢીય સંઘર્ષ અસરો નીચે મુજબ જોઈ શકાય છે*

*આંતરપેઢીય સંઘર્ષને પરિણામે કુટુંબમાં મતભેદ અને ઝગડા થાય છે. કુટુંબનું વાતાવરણ બગડે છે તો કયારેક કુટુંબમાં વિભાજન પણ થાય છે.*

- *નવી પેઢીમાં અલગતાની ભાવના જાગે છે.*
- *કુટુંબમાં પ્રેમ,સહાનુભૂતિ,સહયોગ જેવા ગુણોનો હ્રાસ થાય છે.*
- *વૃદ્ધોની સમસ્યાઓ વિકસે છે.*
- *સામાજિક અનુકૂલન માટેના પ્રશ્નો સર્જાય છે.*
- *કુટુંબના સભ્યો વચ્ચે માનસિક તણાવ રહે છે.*

### 9.3.4 આંતરપેઢીય સંઘર્ષ દૂર કરવાના ઉપાયો :

*આંતરપેઢીય સંઘર્ષને દુર કરવા માટે નીચેના ઉપાયો પ્રયોજી શકાય.*

(1) *નવી પેઢીનું સામાજીકરણ એવી રીતે કરવું કે જેથી તે વડીલોનું આદર અને સન્માન કરતા*
*શીખે અને તેમના પ્રત્યે સહાનુભૂતિભર્યું વલણ દાખવે.*

(2) *શૈક્ષણિક સંસ્થાઓની સાથે-સાથે પ્રૌઢ શિક્ષણ પર પણ ભાર મૂકવામાં આવે અને બંને પેઢી*
*વચ્ચેની શૈક્ષણિક અસમાનતાને દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવે.*

(3) *નવી પેઢીને ભારતીય સંસ્કૃતિનો પરિચય આપવામાં આવે તેમ જ ભૂતકાલીન સામાજિક*
*પરિસ્થિતિ અને જીવનથી અવગત કરાવવામાં આવે.*

(4) *જૂની પેઢીના ર્દષ્ટિકોણને બદલવા માટે સંચાર માધ્યમોની મદદ લેવામાં આવે અને જે રીતે મહિલા અને બાળકોના વિશેષ કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે. તે જ રીતે વૃદ્ધો માટે પણ વિશેષ કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે અને તે દ્વારા નવાં મૂલ્યો, નવા વિચારો તેમનામાં આંતરિકૃત થાય તેવા પ્રયત્નો કરવામાં આવે.*

(5) *શૈક્ષણિક સંસ્થાઓમાં કુટુંબ અને શિક્ષણ વચ્ચે તાલમેલ જળવાય તે રીતનું શિક્ષણ આપવામાં આવે જેથી નવી પેઢી નવા વિચારો ગ્રહણ કરવાની સાથે-સાથે જૂની પેઢીના વિચારોને સમજી શકે અને તેમનું માન જાળવી શકે.*

*આમ,બંને પેઢી વચ્ચેના વૈચારિક અંતરને દૂર કરતા કેટલાક અંશે આંતરપેઢીય સંઘર્ષની સમસ્યાનું નિવારણ કરી શકાય*

**તમારી પ્રગતિ ચકાસો(ખ)**

*નોંધ:* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*

(2) *એકમના અંતે આપેલા જવાબ સાથે તમારા જવાબ સરખાવો.*

1. *આંતરપેઢીય સંઘર્ષ એટલે શું? પાંચ લીટીમાં સમજાવો.*

………………………………………………………………………
………………………………………………………………………
………………………………………………………………………
………………………………………………………………………
………………………………………………………………………
………………………………………………………………………
………………………………………………………………………
………………………………………………………………………
……………………………………………………………………

## 9.4 કૌટુંબિક સમસ્યા તરીકે અંતઃપેઢીય સંઘર્ષ :

*અંતઃપેઢીય સંઘર્ષ પણ વયજૂથ સાથે સંબધિત સમસ્યા છે. જે સ્થળ અને સમયના સંદર્ભ વગર બધે જ જોવા મળતી સમસ્યા છે.કુટુંબમાં કોઇપણ જાતનો સંઘર્ષ પછી તે કૌટુંબિક વિઘટનનું કારણ બને છે. આંતર પેઢીય સંઘર્ષ એ જુદી-જુદી પેઢી વચ્ચેના સંઘર્ષને સૂચિત કરે છે. જ્યારે અંતઃપેઢીય સંઘર્ષ એક જ પેઢી અંદરોઅંદરના સંઘર્ષસૂચિત કરે છે. આંતર પેઢીય સંઘર્ષ અને અંતઃપેઢીય સંઘર્ષ માત્ર કુટુંબમાં જ જોવા મળે છે. તેવું નથી શાળા-કોલેજમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સંઘર્ષ આંતર પેઢીય સંઘર્ષ છે. તો વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે નો સંઘર્ષ અંતઃપેઢીય સંઘર્ષ છે. પરંતુ આપણે અહી , કૌટુંબિક સમસ્યા તરીકે અતંઃ પેઢીય સંઘર્ષની ચર્ચા કરીશું.*

### 9.4.1 અંતઃપેઢીય સંઘર્ષનો અર્થ :

*આગળ જોઈ ગયા તેમ અંતઃપેઢીય સંઘર્ષ એક જ પેઢીનાં લોકો વચ્ચેના અંદરોઅંદરના સંઘર્ષને સૂચિત કરતો ખ્યાલ છે. એક જ પેઢીના એટલે એવાં લોકો કે જેમનો જન્મ લગભગ સમાન કહી શકાય તેવા સમયગાળામાં થયો હોય,તેવા લોકોને એક જ પેઢીના ગણવામાં આવે છે. આવા સમાન પેઢી ધરાવતા લોકો વચ્ચે થતાં સંઘર્ષને અંતઃપેઢીય સંઘર્ષ કહેવામાં આવે છે. દા.ત ભાઈ–બહેન વચ્ચેનો, ભાઈ-ભાઈ, બહેન–બહેન વચ્ચેનો કે પતિ-પત્ની વચ્ચેનો સંઘર્ષ. મુકેશ અંબાણી અને અનિલ અંબાણી વચ્ચે થયેલો સંઘર્ષ આનું ઉદાહરણ છે. અતંઃ પેઢીય સંઘર્ષ એક જ પેઢીના સભ્યોમાં જોવા મળતો મતભેદ કે વિરોધ છે. જ્યારે એક જ પેઢીના સભ્યોમાં કોઈ મૂલ્યો, આદર્શો કે લક્ષ્ય પ્રાપ્તિનાં સાધનો અંગે એકમતનો અભાવ હોય અને તેના પરિણામે સંઘર્ષની સ્થિતિ ઉત્પન્ન થાય તેને અંતઃપેઢીય સંઘર્ષ કહી શકાય.ઉપરની ચર્ચા પરથી અંતઃપેઢીય સંઘર્ષ અંગે નીચેના વિધાનો તારવી શકાય.*

(1) *અંતઃપેઢીય સંઘર્ષનો સંબંધ એક જ પેઢીના સભ્યોમાં કોઈ મૂલ્ય કે આદર્શને લઈને થતા મતભેદ કે વિરોધ સાથે છે.*

(2) *જ્યારે મૂલ્યો તેમ જ આદર્શો બાબતે જોવા મળતો અંતઃપેઢી મતભેદ તેની ચરમસીમા સુધી પહોંચે છે.ત્યારે તે સંઘર્ષ નું સ્વરૂપ ધારણ કરે છે. જે પરિવાર, સમુદાય કે સમાજના સભ્યોને બે ભાગમાં વિભાજિત કરે છે કે જેમનાં મૂલ્યો અને આદર્શો પરસ્પર વિરોધી હોય.*

(3) *અંતઃપેઢીય સંઘર્ષ સાર્વત્રિક ઘટના છે. કારણકે તે કોઈક ને કોઈક સ્વરૂપમાં બધા જ સમાજોમાં જોવા મળે છે.*

### 9.4.2 અંતઃ પેઢીય સંઘર્ષનાં કારણોઃ

*અંતઃપેઢીય સંઘર્ષનાં કારણો નીચે મુજબ છે.*

(1) *ખામીયુક્ત સમાજીકરણ :- ખામીયુક્ત સમાજીકરણ અંતઃપેઢીય સંઘર્ષનું મુખ્ય કારણ છે. સમાજીકરણની પ્રકિયા દ્વારા વ્યક્તિ સામાજિક – સાંસ્કૃતિક તથ્યોને ગ્રહણ કરે છે. તેના દ્વારા જ તે સારા-ખોટાંનો ભેદ પારખતા શીખે છે. જેના માટે શિક્ષા અને બદલાતી*

*પદ્ધતિ અપનાવામાં આવે છે. પરંતુ ઘણીવાર માતા-પિતા દ્વારા પક્ષપાતી રીતે સમાજીકરણ કરવામાં આવે છે. કોઈ એક બાળક સાથે વધુ સખ્તાઈથી વર્તન કરવામાં આવે, તેની નાની-નાની ભૂલોમાં તેને ઠપકો કે માર મારવામાં આવે જયારે બીજા બાળકની ભૂલોને નજરઅંદાજ કરવામાં આવે ત્યારે સમાજીકરણની પ્રકિયામાં માતા-પિતા દ્વારા થતો ભેદભાવ અંતઃપેઢીય સંઘર્ષનું કારણ બની રહે છે.*

(2) *સામાજિક પરિવર્તનનો અસમાન પ્રભાવ :- સામાજિક પરિવર્તનના અસમાન પ્રભાવને પણ અંતઃપેઢીય સંઘર્ષનો સ્રોત માનવમાં આવે છે. એક જ પેઢીના કેટલાક સભ્યો પરંપરાને એવી રીતે આંતરીકૃત કરી લે છે. કે બાહય સામાજિક પરિવર્તનોનો પ્રભાવ તેમના પર નહિવત રહે છે. જયારે બીજી બાજુ એ જ પેઢીના કેટલાક સભ્યો પરિવર્તન સાથે સરળતાથી અનુકૂલન સાધી લે છે અને પોતાનામાં બદલાવ લાવે છે. આવા આવા સંજોગોમાં સામાજિક પરિવર્તનનો અસમાન પ્રભાવ એક જ પેઢીના લોકોને બે ભાગમાં વિભાજિત કરે છે. પરંપરાવાદી અને આધુનિક, જે તેમની વચ્ચે સંઘર્ષનું કારણ બની રહે છે.*

(3) *માનસિક સંરચનામાંતફાવત :*

*દરેક વ્યકિતની માનસિક સંરચના એક સમાન હોતી નથી. માનસિક સંરચનામાં મનોવૃત્તિઓ, આવેગો, સંવેદનો, મૂલ્યો, વલણો વગેરેનો સમાવેશ કરી શકાય. માનસિક સંરચનામાં તફાવત વ્યક્તિત્વના તેમ જ બૌદ્ધિકતાના તફાવતો સર્જે છે. આ તફાવતો અંતઃપેઢીય સંઘર્ષને જન્મ આપે છે.*

(4) *ધ્યેયો અને સાધનોમાં વિસંવાદિતતા :-*

*કોઈપણ સમાજમાં સમાજમાન્યધ્યેયો પ્રાપ્ત કરવાના સમાજમાન્ય સાધનોની વ્યવસ્થા જોવા મળે છે. જયારે આ ધ્યેયો અને સાધનોની વ્યવસ્થામાં વિસંવાદિતતા સર્જાય ત્યારે એનોમીની સ્થિતિ સર્જાય છે. આવી સ્થિતિ એક જ પેઢીના બે સભ્યો ને બે ભાગમાં વિભાજિત કરે છે. એક એવા સભ્યો કે જે સમાજમાન્ય ધ્યેયો અને સમાજમાન્ય સાધનોને સ્વીકારીને ધોરણ અનુરૂપ વર્તન કરે છે. જયારે બીજા વિચલિત વર્તન તરફ અગ્રેસર થતાં હોય છે. આ બને વચ્ચેનો પારસ્પરિક વિરોધ સંઘર્ષમાં પરિણમે છે.*

### 9.4.3 અંતઃપેઢી સંઘર્ષની અસરોઃ

*અંતઃપેઢીય સંઘર્ષની અસરો નીચે મુજબ જોઈ શકાય .*

(1) *કુટુંબનું વિઘટન :*

*કુટુંબમાં જોવા મળતો અંતઃપેઢીય સંઘર્ષ કુટુંબના વિઘટનમાં પરિણમે છે બે ભાઈઓ ,બે બહેનો કે ભાઈ-બહેન વચ્ચેના સંઘર્ષને પરિણામે સંયુક્ત કુટુંબનું વિભાજન થાય છે અને વિભક્ત કુટુંબ અસ્તિત્વમાં આવે છે. વર્તમાન સમયમાં સંયુક્ત કુટુંબપ્રથા તૂટતી જાય છે. અને વિભક્ત કુટુંબો અસ્તિત્વમાં આવી રહ્યાં છે. તેનું એક કારણ આ પણ છે કે અંતઃપેઢીય સંઘર્ષનું પ્રમાણ સમાજમાં વધતું જાય છે.*

(2) *માનસિક તણાવ :*

*કુટુંબમાં થતા ભાઈ-ભાંડુઓ વચ્ચેના ઝગડા કુટુંબમાં માનસિક તણાવ પેદા કરે છે. જેનાથી કુટુંબનું વાતાવરણ બગડે છે. સતત સંઘર્ષો કુટુંબના સભ્યોમાં અશાંતિ, અસંતોષ અને તણાવ પેદા કરે છે. જે સમગ્ર કુટુંબના સભ્યોના સામાજિક જીવનમાં અવરોધ ઊભા કરે છે અને તેઓ માનસિક વિકારોના ભોગ બની શકે છે.*

(3) *વૈયક્તિકયુગ :*

*કુટુંબમાં ભાઈ-ભાંડુઓ વચ્ચે થતાં સંઘર્ષો વ્યકિતમાં વૈયક્તિકરણની કે અલગાવની ભાવના જન્માવે છે સતત સંઘર્ષોને પરિણામે તેમનામાં પ્રેમ અને એકલતાની ભાવના નાશ પામે છે. તેઓ પોતાને એકલા કે અલગ માનવા લાગે છે. જે તેમનામા વ્યકિતવાદ ને વિકસાવે છે.*

(4) *મૂલ્યોનો હ્રાસ :*

*અંતઃપેઢીય સંઘર્ષને પરિણામે ભાઈચારો, સહાનુભૂતિ, સહનશીલતા જેવા મૂલ્યોનો હ્રાસ થાય છે. પરિવારના સભ્યો વચ્ચેનો વિરોધ તેમની વચ્ચે સામાજિક –માનસિક અંતર ઊભું કરે છે. જેના પરિણામે પરિવારના સભ્યોમાં કટુતા, વેરઝેર અને નફરતની ભાવના વિકસે છે. જે તેમનામાં રહેલાં ઉચ્ચ માનવીય હ્રાસ કરે છે.*

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

*નોંધ:* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*

(2) *એકમના અંતે આપેલા જવાબ સાથે તમારા જવાબ સરખાવો.*

1. *અંતઃપેઢીય સંઘર્ષ એટલે શું? સમજાવો*

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 9.5 સારાંશ :

*આ એકમમાં આપણે કૌટુંબિક સમસ્યા તરીકે, છૂટાછેડાની સમસ્યાનો વિગતે અભ્યાસ, પેઢીય સંઘર્ષ અને અંતઃપેઢીય સંઘર્ષની સમસ્યાનો વિગતે અભ્યાસ કર્યો.ઉપરોક્ત તમામ સમસ્યાઓની વિસ્તૃત સમજ મેળવી.આ તમામ ચર્ચા પરથી જોઈ શકાય છે કે છૂટાછેડાની સમસ્યા પતિ-પત્ની વચ્ચેના સંઘર્ષનું પરિણામ છે તો આંતરપેઢીય સંઘર્ષ માતા-પિતા અને સંતાનો વચ્ચેના સંઘર્ષને જ્યારે અંતઃપેઢીય સંઘર્ષ ભાઈઓ વચ્ચેના, બહેનો વચ્ચેના કે ભાઈ-બહેન વચ્ચેના સંઘર્ષને સૂચિત કરે છે. આધુનિક*

*ભારતીય સમાજમાં અનેક પરિબળોની અસર હેઠળ આ સમસ્યાઓનું પ્રમાણ વધતું જાય છે.*

## 9.6 શબ્દાવલી :

1. *સામાજિક ગતિશીલતા :- વ્યક્તિ કે જૂથનું એક સામાજિક સ્થાનમાંથી બીજા સામાજિક સ્થાનમાં થતાં સ્થળાંતરને સામાજિક ગતિશીલતા કહેવાય.*
2. *સમાજીકરણ :- નવા જન્મેલા બાળકને સમાજની જીવનરીતિઓ શીખવી સામાજિક વ્યક્તિ તરીકે ઘડતર કરવાની પ્રકિયાને સમાજીકરણ કહેવાય.*
3. *મૂલ્યો :-મૂલ્યો વર્તનનો માપદંડ છે.અમુક વર્તન સારું કે ખરાબ તે મૂલ્યોને આધારે મૂલ્યાંકન કરવામાં આવે છે.*
4. *વિચલિત વર્તન :- સમાજના ધોરણોનો ભંગ કરતાં હોય તેવાં વર્તનને વિચલિત વર્તન કહેવાય.*

## 9.7 બહું વિકલ્પીય પ્રશ્નો :

(1) Divorce` *શબ્દ લેટીન ભાષાના …………………. શબ્દથી બનેલો છે.*
*(અ)* Divorty *(બ)* Divort *(ક)* Divortium *(ડ) એકપણ નહી*

(2) *એક પક્ષ દ્વારા બીજા પક્ષને છૂડાછેડા લીધા વગર ત્યજી દેવાને ……………………. કહેવાય.*
*(અ) પૃથકવાસ (બ) વિધવા (ક) છૂડાછેડા (ડ) લગ્ન*

(3) *માતા-પિતા અને સંતાનો વચ્ચેનો સંઘર્ષ ……………………………….. સંઘર્ષ છે.*
*(અ) અંતઃપેઢીય (બ) આંતર પેઢીય (ક) અ અને બ બંને (ડ) એકપણ નહી*

(4) *…………………….. કાયદા હેઠળ લગ્નની નોંધણી કરાવી પતિ-પત્ની તરીકેનો લગ્ન સંબંધ સ્થાપિત કરી શકાય છે.*
*અ) હિન્દુ લગ્નનો કાયદો (બ) મુસ્લિમ લગ્નનો કાયદો (ક) પારસી લગ્નનો કાયદો (ડ) સ્પેશ્યલ મેરેજ એક્ટ*

(5) *ભાઈ-બહેન વચ્ચેનો સંઘર્ષ …………………………………… સંઘર્ષ છે.*
*(અ) અંતઃપેઢીય (બ) આંતર પેઢીય (ક) અ અને બ બંને (ડ) એકપણ નહી*

**જવાબોઃ**

1- *(ક)* Divortium

2- *(અ) પૃથકવાસ*

3- *(બ) આંતર પેઢીય સંઘર્ષ*

4- *(ડ) સ્પેશ્યલ મેરેજ એક્ટ*

5- *(અ) અંતઃપેઢીય*

*તમારી પ્રગતિ જાતે ચકાસોના જવાબો*

- **તમારી જાતે ચકાસો (ક)**

(1) *છુડાછેડાએ સંપૂર્ણ રીતે દાંમ્પત્યજીવનનો અંત છે. છુડાછેડા લીધા બાદ દંપતી પરસ્પર પતિ કે પત્નીના હક્ક ભોગવવા કે ફરજો નિભાવવા બંધાયેલા હોતા નથી. આવી વ્યક્તિ ફરીથી પહેલા જેવી સ્થિતિમાં આવી જાય છે અને લગ્ન માટે સ્વતંત્ર હોય છે.*

(2) *જવાબો.*

*(અ)* - (ii)

*(બ)* -(iv)

*(ક)* -(i)

*(ડ)* - (iii)

- **તમારી જાતે ચકાસો (ખ)**

1. *આંતર પેઢીય સંઘર્ષ બે પેઢીઓમાં કોઈને કોઈ વાતને લઈને જોવા મળતો મતભેદ કે વિરોધ છે. નવી પેઢી અને જૂની પેઢી વચ્ચે વીસ કે ત્રીસ વર્ષની ઉંમરનો તફાવત જોવા મળતો હોય છે. આ સમયગાળામાં ઘણા સામાજિક પરિવર્તનો થઈ ચૂક્યાં હોય છે. જૂની પેઢી આ પરિવર્તનો સાથે અનુકૂલન સાંધી શકતી નથી. જયારે નવી પેઢી આ પરિવર્તનો સાથે ઉછરે છે જે તેમનામાં વૈચારિક ભેદ ઊભો કરે છે.*

*આવા વૈચારિક તફાવતોને પરિણામે બંને પેઢી વચ્ચે ઉદ્દભવતા સંઘર્ષોને આંતર પેઢીય સંઘર્ષો કહે છે.*

- **તમારી જાતે ચકાસો (ગ)**

1. *અંતઃપેઢી સંઘર્ષ એક જ પેઢીના સભ્યોમાં જોવા મળતાં મતભેદ કે વિરોધ છે. જયારે એક જ પેઢીના સભ્યોમાં કોઈ મૂલ્યો, આદર્શો કે લક્ષ્ય પ્રાપ્તિનાં સાધનો અંગે એક મતનો અભાવ હોય અને તેના પરિણામે સંઘર્ષની સ્થિતિ ઉત્પન્ન થાય તેને અંતઃપેઢી સંઘર્ષ કહી શકાય.*

## 9.8 સ્વાધ્યાય :

1. *કૌટુંબિક સમસ્યા તરીકે છૂટાછેડાનો અર્થ આપી તેના કારણો સમજાવો.*

2. *આંતરપેઢીય સંઘર્ષનો અર્થ આપી આંતર પેઢીય સંઘર્ષની અસરો અને ઉપાયો જણાવો.*

3. *અંતઃપેઢીય સંઘર્ષનાં કારણો પર વિસ્તૃત નોંધ લખો.*

## સંદર્ભ :


1. Becker H,S: Social Problems A Modern Approach:john Willy and sons,New York,1966,
2. Ahuja Ram :SocialProblems in India ;Rawatpublication,Jaipur 1997.
3. महाजन धर्मवीर ओर महाजन कमलेश : भारतीय समाज: मुद्दे एवं समस्याएँ विवेक प्रकाशन दिल्ली :2010.
4. मिश्रा महेन्द्रकुमार मकालीनस:(डॉ) भारत की सामाजिक समस्याएँ: आर बी. एस. ए पब्लिस, जयपुर 2000
5. राजोरा सुरेशचन्द्र समकालीन भारत की सामाजिक समस्याएँ: राजस्थान हिंदी ग्रंथ अकादमी, जयपुर 2004
6. शर्मा वीरेंदर प्रसाद भारतीय: समाज मुद्दे ओर समस्याएँ पंचशील प्रकाशन जयपुर, 2004
7. *દવે હર્ષિદા એચ (ડૉ.) :સામાજિક સમસ્યાઓ :યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ ,અમદાવાદ,* 2020.

# એકમ : 10 વૃદ્ધાવસ્થાની સમસ્યા

: રૂપરેખા :

**10.0 ઉદેશ્યો**

**10.1 પ્રસ્તાવના**

**10.2 વૃદ્ધાવસ્થાની સમસ્યા**

**10.2.1 વૃદ્ધાવસ્થાનો અર્થ**

**10.2.2 વૃદ્ધોની વસ્તી વિષયક રૂપરેખા**

**10.2.3 વૃદ્ધત્વની લાક્ષણિક્તાઓ**

**10.2.4 વૃદ્ધાવસ્થાની સમસ્યાઓ**

**10.2.5 વૃદ્ધોની સમસ્યા માટે જવાબદાર પરિબળો**

**10.2.6 વૃદ્ધોની સમસ્યાઓની અસરો**

**10.2.7વૃદ્ધજનોની સમસ્યાઓના સમાધાન માટેના ઉપાયો**

**10.3 સારાંશ**

- **તમારી પ્રગતિ ચકાસો.**

**10.4 શબ્દાવલી**

**10.5 બહુવિકલ્પીય પ્રશ્નો (જવાબો સહિત)**

**10.6 સ્વાધ્યાય**

- **સંદર્ભ સૂચિ**

## 10.0 ઉદેશ્યોઃ

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે-*

- *વૃદ્ધાવસ્થાના ખ્યાલ અંગે તેમજ તેની લાક્ષણિક્તાઓ અંગે જાણી શકશો.*
- *વૃદ્ધોની વસ્તી વિષયક માહિતી મેળવી શકશો.*
- *વૃદ્ધાવસ્થાની સમસ્યાનાં કારણો અને સમસ્યાઓનું વર્ણન કરી શકશો.*
- *વૃદ્ધાવસ્થાની સમસ્યાની અસરો તેમ જ ઉપાયો અંગે ચર્ચા કરી શકશો.*

## 10.1 પ્રસ્તાવના :

*વૃદ્ધાવસ્થા એ જીવનનો સ્વાભાવિક ક્રમ છે. જે અનિવાર્ય છે. ગમે તેટલા પ્રયત્નો કરવા છતા વૃદ્ધત્વને રોકી શકાતું નથી. વૃદ્ધાવસ્થા કુદરતી પ્રકિયા છે. પરતું આ અવસ્થામાં ઊભી થતી વિકાર્ય પરીસ્થિતિઓ સામાજિક બાબત છે અને તેથી જ વૃદ્ધાવસ્થાની સમસ્યાને સામાજિક પરિપ્રેક્ષ્યમાં સમજવામાં આવે છે. વૃદ્ધાવસ્થા માત્ર શારીરિક ફેરફારો સૂચવે છે એટલું જ નહિ, પરંતુ તે દરજ્જા પરિવર્તન પણ સૂચવે છે. અને આ દરજ્જા પરિવર્તન સાથેના અનુકૂલનોનો અભાવ વૃદ્ધાવસ્થાની સમસ્યાનું સર્જન કરે છે.*

*પ્રાચીન ભારતીય પરિવેશમાં વૃદ્ધાવસ્થાની સમસ્યાઓ શારીરિક વધુ અને સામાજિક નહીવત હતી કારણકે, પ્રાચીન સમાજ પરંપરાવાદી, આદર્શવાદી અને ઉપયોગીતાવાદી હતો જેથી વૃદ્ધોનો દરજ્જો ખૂબ,ઊંચો જળવાતો તેમ જ યુવાનો પાસે વૃદ્ધોની સેવા ચાકરીનો સમય પણ મળી રહેતો. જ્યારે આધુનિક સમયમાં સમાનતાવાદ, વ્યક્તિવાદ, સ્વતંત્રતાનું મૂલ્ય અને ઉપભોક્તાવાદ હેઠળ વૃદ્ધોની સમસ્યાઓનો વ્યાપ-વિસ્તાર વધતો જાય છે. આધુનિક સમયમાં મેડિકલ ક્ષેત્રે થયેલી, નવી-નવી શોધોને પરિણામે વૃદ્ધોની શારીરિક સમસ્યાઓને કેટલેક અંશે ઓછી કરી શકાઈ છે. પરંતુ તેમની સામાજિક સમસ્યાઓમાં ઉત્તરોત્તર વધારો જોવા મળે છે.*

## 10.2 વૃદ્ધાવસ્થાની સમસ્યા

*વૃદ્ધાવસ્થાની સમસ્યા વૈશ્વિક સમસ્યા છે. તેને તેનો સામાજિક-સાંસ્કૃતિક આધાર રહેલો છે. જેથી જુદા-જુદા સમયે અને જુદા-જુદા પ્રદેશોમાં આ સમસ્યામાં વૈવિધ્ય જોઈ શકાય છે. સમસ્યાની ગંભીરતાને ધ્યાને લઈ સંયુકત રાષ્ટ્ર સંઘે ૧૯૯૯ના વર્ષને " વૃદ્ધજનોના આંતરરાષ્ટ્રીય વર્ષ "તરીકે ઉજવ્યું. જેથીવિશ્વના દેશો આ સમસ્યા તરફ ધ્યાન કેન્દ્રિત કરી તેના નિવારણના ઉપાયો શોધી શકે. વૈશ્વિક સ્તરે જુદા-જુદા વયજૂથની વસ્તીમાં અસમતુલા ઉભી થવા પામી છે. વિશ્વમાં બાળકો તેમજ યુવાનો કરતા વૃદ્ધોની વસ્તીનું પ્રમાણ વધતું જાય છે. ભારત આમ તો યુવાનોના દેશ તરીકે ઓળખાય છે છતા, ભારતમાં દર વર્ષે વૃદ્ધોની સંખ્યામાં વધારો નોંધાતો જાય છે. જેની સાથે તેમની સમસ્યાઓનું વ્યાપ-વિશ્વ પણ વધતું જાય છે. જે ભારત જેવા વિકાસશીલ દેશ માટે ચિંતાનો વિષય બની રહે છે.*

### 10.2.1 વૃદ્ધાવસ્થાનો અર્થ

*જન્મથી મુત્યુ પર્યત, માનવજીવન સાતત્ય ધરાવતું હોવા છતાં, સરળતા ખાતર વયવૃદ્ધિને બાળપણ, કિશોરવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા જેવા જુદા-જુદા તબક્કામાં વહેંચવામાં આવેછે. વૃદ્ધાવસ્થા એ માનવ જીવનનો અંતિમ તબક્કો છે. જે શારીરિક, માનસિક અનેજૈવિક ક્ષીણતાની પ્રકિયા સૂચવે છે. જુદા-જુદા દેશોમાં વ્યકિતને વૃદ્ધ ગણવા અંગેના ઉંમરના માપદંડો જુદા-જુદા છે. પશ્ચિમના દેશોમાં 65 વર્ષથી ઉપરની વયના*

*લોકોને વૃદ્ધ ગણવામાં આવેછે. ભારતની વસ્તીગણતરીમાં 60 થી વધુ વયના લોકોને વૃદ્ધ ગણવામાં આવે છે. જ્યારે ભારતમાં સરકારી નોકરીઓમાં 58,60,62, કે 65 વર્ષની વયે વ્યક્તિને વૃદ્ધ ગણીને તેને ફરજિયાત નિવૃત્તિ આપવામાં આવે છે. આમ, વૃદ્ધત્વની વય અંગે કેટલાક તફાવતો જોવા મળે છે. છતાં, ભારતમાં સામાન્ય રીતે 60 વર્ષથી ઉપરની વયના લોકોને "Senior Citizen" તરીકેનો દરજ્જો આપી વૃદ્ધ ગણવામાં આવે છે. આર્થિક બાબતોને ધ્યાને લેતા વ્યક્તિ જે વયે મુખ્ય ઉત્પાદકની ભૂમિકામાંથી સંક્રાંતિ પામી બિનઉત્પાદકની ભૂમિકામાં આવે છે. તે વયને વૃદ્ધાવસ્થાની સૂચક માનવામાં આવે છે. વૃદ્ધત્વની ચોકક્સ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. તેમ છતાં, વૃદ્ધત્વને શારીરિક અયોગ્યતાઓ અને ક્ષીણતા તરીકે વ્યાખ્યાયિત કરી શકાય. કે જેમાં વ્યક્તિની ઈન્દ્રિયો કમજોર થઈ જાય છે. શરીર અને મન, નબળું પડતા શારીરિક-માનસિક બીમારીઓ ઉદ્દભવે છે તેમ જ અનેક પ્રકારની સમસ્યાઓ સર્જાય છે. માનવજીવનનો આ તબક્કો કે જે જીવનચક્રનો આખરી તબક્કો છે તેને વૃદ્ધવસ્થા તરીકે ઓળખવામાં આવે છે.*

### 10.2.2 વૃદ્ધોની વસ્તીવિષયક રૂપરેખા :-

*વિશ્વના બધા જ દેશોમાં સરેરાશ આયુષ્ય ઊંચુ જવાથી વૈશ્વિક સ્તરે વૃદ્ધોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. મેડીકલ ક્ષેત્રે અવનવી શોધો, આરોગ્ય વિષયક અવનવી સુવિધાઓ, ઊંચુ જીવનધોરણ વગેરે પરિબળોને પરિણામે સરેરાશ આયુષ્ય મર્યાદા ઊંચી લઈ જઈ શકાઈ છે. જેથી વૃદ્ધજનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા તૈયાર કરાયેલ* World Population Ageing 2017 *ના રીપોર્ટ મુજબ વિશ્વમાં સૌથી વધુ વૃદ્ધોની વસ્તી ધરાવતા ક્રમિક 5 દેશોમાં જાપાન, ઈટાલી, જર્મની, પોર્ટુગલ, અને ફિનલેન્ડનો સમાવેશ થાય છે. આ દેશોની કુલ વસ્તીમાં વૃદ્ધોની વસ્તીનો દર નીચે મુજબ છે.*

| દેશ | કુલ વસ્તીમાં વૃદ્ધોની ટકાવારી% |
|---|---|
| જાપાન | 33.4 |
| ઈટાલી | 29.4 |
| જર્મની | 28.0 |
| પોર્ટુગલ | 27.9 |
| ફિનલેન્ડ | 27.8 |

**Source: World Population Ageing Report, 2017**

*આમ, ઉપરના કોષ્ટક પરથી કહી શકાય કે ઉપરોકત 5 દેશોમાં લગભગ ત્રીજા ભાગની વસ્તી વૃધ્ધોની છે. ભારતમાં કુલ વસ્તીના 8.6% વસ્તી વૃદ્ધોની છે. આમ, પશ્ચિમના દેશોની સાપેક્ષે ભારતમાં વૃદ્ધોની વસ્તીનું પ્રમાણ ઓછું જોવા મળે છે. છતાં, દર વર્ષે વૃદ્ધોની સંખ્યામાં થતો વધારો ભારત માટે ચિંતાજનક છે. ભારતમાં વૃદ્ધજનોની વસ્તી વિષયક માહિતી નીચે મુજબ છે.*

*ભારતની વસ્તીમાં 60 વર્ષે અને તેથી વધુ વય ધરાવતા વૃદ્ધોની વસ્તી અને કુલ વસ્તીમાં તેમની ટકાવારી*

| **વર્ષ** | **વૃદ્ધોની વસ્તી (મિલિયનમાં)** | **કુલ વસ્તીમાં વૃદ્ધોની વસ્તીના ટકા** |
|---|---|---|
| 1961 | 24.7 | 5.6 |
| 1971 | 32.7 | 6.0 |
| 1981 | 43.2 | 6.5 |
| 1991 | 56.7 | 6.8 |
| 2001 | 76.6 | 7.4 |
| 2011 | 103.8 | 8.6 |

Source:Elderly in India (2016), Ministry Of Statistics and Programme Implementation

*આમ, ઉપરના કોષ્ટક પરથી કહી શકાય કે 1961 થી 1991 ના દાયકામાં વૃદ્ધજનોની સંખ્યા 24.7 મિલિયનથી વધી ને 56.7 મિલિયન એટલે કે બેવડીથી પણ વધુ થઈ છે. ત્યાર પછીના બે જ દાયકામાં આ સંખ્યા લગભગ બેવડી થઇ ગઈ, ટકાવારીની દ્રષ્ટિએ પણ ભારતની વસ્તીમાં વૃદ્ધોનું પ્રમાણ વધતું જાય છે. સરેરાશ આયુષ્ય ઊંચું જતા અને જન્મદર નીચો આવતા વૃદ્ધોની વસ્તી વૃદ્ધિનો આ પ્રવાહ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે અને તે અગાઉના સમય કરતાં ખૂબ જ ઝડપી હશે તેવી ધારણા બાંધવામાં આવે છે.*

### 10.2.3 વૃદ્ધત્વની લાક્ષણિકતાઓ :

*વૃધ્ધત્વની લાક્ષણિકતાઓને નીચે મુજબ વર્ણવી શકાય.*

**1. સાર્વત્રિક ઘટના :-**

*વૃદ્ધત્વ એક સાર્વત્રિક ઘટના છે. જે સ્થળ અને સમયના ભેદ વિના બધા જ સમાજોમાં જોવા મળે છે. પ્રત્યેક સમાજના માનવીએ અનિવાર્યપણે બાલ્યાવસ્થા,કિશોરવસ્થા,યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા એવા તબક્કાઓમાંથી પસાર થવું પડે છે.*

**2. જૈવિક-શારીરિક ફેરફાર:-**

*સામાન્ય રીતે 50 વર્ષની વય બાદ વ્યક્તિનું શરીર નબળું પડવા લાગે છે. 60 વર્ષની ઉંમર થતા વ્યક્તિનું શરીર અંદરથી અને બહારથી જીર્ણ થતું જાય છે. રોગપ્રતિકારક શક્તિ ઘટના અને શારીરિક ઘસારાના કારણે શરીરમાં જુદા-જુદા રોગો અને તકલીફો ઊભી થવા લાગે છે. સ્નાયુઓમાં શિથિ શીથીલતા આવે છે. વય વધતા આંખ, નાક,કાન,જીભ જેવી ઇન્દ્રિયજન્ય ક્રિયાઓમાં પણ મંદતા આવે છે. કેટલાક વૃદ્ધો સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ હોય છે. અને આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવી શકય હોય તેટલું પોતાની જાતને ચુસ્ત અને તંદુરસ્ત રાખવાનો પ્રયત્ન કરે છે. છતાં, જૈવિક-શારીરિક ફેરફાર એ વૃદ્ધત્વનું એક અનિવાર્ય લક્ષણ છે જે રોકી શકાતું નથી.*

**3. માનસિક પરિવર્તનઃ-**

*વૃદ્ધાવસ્થામાં વ્યક્તિની માનસિક સ્થિતિ સિથ્તી ક્ષીણ થતી જાય છે. યાદદાસ્ત ઓછી થઈ જાય છે. નવું શીખવાની વૃત્તિ કે સર્જનશક્તિ ઓછા થતા જાય છે. વૃદ્ધ વ્યક્તિ ચોક્ક્સ ભૂમિકામાંથી ભૂમિકા વિહિન બની જતા એક ખાલીપો, હતાશા અને નિરાશા અનુભવે છે મોટાભાગના વૃદ્ધો, લાચારી, એકલતા અને નિઃસહાયતાની લાગણી અનુભવે છે અને મનથી ભાંગી પડે છે. કેટલાક વૃદ્ધો અતિસંવેદનશીલ બની જાય છે. સમાજમાં કેટલાક વૃદ્ધજનો એવા પણ હોય છે જે વૃદ્ધાવસ્થાનો સહજ સ્વીકાર કરી માનસિક સ્વસ્થતા જાળવી રાખે છે.*

**4. આર્થિક લાક્ષણિકતાઃ**

*વૃદ્ધાવસ્થા માટે આર્થિક આયોજન બધા જ કરી શકતા નથી. જેથી ગરીબ, નિમ્નવર્ગના કે પેન્શન વિહીન વૃદ્ધો આર્થિક રીતે પરાવલંબી બને છે અને તેમને ખોરાક રહેઠાણ કે પોશાકની તંગી અનુભવવી પડે છે. વૃદ્ધત્વને પરિણામે કાર્ય નિવૃત્ત થતા વ્યક્તિ આર્થિક રીતે આત્મનિર્ભર વ્યક્તિમાંથી પરાવલંબી વ્યક્તિ બની જાય છે. આમ, વૃદ્ધાવસ્થામાં ઉત્પાદન ક્ષેત્રે કામ ન મળતાં કે કામ ન કરી શકવાની સ્થિતિને કારણે વૃદ્ધો આર્થિક રીતે પરાવલંબી બની જતા હોય છે.*

**5. સામાજિક પરિવર્તનઃ-**

*વ્યક્તિ વૃદ્ધ થતા ભૂમિકા વિહીન બની જાય છે. એને પરિણામે ધીરે-ધીરે તેના હાથમાંથી સત્તા જતી રહે છે. આવી સ્થિતિમાં તેના સામાજિક સહભાગીપણમાં ઘટાડો થાય છે. તેની દુનિયા સીમિત બની જાય છે. બદલાતી ભૂમિકા તેના સામાજિક સ્થાનમાં પરિવર્તન લાવે છે.*

**10.2.4 વૃદ્ધાવસ્થાની સમસ્યાઓઃ**

*પશ્ચિમી દેશોમાં કહેવત છે. કે* " Grey haired Should be Respected" *ભારતમાં પણ કહે છે કે* " Old is Gold " *આમ છતાં, આપણા દેશની સામાજિક,આર્થિક પરિસ્થિતિઓને પરિણામે વૃદ્ધોની સમસ્યાઓ દિવસેને દિવસે વધતી જાય છે. વૃદ્ધાવસ્થાની સમસ્યાઓ નીચે મુજબ છે.*

**1. કૌટુંબિક સમસ્યાઃ-**

*વૃદ્ધાવસ્થાની કૌટુંબિક સમસ્યામાં સૌથી મોટી સમસ્યા તેમના કૌટુંબિક અનુકૂલનની છે. મહદ્અંશે કુટુંબમાં વૃદ્ધોની ઉપેક્ષા થતી જોવા મળે છે. વ્યક્તિ વૃદ્ધ થતાં પરીણિત સંતાનોનું પોતાનું એક કુટુંબ રચાય છે. અને વૃદ્ધજનો જાણે તેમાં વધારાના સભ્યો હોય તેમ તેમની ઉપેક્ષા કરવામાં આવે છે. વારંવારની તેમની ઉપેક્ષાને પરિણામે તેઓ પરિવારથી વિખૂટા પડી ગયા હોવાનું અનુભવે છે. ઘરના કામકાજમાં મદદરૂપ થતી વૃદ્ધ સ્ત્રીઓ અને ઘરનાં કામ જેવા કે દૂધ લાવવું,લાઈટ બિલ ભરવું, શાકભાજી લાવવી તેવાં કામોમાં મદદરૂપ થતા વૃદ્ધ પુરુષોની કેટલેક અંશે કાળજી લેવાય છે. તેમ છતાં તેઓ જે સન્માનને યોગ્ય હોય તેવું સન્માન તેમને મળતું નથી. ઉપરથી કેટલાંક કુટુંબોમાં તો*

*વૃદ્ધોને ફરજિયાત કેટલાંક કામ કરવાં પડે છે.જો તેમ ન કરે તો તેમનું અપમાન કરવામાં આવે છે. તૂટતી જતી સંયુક્ત કુટુંબ પ્રથાને કારણે વૃદ્ધોને તેમનાં કુટુંબીજનોનો સાથ-સહકાર મળતો નથી. જેની તેમને અપેક્ષા હોય છે.વર્તમાન સમયમાં ઘણા વૃદ્ધો એવા છે જે વૃદ્ધાવસ્થામાં રહી સંતાન હોવા છતાં પોતાને નિઃસંતાન કહેડાવવાનું પંસદ કરે છે.*

**2.સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા :-**

*વૃદ્ધાવસ્થાની બીજી મુખ્ય સમસ્યા છે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા જેમાં મુખ્યત્વે બે સમસ્યાઓ જોઈ શકાય છે.*

**(i) જુદા-જુદા રોગોના ભોગ બનવું:-**

*વૃદ્ધત્વને પરિણામે શારીરિક નબળાઈ આવે છે.શરીર ક્ષીણ થઈ જાય છે. અને શરીરની રોગપ્રતિકારક શકિત ઘટે છે. જેથી વૃદ્ધો ખૂબ ઝડપથી રોગના ભોગ બને છે. ઉપરાંત શરીરનાં અંગો-અવયવો નબળાં પડી ગયાં હોવાથી તે યોગ્ય રીતે કામ કરતાં નથી અને ફેફસાંના, હૃદયના, કિડનીના એવા ગંભીર રોગો થાય છે.વૃદ્ધજનોમાં ડાયાબીટીસ, બ્લડપ્રેશર જેવી બીમારીઓ મહદઅંશે જોવા મળતી હોય છે.આમ,તેમનું શારીરિક સ્વાસ્થ્ય દિવસે-દિવસે કથળતું જાય છે અને દવાના સહારે જીવન વ્યતીત કરવું પડે તેવી સ્થિતિ સર્જાય છે.*

**(ii) શારીરિક પરાવલંબન:-**

*વૃદ્ધત્વને પરિણામે વૃદ્ધજનોની ઈન્દ્રિયો નબળી પડે છે. કેટલાક વૃદ્ધોની દ્રષ્ટિશકિત કે શ્રવણશકિત ક્ષીણ થઈ જતા તેમણે બીજા પર આધારિત રહેવું પડે છે.વળી,શરીરનું ધ્રુજાવું,પગ ન ચાલવા,કોઈ કામ જાતે ન થઈ શકવું વગેરે સ્થિતિ પણ વૃદ્ધોને પરાવલંબી બનાવે છે.કેટલીકવાર લાંબી માંદગીની સ્થિતિમાં વૃદ્ધોને તદ્દન અસહાય સ્થિતિમાં પથારીવંશ થવું પડે છે અને ખાવા,પીવા,ઉઠવા-બેસવા, મળમૂત્ર દરેક બાબતમાં બીજા પર આધારિત રહેવું પડે છે આવું પરાવલંબન તેમના માટે અત્યંત અસહ્ય થઈ પડે છે.*

**(3) આર્થિક સમસ્યા:-**

*આર્થિક સમસ્યાએ વૃદ્ધાવસ્થાની અગત્યની સમસ્યા છે.ભારતના* **40** *ટકાથી વધુ વૃદ્ધો ગરીબી રેખા નીચે જીવે છે.જેમાં* **55%** *જેટલી વિધવાઓ છે જે વૃદ્ધોને પેન્શન આવે છે તેવા વૃધ્ધોમાંથી ઘણાખરા વૃદ્ધોનું તો પેન્શન પણ સંતાનો છીનવી લે છે. આ સિવાય પેન્શન વિહીન વૃદ્ધો આર્થિક રીતે સંપૂર્ણપણે સંતાનો પર નિર્ભર હોય છે. વધતી જતી મોંઘવારી અને ઉપભોક્તાવાદને લીધે સંતાનો વૃદ્ધોની જરૂરિયાતો પ્રત્યે ઉપેક્ષા સેવે ત્યારે વૃદ્ધજનોને કેટલીક વસ્તુઓ વગર ચલાવી લેવાની ફરજ પડે છે. બીજી બાજુ વૃદ્ધાવસ્થામાં સતત થતા દવાના ખર્ચા સંતાનોને બોજરૂપ લાગે છે. વૃદ્ધજનોને પોતાની દરેક જરૂરિયાતો માટે પરાવલંબન અને લાચારીનો સામનો કરવો પડે છે.વૃદ્ધોની આર્થિક સમસ્યાઓમાં*

*દેવું, ગરીબી, આર્થિક પરાવલંબન અને અસલામતી, બરોજગારી,નિ વૃત્તિ વગેરે છે. આર્થિક પરાવલંબનને કારણે ઘણીવખત વૃદ્ધો માટે જીવન જીવવું મુશ્કેલ થઈ પડે છે.*

**(4) સામાજિક –સાંસ્કૃતિક અનુકૂલનની સમસ્યાઃ-**

*વૃદ્ધોની વિવિધ જરૂરિયાતો જેવી કે સામાજિક આંતરક્રિયા, આદર, સન્માન, સ્નેહ, આત્મગૌરવ, સામાજિક સ્વીકૃતિ,દરજ્જો-પ્રતિષ્ઠા,સામાજિક સલામતી વગેરે સંતોષાય છે આવા સંજોગોમાં વૃદ્ધોને સામાજિક અનુકૂલનની સમસ્યાનો સામનો કરવો પડે છે.આરોગ્યની સ્થિતિ, વૃદ્ધો પ્રત્યેની સંવેદનશીલતાનો અભાવ, કુટુંબ તથા સમાજના ભાવાત્મક ટેકાના અભાવને પરિણામે વૃદ્ધો હતાશા,નિરાશા અને એકલતાનો ભોગ બને છે.સામાજિક જીવનની સંતુષ્ટતાને પરિણામે વૃદ્ધો આક્રમક ,જીદ્દી, પલાયનવાદી,વિકૃત વર્તન કરવું વગેરે જેવી પ્રતિક્રિયાઓ દાખવે છે.જેને વિકૃતિ,સ્વભાવ પરિવર્તન કે અપહરણ તરીકે જોવામાં આવે છે. વૃદ્ધોના સામાજિક અનુકૂલનનો આધાર તેમની જરૂરિયાતોની સંતુષ્ટિ કે અસંતુષ્ટિ પર રહેલો હોય છે.વળી,બદલાતાં જતાં સાંસ્કૃતિક મુલ્યો પણ આંતરપેઢીય સંઘર્ષ ઊભો કરે છે.જેથી અનુકૂલનની સમસ્યા સર્જાય છે,આ ઉપરાંત વૃદ્ધજનોની કેટલીક સામાજિક સમસ્યાઓ નીચે મુજબ છે.*

**(I) દરજ્જા-ભૂમિકાની સમસ્યાઃ-**

*ઉત્પાદન ક્ષેત્રે પ્રવૃત્ત જીવન ધરાવતી વ્યકિત દરજ્જો –ભૂમિકા,સત્તા ,પ્રતિષ્ઠા,આત્મસંતોષ વગેરે મેળવે છે.પરંતુ નિવૃત્ત થતા તેનું અવમૂલ્યન થાય છે.જે તેના સામાજિક –માનસિક જીવન પર વિપરીત અસર કરે છે. તેમાંય ઊંચા હોદ્દા પરથી નિવૃત્ત થનાર વ્યકિત ઘણુબધું ગુમાવ્યાનો અનુભવ કરે છે.તેનું મિત્રવર્તુળ સીમિત બની જાય છે. સમાજના લોકોના તેના પ્રત્યેના ર્દષ્ટિકોણ બદલાઈ જાય છે.જો કે ,કૃષિક્ષેત્રે કે સ્વરોજગારીના ક્ષેત્રે કામ કરતા વૃદ્ધોને નિવૃત્તિનો નિયમ લાગુ પડતો નથી,આથી તેમણે આ સમસ્યાનો સામનો કરવાનો રહેતો નથી.*

**(ii) એકલતાની સમસ્યાઃ**

*વૃદ્ધજનોની સૌથી મહત્ત્વની સમસ્યા એકલતાની છે. કોઈનો સહવાસ સામાજિક સંપર્ક અને આંતરક્રિયા એ માનવીની જરૂરિયાતો છે. તેમાં પણ વૃદ્ધોપ્રવૃત્તિ વિહીન બની જતા તેમના માટે આ જરૂરિયાત અગત્યની બની રહે છે.પરંતુ ઔધોગીકરણ અને શહેરીકરણને પરિણામે સંતાનો શહેરમાં રહેતાં હોય અને વૃદ્ધો ગામડાંમાં રહેતા હોય તેવી સ્થિતિમાં વૃદ્ધોને એકલતાની સમસ્યાનો સામનો કરવો પડે છે.વળી સંતાનોની સાથે રહેતા વૃદ્ધો પણ ભાવનાત્મક ટેકો ન મળતા એકલતાનો અનુભવ કરે છે. ભાગ-દોડતી જિંદગીમાં કુટુંબીજનો વૃદ્ધો માટે સમય ફાળવી શકતા નથી તેમ જ કૌટુંબિક બંધનો નબળાં પડતા વૃદ્ધો કુટુંબથી વિખૂટા પડી જવાની લાગણી અનુભવે છે. આમ,વૃદ્ધજનો ભૌતિક નિકટતા ધરાવતા હોવા છતાં પણ સામાજિક અલગતા અને એકલતાનો સામનો કરે છે.*

**(iii) સામાજિક સલામતીની સમસ્યા :-**

*વ્યક્તિમાં સામાજિક –માનસિક સંતોષની જરૂરિયાત રહેલી હોય છે જે ન સંતોષાતા તે સામાજિક રીતે પોતાને અસુરક્ષિત માને છે. વૃદ્ધજનો પ્રત્યે સેવાતી ઉપેક્ષા,આદર અને લાગણીનો અભાવ,અપમાન,તિરસ્કાર વગેરે પરિસ્થિતિઓમાં વૃદ્ધો પોતાને અસલામત કે અસુરક્ષિત અનુભવે છે મોટાભાગે વૈધવ્યનું જીવન ગાળતા વૃદ્ધો, સંતાનોથી અલગ રહેતા કે સંતાનોથી નકારાત્મક અનુભવ કરતા વૃદ્ધો આવી સામાજિક અસલામતી અનુભવે છે.ગરીબ અને મધ્યમ વર્ગના વૃદ્ધોમાં આ સમસ્યા વધુ ગંભીર છે.*

**(iv) સામાજિક સ્વીકૃતિની સમસ્યાઃ**

*પરંપરાગત ભારતીય સંયુક્ત કુટુંબમાં વૃદ્ધોનું સ્થાન ઊંચું હતું. જ્યારે બદલાતી જતી સામાજિક-સાંસ્કૃતિક પરીસ્થિતિઓમાં વૃદ્ધજનોનું મહત્ત્વ ઘટતું જાય છે.તેઓ કુટુંબમાં વધારાના સભ્યો તરીકે અથવા બોજારૂપ ગણાવા લાગ્યા છે.આ ઝડપી દુનિયામાં વૃદ્ધો માટે સમય કે સ્થાન ન હોવાથી તેમની સામાજિક સ્વીકૃતિના પ્રશ્નો ઉદ્દભવે છે.*

**(v) ફુરસદના સમયની સમસ્યાઃ**

*નિવૃત્તિ બાદ વૃદ્ધોને ફુરસદના સમયની સમસ્યા સતાવે છે. જે વૃદ્ધો કાર્યરત છે તેમને આ સમસ્યાનો સામનો કરવો પડતો નથી.પરંતુ નિવૃત્ત જીવન ગાળતા વૃદ્ધો આ સમસ્યાનો ભોગ બને છે વૃદ્ધાવસ્થામાં શારીરિક નબળાઈ અને સર્જનશક્તિ ક્ષિણ થતા તે સમયનો ઉપયોગ કોઈ સર્જનાત્મક પ્રવૃત્તિમાં કરી શકતા નથી.ગરીબ કે મધ્યમ વર્ગના વૃદ્ધોને મનોરંજનના સાધનો જેવાં કે ટી.વી, રેડિયો વગેરે ઉપલબ્ધ હોતાં નથી અને હોય તોય કુટુંબના અન્ય સભ્યોને ગમતા કાર્યક્રમો તેમને પસંદ આવતા નથી.આવા સંજોગોમાં વૃદ્ધો માટે આ સુવિધા બિનઉપયોગી થઈ પડે છે. આવા સમયે વૃદ્ધજનો માત્ર સમય પસાર કરવા નિરર્થક પ્રવૃત્તિઓ કરે છે.*

**(6) મનોવૈજ્ઞાનિક સમસ્યા :**

*એકલતા,અસુરક્ષિતતા,મૃત્યુનોભય,ઉપેક્ષા,તિરસ્કાર,અપમાન,વગેરેપરિબળોને પરિણામે વૃદ્ધજનોમાં હતાશા,ડિપ્રેશન,કારણ વગરની રોક-ટોક કરવી, શંકા કરવાનું વલણ, વધુ પડતું વાચાળપણું વગેરે જેવી માનસિક વિકૃતિઓ વિકસે છે. આમ, વૃદ્ધાવસ્થામાં વૃદ્ધજનોને ઉપર મુજબની સમસ્યાઓનો સામનો કરવો પડે છે.*

**10.2.5 વૃદ્ધોની સમસ્યા માટે જવાબદાર પરિબળો**

*એક સમયે વૃદ્ધોની સમસ્યાને સામાન્ય પરિસ્થિતિ તરીકે સ્વીકારી લેવામાં આવતી હતી.પરંતુ હવે વૃદ્ધો તેમની સમસ્યાઓ પ્રત્યે સભાન બન્યા છે અને તેમની પરિસ્થિતિ સુધારવા સંગઠનો રચે છે. વૃદ્ધોની સમસ્યા પાછળના જવાબદાર પરિબળો નીચે મુજબ છે.*

1. **સરેરાશ આયુષ્ય મર્યાદામાં વધારોઃ-**

*આરોગ્ય વિષયક સુવિધાઓ અને વિકાસ કાર્યક્રમોને પરિણામે જન્મદર અને મૃત્યુદરમાં ઘટાડો નોંધવાની સાથેસાથે સરેરાશ આયુષ્ય મર્યાદામાં વધારો થયો છે.*National Health Profile 2018 *મુજબ ભારતમાં* 1973 *માં સરેરાશ આયુષ્ય* 49.7

*વર્ષ હતું. જેમાં પુરુષો અને સ્ત્રીઓનું સરેરાશ આયુષ્ય અનુક્રમે 50.5 અને 49.0 વર્ષ હતું. જે વધીને 1991માં સરેરાશ આયુષ્ય 59.4 વર્ષ અને પુરુષ અને સ્ત્રીનું સરેરાશ આયુષ્ય અનુક્રમે 59.0 વર્ષ અને 59.7 વર્ષ થયું. 2001માં સરેરાશ આયુષ્ય 63.4 વર્ષ અને પુરુષ તેમ જ સ્ત્રીનું સરેરાશ આયુષ્ય અનુક્રમે 62.3 વર્ષ અને 64.6 વર્ષ હતું.જે વધીને 2013 માં સરેરાશ આયુષ્ય 68.3 વર્ષ અને પુરુષ તેમજ સ્ત્રીનું સરેરાશ આયુષ્ય 68.3 વર્ષ અને પુરુષ તેમજ સ્ત્રીનું સરેરાશ આયુષ્ય અનુક્રમે 66.9 વર્ષ અને 70.0 વર્ષ થયું છે. જે આયુષ્ય મર્યાદામાં વધારો સૂચવે છે. આમ,સરેરાશ આયુષ્ય મર્યાદા ઊંચી લઈ જવામાં ભારતે સફળતા પ્રાપ્ત કરી છે. આમ છતાં,તેના પરિણામે વૃદ્ધોની સમસ્યામાં થતો વધારો દેશ માટે પડકારરૂપ અને નિરાશાજનક છે.*

### 2. કુટુંબ સંસ્થામાં પરિવર્તન :

*આધુનિક પરિબળોની અસર હેઠળ ભારતીય કુટુંબ સંસ્થામાં પરિવર્તનો આવ્યાં છે. સંયુક્ત કુટુંબપ્રથા તૂટતી જાય છે. જેને પરિણામે વૃદ્ધોની સમસ્યા વિકટ બની છે. કુટુંબ સંસ્થાને લગતાં મૂલ્યો, માન્યતાઓ બદલાતા કૌટુંબિક પરીસ્થિતિઓ બદલાઈ ગઈ છે. પરંપરાગત કુટુંબમાં વૃદ્ધોનું સ્થાન ઊંચુ ગણાતું જે હવે ઉપેક્ષા કે તિરસ્કારને પાત્ર બન્યું છે. હવે વૃદ્ધોએ સંતાનોના જીવન સાથે અનુકૂલન સાંધવાની ફરજ પડી છે જો તેમ ન કરે તો સંતાનો તેમને તરછોડી દેવામાં સંકોચ કરતા નથી.આમ,બદલાતા કૌટુંબિક માળખાએ વૃદ્ધોની સમસ્યાને વધુ વિકટ બનાવી દીધી છે. આધુનિક મૂલ્યો ,જેવા કે ઔધોગીકરણ,શહેરીકરણ,શિક્ષણ,કાનૂની- કરણ,લોકશાહી વગેરેને પરિણામે વડીલશાહી,જ્ઞાતિ પંચાયત ,પડોશ ભાવના વગેરે બાબતો નબળી પડી છે. જેના કારણે વ્યક્તિના વર્તન ઉપર સંસ્થાકીય નિયંત્રણ રહેતું નથી અને તેને પરિણામે પુત્ર કે પુત્રવધુઓ વૃદ્ધો સાથે દુર્વ્યવહાર કરતા કે તેમને વૃદ્ધાશ્રમમાં મૂકી આવતા અચકાતા નથી.*

### 3. આર્થિક પરાવલંબન :-

*વૃદ્ધો તેમના જીવનની જમા પૂંજી સંતાનોના લગ્ન,તેમના શિક્ષણ,ઘર લેવામાં કે અન્ય સામાજિક કામોમાં ખર્ચી નાખે છે.કેટલાક વૃદ્ધોએ પોતાની મિલકત અને બચત સંતાનોને સોંપી દીધાં હોય છે. જેથી વૃદ્ધાવસ્થામાં તેમણે આર્થિક રીતે સંતાનો પર નિર્ભર રહેવું પડે છે.જો સંતાનોને આજીવિકાનું પર્યાપ્ત સાધન ઉપલબ્ધ ન હોય તો તે ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વૃદ્ધોએ કામ કરવું પડે છે અને સંતાનોની ચિંતા તેમને સતાવ્યા કરે છે.તેમના કામના કલાકો પ્રમાણે તેમને વેતન મળતું નથી તેમ જ તેઓ શારીરિક થાકનો અનુભવ કરે છે. વધતી જતી મોંઘવારીમાં પુત્રોને તેમના સંતાનોના ભરણપોષણ અને શિક્ષણની જવાબદારી હોવાથી તેઓ વૃધ્ધ માતા-પિતાને બોજારૂપ માને છે.*

### 4. સ્ત્રીઓનો વ્યવસાય પ્રવેશઃ-

*સ્ત્રીઓનો વ્યવસાય પ્રવેશ થતા સ્ત્રીઓને બેવડી ભૂમિકા ભજવવી પડે છે આવા સંજોગોમાં ઘરમાં તેની ગેરહાજરી ઊભી થવાથી તે સાસુ –સસરાની દેખભાળ યોગ્ય રીતે રાખી શકતી નથી.ઉપરાંત આત્મનિર્ભર બનતા સ્ત્રીમાં આત્મસન્માન સ્વમાન અને*

અધિકારની ભાવના પ્રબળ બને છે.જેના કારણે તે સાસુ –સસરાના ઠપકા કે મેણાં-ટોણાં સહન કરતી નથી અને કૌટુંબિક સંઘર્ષ ઉદ્દભવે છે જે કુટુંબના વિઘટન અને વૃદ્ધોની સમસ્યામાં વધારો કરે છે.

આ ઉપરાંત ,ઉપભોક્તાવાદ,ઊંચા જીવનધોરણની મહત્ત્વકાંક્ષા,આરોગ્ય અને આહાર સંબંધિત પરિબળો, આંતરપેઢીયસંઘર્ષ, વ્યકિતવાદ,સ્વતંત્રતા અને સમાનતા જેવાં આધુનિક મૂલ્યો વગેરે પરિબળોને વૃદ્ધાવસ્થાની સમસ્યા માટે જવાબદાર ગણાવી શકાય.

### 10.2.6 વૃદ્ધોની સમસ્યાઓની અસરોઃ

વૃદ્ધજનોની સમસ્યા કેટલીક વિપરીત અસરો નીપજાવે છે જે નીચે મુજબ છે.

- સમસ્યાઓનો સામનો કરતા વૃદ્ધજનોનું શારીરિક –માનસિક સ્વાસ્થ્ય કથળે છે સતત ચિંતા અને તંગદીલી તેમના માનસિક સ્વસ્થાયને હાનિ પહોંચાડે છે.તેઓ ડિપ્રેશનમાં આવી જાય છે,ઊંઘ ઓછી થઈ જાય છે અને કયારેક માનસિક સંતુલન ગુમાવી દે તેવું પણ બને છે.
- વૃદ્ધજનોને ભોગવવી પડતી સમસ્યાઓની સંચિત અસર સ્વરૂપે તેમના સ્વભાવમાં નકારાત્મક પરિવર્તન આવે છે.જેમાં સતત નવી પેઢી માટે અને આધુનિક સમાજ માટે ફરિયાદ કરવી,પોતાના સમયના કે સમાજના વખાણ કર્યા કરવાં, નાની-નાની વાતો મન પર લેવી, બિન જરૂરી હસ્તક્ષેપ કરવો,વર્તનમાં વિચિત્રતા આવવી ,વાતોમાં વિષયાંતર કે પુનરાવર્તન કરવું, બીજા પાસે વધુ પડતી અપેક્ષા રાખવી, ઝઘડો કરવો વગેરે જેવાં લક્ષણો જોઈ શકાય છે.
- વૃદ્ધોની સમસ્યા કુટુંબના જીવનધોરણ પર અસર કરે છે. વૃદ્ધો પાછળનો ખર્ચો ગરીબ અને મધ્યમવર્ગના કુટુંબ માટે આર્થિક સંકડામણ પેદા કરે છે.જે કયારેક કૌટુંબિક સંઘર્ષનું કારણ બને છે.
- વૃદ્ધોની સાર-સંભાળ અને દેખરેખ સ્ત્રી સભ્ય માટે તંગદીલીનું કારણ બને છે ઘરમાં રોજબરોજના કામ ઉપરાંત વૃદ્ધોની સેવા-ચાકરી કરવી અનેતેમનો સમય સાચવવામાં સ્ત્રી થાક અને તંગદીલી અનુભવે છે.તેમાંયજો સ્ત્રી નોકરી કરતી હોય તેવા સંજોગોમાં તેના માટે બેવડી ભૂમિકા મુશ્કેલી સર્જે છે જે ઘણીવાર કૌટુંબિક સંઘર્ષનું કારણ બને છે.
- વૃદ્ધોની વધતી જતી સંખ્યા દેશની અર્થવ્યવસ્થા માટે બોજારૂપ બને છે.તેમના સ્વાસ્થ્ય અને સુવિધા પાછળ દેશને ખર્ચો કરવો પડે છે.ઉપરાંત તેમનાં પેન્શન, વૃદ્ધાશ્રમો વગેરેનો ખર્ચ પણ ઉત્તરો ઉત્તર વધતો જાય છે.
- વૃદ્ધોની વધતી જતી સંખ્યા દેશની માથાદીઠ આવક પર અસર કરે છે.યુવાધન પર વૃધ્ધોનો આર્થિક બોજો વધતો જાય છે અને તે ઊંચા જીવનની મહત્ત્વકાંક્ષા સિદ્ધ કરી શકતા નથી.

### 10.2.7વૃદ્ધજનોની સમસ્યાઓના સમાધાન માટેના ઉપાયો

વૃદ્ધજનોની સમસ્યા નિવારવા સંયુક્ત કુટુંબપ્રથાને પ્રોત્સાહન આપવું જોઈએ,નવી પેઢીને સંયુક્ત કુટુંબના લાભો સમજાવવા જોઈએ અને સંયુક્ત કુટુંબમાં

*પ્રવેશેલા દૂષણોને દૂર કરવા જોઈએ આ ઉપરાંત વૃદ્ધોના અનુભવનો લાભ મળે તે હેતુથી પ્રૌઢ શિક્ષણ આપવું કે એવા અન્ય કામોમાં તેમને વ્યસ્ત રાખવા જોઈએ અને તેમને રોજગારી ઉપલબ્ધ કરાવવી જોઈએ.*

*વૃદ્ધોની સમસ્યાઓ દૂર કરી શકાય તે હેતુથી ભારતમાં વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.*

- *સરકારી નોકરિયાતો માટે માસિક પેન્શન, ગેજ્યુઈટી, પેન્શનનું મૂડીકૃત રૂપાંતર અને પેન્શનરના અવસાન બાદ તેના પતિ કે પત્નીને ફેમીલી પેન્શન આપવામાં આવે છે. જે વૃદ્ધાવસ્થામાં તેમને આર્થિક સ્વાવલંબન પૂરું પાડે છે.*
- *સંગઠિત ક્ષેત્રમાં કામદારોને પણ ગેજ્યુઈટી, પ્રોવિડંન્ડ ફંડ, રાજ્ય વીમા યોજના, કુટુંબ પેન્શન*
- *યોજનાઓ દ્વારાઆર્થિક સલામતી પૂરી પાડવામાં આવે છે.*
- *અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં હોય તેવા સામાન્ય લોકો માટે સરકારે વૃદ્ધાવસ્થાના પેન્શનની યોજના અમલમાં મૂકી છે જે મુજબ નિરાધાર અને ગરીબ એવા વૃદ્ધજનોને દર મહિને પેન્શન પેટે અમુક રકમ આપવામાં આવે છે.*
- *દેશભરમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને જિલ્લા કક્ષાએ સરકારી હોસ્પિટલો ખોલવામાં આવી છે. જેમાં મફત સારવારની સુવિધા મળી રહે છે. જેથી યોગ્ય સારવાર કરાવી શકે છે.*
- *વૃદ્ધો માટે ડે-કેર સેન્ટરો ખોલવા સરકાર તરફથી સ્વૈચ્છિક સંગઠનોને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. જેથી વૃદ્ધો ઘેર બેઠા આવશ્યક સેવાઓ મેળવી શકે છે.*
- *ફરતી તબીબી સેવાઓને પરિણામે અંતરિયાળ વિસ્તારમાં રહેતા વૃદ્ધો, ગ્રામીણ, શહેરી અને ઝૂંપડીપટ્ટીમાં રહેતાં વૃદ્ધોને તેમના ઘર આંગણે તબીબી સેવા મળી રહે છે.*

*વૃદ્ધોની સમસ્યાના સમાધાન માટે સરકાર દ્વારા પગલાં લેવામાં તો આવ્યાં છે પરંતુ તે અપૂરતા છે. વધતી જતી વૃદ્ધની વસ્તી અને સમસ્યાઓ સામે સરકારનાં પગલાં અસરકારક કામગીરી આપી શકયાં નથી.*

## 10.3 સારાંશ :

*આ એકમમાં આપણે વૃદ્ધવસ્થાની સમસ્યા અંગે વિસ્તૃત માહિતી મેળવી. વૃદ્ધજનોની વસ્તીવિષયક રૂપરેખાનો ચિતાર મેળવી તેમની સમસ્યાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. પ્રસ્તૃત એકમમાં વૃદ્ધોની સમસ્યાના ઉદ્દ્ભાવક પરિબળો અને અસરો અંગે જાણકારી મેળવી, તેના ઉપાય અંગે સરકાર દ્વારા લેવાયેલ પગલાંની ચર્ચા પણ કરી છે જે વૃદ્ધોની સમસ્યાને સમજવામાં ઉપયોગી નીવડશે.*

- **તમારી પ્રગતિ ચકાસો .**

*નોંધ :*

1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો*
2) *એકમના અંતે આપેલા જવાબ સાથે તમારો જવાબ સરખાવો.*

**1. વૃદ્ધાવસ્થા કોને કહેવાય?**

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

________________________________________________________________________

## 10.4 શબ્દાવલી :

**કૌટુંબિક વિઘટન** *કુટુંબના બંધનો નબળાં પડતાં કુટુંબ સંસ્થા જયારે તેનું કાર્યાત્મક મહત્ત્વ ગુમાવી દે છે ત્યારે કૌટુંબિક વિઘટન થયું કહેવાય.*

**વ્યક્તિગતવાદ** *વ્યક્તિ કેન્દ્રી વિચારસરણી કે જેમાં વ્યક્તિ પોતાનાં સમૂહનું હિત પાછળ મૂકી માત્ર પોતાનાં હિતોનો જ વિચાર કરે તેને વ્યક્તિવાદ કહેવાય.*

**ઉપભોક્તાવાદ** *ઉપભોક્તાવાદ એટલે વસ્તુ કે સેવાઓના ઉપયોગ દ્વારા સુખનો અનુભવ કરવા પર ભાર મૂકતી વિચારસરણી.*

## 10.5 બહુ વિકલ્પીય પ્રશ્નો :

1. *સંયુક્ત રાષ્ટ્ર સંઘે* _______*વર્ષને ‘વૃદ્ધજનોના આંતરરાષ્ટ્રીય વર્ષ’ તરીકે ઊજવ્યું.*

*(અ)* 2001 *(બ)* 2000 *(ક)*1999 *(ડ)* 1998

2. __________________ *એ વૃદ્ધોની સમસ્યા નથી.*

*(અ) એકલતા* *(બ)શારીરિક પરાવલંબન*

*(ક) સામાજિક અસલામતી* *(ડ) ઉચ્ચ આર્થિક સ્થિતિ*

3. ભારતમાં _____________થી ઉપરની વયના લોકોને ‘Senior Citizen’ તરીકેનો દરજ્જો આપવામાં આવે છે.

(અ) 60 વર્ષ (બ) 65વર્ષ (ક)70 વર્ષ (ડ) 75 વર્ષ

4. World Population Ageing 2017 ના રિપોર્ટ મુજબ વિશ્વમાં સૌથી વધુ વૃદ્ધોની વસ્તી ધરાવતો દેશ_____________ છે.

(અ) ભારત (બ) જાપાન (ક)પોર્ટુગલ (ડ) ઈટાલી

5. 2011 ની વસ્તીમાં વૃદ્ધોની વસ્તી કુલ વસ્તીના_____________ ટકા છે.

(અ) 5.6 (બ) 6.5 (ક)8.6 (ડ) 6.0

જવાબો.

1. (ક) 1991
2 (ડ) ઉચ્ચ આર્થિક સ્થિતિ
3 (અ) 60 વર્ષ
4 (બ) જાપાન
5 (ક) 8.6

**તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

1. વૃદ્ધત્વને શારીરિક અયોગ્યતાઓ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય કે જેમાં વ્યકિતની ઈન્દ્રિયો કમજોર થઈ જાય છે. શરીર અને મન નબળું પડતા શારીરિક-માનસિક બીમારીઓ ઉદ્દભવે છે તેમ જ અનેક પ્રકારની સમસ્યાઓ સર્જાય છે. માનવજીવનનો આ તબક્કો કે જે જીવનચક્રનો આખરી તબક્કો છે તેને વૃદ્ધાવસ્થા તરીકે ઓળખવામાં આવે છે.

## 10.6 સ્વાધ્યાય :

1. વૃદ્ધાવસ્થાનો અર્થ આપી વૃદ્ધોની વસ્તી વિષયક રૂપરેખા સમજાવો

2. વૃદ્ધાવસ્થાની સમસ્યા પર વિસ્તૃત નોંધ લખો.

3. *વૃદ્ધોની સમસ્યાની અસરો અને ઉપાયોની ચર્ચા કરો.*

**સંદર્ભ સૂચિ :**


1. Becker H.S: Social problems A Modern Approach; john Willy and Sons, New York ,.1966
2. Bond Coleman P.and Peace S.(ends):Aging in Society;Sage Publication,London New Delhi 1987
3. महाजन धर्मवीर ओर महाजन कमलेश : भारतीय समाज: मुद्दे एवं समस्याएँ: विवेक प्रकाशन दिल्ली 2010.
4. *દવે હર્ષિદા એચ (ડૉ.) :સામાજિક સમસ્યાઓ :યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ ,અમદાવાદ,*2000

# એકમ : 11 વિકાસાત્મક સમસ્યાઃ પ્રાદેશિક વિસંગતતા અને વિકાસ પ્રેરિત વિસ્થાપન

: રૂપરેખા :

**11.0 ઉદ્દેશ્યો**
**11.1 પ્રસ્તાવના**
**11.2 વિકાસાત્મક સમસ્યા તરીકે પ્રાદેશિક વિસંગતતાની સમસ્યા**
**11.2.1 પ્રાદેશિક વિસંગતતાનો અર્થ**
**11.2.2 ભારતમાં પ્રાદેશિક વિસંગતતાનું સ્વરૂપ**
**11.2.3 પ્રાદેશિક વિસંગતતાના કારણો**
- **તમારી પ્રગતિ ચકાસો. (ક)**

**11.3 વિકાસ પ્રેરિત વિસ્થાપનની સમસ્યા**
**11.3.1 વિકાસ પ્રેરિત વિસ્થાપનનો અર્થ**
**11.3.2 વિકાસ પ્રેરિત વિસ્થાપનનું સ્વરૂપ**
**11.3.3 વિકાસ પ્રેરિત વિસ્થાપનની વિસ્થાપિતો પર થતી અસરો**
- **તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

**11.4 સારાંશ**
**11.5 શબ્દાવલિ**
**11.6 બહુવિકલ્પ પ્રશ્નો (જવાબો સહિત)**
**11.7 સ્વાધ્યાય**
- **સંદર્ભસૂચિ**

## 11.0 ઉદ્દેશ્યો :

*આ એકમના અભ્યાસ બાદ તમે –*

1. *પ્રાદેશિક વિસંગતતા તેમજ વિકાસ પ્રેરિત વિસ્થાપનની વિભાવનાને સમજી શકશો.*
2. *પ્રાદેશિક વિસંગતતા અને વિકાસ પ્રેરિત વિસ્થાપનની સમસ્યાને વિસ્તારથી સમજી શકશો.*
3. *પ્રાદેશિક વિસંગતતા અને વિકાસ પ્રેરિત વિસ્થાપનની સમસ્યાનું સ્વરૂપ તેમજ તેના કારણોની ચર્ચા કરી શકશો.*
4. *વિકાસાત્મક સમસ્યા તરીકે પ્રાદેશિક વિસંગતતા અને વિકાસ પ્રેરિત વિસ્થાપનની સમસ્યાના ઉકેલની દિશામાં વિચારી શકશો.*

## 11.1 પ્રસ્તાવના :

*પ્રસ્તુત પ્રકરણમાં વિકાસાત્મક સમસ્યા તરીકે પ્રાદેશિક વિસંગતતાની સમસ્યા અને વિકાસપ્રેરિત વિસ્થાપનની સમસ્યાની ચર્ચા કરીશું. વિકાસ આમ તો દેશની ઉન્નતિ અને પ્રગતિને દર્શાવતો ખ્યાલ છે. તેમ છતાં વિકાસની પ્રક્રિયામાં અસમતુલાને પરિણામે અથવા તો વિકાસલક્ષી કાર્યક્રમોની ખામીઓને પરિણામે સમાજમાં કેટલીક સમસ્યાઓ ઉદ્ભવે છે. પ્રાદેશિક વિસંગતતાની સમસ્યા અને વિકાસપ્રેરિત વિસ્થાપનની સમસ્યા પણ આવી જ સમસ્યા છે. જેની વિગતે ચર્ચા પ્રસ્તુત એકમમાં કરવામાં આવી છે.*

## 11.2 વિકાસાત્મક સમસ્યા તરીકે પ્રાદેશિક વિસંગતતાની સમસ્યા :

*ભારતમાં પ્રાદેશિક વિસંગતતાની સમસ્યા ઘણા લાંબા સમયથી જોવા મળે છે. બ્રિટિશ શાસન પૂર્વે તેમજ ભારત સ્વતંત્ર થયો તે પહેલાંના સમયમાં પણ ભારતમાં પ્રાદેશિક વિસંગતતા જોવા મળતી હતી. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સમયે ભારતની અર્થવ્યવસ્થા મુખ્યત્વે કૃષિ આધારિત તેમજ સ્થિર હતી અને ઔદ્યોગિક વિકાસ ખૂબ ઓછો હતો. લોકોમાં શિક્ષણનું પ્રમાણ પણ ખૂબ ઓછું હતું અને આરોગ્ય સેવાઓ ઓછી હોવાને કારણે ભારતનો મૃત્યુ દર પણ ખૂબ ઊંચો હતો. તેથી જ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારતમાં આયોજિત પરિવર્તનનો યુગ શરુ થયો. પંચવર્ષિય યોજનાઓ તેમજ જુદાં જુદાં વિકાસ કાર્યક્રમોના મારફતે ભારત વિકાસની પ્રક્રિયામાં ગતિશીલ બન્યો. આયોજન પંચ દ્વારા ભારતમાં પ્રાદેશિક વિસંગતતાને દૂર કરી શકાય તેવી યોજનાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું. પછાત પ્રદેશોમાં ઉદ્યોગોની સ્થાપનાને પ્રોત્સાહન આપવામાં આવ્યુ તેમ છતા હજુ પણ દેશપ્રાદેશિક વિસંગતતાની સમસ્યાથી પીડા પામી રહ્યો છે.*

### 11.2.1 પ્રાદેશિક વિસંગતતાનો અર્થ

*પરિવર્તન સૃષ્ટિનો નિયમ છે કેટલાંક પરિવર્તનો સ્વયંજનિત હોય છે જ્યારે કેટલાંક પરિવર્તનો સમાજના લોકો દ્વારા આયોજનપૂર્વક કરવામાં આવે છે. વિકાસ એ સમાજના તમામ અંગો જેવાં કે, આર્થિક, સામાજિક, રાજકિય, શૈક્ષણિક, ધાર્મિક વગેરેમાં હેતુપૂર્વક તેમજ ઈચ્છિત દિશામાં પરિવર્તનોને સૂચિત કરે છે. વિકાસ એ પ્રત્યેક દેશની જરૂરિયાત છે. વિકાસની દ્રષ્ટિએ પ્રાદેશિક વિસંગતતાનો અર્થ લઈએ તો પ્રાદેશિક વિસંગતતા એટલે જુદાં જુદાં પ્રદેશોના આર્થિક, સામાજિક, શૈક્ષણિક, કૃષિ સબંધી, સિંચાઈના, આરોગ્ય સબંધી, વાહનવ્યવહાર, સંચાર વ્યવહાર, વગેરેના વિકાસમાં અસમાનતા કે તફાવત. પ્રાદેશિક વિસંગતતાના ખ્યાલને આંતરરાજકીય અને અંતઃરાજકીય એમ બંને સંદર્ભમાં જોઈ શકાય. દા.ત. ગુજરાત અને રાજસ્થાન બંને*

*પડોશી રાજ્યો છે પરંતુ વિકાસની દ્રષ્ટિએ જોઈએ તો, બંનેમાં તફાવતો જોવા મળે છે. ગુજરાતમાં વિકાસની માત્રા વધુ છે જ્યારે રાજસ્થાનમાં ગુજરાતની સાપેક્ષે વિકાસ*

*ઓછો થયેલો છે. જેને આંતર રાજકીય પ્રાદેશિક વિસંગતતા કહેવાય. જ્યારે ગુજરાત રાજ્યની અંદર જ અમદાવાદ અને દાહોદ આ બંને જિલ્લાનો વિચાર કરીએ તો આ બંને જીલ્લાની વિકાસની માત્રામાં તફાવત છે. જેને અતઃરાજકીય પ્રાદેશિક વિસંગતતા કહી શકાય. આમ, પ્રાદેશિક વિસંગતતા ભૌગોલિક સીમા તેમજ તે સીમામાં થયેલા વિકાસની માત્રા સાથે સબંધિત ખ્યાલ છે.*

*ભારતમાં 28 રાજ્યો અને જમ્મુ અને કાશ્મીર તેમજ લદ્દાખ સહિત 9 કેંદ્રશાસિત પ્રદેશ મળીને કુલ 37 પ્રદેશો છે. આ બધા જ પ્રદેશના સામાજિક-આર્થિકવિકાસમાં તફાવત જોવા મળે છે. કેટલાંક પ્રદેશ વિકાસની કક્ષામાં આગળ છે તો કેટલાંક પ્રદેશ વિકાસની કક્ષામાં પાછળ છે. આ બધા જ પ્રદેશના પેટા પ્રદેશ તરીકે જિલ્લા, તાલુકા અને ગામ લઈએ તો પ્રત્યેક પ્રદેશના જુદાં જુદાં જિલ્લામાં વિકાસની કક્ષા અસમાન છે. એક જિલ્લાના જુદાં જુદાં તાલુકાઓમાં વિકાસની કક્ષા અસમાન છે. અને એક જ તાલુકાના જુદાં જુદાં ગામોમાં પણ વિકાસની કક્ષા અસમાન છે.*

### 11.2.2 ભારતમાં પ્રાદેશિક વિસંગતતાનું સ્વરૂપ

*ભારતમાં જોવા મળતી પ્રાદેશિક વિસંગતતાઓ નીચેના તથ્યો દ્વારા સ્પષ્ટ કરી શકાય.*

1. *શૈક્ષણિક વિસંગતતાઃ ભારતના જુદાં જુદાં રાજ્યોના સાક્ષરતા દરમાં વિભિન્નતાઓ જોવા મળે છે. 2011નીવસ્તી ગણતરીમાં કેટલાંક રાજ્યો એવા છે કે જેનો સાક્ષરતા દર ખૂબ ઊંચો છે, જ્યારે કેટલાંક રાજ્યો એવાં છે કે જેનો સાક્ષરતા દર પ્રમાણમાં ખૂબ ઊંચો છે. દા.ત. કેરલ, લક્ષદ્વિપ, મિઝોરમ, ત્રિપુરા, ગોવા વગેરે રાજ્યોનો સાક્ષરતા દર અનુક્રમે 93.91, 92.28, 91.58, 87.75, 87.40 છે. જ્યારે આંધ્રપ્રદેશ, ઝારખંડ, રાજસ્થાન, અરુણાચલપ્રદેશ, બિહાર, વગેરે રાજ્યોનો સાક્ષરતા દર અનુક્રમે 67.66, 67.06, 66.95, અને 63.82 છે.*

2. *આર્થિક વિકાસમાં વિસંગતતાઃ આર્થિક વિકાસની દ્રષ્ટિએ બિહાર, ઉત્તરપ્રદેશ, મણીપુર, ઝારખંડ, અસામ વગેરે રાજ્યો પછાત રાજ્યો છે. જ્યાં વ્યક્તિની માથાદીઠ આવક ખૂબ જ ઓછી હોવાથી લોકો નિર્ધનતા, કુપોષણ, અશિક્ષિત અને કથળેલા સ્વાસ્થ્યની અવસ્થામાં જીવન વ્યતીત કરે છે. જ્યારે ગોવા, દિલ્હી, સિક્કીમ, ચંદીગઢ, પોંડિચેરી, હરિયાણા વગેરે રાજ્યોની માથાદીઠ આવક રાષ્ટ્રીય માથાદીઠ આવકની તુલનામાં ઘણી વધારે છે. જે આર્થિક વિસંગતતા દર્શાવે છે.*

3. *ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ આંધ્રપ્રદેશ, તેલંગાણા, હરિયાણા, ગુજરાત વગેરે રાજ્યો આગળ પડતા છે જ્યારે લક્ષદ્વિપ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, સિક્કીમ, મણીપુરમાં ઔદ્યોગિક વિકાસની કક્ષા નીચી છે.*

4. *કૃષિ ક્ષેત્રેપંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, તામિલનાડુ વગેરે રાજ્યો આગળ પડતાં છે જ્યારે છત્તીસગઢ, કેરાલા, ઓડિસા, અસામ વગેરે રાજ્યોમાં કૃષિ વિકાસની કક્ષા નીચી છે.*
5. *સ્ત્રી પુરુષ જાતિ પ્રમાણ સંદર્ભે કેરાલા, પોંડિચેરી, તામિલનાડુ, આંધ્રપ્રદેશ વગેરે રાજ્યોમાં સ્ત્રી પુરુષ જાતિપ્રમાણ અનુક્રમે 1084, 1037, 996,993 છે. જ્યારે દિલ્હી, હરિયાણા, જમ્મુ-કશ્મીર, સિક્કીમ, પંજાબ વગેરે રાજ્યોમાં અનુક્રમે સ્ત્રી પુરુષ જાતિ પ્રમાણ 868, 879, 889, 890, 895 છે.*

*આમ,ભારતના જુદાં જુદાં પ્રદેશોના આર્થિક, સામાજિક, શૈક્ષણિક, કૃષિ સબંધી, સિંચાઈના, આરોગ્ય સબંધી, વાહનવ્યવહાર, સંચાર વ્યવહાર, વગેરેના વિકાસમાં અસમાનતા જોવા મળે છે.*

### 11.2.3 પ્રાદેશિક વિસંગતતાના કારણો

*પ્રાદેશિક વિસંગતતાના કારણો નીચે મુજબ જોઈ શકાયઃ*

**1. કુદરતી સંસાધનોની વૈવિધ્યતાઃ** *પ્રાદેશિક વિસંગતતાનું મુખ્ય કારણ કુદરતી સંસાધનોની વૈવિધ્યતા છે. કેટલાંક પ્રદેશો નદી, તળાવ, ફળદ્રુપ જમીન, ડુંગરો, ખનીજસંપત્તિ, વનસંપત્તિ, વરસાદ, હવા, પાણીઅને પ્રકાશ વગેરે જેવી કુદરતી સંપત્તિથી ભરપૂર અને વિકાસ માટેની તમામ અનુકૂળતાઓ ધરાવતાં હોય છે. જ્યારે કેટલાંક પ્રદેશો આવી અનુકૂળતાઓ ધરાવતાં નથી.વધુમાં ત્યાંનુ પ્રતિકૂળ વાતાવરણ, જે તે પ્રદેશના વિકાસમાં બાધારૂપ બને છે. દા.ત. પંજાબમાં નદીઓના કાંપથી ફળદ્રુપ મેદાની પ્રદેશોને કારણે ત્યાં ખેતીનો વ્યવસાય ખૂબ વિકસ્યો છે. જ્યારે રણવિસ્તાર ધરાવતાં કચ્છ અને રાજસ્થાનના રણપ્રદેશમાં ખેતીની શક્યતાઓ નહિવત છે.*

**2. આર્થિક સંસાધનોમાં તફાવતઃ** *રાજ્યોના આર્થિક સંસાધનોમાં તફાવત પણ પ્રાદેશિક વિસંગતતા સર્જે છે. કેટલાંક રાજ્યોની માથાદિઠ આવક વધુ હોય છે. તેથી ત્યાંની આર્થિક સ્થિતિ સારી હોય છે. જેથી રાજ્યના વિકાસ માટેના કાર્યો થઈ શકે છે. જ્યારે કેટલાંક રાજ્યોની માથાદીઠ આવક ઓછી હોય છે. જેથી રાજ્યના આર્થિક સંસાધનોની ઉણપ સર્જાતા વિકાસના કાર્યોમાં પૈસા વાપરી શકાતાં નથી ઉલટાનું પ્રજાની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવામાં જ રાજ્યની સંપત્તિ વપરાઈ જાય છે.*

**3. સામાજિક પછાતપણુંઃ** *ભારતના જુદાં જુદાં રાજ્યોમાં અસમાનતાનું એક કારણ સામાજિક પછાતપણું પણ છે. કેટલાંક એવા રાજ્યો પણ છે જે આર્થિક દ્રષ્ટિએ વિકસિત છે પરંતુ સામાજિક દ્રષ્ટિએ પછાત છે. હરિયાણા, પંજાબ આર્થિક દ્રષ્ટિએ વિકસિત છે પરંતુ સામાજિક દ્રષ્ટિએ પછાત છે. કેરળ શિક્ષણ અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિકસિત છે. પરંતુ ગરીબી અને બેકારીની દ્રષ્ટિએ પછાત છે. આમ, ભારતના જુદાં જુદાં રાજ્યો સામાજિક દ્રષ્ટિએ વિકસિત, અર્ધવિકસિત અને અવિકસિત એમ જુદાં જુદાં સ્તરમાં વહેંચી શકાય.*

**4. વિકાસ કાર્યોમાં તફાવતઃ** *પ્રદેશના વિકાસમાં વિકાસ કાર્યોની માત્રાનો સીધો પ્રભાવ પડે છે. દેશના બંદરો, પર્યટન સ્થળ તરીકે વિકસાવેલાં પ્રદેશો, સૈન્યની દ્રષ્ટિએ મહત્ત્વ ધરાવતાં પ્રદેશો, આવા પ્રદેશોના માટે દેશ મોટા પ્રમાણમાં બજેટ ફાળવે છે. એટલે આ પ્રદેશોનો વિકાસ ઝડપથી થાય છે. જ્યારે જે પ્રદેશો આવું કોઈ મહત્ત્વ ધરાવતાં નથી એ પ્રદેશો ઝડપથી વિકસતા નથી જેથી પ્રદેશોનીઅસમાનતામાં વધારો થાય છે.*

**5. યોજનાઓના અમલીકરણ અને પ્રગતિમાં તફાવતઃ** *પંચવર્ષીય યોજનાઓ બધા રાજ્યોમાં ચલાવવામાં આવે છે. પરંતુ તેના પરિણામોમાં મોટો તફાવત જોવા મળે છે. કારણકે પ્રત્યેક રાજ્યમાં તેના અમલીકરણ અને પ્રગતિમાં તફાવતો જોવા મળે છે. જેનું કારણ રાજનીતિ અને વ્યવસ્થાપન છે. કેટલાંક રાજ્યોમાં વધુ ઉત્સાહ અને જાગૃતતાને કારણે યોજનાઓનો અમલ સારો થાય છે. જ્યારે જે રાજ્યોનું રાજનૈતિક અને વ્યવસ્થાપન માળખું મજબૂત નથી હોતુ તે રાજ્યોમાં યોજનાઓનો અમલ અસરકારક રીતે ન થતા તે રાજ્યો પછાત રહી જવા પામે છે.*

**6. લોકોના દ્રષ્ટિકોણ અને સહકારમાં તફાવતઃ** *કોઈપણ પ્રદેશના વિકાસમાં ત્યાં વસતા લોકોના વિચાર, દ્રષ્ટિકોણ, માન્યતાઓ, પરંપરા, ઐતિહાસિક પૃષ્ઠભૂમિ વગેરેનો પ્રભાવ પડે છે. જાપાનમાં પ્રાકૃતિક સંસાધનો ભારતની સાપેક્ષમાં ઓછા હોવાં છતાં વિકસિત દેશ છે જેમાં ત્યાંના લોકોની મહેનત અને કર્મનિષ્ઠાનો ફાળો વધુ છે. આમ, લોકોના દ્રષ્ટિકોણ અને સહકારના તફાવતને કારણે પ્રાદેશિક વિસંગતતા ઊભી થાય છે.*

*પ્રાદેશિક વિસંગતતાની સમસ્યા વિકાસની માત્રામાં પછાત ગણાતા રાજ્યોમાં રહેતા લોકોને હતાશ અને નિરાશ કરી દે છે. ત્યાંના લોકોને એમ લાગે છે કે સરકાર તેમના પ્રદેશના ઉત્કર્ષ માટે કંઈ કરતી નથી જેને પરિણામે સ્થળાંતરની સમસ્યા પણ ઉદ્ભવે છે. પછાત પ્રદેશમાં મૂડી રોકાણ કરતાં ઉદ્યોગપતિઓ પણ ગભરાય છે જેથી આવા પ્રદેશમાં ઉદ્યોગો સ્થાપવામાં સરકાર તરફથી પ્રોત્સાન મળતુ હોવા છતાં ત્યાં જોઈએ તેટલો ઔદ્યોગિક વિકાસ સાંધી શકાતો નથી. જેથી સરકારે એવી યોજનાઓને પ્રાધાન્ય આપવું જોઈએ કે જેથી પ્રાદેશિક વિસંગતતાની સમસ્યાને દૂર કરી શકાય. જોકે ભારતની સરકાર આ દિશામાં પ્રયત્નશીલ છે પરંતુ આ પ્રયત્નોને જોઈએ તેવી સફળતા મળી નથી.*

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

*નોંધઃ* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*

(2) *એકમના અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ સરખાવો.*

1. *પ્રાદેશિક વિસંગતતા એટલે શું? ટૂંકમાં સમજાવો.*

2. *આંતરરાજકીય પ્રાદેશિક વિસંગતતા ઉ.દા. સહિત સમજાવો.*

## 11.3 વિકાસ પ્રેરિત વિસ્થાપનની સમસ્યા :

*પ્રત્યેક દેશ અને સમાજને ઉન્નતિના શિખર પર લઈ જવા માટે વિકાસ અનિવાર્ય છે. આમ, છતાં કોઈ પણ દેશને ઔદ્યોગિક વિકાસની ભારે કિંમત ચૂકવવી પડતી હોય છે. વિકાસની પ્રક્રિયામાં રાષ્ટ્રહિતને સામે રાખીને કેટલાંક એવા નિર્ણયો લેવા પડતા હોય છે જે સ્થાનિક લોકોના હિતમાં હોતા નથી. શહેરોના વિકાસ, શહેરોમાં નવીનીકરણ, ધોરીમાર્ગોનું નિર્માણ, ફ્લાય ઓવરકે પુલનું નિર્માણ, બંધનું નિર્માણ, સિંચાઈ પરિયોજના વગેરે જેવા વિકાસના કાર્યો માટે સરકાર દ્વારા ભૂમિગ્રહણ માટે સામાન્ય જનતા પર દબાવ લાવવામાં આવે છે. વિકાસના નામે જમીનનાં નાના-નાના ટૂકડાનું બલિદાન, બંધ બનાવવા કે કોઈ મોટી પરિયોજના અથવા ઔદ્યોગિક વિકાસ માટે મોટી સંખ્યામાં ગામડાંઓને હટાવવા કે ઉજાડવા સામે કંઈ જ નથી. જેમાં હજારો અને લાખોની સંખ્યામાં લોકો બેઘર બને છે. વિકાસના નામે ભૂમિગ્રહણથી ઉદ્ભવતી સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક સમસ્યાઓ વ્યક્તિગત ન રહેતા વર્તમાન સમયમાં વિકાસ પ્રેરિત વિસ્થાપન એક સામાજિક સમસ્યા બનીને ઉભરી આવી છે જેની ચર્ચા થવી અને તેના ઉકેલ માટેના પ્રયત્નો થવાં જરૂરી છે.*

### 11.3.1 વિકાસ પ્રેરિત વિસ્થાપનનો અર્થ

*વિકાસની પ્રક્રિયામાં મહદઅંશે કેટલાંક વ્યક્તિઓ કે સમૂહોની ઈચ્છાઓને દબાવી દેવામાં આવે છે અને અન્ય સમૂહો કે વ્યક્તિઓના લાભનો હેતુ સાંધવામાં આવે છે પરંતુ તે પણ તેટલું જ સાચુ છે કે કોઈપણ દેશ માટે વિકાસ અનિવાર્ય છે. જો દેશ વિકાસ ન કરે તો તે આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિકાસની ગતિમાં પાછળ રહી જાય જેનો*

*પ્રભાવ દેશની ભાવિ પેઢી પર પડે. આમ, વિકાસ પ્રેરિત વિસ્થાપનની વિભાવના અને પ્રક્રિયા પોતે જ ગૂંચવાડાભરી છે. અને એટલે જ તેની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે તેમ છતાં કેટલાંક વિદ્વાનોએ તેની વ્યાખ્યા કરવાનો પ્રયત્ન કર્યો છે.*

*પેબલો બોઝ* (Pablo Bose) *વિકાસ પ્રેરિત વિસ્થાપનની વ્યાખ્યા કરતા લખે છે કે ''સમુદાય કે વ્યક્તિને તેના ઘરથી અથવા તેની મૂળ નિવાસિત ભૂમિથી આર્થિક વિકાસ માટે બળપૂર્વક હટાવવાને વિકાસ પ્રેરિત વિસ્થાપન કહેવામાં આવે છે.''*

*આમ, વ્યક્તિ કે કુટુંબો કોઈ સ્થળે લાંબા સમયથી વસવાટ કરતા હોય અને ખેતી કે અન્ય રીતે જીવન નિર્વાહ કરતા હોય, પરંતુ દેશના વિકાસ માટે એ ભૂમિ વિસ્તારમાં વિદ્યુતમથક, સિંચાઈ પરિયોજના હેઠળ બંધ, રેલ્વે લાઈન, ધોરીમાર્ગના નિર્માણ, ઉદ્યોગ કે એવા કોઈ અન્ય પ્રોજેક્ટ માટે ત્યાં વસવાટ કરતાં લોકોની રહેઠાણની કે ખેતીની કે બંને પ્રકારની જમીન સરકાર દ્વારા સંપાદિત કરી ત્યાં રહેતા લોકોને ફરજિયાત અન્ય સ્થળે ખસેડવામાં આવે ત્યારે તે લોકોનું વિસ્થાપન થયું કહેવાય. આ રીતે કોઈ વિકાસ પ્રોજેક્ટને લીધે થતા વિસ્થાપનને વિકાસ પ્રેરિત વિસ્થાપન કહેવાય. અને જે લોકોનું વિસ્થાપન થાય છે તે લોકોને વિસ્થાપિતો કહેવામાં આવે છે. વ્યક્તિના કે સમુદાયના રહેણાંક વિસ્તારનું સરકાર દ્વારા થયેલ ભૂમિસંપાદન જ વિકાસ પ્રેરિત વિસ્થાપન છે એવું નહિ, પરંતુ કોઈ વ્યક્તિ કે સમુદાયની વ્યવસાયિક રોજીરોટી માટે વપરાતી જમીનને વિકાસ કાર્ય માટે સરકાર સંપાદિત કરે તો તેને પણ વિકાસ પ્રેરિત વિસ્થાપન જ કહેવાય. જો કે વ્યવસાયિક કાર્ય માટે વપરાતી જમીન પરથી વિસ્થાપિત થતા લોકોની સમસ્યાઓ મૂળ નિવાસ કે રહેઠાણથી વિસ્થાપિત થતા લોકોની સમસ્યાઓની સાપેક્ષે ઓછી હોય છે.*

**વિસ્થાપિતોને બે વિભાગમાં વહેંચી શકાયઃ**

**1. પ્રત્યક્ષ વિસ્થાપિતઃ** *આ વિભાગ હેઠળ એવા વિસ્થાપિતોનો સમાવેશ થાય કે જેઓ પેઢીઓથી જે તે ક્ષેત્રમાં નિવાસ કરતા હોય અને વિકાસ યોજનાને પરિણામે તેમને તે ક્ષેત્રમાંથી વિસ્થાપિત કરવામાં આવે.*1955-1990 *દરમિયાન ભારતમાં ખાણ ઉદ્યોગ, ડેમ, ઉદ્યોગો, વન્યજીવો સાથે સંબંધિત પરિયોજના વગેરેને કારણે ૨૧ મિલિયન લોકો પ્રત્યક્ષ રીતે વિસ્થાપિત થયા છે.*

**2. અપ્રત્યક્ષ વિસ્થાપિતઃ** *આ વિભાગ હેઠળ એવા વિસ્થાપિતોનો સમાવેશ થાય છે કે જેઓ વિકાસ યોજનાની આસપાસના ક્ષેત્રમાં રહેતા હોય છે પરંતુ તેમની આજીવિકા વિકાસ યોજના જે ક્ષેત્રમાં બનાવવામાં આવે છે તે ક્ષેત્રની પ્રાકૃતિક સંપદા પર નિર્ભર હોય છે જેથી વિકાસ યોજના બનતા તેમની આજીવિકા છીનવાઈ જાય છે અને તેમને અન્ય આજીવિકાની શોધમાં વિસ્થાપિત થવું પડે છે. આ પ્રકારના વિસ્થાપિતોના આંકડા વ્યાવહારિક રીતે ક્યાંય ઉપલબ્ધ થતા નથી.*

### 11.3.2 વિકાસ પ્રેરિત વિસ્થાપનનું સ્વરૂપ

*વિકાસ પ્રેરિત વિસ્થાપન વિકાસની પેટાપેદાશ તરીકે ઉદ્ભવતી સમસ્યા હોવાથી આ સમસ્યા ગંભીર હોવા છતાં તેના પ્રત્યે ઓછી સભાનતા જોવા મળે છે. વિશ્વ બેંકના એક અનુમાન અનુસાર વિકાસ યોજનાને પરિણામે દરવર્ષે ૧૦મિલિયનથી વધુ લોકો વિસ્થાપિત થાય છે. જેના ફળસ્વરૂપ વિસ્થાપિતોને નિર્ધનતા અને તેવી બીજી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વિકાસ પ્રેરિત વિસ્થાપનવાળા દેશોમાં ભારત પ્રથમ સ્થાન ધરાવે છે. વલર્ડ બેંક એસ્ટિમેટેડ ડિસપ્લેસમેન્ટ રિપોર્ટના* 1993 *સુધીના વિસ્થાપિતોના અંદાજિત આંકડા મુજબ* 24.6% *ચીની અને* 47.6% *ભારતીય વ્યક્તિઓ વિસ્થાપિત થયાં છે. ભારતમાં છેલ્લા પચાસથી વધુ વર્ષોમાં* 3,300 *મોટા ડેમ બનાવવામાં આવ્યા છે જે અંતર્ગત લગભગ* 21 *થી* 33 *મિલિયન લોકો વિસ્થાપિત થયાં છે. જો કે વિસ્થાપિતો અંગેના આવા સત્તાવાર આંકડા રજૂ થતાં ન હોવાથી વિસ્થાપિતોનો ચોક્કસ આંકડો મેળવવો મુશ્કેલ છે.*

*એક અંદાજ મુજબ પહેલી થી છઠ્ઠી પંચવર્ષિય યોજના દરમિયાન* 150 *લાખઅનેસાતમી પંચવર્ષિય યોજનાના અંત સુધીમાં* 187 *લાખલોકો વિસ્થાપિત થયા છે. બીજા એક અંદાજ મુજબ મોટા ડેમોને લીધે* 1985 *સુધીમાં* 216 *લાખ લોકો વિસ્થાપિત થયા છે. હિરાકુંડ પરિયોજનાથી* 1 *થી* 1.5 *લાખ, સરદાર સરોવર યોજનાથી* 45 *થી* 90 *હજાર, શ્રીશૈલમ ડેમથી* 1 *લાખ, અને તેહરી ડેમથી* 70 *થી* 85 *હજાર લોકો વિસ્થાપિત થયાં છે.* 1951 *થી* 1990 *દરમિયાન વિભિન્ન વિકાસ યોજનાઓને પગલે ૨૧.૩ મિલિયન લોકો વિસ્થાપિત થયાં છે. જેમાં* 16.4 *મિલિયન લોકો ડેમ નિર્માણને કારણે,* 2.55 *મિલિયન લોકો ખાણ ઉદ્યોગને કારણે,* 1.25 *મિલિયન લોકો ઔદ્યોગિક વિકાસને કારણે,* 0.6 *મિલિયન લોકો વન્યજીવ અને અભ્યારણ યોજનાઓને કારણે, તેમજ* 0.5 *મિલિયન લોકો અન્ય વિકાસ યોજનાને કારણે વિસ્થાપિત થયાં છે. જેમાંથી ૫૩ લાખથી વધુ લોકોનું પુનર્વસન કરવામાં આવ્યું છે આ વિસ્થાપિતોમાં મોટાભાગે આદિવાસીઓ, દલિતો અને ભૂમિહીનોનો સમાવેશ થાય છે.*

*ભારતમાં વિકાસ પ્રેરિત વિસ્થાપિતોમાં સૌથી વધુ વિસ્થાપિતો ડેમના નિર્માણને કારણે વિસ્થાપન પામ્યા છે. જેના આંકડા જોઈએ તો-*

**ભારતમાં મોટા ડેમના નિર્માણ કાર્યને લીધે વિસ્થાપિતોની સંખ્યા અને તેમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ**

| પરિયોજનાનું નામ | રાજ્ય | વિસ્થાપિતોની સંખ્યા | વિસ્થાપિતોમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ (%માં) |
|---|---|---|---|
| કરજણ ડેમ | ગુજરાત | 11,600 | 100.00 |
| સરદાર સરોવર ડેમ | ગુજરાત | 2,00,000 | 57.60 |
| મહેશ્વર ડેમ | મધ્ય પ્રદેશ | 20,000 | 60.00 |
| બોધ ઘાટ ડેમ | મધ્ય પ્રદેશ | 12,700 | 73.91 |
| ઈચા ડેમ | બિહાર | 30,800 | 80.00 |
| ચન્દિલ ડેમ | બિહાર | 37,600 | 87.92 |
| કોઈલકારો ડેમ | બિહાર | 66,000 | 88.00 |
| માહિ બજાજ સાગર ડેમ | રાજસ્થાન | 38,400 | 76.28 |
| પોલાવરમ ડેમ | આન્ધ્ર પ્રદેશ | 1,50,000 | 52.90 |
| મૈથોન એન્ડ પંચેત ડેમ | બિહાર | 93,874 | 56.46 |
| ઉપરી ઈન્દ્રાવલી ડેમ | ઉડીસા | 18,500 | 89.20 |
| પૉંગ ડેમ | હિમાચલ પ્રદેશ | 80,000 | 56.25 |
| ઈન્વેમ્પપાલી ડેમ | આન્ધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર | 38,100 | 76.28 |
| તુલતુલી ડેમ | મહારાષ્ટ્ર | 13,600 | 51.61 |
| દમણ ગંગા ડેમ | ગુજરાત | 8,700 | 48.70 |
| ભાખડા નાંગલ ડેમ | હિમાચલ પ્રદેશ | 36,000 | 34.76 |
| મસાન જલાશય | બિહાર | 3,700 | 31.00 |
| ઉકાઈ જલાશય | ગુજરાત | 52,000 | 18.92 |

Source: Kelly A Dhru, Acquisition of land for ‘development’ projects in India: The Road Ahead, Research Foundation for Governance in India,2010.

*આમ, ઉપરના કોષ્ટક પરથી જોઈ શકાય છે કે વિસ્થાપિતોમાં આદિવાસી સમુદાયનું પ્રમાણ વધુ છે. વળી, આયોજનના અભાવમાં કેટલાંક કિસ્સાઓમાં એકના એક વિસ્થાપિતને એકથી વધુ વખત વિસ્થાપિત થવાના કિસ્સા પણ બન્યા છે. 1960ના દાયકામાં સોન નદી પર રિહાન્ડ ડેમ બાંધવાથી 30 હજાર લોકોનું ફરજિયાત વિસ્થાપન થયું. તેમનું જ્યાં પુનર્વસન કરવામાં આવેલું ત્યાં કોલસો મળી આવતા ખાણ ઉદ્યોગ શરૂ કરવા ત્યાંથી ફરી વિસ્થાપન થયું. ત્યારબાદ થોડાંક સમય બાદ ત્યાં ઔદ્યોગિક એકમ સ્થપાતા ત્યાંથી ત્રીજીવાર વિસ્થાપન થયું. ત્યારબાદ થર્મલ પાવર પ્લાન્ટ, રસ્તાઓ અને રેલ્વે લાઈનને કારણે ચોથીવાર તેઓ વિસ્થાપિત થયા. ત્યારબાદ તેઓને જ્યા વસાવવામાં આવ્યા ત્યાંની જમીન પુનઃ વનીકરણ માટે જાહેર થતા તેમનું પાંચમીવાર વિસ્થાપન થશે.*

*આજ રીતે ઓરીસ્સાના એક ગામનું બે વખત વિસ્થાપન થઈ ગયું અને ત્રીજીવાર વિસ્થાપન થશે. વારંવારનું વિસ્થાપન વિસ્થાપિત લોકોના જીવનમાં અસ્થિરતા લાવે છે અને તેમની સમસ્યાઓ વધુ જટિલ અને ગંભીર બને છે.*

### 11.3.3 વિકાસ પ્રેરિત વિસ્થાપનની વિસ્થાપિતો પર થતી અસરો

*વિકાસ પ્રેરિત વિસ્થાપનમાં વિસ્થાપિતો ક્યારેય તેમની પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરી શકતાં નથી. વિસ્થાપનને પરિણામે માત્ર તેમની જમીન જ નથી જતી પરંતુ તેમનું કૌટુંબિક,આર્થિક, સમાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને રાજકીય જીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે.* **માઈકલ સર્નિયા***એ વિસ્થાપનને કારણે વિસ્થાપિતો પર થતી આઠ અસરો દર્શાવી છે. જે નીચે મુજબ છે:*

**1. ભૂમિવિહીનતાઃ** *સ્વાભાવિક છે કે કોઈ પણ વિકાસ પ્રોજેક્ટમાં જે તે વિસ્તારની જમીન સંપાદન કરવી એ એક અનિવાર્ય જરૂરિયાત છે પરંતુ તેના પરિણામે જે લોકોની જમીન સરકાર દ્વારા સંપાદિત કરવામાં આવતી હોય છે તે લોકો ભૂમિહીન બની જાય છે. તેમને મળતુ વળતર અન્ય બાબતોમાં વેડફાઈ જતા અથવા તે વળતરમાંથી યોગ્ય તેમજ જરૂરિયાત મુજબની જમીન ન ખરીદી શકતા તેઓ જમીન વિહોણા બની જાય છે અને ભૂમિવિહીનતાની સમસ્યાનો ભોગ બને છે.*

**2. રોજગાર વિહીનતાઃ** *વિસ્થાપિત લોકો માત્ર તેમની જમીન જ નહિ પરંતુ તેમની રોજગારી પણ ગુમાવે છે. વિસ્થાપન પૂર્વે તે ખેતી કે અન્ય જે પણ રોજગારી કરતા હોય તે વિસ્થાપન બાદ છૂટી જાય છે. જ્યાં તેમનો પુનર્વાસ કરવામાં આવે ત્યાં તેમને તે મુજબની રોજગારી મળશે કે કેમ તે પ્રશ્ન ઉદ્ભવે છે અને જો રોજગારી મળે તો પણ પહેલાં જેટલુ વેતન મળતું નથી. વળી, વિસ્થાપન બાદ તુરંત તેમને રોજગારી મળી જાય તે શક્ય બનતુ નથી એટલે જ્યાં સુધી રોજગારી ન મળે ત્યાં સુધી તેમને બેકાર રહેવું પડે છે. જે વિસ્થાપિતોના આર્થિક જીવનને મુશ્કેલીમાં મુકી દે છે. વિસ્થાપિત વ્યક્તિ પૂર્વે ખેતી કરતો હોય અને વિસ્થાપન બાદ બીજી જગ્યા એ ખેતી માટે જમીન રાખે તો પણ ત્યાં પહેલાં જેવી ખેતી અને અગાઉ તે જે પાક લેતો હતો તે લેવાશે કે કેમ તેવા પ્રશ્નો ઉદ્ભવે છે.*

**3. રહેઠાણની સમસ્યાઃ** *વિસ્થાપનને કારણે અનેક લોકોને હંમેશ માટે તેમનું રહેઠાણ છોડવું પડે છે. રહેઠાણની સાથે સાથે તેમની જીવનશૈલી અને સામાજિક પ્રવૃત્તિઓ પણ બદલાઈ જાય છે. જો પુનર્વાસ સમયસર ન થાય તો ઘણાં સમય સુધી તેમને પ્રતિકૂળ સંજોગોમાં જીવન વિતાવવું પડે છે. વિસ્થાપનની સાથે સાથે તેમની સંસ્કૃતિ, તેમના રિત-રિવાજો, તેમની દૈનિક પ્રવૃત્તિઓ, અને તેમની સામુદાયિકતા પણ જોખમાય છે. નવા વાતાવરણમાં તેમનું મૂળ જીવન પ્રભાવિત થાય છે અને અનુકૂલનના પ્રશ્નો ઉદ્ભવે છે.*

**4. સીમાંતીકરણઃ** *વિસ્થાપનને કારણે વિસ્થાપિતોની આર્થિક ક્ષમતા પર વિપરિત અસર પહોંચે છે વળી, જ્યાં તેમનો પુનર્વાસ કરવામાંઆવ્યો હોય, ત્યાં તેમના સ્વીકારના પ્રશ્નો*

*પણ ઉદ્ભવતા હોય છે. ઉ.દા. સરદાર સરોવર યોજનાને લીધે વિસ્થાપિત થયેલા આદિવાસી વિસ્થાપિતોને જુદાં જુદાં ગાંમડાઓમાં પુનર્વાસ ફાળવવામાં આવ્યો. આ ગામો બિનઆદિવાસી હોવાથી આદિવાસી સમુદાયના વિસ્થાપિતોને યોગ્ય આવકાર મળ્યો નહિ. આમ, વિસ્થાપનને કારણે વિસ્થાપિતોની સામાજિક પ્રતિષ્ઠા જોખમાય છે. તેમનો આત્મવિશ્વાસ કમજોર થાય છે અને તેમનુંઆર્થિક, સામાજિક અને માનસિક સીમાંતીકરણ થાય છે.*

**5. ખોરાક સબંધી અસુરક્ષાઃ** *બળ પૂર્વકનું વિસ્થાપન વિસ્થાપિતોની મુશ્કેલીઓની વધારી દે છે. કેટલાંક વ્યક્તિઓ પોષણક્ષમ આહાર ન મળવાને કારણે કુપોષણના શિકાર બને છે. વળી, વિસ્થાપનથી થતું આર્થિક નુકસાન તેમાં વધારો કરે છે. અને તેઓને દૈનિક જીવનમાં યોગ્ય પ્રોટીન અને કેલરી યુક્ત ખોરાક ઉપલબ્ધ થતો નથી.*

**6. રોગોના પ્રમાણ અને મૃત્યુદરમાં વધારોઃ** *વિસ્થાપનને કારણે વિસ્થાપિતોના સ્વાસ્થ્ય સંબંધી પ્રશ્નો ઉદ્ભવે છે. વિસ્થાપન સામાજિક માનસિક તણાવ પેદા કરે છે. જેથી ક્યારેક માનસિક આઘાત લાગતા વ્યક્તિનું મૃત્યુ પણ થાય છે.તો, વિસ્થાપિત થયા બાદ સ્વાસ્થ્યપ્રદ વાતાવરણમાં પુનર્વાસ ન થાય તો વિસ્થાપિતના સ્વાસ્થ્ય પર ગંભીર અસરો પડે છે.*

**7. સામુહિક સંપત્તિ પરનો અધિકાર ગુમાવવોઃ** *વિસ્થાપિત સમુદાય વિસ્થાપન પૂર્વે જે જગ્યા એ નિવાસ કરતો હોય ત્યાં તેની સામુદાયિક સંપત્તિ જેવી કે, ગોચરની જમીન, વન સંપત્તિ, જળાશળ, સ્મશાનની જગ્યા વગેરે વિસ્થાપિતોને ત્યજવી પડે છે. જ્યાં તેનો પુનર્વાસ કરવામાં આવે ત્યાં ઉપરોક્ત સામુદાયિક સંપત્તિમાં પુનર્વાસિતની ભાગીદારી ગણવામાં આવતી નથી. અને કેટલીક જગ્યાએ તો આવી સામુદાયિક સંપત્તિ હોતી જ નથી.*

**8. સામાજિક વિઘટનઃ** *વિકાસ પ્રેરિત વિસ્થાપનને લીધે સામાજિક વિઘટન થાયે છે. વિસ્થાપનને કારણે વિસ્થાપિતોનું આર્થિક જીવન છિન્નભિન્ન થાય છે. સાથે સાથે સગપણ સબંધીઓનો સમૂહ વિખરાતા સામુદાયિક જીવનની પરંપરાનું વિઘટન થાય છે. જ્યાં પુનર્વાસ થાય છે ત્યાં જૂનું સામાજિક માળખું રહેતું નથી અને અનુકૂલનના પ્રશ્નો ઉદ્ભવે છે. આમ, વિસ્થાપનને કારણે સામાજિક વિઘટનની સમસ્યા ઉદ્ભવે છે.*

**માઈકલ સર્નિયાએ** *દર્શાવેલ ઉપરોક્ત અસરો સિવાય વિસ્થાપિતોને જ્યાં પુનર્વાસ આપવામાં આવે છે, ત્યાં સામુદાયિક સેવાઓ જેવી કે, સ્કૂલ, દવાખાનું, અન્ય સેવાઓ યોગ્ય પ્રમાણમાં ઉપલબ્ધ ન થતાં તેના અભાવમાં જીવવું પડે છે. આ ઉપરાંત બળજબરીપૂર્વકનું વિસ્થાપન કે યોગ્ય વળતર ન ચૂકવવું વગેરે જેવા પ્રશ્નો વિકાસ પ્રેરિત વિસ્થાપન સમયે ઉદ્ભવતા હોય છે જે માનવ અધિકારનો ભંગ કરે છે. કેટલાંક લોકો આવા કૃત્યો તરફ અવાજ પણ ઉઠાવે છે પરંતુ તેમના અવાજને દબાવી દેવામાં આવે છે. આમ, ઉપરોક્ત ચર્ચા પરથી સમજી શકાય છે કે વિકાસ પ્રેરિત વિસ્થાપન માત્ર માનવ*

*અધિકારોનો ભંગ જ નહિ પરંતુ વિસ્થાપિતો માટે અન્ય ઘણી સમસ્યાઓ પેદા કરે છે જેથી વિસ્થાપિતોનો સંતોષકારક પુનર્વાસ અને તેમની સમસ્યાઓનું સમાધાન કરવું અત્યંત આવશ્યક છે.*

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

*નોંધઃ* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*

(2) *એકમના અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ સરખાવો.*

1. *પ્રત્યક્ષ વિસ્થાપન એટલે શું?*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2. *ભારતમાં વિકાસ પ્રેરિત વિસ્થાપન વિકાસ માટે કયા કયા પ્રોજેક્ટ થયાં છે?*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

## 11.4 સારાંશ :

*આ એકમમાં આપણે વિકાસ પ્રક્રિયાને કારણે ઉદ્ભવતી બે સમસ્યાઓ પ્રાદેશિક વિસંગતતાની સમસ્યા અને વિકાસ પ્રેરિત વિસ્થાપનની સમસ્યા અંગે ચર્ચા કરી. જેમાં આ સમસ્યાનો અર્થ, તેનું સ્વરૂપ, તેના કારણો અને અસરો જેવાં મુદ્દાઓની ચર્ચા કરી સમસ્યાને ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયત્ન કર્યો છે. વિકાસની પ્રક્રિયા અનિવાર્ય છે, જેથી*

*તેને અટકાવી શકાય નહિ પરંતુ વિકાસ પ્રક્રિયાને એવી ચોક્કસ ઘડી શકાય જેથી ઉપરોક્ત સમસ્યાઓનું સમાધાન થઈ શકે.*

## 11.5 શબ્દાવલિ :

**વિકાસ** — *વિકાસ શબ્દનો પ્રયોગ અનેક અર્થોમાં કરી શકાય છે આમ છતાં, વિકાસની સર્વગ્રાહી વ્યાખ્યા આપવી હોય તો કહી શકાય કે, વિકાસ એટલે નવીન જ્ઞાનમાં વૃદ્ધિની સાથે સાથે ટૅક્નૉલૉજી અને આર્થિક કાર્યક્ષમતામાં વધારો કરી પ્રાકૃતિક પર્યાવરણ પર માનવના નિયંત્રણને વિકાસ કહેવામાં આવે છે.*

**સામાજિક પરિવર્તન** — *સામાજિક સંરચના, સમાજના કાર્યો, સામાજિક સંસ્થાઓઅને સામાજિક પ્રક્રિયાઓમાં આવતા બદલાવને સામાજિક પરિવર્તન કહે છે.*

**મૃત્યુદર** — *કોઈ ચોક્કસ સમયગાળામાં કોઈ વિસ્તારની વસ્તીના પ્રત્યેક એક હજાર વ્યક્તિએ થતાં મૃત્યુને મૃત્યુદર કહે છે.*

## 11.6 બહુવિકલ્પ પ્રશ્નો :

1. 2011*ની વસ્તીગણતરી પ્રમાણે કેરલમાં સાક્ષરતા દર* **......................** *છે.*

(*અ*) 63.82 (*બ*) 87.40 (*ક*)93.91

2. *ભારતમાં* **...................** *રાજ્યકૃષિ ઉત્પાદન ક્ષેત્રે આગળ છે.*

(*અ*) *ગુજરાત* (*બ*) *પંજાબ* (*ક*)*રાજસ્થાન*

3. *વિસ્થાપિતોમાં .................... સમુદાયનું પ્રમાણ વધુ છે.*

(*અ*) *આદિવાસી* (*બ*) *સવર્ણ* (*ક*)*અન્ય પછાત વર્ગ*

4. *વિકાસ પ્રેરિત વિસ્થાપનને લીધે ........................ની સમસ્યા ઉદ્ભવે છે.*

(*અ*) *સામાજિક વિઘટન* (*બ*) *દહેજ* (*ક*)*વિધવા વિવાહ*

5. *વિશ્વ બેંકના એક અનુમાન અનુસાર વિકાસ યોજનાને પરિણામે દરવર્ષે ...................થી વધુ લોકો વિસ્થાપિત થાય છે.*

(*અ*) 15 *મિલિયન* (*બ*) 12 *મિલિયન* (*ક*) 10*મિલિયન*

**જવાબોઃ**

1. - (*ક*) 93.91

2. - (*બ*) *પંજાબ*

3. - (અ) આદિવાસી

4 - (અ) સામાજિક વિઘટન

5. -(ક) 10 મિલિયન

- તમારી પ્રગતિ જાતે ચકાસોના જવાબો.

- **તમારી પ્રગતિ ચકાસો. (ક)**

1. પ્રાદેશિક વિસંગતતા એટલે જુદાં જુદાં પ્રદેશોના આર્થિક, સામાજિક, શૈક્ષણિક, કૃષિ સબંધી, સિંચાઈ સંબંધી, આરોગ્ય સબંધી, વાહનવ્યવહાર, સંચાર વ્યવહાર, વગેરેના વિકાસમાં અસમાનતા કે તફાવત.

2. ગુજરાત અને રાજસ્થાન બંને પડોશી રાજ્યો છે પરંતુ વિકાસની દ્રષ્ટિએ જોઈએ તો, બંનેમાં તફાવતો જોવા મળે છે. ગુજરાતમાં વિકાસની માત્રા વધુ છે જ્યારે રાજસ્થાનમાં ગુજરાતની સાપેક્ષે વિકાસ ઓછો થયેલો છે. જેને આંતર રાજકીય પ્રાદેશિક વિસંગતતા કહેવાય.

- **તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

1. પેઢીઓથી જે તે ક્ષેત્રમાં નિવાસ કરતા લોકોને વિકાસ યોજનાને પરિણામે તે ક્ષેત્રમાંથી વિસ્થાપિત કરવામાં આવે તો આવા વિસ્થાપનને પ્રત્યક્ષ વિસ્થાપન કહે છે.

2. ભારતમાં ડેમ બાંધવાથી, ઔદ્યોગિક એકમ સ્થપાતાં, થર્મલ પાવર પ્લાન્ટ, વન્યજીવ અને અભ્યારણ્યો માટે, ધોરી માર્ગ બનાવવાં, રેલ્વે લાઈન માટે, ખાણ ઉદ્યોગ માટે આવા વિવિધ વિકાસ પ્રોજેક્ટ હેઠળ વિસ્થાપન કરવામાં આવે છે.

## 11.7 સ્વાધ્યાય :

1. પ્રાદેશિક વિસંગતતા એટલે શું? પ્રાદેશિક વિસંગતતાના કારણો સમજાવો.

2. વિકાસ પ્રેરિત વિસ્થાપનનો અર્થ આપી. વિસ્થાપિતો પર તેની અસરો ચર્ચો.

3. *ભારતમાં વિકાસ પ્રેરિત વિસ્થાપનના સ્વરૂપની ચર્ચા કરો.*

**સંદર્ભસૂચિઃ**

1. Ahuja Ram: Social Problems in India; Rawat Publication, Jaipur 1997.
2 *મહાજન ધર્મવીર ઔર મહાજન કમલેશઃ ભારતીય સમાજ : મુદ્દે એવં સમસ્યાયેં : વિવેક પ્રકાશન, દિલ્હી* 2010.
3. *મુકર્જી રવીન્દ્રનાથ(ડૉ.), અગ્રવાલ ભરત(ડૉ.) ઔર ચૌહાન કરનસિંહ : ભારતીય સમાજઃ મુદ્દે એવં સમસ્યાયેં : એસ. બી. પી. ડી. પબ્લિકેશન્સ, આગ્રા* 2020.
4. *રાજોરા સુરેશચંદ્ર(ડૉ.): સમકાલીન ભારતકી સામાજિક સમસ્યાયે : રાજસ્થાન હિન્દી ગ્રંથ અકાદમી, જયપુર* 2000.
5. *શર્મા વિરેન્દ્રપ્રસાદઃ ભારતીય સમાજ મુદ્દે ઔર સમસ્યાયેં : પંચશીલ પ્રકાશન, જયપુર* 2004.

# એકમ : 12 પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતન અને પર્યાવરણ પ્રદૂષણ

: રૂપરેખાઃ


**12.0 ઉદ્દેશ્યો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતન**

**12.2.1 પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતનનો અર્થ**

**12.2.2 પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતનના કારણો**

- **તમારી પ્રગતિ ચકાસો. (ક)**

**12.3 પર્યાવરણ પ્રદૂષણ**

**12.3.1 પર્યાવરણીય પ્રદૂષણનો અર્થ અને વ્યાખ્યા**

**12.3.2 પર્યાવરણીય પ્રદૂષણના પ્રકાર**

**12.3.3 પર્યાવરણીય પ્રદૂષણના કારણો**

**12.3.4 પર્યાવરણીય પ્રદૂષણને દૂર કરવા લેવામાં આવેલા પગલાં**

**12.3.5 પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યાને નાથવાના ઉપાયો**

- **તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

**12.4 સારાંશ**

**12.5 શબ્દાવલિ**

**12.6 બહુ વિકલ્પ પ્રશ્નો**

**12.7 સ્વાધ્યાય**

- **સંદર્ભસૂચિ**


## 12.0 ઉદ્દેશ્યો :

*આ એકમના અભ્યાસ બાદ તમે –*

*પરિસ્થિતિશાસ્ત્ર અને પ્રદૂષણની વિભાવનાને સમજી શકશો.*

*પરિસ્થિતિયશાસ્ત્રીય અધઃપતન અને પર્યાવરણ પ્રદૂષણની સમસ્યાને સમજી શકશો.*

*પરિસ્થિતિયશાસ્ત્રીય અધઃપતન અને પર્યાવરણ પ્રદૂષણના કારણોની ચર્ચા કરી શકશો.*

*પર્યાવરણના પ્રદૂષણના પ્રકાર અને તેના ઉપાયો અંગે ચર્ચા કરી શકશો.*

## 12.1 પ્રસ્તાવના :

*અર્વાચીન યુગ વિજ્ઞાન અને ટેક્નૉલૉજીનો યુગ છે. આ યુગમાં માનવજીવનને મહત્તમ સરળ બનાવવા માટે વિવિધ મશીનો અને પ્રૌદ્યોગિકીનો ઉપયોગ થઈ રહ્યો છે. આમ છતાં, એમ કહેવું મુશ્કેલ છે કે આ યુગ સમસ્યાઓથી મુક્ત છે. આ યુગની પોતાની સમસ્યાઓ છે, જેમાં અગ્રેસર કહી શકાય તેવી સમસ્યા છે પરિસ્થિતિયશાસ્ત્રીય અધઃપતન અને પર્યાવરણનું પ્રદૂષણ. છેલ્લા* 15-20 *વર્ષોમાં દેશના પ્રાકૃતિક નિવર્સનતંત્રને ગંભીર નુકસાન પહોંચ્યું છે તેમજ પર્યાવરણીય પ્રદૂષણમાં પણ દિવસે દિવસે વધારો થતો જાય છે. આ સમસ્યા કોઈ એક દેશ પુરતી સીમિત ન રહેતાં સમગ્ર વિશ્વની ચિંતાનો વિષય બની છે. જો આ સમસ્યાના નિવારણ હેતુ, યોગ્ય પગલાં ન લેવામાં આવે તો તેના ગંભીર પરિણામો સમગ્ર માનવ સૃષ્ટિને ભોગવવાં પડશે.*

## 12.2 પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતન

*પરિસ્થિતિશાસ્ત્રીય* (Ecology) *શબ્દનો સૌપ્રથમ પ્રયોગ જર્મન વૈજ્ઞાનિક અન્સર્ટ હૈકલે ઈ. સ.* 1869*માં કર્યો હતો. જેનો અર્થ કોઈ સમુદાયની આસપાસના નિર્જીવ વાતાવરણ તેમજ તેની સાથે સાથે સજીવ એટલે કે નિર્જીવ અને સજીવ પર્યાવરણના સમગ્રનો અભ્યાસ કરતું વિજ્ઞાન એવો થાય છે. અને આવાં પરિસ્થિતિકીયતંત્ર કે જેમાં પર્યાવરણના જૈવિક અને અજૈવિક બધાં તત્ત્વો વચ્ચેના પારસ્પરિક સબંધોને ઈકોસિસ્ટમ* (Ecosystem) *કહેવામાં આવે છે. ઈકોસિસ્ટમ શબ્દનો સર્વપ્રથમ પ્રયોગ એ. જી. ટૈન્સલએ ઈ. સ.*1935*માં કર્યો. ઔદ્યોગિકરણ, નગરીકરણ, વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના વિકાસને પરિણામે પ્રકૃતિ પર જે અસરો જોવા મળી તેના તરફ માનવીનું ધ્યાન ખૂબ મોડું ગયું, જેનું પરિણામ એ આવ્યું કે વિશ્વએ પરિસ્થિતિયશાસ્ત્રીય અધઃપતનની સમસ્યાનો સામનો કરવાનો થયો.*

### 12.2.1 પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતનનો અર્થ

*એકવીસમી સદીનો માનવી વિચિત્ર દ્વંદ્વમાં જીવે છે. એક તરફ તે વિજ્ઞાન અને ટેક્નૉલૉજી ક્ષેત્રે હરણફાળ ભરી પ્રગતિના શિખરો સર કરી રહ્યો છે, તો બીજી તરફ પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતન અને પ્રકૃતિમાં કરેલાં હસ્તક્ષેપને કારણે મહાવિનાશ તરફ ધકેલાઈ રહ્યો છે. પ્રકૃતિ અને માનવીનો સબંધ આદિકાળથી છે. પરંતુ માનવે હંમેશા પ્રકૃતિનું દોહન કરવાની સાથે સાથે તેનો નાશ પણ કર્યો છે. પ્રકૃતિ તેની નૈસર્ગિક ક્રિયાઓથી પર્યાવરણને સ્વચ્છ રાખવાની સાથે સાથે તેનું સંતુલન પણ જાળવી રાખે છે. આમ છતાં, માનવીની વિકાસાત્મક પ્રવૃત્તિઓ પ્રકૃતિને એટલું નુકસાન પહોંચાડે છે કે પ્રકૃતિનું સંતુલન જોખમાય છે. જેના પરિણામ સ્વરૂપ પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતન થાય છે. પરિસ્થિતિયશાસ્ત્રીય અધઃપતન વનવિનાશ, પાણીની અછત, જમીનનું ધોવાણ વગેરે સ્વરૂપે જોઈ શકાય છે. ભારતમાં ઔદ્યોગિકરણઅને નગરીકરણ જેવી પ્રક્રિયાઓએ ભારતમાં પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતનની સમસ્યાને ગંભીર બનાવી છે, જે ભારત જેવાં વિકાસશીલ દેશ માટે જટિલ સમસ્યા બની રહી છે કારણકે વિકાસ ભારતની આવશ્યકતા*

*છે તો પ્રકૃતિની જાળવણી માનવ અસ્તિત્વની જરૂરિયાત છે. આથી, ભારતે વિકાસની યોજના ઘડતી વખતે પરિસ્થિતિકીય તંત્ર એટલે કે ઈકોસિસ્ટમને ધ્યાનમાં રાખવાની જરૂર છે.*

**12.2.2 પરિસ્થિતિશાસ્ત્રીય અધ:પતનના કારણોઃ**

*પરિસ્થિતિશાસ્ત્રીય અધ:પતનના કારણો નીચે મુજબ છે.*

**1. વનવિનાશઃ** *વનમાંથી ઉપલબ્ધ લાકડાંનું વ્યાવસાયિકરણ, જંગલ સંપદાનું દોહન, વસ્તીવધારો, રહેઠાણની જરૂરિયાત, કૃષિ ઉદ્યોગ માટેની જમીન માટે, ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડવાવગેરે કારણોસર વનવિનાશની પ્રક્રિયા ઝડપી બની છે જેને પરિણામે પૃથ્વી પરનો વનવિસ્તાર સતત ઓછો થતો જાય છે. જેટલા વૃક્ષો વાવવામાં આવે છે તેના કરતાં ઘણી વધુ સંખ્યામાં વૃક્ષો કાપવામાં આવે છે. આ ઉપરાંત વિકાસ પ્રોજેક્ટ જેવાં કે બંધ બનાવવા, ખાણ ઉદ્યોગ વગેરે વનક્ષેત્રમાં મુકવામાં આવે છે જેથી ત્યાંના વન વિસ્તારનો નાશ થાય છે.*

**2. જમીનનું ધોવાણઃ** *પૃથ્વી પર આચ્છાદિત વનસ્પતિ જમીનના ધોવાણને અટકાવે છે. પરંતુ વિવિધ કારણોસર વનવિનાશની વધતી જતી પ્રક્રિયાને પરિણામે જમીનના ધોવાણની સમસ્યામાં વધારો થવા પામ્યો છે. વનવિનાશને પરિણામે વરસાદની નિયમિતતામાં પણ ફેરફાર આવ્યો છે જેને પરિણામે કેટલાંક પ્રદેશો પૂરનો ભોગ બને છે. પૂરને લીધે પણ જમીનનું ધોવાણ થાય છે. જમીનનું ધોવાણ જમીનની ગુણવત્તાને બગાડે છે. ઉપરાંત ભૂસ્ખલન જેવી ઘટનાઓને જન્મ પણ આપે છે.*

**3. પાણીની અછતઃ** *જીવસૃષ્ટિ માટે પાણી જીવનદોરી સમાન છે. પરંતુ માનવીની વિવિધ પ્રવૃત્તિઓને પરિણામે પૃથ્વી પર આવેલા શુદ્ધ જળના સ્રોત કાં તો પ્રદૂષિત થતાં જાય છે અથવા તો તેમાં પાણીનો જથ્થો દિન-પ્રતિદિન ઘટતો જાય છે. ઉદ્યોગોમાં પાણીનો પુષ્કર વપરાશ થાય છે. વળી, નગરીકરણ ને પરિણામે નગરીય જીવનશૈલીમાં પાણીનો બેફામ ઉપયોગ એક પ્રથા બની ગઈ છે. વોશિંગ મશીન જેવાં ઘર વપરાશમાં વપરાતાં સાધનોમાં પણ પાણીનો બેફામ ઉપયોગ થાય છે. કૃષિક્ષેત્રે આધુનિકરણ થતાં કૃષિ વપરાશમાં પાણીનો બહોળો ઉપયોગ થાય છે, તો સામે પૃથ્વી પર પાણીનો જથ્થો નિયત પ્રમાણમાં છે, જેથી પાણીની અછતના પ્રશ્નો ઉદ્ભવે છે. જેટલું પાણી પૃથ્વી પર ઉપલબ્ધ છે તેને પણ પ્રદૂષિત કરવામાં આવે છે સાથે સાથે ભૂગર્ભ જળનો પણ બેફામ ઉપયોગ થતાં ભૂગર્ભ જળના તળ પણ ઊંડા ગયા છે. આમ, જો આ રીતે પાણીનો વપરાશ અને પાણીને પ્રદૂષિત કરવાની પ્રક્રિયા ચાલતી રહી તો નજીકના દસકામાં જ પાણીની અછતની ગંભીર સમસ્યાઓનો સામનો વિશ્વએ કરવો પડશે.*

**4.જોખમી ઉદ્યોગોઃ** *ઔદ્યોગિક વિકાસની દોડમાં કેટલાંક જોખમી ઉદ્યોગો, પરિસ્થિતિશાસ્ત્રીય અધ:પતનનું કારણ બને છે. જેમકે, દૂન ઘાટીમાં ચાલતો ચૂનાનો ઉદ્યોગ ત્યાંનાં પર્યાવરણને ખૂબ નુકસાન પહોંચાડી રહ્યો છે. ત્યાં પાણીનું સ્તર ઘટ્યું છે જ્યારે ત્યાનાં વૃક્ષો હંમેશા ધૂળથી ભરેલાં રહે છે અને ચૂનાની ભટ્ટીઓને કારણે હાનિકારક*

*ગેસનો સ્રાવ થાય છે જે પર્યાવરણને નુકસાન પહોંચાડે છે. આ ઉપરાંત ઘણાં જોખમી ઉદ્યોગોમાં ખામી ઉદ્ભવતા ગેસ લીકેજ કે આગ લાગવાની ઘટના બને છે અને પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતનનું કારણ બને છે.*

**5. વન્યજીવોનો નાશઃ** *માનવી ઘણાં સમયથી પોતાના શિકારના શોખને પોષવા કે ઔદ્યોગિક હેતુઓને પાર પાડવા વન્યજીવોનો નાશ કરતો આવ્યો છે. વળી, વસ્તીવધારાને કારણે રહેઠાણની ભૂમિ મેળવવા પણ તેણે વનવિનાશ આદર્યો એટલે વન પર નિર્ભર પશુ-પંખીઓના જીવ જોખમાયા. આમ, માનવીની વિવિધ પ્રવૃત્તિઓને પરિણામે પૃથ્વી પરની જીવસૃષ્ટિ જોખમમાં મુકાઈ છે અને કેટલાંક જીવો નાશપ્રાયઃ બની ગયા છે. જેને પરિણામે જીવ સૃષ્ટિનું પોષણ ચક્ર પણ પ્રભાવિત થયું છે.*

*સરકારે ભારતમાં વધતા પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતનને જોતાં આર્થિક વિકાસ અને પર્યાવરણ સંરક્ષણની દીર્ઘકાલીન નીતિ બનાવી છે. જે મુજબ પરિસ્થિતિય અધઃપતનને રોકવા માટેના યોગ્ય પગલાં લેવામાં આવશે અને વિકાસની રૂપરેખા એક ટકાઉ વિકાસ સ્વરૂપની બનાવી પ્રકૃતિના સંરક્ષણની સાથે સાથે વિકાસના ચક્રો ગતિમાન કરવાની દિશામાં પહેલ કરવામાં આવશે.*

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

*નોંધઃ* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*

(2) *એકમના અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ સરખાવો.*

**1. પરિસ્થિતિયશાસ્ત્રીય અધઃપતન એટલે શું? ટૂંકમાં સમજાવો.**

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

___________________________________________

## 12.3 પર્યાવરણ પ્રદૂષણ :

*માનવી પ્રકૃતિની ગોદમાં પોષણ મેળવતો અને વિકાસ પામતો આવ્યો છે. પરંતુ માનવીએ પ્રગતિની આંધળી દોટમાં આ જ પ્રાકૃતિક સંસાધનોનું બેફામ શોષણ કરી પર્યાવરણને દૂષિત કરી દીધું છે.અને આ રીતે માનવીએ માનવ સૃષ્ટિને જ ખતરામાં નાખી દીધી છે. પર્યાવરણ પ્રદૂષણએ માત્ર કોઈ એક દેશની સમસ્યા જ નથી પરંતુ વૈશ્વિક સમસ્યા છે.* **સુંદરલાલ બહુગુણા** *કે જે વિશ્વપ્રસિદ્ધ પર્યાવરણવાદી છે તેઓ લખે છે કે, "સૌથી*

*આશ્ચર્યજનક વાત એ છે કે પર્યાવરણના પ્રદૂષણમાં સૌથી વધુ યોગદાન આપણી વિકાસ યોજનાઓનું છે. જેમ જેમ આ વિકાસ યોજનાઓનો વિસ્તાર વધે છે તેમ તેમ પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યા વધુ ને વધુ ગંભીર બનતી જાય છે.''અત્યારે દુનિયાને જેટલો ખતરો અણુશક્તિનો નથી એથી વધુ ખતરો પર્યાવરણ પ્રદૂષણને કારણે ઊભો થયો છે. અણુશક્તિનો ઉપયોગ વિવેકબુદ્ધિથી થાય તો દુનિયાને બચાવી શકાય પણ જો પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યાનો ઉકેલ જો ન લાવવામાં આવે તો તે દુનિયાનો વિનાશ રોકી શકાય નહિ.*

**12.3.1 પર્યાવરણીય પ્રદૂષણનો અર્થ અને વ્યાખ્યા**

*પર્યાવરણ એટલે પરિ આવરણ. આમ, પર્યાવરણ એટલે આપણી આસપાસ જે કંઈ છે, ભૌતિક, જૈવિક અને સામાજિક તે સમગ્રનો સમાવેશ પર્યાવરણમાં થાય છે. જેમ કે, ઉપગ્રહ, વાયુમંડલ, મૃદાવરણ, પાણી, ડુંગરો, નદીઓતમામ ભૌતિક પદાર્થો ભૌતિક પર્યાવરણ, વનસ્પતિ, પશુ-પંખી, કીટકો, પ્રાણીઓ વગેરે જૈવિક પર્યાવરણ અને રિવાજો-રીતિઓ, સંસ્થાઓવગેરે સામાજિક પર્યાવરણમાં સમાવેશ પામે છે. જ્યારે પર્યાવરણીય પ્રદૂષણ પ્રાકૃતિક તત્વોના બંધારણમાં વિક્ષેપ કે અનિચ્છનિય પરિવર્તન સૂચવે છે. પ્રદૂષણને અંગ્રેજીમાં* Pollution *કહે છે.* Pollution *શબ્દ* Pollute *પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ થાય છે, મલીન કરવું, ગંદુ કરવું કે અપવિત્ર કે અસ્વચ્છ કરવું.*

**રાષ્ટ્રીય સંશોધન કાઉન્સિલ, યુ. એસ. એ.** *અનુસાર, ''પ્રદૂષણ એટલે હવા, ભૂમિ અને જળની ભૌતિક, રાસાયણિક અને જીવશાસ્ત્રીય લાક્ષણિકતાઓમાં થતું અનિચ્છનીય પરિવર્તન કે જે માનવજીવન કે અન્ય જીવો પર, આપણી ઔદ્યોગિક પ્રક્રિયાઓ, જીવનની પરિસ્થિતિઓ, સાંસ્કૃતિક અસ્કમાયતો પર હાનિકારક અસર કરે છે.''*

**મેરિયમ-વેબસ્ટર શબ્દકોષ** *અનુસાર, ''પ્રદૂષણ એ પ્રાકૃતિક પર્યાવરણમાં દૂષિતતા દાખલ થવાની બાબત છે. જે પ્રતિકૂળ/અનિષ્ટ પરિવર્તનનું કારણ બને છે.''*

**ઓડમના મતે,** *''હવા, જળ તેમજ જમીનના ભૌતિક, રાસાયણિક અને જૈવિક ગુણધર્મોના કોઈપણ એવા અનિચ્છનીય પરિવર્તનો જેમાં મનુષ્ય પોતે તથા સંપૂર્ણ પરિવેશના પ્રાકૃતિક, જૈવિક તેમજ સાંસ્કૃતિક તત્વોને નુક્સાન પહોંચે છે. જેને પ્રદૂષણ કહેવાય.''*

*આમ, સરળ શબ્દોમાં કહીએ તો, પર્યાવરણીય પ્રદૂષણ એટલે પર્યાવરણના જૈવિક તેમજ અજૈવિક તત્વોના રાસાયણિક, ભૌતિક અને જૈવિક ગુણધર્મોમાં થતાં અનિચ્છનીય ફેરફાર કે જે માનવ પ્રવૃત્તિઓ દ્વારા થાય છે.*

**12.3.2 પર્યાવરણીય પ્રદૂષણના પ્રકાર**

*પર્યાવરણીય પ્રદૂષણના પ્રકાર નીચે મુજબ છે.*

**1. ભૂમિ પ્રદૂષણઃ** *ભૂમિ એટલે કે પૃથ્વીના મૃદાવરણમાં થતાં અસ્વાભાવિક પરિવર્તનોને ભૂમિ પ્રદૂષણ કહે છે.*

**2. વાયુ પ્રદૂષણ:** *વાતાવરણના વાયુઓનું સંતુલન ખોરવાય કે વાતાવરણના વાયુમંડલમાં ઑક્સિજન સિવાયના અન્ય વાયુઓમાં અચાનક વૃદ્ધિ કે પછી તેના રાસાયણિક અથવા ભૌતિક ઘટકોમાં બદલાવને વાયુ પ્રદૂષણ કહે છે.*

**3. જળ પ્રદૂષણ:** *પાણીમાં નિશ્ચિત માત્રામાં ખનિજ, કાર્બનિક તેમજ અકાર્બનિક પદાર્થ અને વાયુઓ હોય છે. જ્યારે તેમાં બીજાં બિનજરૂરી પદાર્થો ઉમેરાય ત્યારે તે જળ પ્રદૂષિત બને છે અને આ ઘટના ને જળ પ્રદૂષણ કહે છે.*

**4. ધ્વનિ પ્રદૂષણ:** *વાતાવરણમાં કર્કશ અને તીણા અવાજનું વધુ પડતું ઉત્પાદન ધ્વનિ પ્રદૂષણ કરે છે.*

**5. રેડિયો એક્ટિવ પ્રદૂષણ:** *રેડિયો એક્ટિવ પદાર્થ પર્યાવરણમાં જુદાં જુદાં પ્રકારના કણ અને કિરણો પેદા કરે છે જે વાતાવરણમાં ભળતા વાતાવરણ દૂષિત થાય છે આવાં કણો કે કિરણોના માધ્યમથી થતાં પ્રદૂષણને રેડિયો એક્ટિવ પ્રદૂષણ કહે છે.*

### 12.3.3 પર્યાવરણીય પ્રદૂષણના કારણો

*પર્યાવરણ પ્રદૂષણના મુખ્ય કારણો નીચે મુજબ છે:*

**1. ભૌતિક વિકાસને અપાતુ મહત્ત્વ:** *વિકાસ એ આમ તો સજીવ સૃષ્ટિ માટે એક આવશ્યક ઘટના છે. યોગ્ય માત્રામાં પ્રાકૃતિક તત્વોના ઉપયોગ દ્વારા વિકાસ સાંધવામાં આવે તો એ વિકાસ સમગ્ર જીવ સૃષ્ટિને લાભદાયી નીવડે. પરંતુ માનવી ભૌતિક વિકાસને એટલું મહત્ત્વ આપી બેઠો કે તે એ પણ ભૂલી ગયો કે તેના સિવાય પણ પૃથ્વી પર અન્ય જીવ સૃષ્ટિ અસ્તિત્વ ધરાવે છે. અને તે જે પ્રકૃતિનું અમાપ દોહન કરે છે અને સાથે સાથે તેને દૂષિત કરે છે જેની ગંભીર અસરો સમગ્ર જીવ સૃષ્ટિને ભોગવવી પડશે. આમ, પ્રકૃતિના ભોગે ભૌતિક વિકાસને અપાતુ મહત્ત્વ પર્યાવરણીય પ્રદૂષણનું મુખ્ય કારણ છે.*

**2. વિકાસ માટે અસમતોલ આયોજન:** *માનવીએ વિકાસ માટે જુદી જુદી યોજનાઓ મુકી, ઔદ્યોગિકરણ કર્યું, નગરીકરણ કર્યું. પરંતુ તેનું યોગ્ય અને સમતોલ આયોજન કરવામાં ન આવ્યું. જંગલો કપાતાં ગયાં પરંતુ સામે નવા જંગલો વિકસ્યાં નહિ. ઉદ્યોગો સ્થપાયા પરંતુ તેને લીધે પર્યાવરણને થતાં નુકસાન અંગે પગલાં લેવાયા નહિ. આધુનિક ટેક્નૉલૉજી અને સાધનોનો વિકાસ થયો પરંતુ તેના ધ્વારા પર્યાવરણને કેટલું નુકસાન પહોંચે છે અને તેના ઉપાયો શું થશે તે અંગે વિચાર થયો નહિ. આમ, વિકાસ માટેના અસમતોલ આયોજનને પરિણામે માનવી પર્યાવરણ પ્રદૂષણની સમસ્યાનો ભોગ બન્યો.*

**3. ઉપભોગવાદી જીવનશૈલી:** *ઉપભોગવાદી જીવનશૈલીમાં વ્યક્તિ પોતાની મહત્તમ જરૂરિયાતોના સંતોષની દોડમાં રચ્યો પચ્યો રહે છે. માનવીની ઈચ્છાઓ અને તૃષ્ણાઓ અમાપ છે. તેનો અંત નથી અને આવી અમાપ ઈચ્છાઓના સંતોષની દોડમાં પર્યાવરણીય તત્ત્વોની બલિ લેવાય છે. જો માનવીએ ખરેખર સમતોલ વિકાસ સાંધવો હોય તો, લઘુત્તમ આવશ્યકતાઓની પૂર્તિ થાય તેટલા પ્રમાણમાં ઈચ્છાઓને સીમિત રાખવી જોઈએ. જેથી સમગ્ર માનવ જાત વિકાસની એક સમતુલા પર રહે. અને પર્યાવરણને પણ શુધ્ધ અને સ્વચ્છ રાખી શકાય.*

**4. વસ્તીવૃધ્ધિઃ** *સતત વધતી વસ્તી પણ પર્યાવરણના પ્રદૂષણનું એક કારણ છે. જીવ સૃષ્ટિની જરૂરિયાતોને પૂરી કરવાનું ભારણ પ્રકૃતિ પર છે. વસ્તી વધારાને પરિણામે આ ભારણમાં સતત વધારો થતો જાય છે. જેને પરિણામે પર્યાવરણની સમતુલા જોખમાય છે અને પર્યાવરણ પ્રદૂષિત બને છે.*

### 12.3.4 પર્યાવરણીય પ્રદૂષણને દૂર કરવા લેવામાં આવેલા પગલાંઃ

**1. કાનૂની પગલાં :** *ભોપાલ ગેસ દુર્ઘટના બાદ સરકારે પર્યાવરણ સંરક્ષણ કાનૂન* 1986 *પસાર કર્યો કે જેના અંતર્ગત આવી દુર્ઘટનાથી બચવા માટેના પગલાં તેમજ પર્યાવરણના સંરક્ષણ માટેના પગલાં લેવાની જોગવાઈ છે. આ ઉપરાંત ફેક્ટરી એક્ટ* 1948*માં ફેક્ટરીમાં કામ કરતા મજૂરોના હકોના સંરક્ષણની સાથે સાથે ફેક્ટરીની આસપાસના પર્યાવરણની સાચવણી અંગેની કેટલીક જોગવાઈઓ પણ છે.*

**2. લોક શિક્ષણઃ** *સરકાર દ્વારા સંચાર માધ્યમોની મદદથી પર્યાવરણ સુરક્ષા, પર્યાવરણમાં થતાં પ્રદૂષણ અને તેની ગંભીર અસરો બાબતે લોક શિક્ષણ આપવાના પ્રયત્નો થાય છે. પર્યાવરણ અંગે નવી પેઢીમાં જાગૃતિ લાવવાના હેતુથી શાળા, કૉલેજોમાં પણ પર્યાવરણ અંગેનો અભ્યાસક્રમ રાખવામાં આવે છે.*

**3. પર્યાવરણની સુરક્ષા સબંધી સંશોધનોને પ્રોત્સાહનઃ** *સરકાર દ્વારા પર્યાવરણની સુરક્ષા સબંધી સંશોધનોને પ્રોત્સાહન આપવામાં આવે છે. વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા આવાં સંશોધનો માટે એક આગવું બજેટ ફાળવવામાં આવે છે.*

**4. સ્વૈચ્છિક સંસ્થાઓઃ** *દેશની કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ પણ પર્યાવરણીય સુરક્ષા હેતુ કાર્યરત છે. જે દેશના પર્યાવરણના સંરક્ષણ અને પુનઃસ્થાપન માટેના પ્રયત્નો કરે છે. 'ચિપકો આંદોલન' અને 'નર્મદા આંદોલન' તેના ઉત્તમ ઉદાહરણ છે.*

**5. સંયુક્ત રાષ્ટ્ર સંઘ ધ્વારા કરવામાં આવેલા પ્રયત્નોઃ** *પર્યાવરણ એ સમગ્ર વિશ્વ સાથે સંકળાયેલી બાબત છે અને તેથી જ સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા પણ પર્યાવરણના સંરક્ષણ માટેના પ્રયત્નો થાય છે. જેમાં યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ હેઠળ પર્યાવરણીય સંધી, પર્યાવરણીય વિજ્ઞાનને પ્રોત્સાહન, પર્યાવરણીય વિકાસ પ્રોજેક્ટને પ્રોત્સાહન વગેરે કાર્યો કરવામાં આવ્યા છે.*

### 12.3.5 પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યાને નાથવાના ઉપાયોઃ

**1. કાનૂનનો યોગ્ય અમલઃ** *માત્ર પર્યાવરણ સબંધી કાનૂન બનાવવાથી પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યાને હલ કરી શકાતી નથી. પરંતુ એ કાનૂનનો યોગ્ય અમલ થવો પણ જરૂરી છે. તે માટે પર્યાવરણીય કાનૂનને પ્રાથમિકતા આપી જરૂરી વ્યવસ્થાતંત્રની રચના કરી કોઈપણ જાતના ભેદભાવ વગર કાનૂનનો અમલ કરવાની જરૂર છે.*

**2. વિકેન્દ્રિત વિકાસઃ** *પર્યાવરણના સંરક્ષણ માટે વિકેન્દ્રિત વિકાસની બાબત પર ભાર મુકવો જોઈએ. કેન્દ્રિત વિકાસ જે તે ક્ષેત્રના પર્યાવરણને એટલી હદે નુકસાન પહોંચાડે છે કે તેની પૂર્તિ કરવી મુશ્કેલ થઈ પડે છે. જો મૂડી રોકાણ કરતી વખતે વિકાસના વિકેન્દ્રણની બાબતને ધ્યાનમાં રાખવામાં આવે તો તેને પરિણામે થતાં પર્યાવરણીય નુકસાનની પૂર્તિ*

*આસપાસના પ્રાકૃતિક ઘટકો દ્વારા થઈ શકે. આ દ્રષ્ટિએ ગાંધીજીના ગ્રામ સ્વરાજ્યના મૉડેલ મુજબનો વિકાસ કરવામાં આવે તો પર્યાવરણીય સંરક્ષણ સહિતના વિકાસને હાંસલ કરી શકાય.*

**3. લોકોની ભાગીદારીઃ** *પર્યાવરણીય સુરક્ષાના ધ્યેયને લોક ભાગીદારી વિના હાંસલ કરી શકાય તેમ નથી. જો દેશના તમામ નાગરિક પર્યાવરણના સંરક્ષણ હેતુ જાગૃત બને અને તેમની ભાગીદારી નોંધાવે તો જ આ શક્ય છે. જે માટે જન આંદોલન અને લોક શિક્ષણ દ્વારા લોકોની ભાગીદારીને વધારવાના પ્રયત્નો કરવા જોઈએ.*

**4. સંકલિત જીવનશૈલીઃ** *પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યાનું સમાધાન ત્યારે જ થઈ શકે જ્યારે માનવ સમાજ એક સંકલિત જીવનશૈલી અપનાવે. જેમાં તે માત્ર પોતાનો સ્વાર્થ ન જોતા સૃષ્ટિના તમામ જીવોની સાથે સુગ્રથન સાધે અને તમામને મદદરૂપ થઈ શકે તેવું સાદું અને ઉપયોગિતાવાદી જીવન જીવે.આ જીવનશૈલી માત્ર કોઈ એક દેશ કે કોઈ એક ખંડ નહિ પરંતુ સમગ્ર વિશ્વએ અપનાવવાની જરૂર છે. જો તેમ થાય તો આ સમસ્યાનું યોગ્ય સમાધાન થઈ શકશે.*

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

*નોંધઃ* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*
(2) *એકમના અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ સરખાવો.*

**1. પર્યાવરણીય પ્રદૂષણનો અર્થ સમજાવો.**

**2.પર્યાવરણીયપ્રદૂષણના પ્રકાર જણાવો.**

## 12.4 સારાંશ :

*પ્રસ્તુત પ્રકરણમાં આપણે પરિસ્થિતિશાસ્ત્ર એટલે શું? તેમજ પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતનની સમસ્યા અંગે સમજૂતી મેળવી. આ ઉપરાંત તેના કારણોની ચર્ચા કરી આ સમસ્યાને ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયત્ન કર્યો. આ સિવાય પર્યાવરણીય પ્રદૂષણ, તેના પ્રકાર, તેના કારણો અને તેના ઉપાયો અંગે પણ ચર્ચા કરી. જે પરથી ફલિત થાય છે કે, પર્યાવરણ એ માનવ જીવનની જીવાદોરી છે તેથી તેની જાળવણી કરવાથી અને જતન કરવાથી જ માનવ જીવનને સ્વસ્થ, સમૃદ્ધ અને વિકાસશીલ બનાવી શકાય. જે માટે વિશ્વના તમામ દેશોએ એક થઈ આ સમસ્યાને ગંભીરતાથી લેવાની અને તેના નિવારણ માટે યોગ્ય પગલાં લેવાની જરૂર છે.*

## 12.5 શબ્દાવલિ :

**વિકાસ** — *વિકાસ શબ્દનો પ્રયોગ અનેક અર્થોમાં કરી શકાય છે આમ છતાં, વિકાસની સર્વગ્રાહી વ્યાખ્યા આપવી હોય તો કહી શકાય કે, વિકાસ એટલે નવીન જ્ઞાનમાં વૃદ્ધિની સાથે સાથે ટેક્નૉલૉજી અને આર્થિક કાર્યક્ષમતામાં વધારો કરી પ્રાકૃતિક પર્યાવરણ પર માનવના નિયંત્રણને વિકાસ કહેવામાં આવે છે.*

**ઉપભોગવાદી જીવનશૈલી** — *એક એવી જીવનશૈલી કે જેમાં કોઈપણ ભોગે તમામ ભૌતિક જરૂરિયાતોના સંતોષ માટેનો પ્રયત્ન કરવામાં આવતો હોય.*

**ઉપયોગીતાવાદી જીવનશૈલી** — *એક એવી જીવનશૈલી કે જેમાં જીવનની મૂળભૂત જરૂરિયાતોના સંતોષની પરિપૂર્તીનો હેતુ રહેલો હોય.*

## 12.6 બહુવિકલ્પ પ્રશ્નો :

1. *પરિસ્થિતિશાસ્ત્રીય* (Ecology) *શબ્દનો સૌપ્રથમ પ્રયોગ ................. નામના વૈજ્ઞાનિકે કર્યો હતો.*

*(અ) માઈકલ સર્નિયા* *(બ) સુંદરલાલ બહુગુણા* *(ક)અર્ન્સ્ટ હૈકલ*

2. Pollution *શબ્દ* **.......................***પરથી ઉતરી આવ્યો છે.*

*(અ)*Pollutee *(બ)* Pollute *(ક)*Polluti

3. *પર્યાવરણ સંરક્ષણ કાનૂન ………………… ની સાલમાં પસાર થયો.*

*(અ)* 1948 *(બ)* 1986 *(ક)*1977

4. *પૃથ્વીના મૃદાવરણમાં થતાં અસ્વાભિક પરિવર્તનો ને ……………… કહે છે.*

*(અ) ભૂમિ પ્રદૂષણ (બ) જળ પ્રદૂષણ (ક)વાયુ પ્રદૂષણ*

5. *પર્યાવરણના જૈવિક અને અજૈવિક બધા તત્વો વચ્ચેના પારસ્પરિક સબંધોને ………….કહેવામાં આવે છે.*

*(અ) ઈકૉલૉજી (બ) ઈકોસિસ્ટમ (ક)ઈકોફ્રેન્ડલી*

*જવાબોઃ*

1) *(ક)અન્સર્ટ હૈકલ*
2) *(બ)* Pollute
3) *(બ)* 1986
4) *(અ) ભૂમિ પ્રદૂષણ*
5) *(બ) ઈકોસિસ્ટમ*

**તમારી પ્રગતિ જાતે ચકાસોના જવાબો.**

- **તમારી પ્રગતિ ચકાસો. (ક)**

1. *માનવીની વિકાસાત્મક પ્રવૃત્તિઓ પ્રકૃતિને એટલું નુકસાન પહોંચાડે છે કે પ્રકૃતિનું સંતુલન જોખમાય છે. જેના પરિણામ સ્વરૂપ પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતન થાય છે. પરિસ્થિતિયશાસ્ત્રીય અધઃપતન વનવિનાશ, પાણીની અછત, જમીનનું ધોવાણ વગેરે સ્વરૂપે જોઈ શકાય છે.*

- **તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

1. *પર્યાવરણીય પ્રદૂષણ એટલે પર્યાવરણના જૈવિક તેમજ અજૈવિક તત્વોના રાસાયણિક, ભૌતિક અને જૈવિક ગુણધર્મોમાં થતાં અનિચ્છનીય ફેરફાર કે જે માનવ પ્રવૃત્તિઓ દ્વારા થાય છે.*

2. *પર્યાવરણીય પ્રદૂષણના પ્રકાર નીચે મુજબ છે.*

(1) *ભૂમિ પ્રદૂષણ* (2) *વાયુ પ્રદૂષણ* (3) *જળ પ્રદૂષણ* (4) *ધ્વનિ પ્રદૂષણ* (5) *રેડિયો એક્ટિવ પ્રદૂષણ*

## 12.7 સ્વાધ્યાય :

1. *પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતનનો અર્થ આપી, પરિસ્થિતિશાસ્ત્રીય અધઃપતનના કારણો ચર્ચો.*

2. *પર્યાવરણીય પ્રદૂષણના કારણો અને તેના ઉકેલો અંગે વિસ્તૃત ચર્ચા કરો.*

3. *પર્યાવરણીય પ્રદૂષણનો અર્થ આપી, પ્રદૂષણને દૂર કરવા લેવામાં આવેલાં પગલાં અને તેના ઉપાયો પર વિસ્તૃત નોંધ લખો.*

❖ *સંદર્ભસૂચિઃ*

1. Ahuja Ram: Social Problems in India; Rawat Publication, Jaipur 1997.
2. *જનસારી મનીષ(ડૉ.): પર્યાવરણનું સમાજશાસ્ત્ર; ગર્ગ પ્રકાશન, અમદાવાદ* 2016.
3. *મહાજન ધર્મવીર ઔર મહાજન કમલેશઃ ભારતીય સમાજઃ મુદ્દે એવં સમસ્યાયેઃ વિવેક પ્રકાશન, દિલ્હી* 2010.
4. *મુકર્જી રવીન્દ્રનાથ(ડૉ.), અગ્રવાલ ભરત(ડૉ.) ઔર ચૌહાન કરનસિંહ(ડૉ.): ભારતીય સમાજઃ મુદ્દે એવં સમસ્યાયેઃ એસ. બી. પી. ડી. પબ્લિકેશન્સ, આગ્રા* 2020.
5. *શર્મા વિરેન્દ્રપ્રસાદઃ ભારતીય સમાજ મુદ્દે ઔર સમસ્યાયેઃ પંચશીલ પ્રકાશન, જયપુર* 2004.

# એકમ : 13 ઉપભોગતાવાદ અને નૈતિક મૂલ્યોનું પતન

## : રૂપરેખા :


**13.0 ઉદ્દેશ્યો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 ઉપભોગતાવાદ**

- **13.2.1 ઉપભોગતાવાદનો અર્થ**
- **13.2.2 ઉપભોગતાવાદનું સ્વરૂપ**
- **13.2.3 ઉપભોગતાવાદના સહાયક પરિબળો**
- **13.2.4 ઉપભોગતાવાદના પરિણામો**
  - **તમારી પ્રગતિ ચકાસો. (ક)**

**13.3 નૈતિક મૂલ્યોનું પતન**

- **13.3.1 નૈતિક મૂલ્યોનો અર્થ**
- **13.3.2 નૈતિક મૂલ્યોનું મહત્ત્વ**
- **13.3.3 નૈતિક મૂલ્યોનું પતન**
- **13.3.4 નૈતિક મૂલ્યોના પતનના કારણો**
  - **તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

**13.4 સારાંશ**

**13.5 શબ્દાવલિ**

**13.6 બહુવિકલ્પ પ્રશ્નો (જવાબો સહિત)**

**13.7 સ્વાધ્યાય**

- **સંદર્ભસૂચિ**


## 13.0 ઉદ્દેશ્યો :

*આ એકમના અભ્યાસ બાદ તમે –*

1. *ઉપભોગતાવાદનો અર્થ અને તેના સ્વરૂપને સમજી શકશો.*
2. *ઉપભોગતાવાદના સહાયક પરિબળો અને તેના પરિણામોની ચર્ચા કરી શકશો.*
3. *નૈતિક મૂલ્યોના પતનની સમસ્યાને સમજી શકશો.*

4. *સમાજમાં નૈતિક મૂલ્યોના મહત્ત્વ અંગેની જાણકારી મેળવી શકશો.*
5. *નૈતિક મૂલ્યોના પતન માટે જવાબદાર કારણોની ચર્ચા કરી શકશો.*

## 13.1 પ્રસ્તાવના :

*વિકાસએ સમાજમાં આયોજિત પરિવર્તનોનું પરિણામ છે અને તેથી જ વિકાસ એ કોઈપણ સમાજ માટે અનિવાર્ય અને આવશ્યક ઘટના છે. વિકાસની આ પ્રક્રિયાને પરિણામે સંપત્તિનું સર્જન અને વિતરણ થાય છે. લોકોના જીવનનું સ્તર ઊંચુ આવે છે. લોકોમાં વિકાસની અને ઊંચા જીવન ધોરણની મહત્ત્વાકાંક્ષા જાગે છે. સંસ્થાઓ અને મૂલ્યોમાં પરિવર્તન આવે છે. આવા આયોજિત વિકાસ સમાજમાં કેટલીક સમસ્યાઓ અને પ્રશ્નો પેદા કરે છે. ઉપભોગતાવાદ અને નૈતિક મૂલ્યોનું પતન એ પણ આવી જ સમસ્યાઓ છે. જેને વિકાસની પ્રક્રિયાની આડપેદાશ સ્વરૂપે જોઈ શકાય.*

## 13.2 ઉપભોગતાવાદ :

*માનવજીવન જરૂરિયાતોથી ઘેરાયેલું છે અને માનવી તેની આ જરૂરિયાતો સમાજમાંથી પૂરી કરે છે. પ્રાચીન સમયમાં માનવીની જરૂરિયાતો સીમિત હતી. પરંતુ વિકાસની પ્રક્રિયામાં ઉત્પાદનને વેગ મળતા, ઉપભોગની પ્રક્રિયામાં પણ પરિવર્તન આવ્યું. જેને પરિણામે ઉપભોગતાવાદ જેવી સમસ્યા ઉદ્ભવી.આમ તો ઉપભોગતાવાદની વિભાવના ઘણી જૂની છે પરંતુ તેનો લેખિત ઈતિહાસ 'એ ક્રિટિક્સ ઑફ અમેરિકન કન્ઝ્યુમર્ઝિમ'* (1940-45)*માં જોવા મળે છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ઉપભોગતાવાદની વિભાવના અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલી વિભાવના છે, પરંતુ આ વિભાવના સમાજશાસ્ત્રમાં પણ એટલી જ અગત્યની છે.અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રમાં ઉપભોગ અને ઉપભોગતાનો અર્થ કેટલેક અંશે જુદો પડે છે. આર્થિક દ્રષ્ટિકોણથી ઉપભોગ એટલે ધન કે કોઈ વસ્તુના બદલામાં જીવન નિર્વાહની ચીજવસ્તુઓ મેળવી તેનો ઉપયોગ કરવો અને આવી ક્રિયા કરનારને ઉપભોગતા કહેવાય. જ્યારે સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, ઉપભોગ એટલે સમાજમાં પ્રવર્તમાન મૂલ્યો કે માન્યતાઓ મુજબ કોઈ વિશેષ વસ્તુઓ કે પદાર્થોનો ઉપયોગ કરવાની પ્રવૃત્તિને ઉપભોગ કહેવામાં આવે છે. ઉપભોગતાવાદ એ એક ભોગવાદી સંસ્કૃતિ છે, જે આધુનિક સમયમાં લોકોની જીવનશૈલીનું મહત્ત્વનું અંગ બની ચૂકી છે.*

### 13.2.1 ઉપભોગતાવાદનો અર્થ

*અર્થવ્યવસ્થામાં ઉપભોગતાને બજારનો રાજા કે ઉત્પાદનના આધાર તરીકે ઓળખવામાં આવે છે. કેમ કે, સમય સાથે માનવીની જરૂરિયાતો બદલાય છે. અને તેને પરિણામે ઉપભોગની પ્રક્રિયામાં પણ પરિવર્તન આવે છે. જે ઉત્પાદન પ્રક્રિયામાં પણ પરિવર્તન નિપજાવે છે. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી જોઈએ તો, અર્થવ્યવસ્થા એ સામાજિક*

સંરચનાનો જ એક ભાગ છે. કાર્લ માર્કસના સામાજિક પરિવર્તનના સિદ્ધાંત મુજબ, સામાજિક સંરચના મુખ્ય બે ભાગોમાં વહેંચાયેલી છે, અધિરચના (Super Structure) અને અધોરચના (Sub-Structure). જેઓ પારસ્પરિક અસર નીપજાવે છે જો કે, કાર્લ માર્કસના મત મુજબ અર્થવ્યવસ્થા સમાજ પર ગાઢ અસર નીપજાવે છે અને સમાજ, અર્થવ્યવસ્થા પર પ્રમાણમાં ઓછી અસર નીપજાવે છે. આમછતાં બન્ને સામાજિક સંરચનાનો જ ભાગ હોવાથી પરસ્પરાવલંબી અને એકબીજાંને અસરકર્તા છે જ. એટલે બજારમાં ઉપભોગના નવા નવા ઉત્પાદનો આવતા સમાજિક પ્રક્રિયાઓમાં બદલાવ આવે છે તો સામાજિક સંરચનામાં બદલાવ આવતા તે આર્થિક પ્રક્રિયાઓમાં પરિવર્તન નીપજાવે છે. પરિણામે પ્રવર્તમાન સમાજમાં ઉપભોગની પ્રવૃત્તિમાં આવેલું પરિવર્તન પણ સામાજિક-આર્થિક પરિવર્તનોનું પરિણામે છે. ઉપભોગતાવાદ પણ આ જ પરિવર્તનનું એક સ્વરૂપ છે.

સમય અને સાંસ્કૃતિક-આર્થિક પરિવર્તનો સાથે ઉપભોગની પ્રક્રિયામાં પણ પરિવર્તન આવે છે. શિકારી અવસ્થામાં ઉપભોગની પ્રવૃત્તિ કૃષિ અવસ્થાની ઉપભોગની પ્રવૃત્તિ કરતાં જુદી હતી. જ્યારે પ્રવર્તમાન સમયની ઉપભોગની પ્રવૃત્તિ કૃષિ અવસ્થાની ઉપભોગની પ્રવૃત્તિ કરતાં જુદી છે. ઔદ્યોગિકરણને પરિણામે ઉપભોગની પ્રક્રિયામાં ધરમૂળથી ફેરફાર થયાં છે. આજે વ્યક્તિ પાસે વસ્તુ ખરીદવા માટે પૈસા ન હોય તો પણ વ્યક્તિ બજારમાં ઉધારથી કે લોન લઈને પણ પોતાની જરૂરિયાતોને પૂરી કરે છે. બેંક પણ લોકોને લોન આપવા માટે તૈયાર હોય છે. આથી વ્યક્તિને જુદી જુદી વસ્તુઓના ઉપભોગની ઈચ્છા વધતી જાય છે. જેની પૂર્તિ કરવાની દોડમાં તે સતત લાગેલો રહે છે. આને જ ઉપભોગતાવાદ કહેવાય. સામાન્ય રીતે 'ઉપભોગતાવાદ' વસ્તુઓના ઉપભોગ સાથે સંકળાયેલ એક માનસિકતા છે જે ન સંતોષાય તો તણાવ ઉત્પન્ન થાય છે. કેટલાક વિદ્વાન માને છે કે ઉપભોગતાવાદ એ એવો એક દ્રષ્ટિકોણ છે કે જે આર્થિક વ્યવસ્થાનું સંચાલન ઉપભોગતાના હિતમાં કરવાનો મત ધરાવે છે. એ રીતે જોઈએ તો ઉપભોગતાવાદ એ કોઈ સમસ્યા નથી. પરંતુ જે લોકો ઉપભોગતાવાદને એક સમસ્યા તરીકે જોવે છે તેમના મતે ઉપભોગતાવાદ વસ્તુઓના ઉપભોગની એવી પ્રવૃત્તિ છે જેમાં વ્યક્તિ વધારેમાં વધારે મહેનત કરીને એવી વસ્તુઓનો ઉપભોગ કરવા માંગે છે જેને કૌટુંબિક સુખ અને પ્રતિષ્ઠા સાથે જોડીને જોવામાં આવે છે. વ્યક્તિ તેને ઉપલબ્ધ સાધનોની મર્યાદામાં રહીને જો વસ્તુઓનો ઉપભોગ કરે તો તે સમસ્યાજનક કે તણાવ ઉત્પન્ન કરનાર પરિસ્થિતિ નથી. પરંતુ વ્યક્તિ જ્યારે ઉપભોગના સાધનોને સામાજિક પ્રતિષ્ઠા સાથે જોડી એમ અનુભવે છે કે તેણે તેના સમાજમાં પ્રતિષ્ઠા મેળવવા અમુક સાધનોનો ઉપભોગ તો કરવો જ જોઈએ. અને તે માટે તે પોતાની આવક મર્યાદા ઓળંગીને પણ વસ્તુઓના ઉપભોગની માનસિકતા સેવે છે જે તણાવ ઉત્પન્ન કરનાર અને સમસ્યાજનક છે. ઉત્પાદકો પણ આકર્ષક જાહેરાતના માધ્યમથી આ માનસિકતાને દ્રઢ કરે છે કે અમુક ઉત્પાદનના

*ઉપભોગથી વ્યક્તિ વધુ સુંદર, પ્રતિષ્ઠાવાન અને કાર્યકુશળ બનશે. જેને પરિણામે પ્રદર્શનકારી ઉપભોગની સંસ્કૃતિ વિકસે છે. જે ઉપભોગતાવાદને આધાર પૂરો પાડે છે.*

### 13.2.2 ઉપભોગતાવાદનું સ્વરૂપ

*ઉપભોગતાવાદનો સબંધ સામાજિક સંરચના સાથે છે તેથી ઉપભોગતાવાદનું સ્વરૂપ સમજવા માટે પરંપરાગત અને આધુનિક સામાજિક સંરચનાને સમજવી જરૂરી છે. પરંપરાગત સમાજ ઉપયોગીતાવાદી હતો અને તેમાં સાદગીના મૂલ્યનું મહત્ત્વ હતું. પરંપરાગત સમાજમાં સંયુક્ત કુટુંબ પ્રથા હતી તેમજ સંપત્તિ પર કુટુંબના તમામ સભ્યોનો સમાન અધિકાર હતો. આ સમયે બજારનું સ્વરૂપ પણ સામાન્ય હતું. જેમાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહેતી. તેમજ સામાજિક પ્રતિસ્પર્ધા ખૂબ જ ઓછી હતી. આધુનિક સામાજિક રચના નવા મૂલ્યો પર આધારિત છે. જેમાં વ્યક્તિવાદ, ભૌતિક સુખ-સુવિધા અને પ્રદર્શનકારી મનોવૃત્તિને વધારે મહત્ત્વ આપવામાં આવે છે. ભૌતિક સુખવાદી વિચારધારાને પગલે વધુમાં વધુ ધન કમાઈ અનેમોટાપાયા પર સુખ સુવિધાના સાધનો ખરીદવામાં આવે છે. વસ્તુઓની ખરીદમાં પણ એક જાતની સામાજિક પ્રતિસ્પર્ધા જોવા મળે છે, અને તેથી જ ઉપભોગની ઉપયોગિતાવાદી સંસ્કૃતિનું સ્થાન ઉપભોગતાવાદી સંસ્કૃતિએ લઈ લીધું.*

*ઉપભોગતાવાદી સંસ્કૃતિનો ઉદ્ભવ વીસમી સદીમાં પશ્ચિમી દેશોમાં ઔદ્યોગિકરણને પગલે થયો. ઔદ્યોગિકરણને પરિણામે ઉપભોગની નવી નવી વસ્તુઓનું ઉત્પાદન થવા લાગ્યું. જેણે ઉપભોગતાવાદી સંસ્કૃતિને જન્મ આપ્યો. ભારતમાં પશ્ચિમિકરણને પરિણામે સ્વતંત્રા પૂર્વે જ ઉપભોગવાદી સંસ્કૃતિનો પ્રાદુર્ભાવ થઈ ચૂક્યો હતો. ભારત સ્વતંત્ર થતા આયોજિત વિકાસના ભાગ રૂપે ઔદ્યોગિકરણની પ્રક્રિયાને વેગ આપવામાં આવ્યો એટલે ઉપભોગવાદી સંસ્કૃતિ પણ વિકસતી ગઈ. જેનો ફાયદો એવા ઉત્પાદકોને થવા લાગ્યો જે વ્યક્તિની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી ઉત્પાદન કરે છે ઉપરાંત આકર્ષક જાહેરાત દ્વારા તેમનું ઉત્પાદન વ્યક્તિ માટે અત્યંત આવશ્યક છે તેમ બતાવવાનો પ્રયત્ન કરે છે. આ તમામ બાબતો વ્યક્તિની માનસિકતા પર એવો પ્રહાર કરે છે કે વ્યક્તિ બિનજરૂરી વસ્તુઓ પણ ખરીદી લે છે. એક અંદાજ મુજબ પરંપરાગત સમયમાં વ્યક્તિ જેટલો ખર્ચ તેના પરિવારની તમામ જરૂરિયાતોને સંતોષવા કરતો હતો, તેટલો ખર્ચ અત્યારે વ્યક્તિ બિનજરૂરી વસ્તુઓ ખરીદવામાં જ કરી નાખે છે. આ ઉપરાંત બ્રાન્ડેડ વસ્તુ ખરીદવાનો ટ્રેન્ડ પણ વધી રહ્યો છે.બ્રાન્ડેડ વસ્તુને સામાજિક પ્રતિષ્ઠા સાથે જોડવામાં આવે છે અને એમ માનવામાં આવે છે કે, બ્રાન્ડેડ વસ્તુ જ યોગ્ય ગુણવત્તા વાળી હોય છે જેને પગલે વ્યક્તિ માત્ર બ્રાન્ડની વસ્તુ હોવાના કારણે તે વસ્તુને ખૂબ ઊંચી કિંમતે ખરીદે છે.*

*વિકાસની પ્રક્રિયામાં ઉત્પાદનમાં વધારો થતા પ્રત્યેક માનવી ભોગ-વિલાસના સાધનો વિકસાવવાની મહત્ત્વાકાંક્ષા રાખે તે સ્વાભાવિક છે. પરંતુ જ્યારે વ્યક્તિ કમાણી ઓછી હોવા છતાં અન્યોની દેખાદેખીમાં પોતાની કમાણીનો મોટો ભાગ બિનજરૂરી*

*વસ્તુની ખરીદીમાં લગાવી દે ત્યારે ઉપભોગતાવાદનું આ સ્વરૂપ સમાજ માટે સમસ્યાજનક બની જાય છે. બીજી બાજુ જુદી જુદી બેંક પણ લોનની સુવિધા પૂરી પાડે છે. જેથી લોકો તેનો ઉપયોગ કરીને ઉપભોગના સાધનો ખરીદે છે. ઉપભોગતાવાદી સંસ્કૃતિનો પ્રભાવ સામાજિક કાર્યક્રમો અને તહેવારો પર પણ પડ્યો છે. તહેવારોમાં દેશ વિદેશના ઉત્પાદકો તેમના જુદાં જુદાં ઉત્પાદનોને આકર્ષક પેકેટિંગ સાથે બજારમાં ઉતારે છે અને વ્યક્તિ કંઈક વિશેષ ખરીદવાના ચક્કરમાં મોઘા ભાવે આ વસ્તુઓ ખરીદે છે. પરિણામ સ્વરૂપે દિવસે દિવસે પ્રત્યેક તહેવાર વધુને વધુ ખર્ચાળ બનતો જાય છે. અગાઉ તહેવારો ઓછી વસ્તુઓમાં સામુહિકતાથી ઉજવાતાં હતાં તેને બદલે હવેના તહેવારો વધુ વસ્તુઓ સાથે એકલતામાં ઉજવાય છે.*

*વસ્તુઓને ગિફ્ટ કે જુદી જુદી ઓફર સાથે વેચવાનો ટ્રેન્ડ પણ વધ્યો છે. સેલ-ડિસ્કાઉન્ટની પ્રયુક્તિઓએ પણ ઉપભોગતાવાદની પ્રક્રિયાને ગતિ આપી છે. 'મોલ કલ્ચર' વધતા લોકો સતત નવા નવા ઉત્પાદનોથી રૂબરૂ થતા રહે છે આવા આકર્ષક ઉત્પાદનો તેમને આ વસ્તુઓના ઉપભોગ માટે પ્રેરે છે. વર્તમાન સમયમાં 'ટેલિ શોપિંગ'નો ટ્રેન્ડ પણ વિકસ્યો છે. આમ, ઉત્પાદન વેચવાની જુદી જુદી પ્રયુક્તિઓ દ્વારા ઉપભોગતાવાદને પ્રોત્સાહન મળે છે અને તે એક સમસ્યાનું રૂપ ધારણ કરતો જાય છે.*

### 13.2.3 ઉપભોગતાવાદના સહાયક પરિબળો :

*ઉપભોગતાવાદ સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક, અને સંચાર માધ્યમના સાધનોનું સંયુક્ત પરિણામ છે. ઉપભોગતાવાદના સહાયક પરિબળોને નીચે પ્રમાણે જોઈ શકાય.*

**1. સંયુક્ત કુટુંબનું વિઘટનઃ** *સંયુક્ત કુટુંબનું વિઘટન થતા વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધતું જાય છે. સંયુક્ત કુટુંબમાં મિલકતની ભાગીદારી હોવાથી તેમજ કુટુંબ પર કુટુંબના વડાનું નિયંત્રણ હોવાથી ઉપભોગની વસ્તુઓની ખરીદી પર નિયંત્રણ રહેતું હતું. જ્યારે હવે વિભક્ત કુટુંબમાં આવુ નિયંત્રણ ન હોવાથી ઉપભોગતાવાદને વેગ મળે છે.*

**2. ઉપભોગની આદતોમાં પરિવર્તનઃ** *સમય સાથે પરંપરાગત આદતો બદલાઈ રહી છે. પૈસાની સામે ઉપભોગની વસ્તુનું મૂલ્ય વધતું જાય છે. પ્રત્યેક વ્યક્તિ સુખદાયક અને આરામદાયક જીવનની ઘેલછા સેવે છે. વળી, ઉત્પાદનનોની નવીનત્તમ આકર્ષક શ્રેણી આ ઘેલછાને વધારે છે. વ્યક્તિ ફેશન મુજબ વસ્તુઓ બદલે છે. બજારમાં નવો ફોન કે નવી ગાડી આવતાં જૂનો ફોન અને જૂની ગાડી ઉપયોગ કરી શકાય તેમ હોવા છતાં નવો ફોન અને નવી ગાડી લેવામાં આવે છે. જેથી અન્યો પર પોતાની પ્રતિષ્ઠાનો રોફ બતાવી શકાય. લોકો ટકાઉ અને વ્યાજબી ભાવે મળતી વસ્તુ ખરીદવાને બદલે આકર્ષક અને અન્યો પર પ્રભાવ પાડી શકે તેવી વસ્તુ લેવાનું પસંદ કરે છે.*

**3. ઉત્પાદકોની સ્વાર્થીવૃત્તિઃ** *ઉત્પાદકોનો મુખ્ય ઉદ્દેશ્ય નફો મેળવવાનો હોય છે અને તે માટે તેઓ ગ્રાહકની માનસિકતા સાથે રમત રમે છે. 15% કે 25% એક્સ્ટ્રાના લેબલ સાથે*

*વસ્તુને વેચવી. એક ઉત્પાદન સાથે તેને લગતા બીજા ઉત્પાદનનો કોમ્બો બનાવી કિંમતમાં નજીવો ફેરફાર કરી નાખવો જેથી ગ્રાહકને અન્ય ઉત્પાદનોની પણ ટેવ પાડી શકાય. એક જ ઉત્પાદનમાં થોડા સમય બાદ નજીવો ફેરફાર કરી નવા વિશેષણો સાથે એ ઉત્પાદનને રજૂ કરવું અને એવું બતાવવું કે આ ઉત્પાદન પહેલાની તુલનામાં વધુ અસરકારક અને વધુ પ્રભાવી છે. આવા કેટલાક કીમિયા ધ્વારા ઉત્પાદક ગ્રાહકોને તેમના ઉત્પાદનના ઉપભોગની ટેવ લગાડવાનો પ્રયત્ન કરે છે જેથી તે નફો રળી શકે.*

**4. આકર્ષક જાહેરાતઃ** *આજનો યુગ પ્રચાર - પ્રસારનો યુગ છે અને જાહેરાત એક એવું સાધન છે કે જે લોકોની માનસિકતા પર પ્રહાર કરી તેમની વિચાર શક્તિને ખતમ કરી દે છે. અભિનેતા, કલાકાર, ખેલાડી, સફળ વ્યક્તિઓ દ્વારા પ્રચાર કરતી વખતે એવું દર્શાવવામાં આવે છે કે તેમની સફળતાનું રાઝ કે તેમની સુંદરતાનું કારણ સબંધિત ઉત્પાદન જ છે અને લોકો એ ઉત્પાદન તરફ આકર્ષાય છે. કોઈ વસ્તુ ભલે ગમે તેટલી બિનજરૂરી કેમ ન હોય, જાહેરાતની શૈલી તેને અત્યંત જરૂરી સાબિત કરી દે છે. "કોઈ જુઠ્ઠાણું જો 100 વાર બોલવામાં આવે તો તે સાચું લાગવા લાગે છે" એ મુજબ જાહેરાતના પોકળ દાવા પણ લોકોને સાચા લાગવા લાગે છે. આજે પ્રત્યેક નાની મોટી વસ્તુઓની જાહેરાત કરવામાં આવે છે અને તે દ્વારા ગ્રાહકોનું શોષણ કરી અનેક કંપનીઓએ નફો મેળવ્યો છે.*

5. **ટી. વી. કાર્યક્રમોનો પ્રભાવઃ** *આધુનિક સમયમાં ટી. વી. પ્રત્યેક વર્ગના લોકોના મનોરંજનનું સાધન બની ગયું છે. ટી. વી. કાર્યક્રમોમાં બતાવવામાં આવતી આધુનિક જીવનશૈલીમાં અત્યાધુનિક સાધનોના ભોગવટાનું પ્રમાણ વધુ હોય છે. જે નાના મોટા તમામને આકર્ષે છે. ટી. વી. કાર્યક્રમોમાં ઘરના રાચ-રચીલાથી માંડીને સ્ત્રીઓના વસ્ત્રો અને ઘરેણાંમાં સતત નવીનતા જોવા મળે છે જે ખાસ કરીને સ્ત્રીઓને આકર્ષે છે અને તેઓ તે મુજબના ઉત્પાદનો ખરીદવા પ્રેરાય છે. વળી, કાર્યક્રમની વચ્ચે આવતી જાહેરાત પણ તમામ વર્ગના લોકોને નવા નવા ઉત્પાદનો ખરીદવા પ્રેરે છે.*

6. **લોનની સુવિધાઃ** *ઉપભોગતાવાદના ફેલાવામાં લોનની સુવિધાએ હકારાત્મક ભૂમિકા ભજવી છે. વર્તમાન સમયમાં લગભગ તમામ બેંક અને અન્ય ફાયનાન્સ કંપનીઓ ઉપભોગની જુદી જુદી વસ્તુઓ જેવી કે, કાર, એ.સી., મોટર સાયકલ, મોબાઈલ ફોન, હોમ થિયેટર, કમ્પ્યૂટર વગેરે પર ઓછા વ્યાજે લોન આપે છે. જેને પગલે નવા નવા ઉપકરણો ખરીદવા વ્યક્તિ માટે આસાન બની જાય છે. અને સામાન્ય માણસ પણ તેની આર્થિક સ્થિતિથી આગળ વધીને આવા ઉપકરણો ખરીદવા પ્રેરાય છે.*

7. **આકર્ષક દેખાવાની ઘેલછાઃ** *ઉપભોગતાવાદના ફેલાવામાં આકર્ષક દેખાવાની ઘેલછા પણ મહત્ત્વનું પરિબળ છે. વર્તમાન સમયમાં તમામ લોકોને તેમાં પણ ખાસ કરીને યુવાનોને હંમેશા આકર્ષક દેખાવું હોય છે. જેનો ફાયદો ઉત્પાદકોને મળે છે. આકર્ષક દેખાવાની ઘેલછામાં લોકો અવનવા સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ કરે છે. ઉપરાંત અન્યોથી*

*અલગ અને આકર્ષક દેખાઈ શકાય તેવા પ્રયત્નોમાં સતત બદલાતી ફેશન મુજબના પોશાક અને અન્ય એસેસરીઝનો ઉપયોગ કરે છે. જે ઉપભોગતાવાદને પ્રોત્સાહન આપે છે.*

### 13.2.4 ઉપભોગતાવાદના પરિણામો

*ઉપભોગતાવાદના પરિણામોની વાત કરીએ તો ઉપભોગતાવાદ દેશ માટે કેટલેક અંશે લાભકારી પણ છે તો સાથે સાથે તે સમસ્યાજનક પણ છે. ઉપભોગતાવાદના હકારાત્મક અને નકારાત્મક પરિણામોની ચર્ચા નીચે મુજબ છે.*

**ઉપભોગતાવાદના હકારાત્મક પરિણામો**

1. *ઉપભોગતાવાદને પરિણામે અવનવી વસ્તુના ઉત્પાદન માટે પ્રોત્સાહન મળે છે. ઉત્પાદન ક્ષેત્રે નવા વિચાર અને નવા સંશોધનોને પ્રોત્સાહન મળે છે.*
2. *ખરીદ વેચાણની પ્રક્રિયાને ઉત્તેજન મળતા દેશનો આર્થિક વિકાસ ઝડપી બને છે.*
3. *ઉત્પાદનમાં વધારો થતા રોજગારીમાં વધારો થશે.*
4. *ઉપભોગતાવાદને કારણે લોકો વૈભવી જીવનશૈલી જીવે છે. તેમનું જીવન સુખી અને આરામદાયક બન્યું છે.*
5. *ઉપભોગતાવાદને પરિણામે વૈશ્વિકરણની પ્રક્રિયાને પ્રોત્સાહન મળે છે.*
6. *ઉપભોગતાવાદને પરિણામે સ્ત્રીનું સામાજિક સ્થાન ઊંચુ આવ્યું છે. પરંપરાગત સ્ત્રીનો સંપૂર્ણ સમય ઘરની જવાબદારીઓનું વહન કરવામાં જ વીતી જતો હતો. પરંતુ વર્તમાન સમયમાં અવનવા ઉપકરણો અને તૈયાર ઉપલબ્ધ ચીજ-વસ્તુઓને પરિણામે તેમને ફાજલ સમય મળી રહે છે જેનો તેઓ તેમના વિકાસ માટે ઉપયોગ કરી શકે છે.*
7. *ઉપભોગતાવાદને પરિણામે વ્યક્તિમાં વધુ કમાણી કરવાની મહત્ત્વાકાંક્ષા જન્મે છે, જે તેની સર્જનશક્તિને વિકસાવે છે.*
8. *ઉપભોગતાવાદ સમાજને પરંપરાગત સમાજમાંથી આધુનિક સમાજ તરફ લઈ જાય છે.*

**ઉપભોગતાવાદના નકારાત્મક પરિણામો**

1. *ઉપભોગતાવાદને પરિણામે ઉત્પાદકો ગ્રાહકોનું આર્થિક શોષણ કરે છે. આકર્ષક જાહેરાત અને આકર્ષક પેકિંગ હેઠળ તે ગ્રાહકને ઊંચી કિંમતે માલ વેચે છે.*
2. *આર્થિક સ્પર્ધાના પરિણામે ઉત્પાદકો અનૈતિક રીતોનો ઉપયોગ કરીને ગ્રાહકને છેતરે છે.*
3. *ઉત્પાદકો વધુ નફો મેળવવા ઉત્પાદનમાં અન્ય પદાર્થોની ભેળસેળ કરે છે જેનાથી ઉપભોગતાને શારીરિક આર્થિક નુકસાન થાય છે.*
4. *ઉપભોગતાવાદી સંસ્કૃતિને પરિણામે નિમ્ન તેમજ મધ્યમ વર્ગના કુટુંબ પર આર્થિક બોજો વધે છે. જેના પરિણામે માનસિક તણાવની સમસ્યામાં વધારો થાય છે.*

5. ઉપભોગતાવાદને પરિણામે કુટુંબના સભ્યોમાં નવા નવા ઉત્પાદનોના ઉપભોગની મહત્ત્વાકાંક્ષા વધે છે. જો કુટુંબનો વડો તે ઈચ્છાઓને ન સંતોષી શકે તો કુટુંબમાં સંઘર્ષનું વાતાવરણ સર્જાય છે.
6. ઊપભોગતાવાદને પરિણામે ઉપભોગની પ્રવૃત્તિમાં ઝડપી પરિવર્તનો આવે છે. આથી નવી પેઢી અને જુની પેઢીની ઉપભોગની પ્રવૃત્તિમાં ખૂબ મોટું અંતર સર્જાય છે. જે આંતર પેઢીય સંઘર્ષને વધારે છે.
7. ઉપભોગતાવાદને પરિણામે ઉત્પાદનમાં બેફામ વધારો થતા સતત અને બેફામ રીતે પર્યાવરણનું દોહન થતું રહે છે જે પર્યાવરણીય સમસ્યાઓને જન્મ આપે છે. ઉપરાંત કેટલાંક ઉત્પાદનો પોતે પર્યાવરણના પ્રદૂષણ માટે જવાબદાર હોય છે.તેમ છતાં તેમનો વિપુલ માત્રામાં ઉપયોગ પર્યાવરણની અવનતિ સર્જે છે. જેમ કે પ્લાસ્ટિકનો ઉપયોગ.
8. જુદાં જુદાં ઉપકરણોના ઉપયોગને પરિણામે વ્યક્તિનું શરીર શિથિલ બની જાય છે. જેને પરિણામે તે જુદી જુદી બિમારીઓનો ભોગ બને છે.

આમ, ઉપભોગતાવાદ સમાજ માટે માત્ર લાભપ્રદ જ નહિ પરંતુ સમસ્યાજનક પણ છે. જો કે, ગ્રાહક સબંધી સમસ્યાઓના નિવારણ હેતુ સરકાર દ્વારા કેટલાંક પગલાં પણ લેવામાં આવ્યા છે. જેમાં ગ્રાહક સુરક્ષા કાનૂન (1986) (જેમાં 1991, 1993 અને 2002માં ગ્રાહકના હિતને ધ્યાનમાં રાખીને વ્યાપક સુધારા કરવામાં આવ્યા.) સહિત ગ્રાહકોના હિતોના રક્ષણ માટે ગ્રાહક કલ્યાણ કોષઅને ગ્રાહક સૂચના કેન્દ્રોની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત ગ્રાહકોમાં જાગૃતિ લાવવા માટેના પ્રયાસો પણ કરવામાં આવે છે. 24 ડિસેમ્બરે 'રાષ્ટ્રીય ગ્રાહક દિવસ' અને 15 માર્ચે 'વિશ્વ ગ્રાહક દિવસ' પણ મનાવવામાં આવે છે. આમ છતાં, ઉપભોગતાવાદના વ્યાપ વિસ્તારમાં વધારો થતાં ગ્રાહકોને રક્ષણ આપવા માટેના કાનૂનોને હજી પણ વધુ સક્ષમ બનાવવા પડશે. ટૂંકમાં, ઉપભોગતાવાદની સમસ્યા સમાજના પ્રત્યેક વર્ગને અને સાથે સાથે જીવસૃષ્ટિ માટે અત્યંત જરૂરી એવા પર્યાવરણને પણ અસર કરતી સમસ્યા છે.

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

નોંધ: (1) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.
(2) એકમના અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

1. ઉપભોગ અને ઉપભોગતાનો અર્થ સમજાવો.

2. *ઉપભોગતાવાદ એટલે શું?ટૂંકમાં સમજાવો.*

## 13.3 નૈતિક મૂલ્યોનું પતન :

*સામાજિક મૂલ્યોના આધારે જ કોઈ પણ સમાજની પ્રગતિ કે અવનતિની દિશા નક્કી થાય છે. સામાજિક મૂલ્ય માત્ર સમાજની ધરોહર જ નથી પરંતુ તેના પર જ સમાજની પ્રગતિનો પાયો ટકેલો હોય છે. મૂલ્યો જ આપણને માર્ગદર્શન પૂરું પાડે છે કે સમાજ માટે શું સારું છે અને શું ખરાબ. દરેક સમાજને તેના મૂલ્યો હોય છે. સામાજિક મૂલ્યો સામાજિક સંગઠનમાંપણ વૃદ્ધિ કરે છે. પરંતુ વર્તમાન સમયમાં નૈતિક મૂલ્યોનું પતન થઈ રહ્યું છે. સમાજના દરેક ક્ષેત્રે મૂલ્યોનું અવમૂલ્યન થાય છે અને માત્ર વ્યક્તિવાદ અને સ્વાર્થની પુષ્ટિ થાય છે. આ બાબત સંપૂર્ણ સમાજની એકતા અને અસ્તિત્વ માટે પણ નુકસાનકારક સાબિત થાય તેમ છે. નૈતિક મૂલ્યોના પતનની સમસ્યા અંગે ચર્ચા કરતાં પૂર્વે નૈતિક મૂલ્યોનો અર્થ સમજી લઈએ.*

### 13.3.1 નૈતિક મૂલ્યોનો અર્થ

*સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણ મુજબ, મૂલ્ય સમાજનો માપદંડ, આદર્શ કે લક્ષ્ય છે. જેના દ્વારા વિવિધ પરિસ્થિતિ કે ઘટનાઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે. પ્રત્યેક સમાજના મૂલ્યોને તેની સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ હોય છે અને તેથી જ પ્રત્યેક સમાજના મૂલ્યોમાં તફાવત જોવા મળે છે.*

**જોહન્સનના** *મતે, "મૂલ્યો એક એવી વિભાવના કે માપદંડ છે કે જે કાં તો સાંસ્કૃતિક હોય છે અથવા વ્યક્તિગત. જેના દ્વારા ચીજોને એકબીજાં સાથે સરખાવી શકાય. તેનો સ્વીકાર કે અસ્વીકાર, સારી કે ખરાબ, યોગ્ય કે અયોગ્ય બતાવી શકાય."*

**હેરાલેમ્બોસના** *મતે, "મૂલ્ય એક વિશ્વાસ છે જે બતાવે છે કે શું સારું કે ઈચ્છનીય છે.તે વ્યાખ્યાયિત કરે છે કે શું મહત્ત્વપૂર્ણ છે, લાભદાયી છે અને પ્રાપ્ત કરવા યોગ્ય છે."*

**વુડ્ઝના** *મતે, "સામાજિક મૂલ્યો એક એવો સામાન્ય સિદ્ધાંત છે જે રોજબરોજના જીવનને નિયંત્રિત કરે છે."*

*આમ સામાજિક મૂલ્યો દૈનિક જીવનને નિયંત્રિત કરતાં નિયમો છે. તે એવા માપદંડ છે જેના આધારે લક્ષ્ય, વ્યક્તિનો વ્યવહાર, લાગણીઓ, ઘટના, સાધન વગેરેને સારી કે ખરાબ કહી શકાય. મૂલ્યો સમાજના ઉદ્દેશ્યો દર્શાવે છે કે શું હોવું જોઈએ. ટૂંકમાં, મૂલ્ય વ્યવહારની એ રીત છે જે સારું ખરાબ બતાવે છે.*

### 13.3.2 નૈતિક મૂલ્યોનું મહત્ત્વ

*સામાજિક મૂલ્ય સામાજિક સબંધોને સંતુલિત કરવામાં અને સામાજિક વ્યવહારોમાં એકરૂપતા લાવવામાં મદદરૂપ થાય છે. મૂલ્યોની મદદથી જ માનવીની ઈચ્છાઓ અને ઉદ્દેશ્યોને વાસ્તવિક સ્વરૂપ મળે છે. સામાજિક મૂલ્યો સમાજની જ ઉત્પત્તિ છે અને તેથી જ વ્યક્તિ સામાજિક મૂલ્યોના પાલન માટે બંધાયેલો હોય છે. સામાજિક મૂલ્ય સામાજિક ચેતનાને અભિવ્યક્ત કરે છે અને એટલે વ્યક્તિને તેનું પાલન કરવું પડે છે. ફિચર તેની પુસ્તક 'સમાજશાસ્ત્ર' માં સામાજિક મૂલ્યોનું મહત્ત્વ નીચે મુજબ દર્શાવે છે.*

1. *વ્યક્તિના નિર્માણ અને સંગઠનમાં મહત્ત્વ*
2. *સામાજિક સંગઠન અને સામાજિક એકરૂપતામાં મહત્ત્વ*
3. *વિચાર અને વ્યવહારના નિર્ણાયક*
4. *સામાજિક નિયંત્રણનું સાધન*
5. *સામાજિક ક્ષમતાના મૂલ્યાંકનમાં ઉપયોગી*
6. *સામાજિક સબંધોને સંતુલિત કરવામાં ઉપયોગી*
7. *સામાજિક ભૂમિકાઓના નિર્દેશનમાં ઉપયોગી*
8. *ભૌતિક સંસ્કૃતિના મહત્ત્વના સંવર્ધક*
9. *સ્વાભાવિક અને રોગિષ્ટ/અસ્વાભાવિક વ્યવહારને સ્પષ્ટ કરે છે.*

### 13.3.3 નૈતિક મૂલ્યોનું પતન

*કોઈપણ સમાજનું સંગઠન તે સમાજની દ્રઢ નૈતિકતા, લોકોના યોગ્ય વ્યવહાર અને મૂલ્યો પર નિર્ભર હોય છે. તે જ રીતે સામાજિક મૂલ્યોના પતનને પરિણામે સામાજિક વિઘટન પણ થાય છે. સામાન્યતઃ વ્યક્તિની મનોવૃત્તિઓ મૂલ્યોના આધારે ઘડાય છે, પરંતુ જ્યારે મનોવૃત્તિઓ અને મૂલ્યો વચ્ચે સંઘર્ષ થાય છે ત્યારે નૈતિક મૂલ્યોનું પતન થાય છે. અગાઉ સામાજિક વ્યવહાર પરંપરાગત રીતે ધર્મ, નૈતિકતા અને શિષ્ટાચાર દ્વારા સંચાલિત થતા હતા. જેથી સામાજિક સંગઠનમાં એકરૂપતા જોવા મળતી હતી. પરંતુ પ્રવર્તમાન સમયમાં સમાજના આધારસ્તંભ સમાન આ મૂલ્યોમાં તીવ્રતાથી વિચલન કે ઘટાડો જોવા મળે છે.*

*સામાજિક મૂલ્યોનું અવમૂલ્યન કે ઉલ્લંઘન જ સામાજિક મૂલ્યોના પતનની સમસ્યા છે. જે વિમૂલ્યો સર્જે છે. વિમૂલ્યો સામાજિક જીવનના પતનમાં પરિણમે છે. મૂલ્યો અને વિમૂલ્યોમાં અંતર સ્પષ્ટ કરતાં રાધાકમલ મુખર્જી કહે છે કે'સત્યનો હંમેશા વિજય થાય છે.' તે એક શ્રેષ્ઠ સામાજિક મૂલ્ય છે. પરંતુ 'રાજનીતિમાં બધુ જ યોગ્ય છે.' તે એક વિમૂલ્યનું ઉદાહરણ છે. 'ક્ષમા એ જ સૌથી મોટી સજા છે.' તે એક મૂલ્ય છે. જ્યારે 'ખૂનનો બદલો ખૂન' એ એક વિમૂલ્ય છે. આમ જ્યારે સમાજનો મોટો વર્ગ મૂલ્યોને અવગણી વિમૂલ્યોને સ્વીકારી લે છે ત્યારે નૈતિક મૂલ્યોનું પતન થાય છે. હિંસા, શોષણ, ભ્રષ્ટાચાર, સાંપ્રદાયિકતા, પ્રદેશવાદ, કોમવાદ, ભાષાવાદ, રાજદ્રોહ વગેરે વિમૂલ્યો છે. ઉપભોગતાવાદી સંસ્કૃતિ ભૌતિકતાવાદી વિચારધારા ધરાવતી હોવાથી આધુનિક સમયનો વ્યક્તિ મૂલ્યોના ભોગે પણ આર્થિક હિત સાંધવામાં મગ્ન રહે છે અને સમાજમાં નૈતિક મૂલ્યોના પતનની સમસ્યા ઉદ્ભવે છે.*

### 13.3.4 નૈતિક મૂલ્યોના પતનના કારણો

*નૈતિક મૂલ્યોના પતનના કારણો પ્રત્યેક સમાજમાં એકસમાન જોવા મળતાં નથી. જેમ પ્રત્યેક સમાજના નૈતિક મૂલ્યોમાં થોડો ઘણો તફાવત હોય છે તેમ તેના પતનના કારણોમાં પણ જુદાંપણું જોવાય છે આમ છતાં, કેટલાંક કારણો સર્વસામાન્ય છે, જેની ચર્ચા અહીં કરીશું.*

**1. ધર્મનું અપ્રભાવકારી હોવું:** *નૈતિક નિયમો ધર્મ પર અવલંબન ધરાવે છે. સી. એસ. લુઈસના મતે, ધર્મના અવલંબન વિના નૈતિક નિયમ ટકી શકે નહિ. કેટલાંક વિદ્વાનના મતે, ધર્મ અને નૈતિકતા એકબીજાં સાથે આંતરસબંધિત છે. તેને એક બીજાથી અલગ કરી શકાય નહિ.ધર્મના પ્રભાવ હેઠળ લોકો સ્વેચ્છાએ નૈતિક નિયમોનું પાલન કરતાં હતાં. પરંતુ હવે ભારતીય સમાજમાં ધર્મનો પ્રભાવ નબળો પડતા નૈતિક નિયમોના પાલનનો અભાવ જોવા મળે છે. લોકો નૈતિકતાને વિસારી તેમના સ્વાર્થને સંતોષતા જોવા મળે છે.*

**2. વ્યક્તિવાદનો વિકાસ:** *નૈતિક મૂલ્યો સામુદાયિક ભાવનાને પોષે છે. તેનું સર્જન સમુદાય દ્વારા થયું છે, અને તે સમુદાયને ટકાવવાનો હેતુ ધરાવે છે. પરંતુ વ્યક્તિવાદ તેનાથી વિરોધી ખ્યાલ છે. જે સમૂહની સાપેક્ષે વ્યક્તિની સ્વતંત્રતાને મહત્ત્વ આપે છે. વ્યક્તિવાદનો વિકાસ એક હદ સુધી યોગ્ય છે પરંતુ આધુનિક સમયમાં જે વ્યક્તિવાદ વિકસ્યો છે તેને પરિણામે સામુદાયિક ભાવનાનો નાશ થવા પામ્યો છે. જે નૈતિક મૂલ્યોના પતનનું એક કારણ બને છે.*

**3. શહેરીકરણ:** *શહેરી જીવનશૈલીની એક લાક્ષણિકતા છે કે તેમાં સામાજિક સબંધો વૈયક્તિક હોય છે. જે નૈતિક મૂલ્યોના પતન માટે જવાબદાર બને છે. વધતું જતું શહેરીકરણ વ્યક્તિને વ્યક્તિવાદ, મહત્ત્વાકાંક્ષાઓ અને યંત્રવત્ જીવન આપે છે. જ્યાં માનવીય સંવેદના કે લાગણીઓ બુઠ્ઠી બનતી જાય છે અને નૈતિક મૂલ્યોનું પતન થાય છે.*

**4. ઉપભોગવાદી સંસ્કૃતિ:** *ઉપભોગવાદી સંસ્કૃતિમાં માનવી ભૌતિક સાધન સંપત્તિના ઉપભોગને મહત્ત્વ આપતો થાય છે. આ સંસ્કૃતિમાં વ્યક્તિનું મૂલ્યાંકન તેના આંતરિક*

*ગુણોને આધારે નહિ પરંતુ તેના દ્વારા ઉપભોગમાં લેવાના ભૌતિક સાધનોના આધારે થાય છે. જે ઘટના વ્યક્તિને નૈતિક મૂલ્યો બાજુ પર મૂકી વધુમાં વધુ ભૌતિક પદાર્થોના ઉપભોગ તરફ પ્રેરે છે.*

**5. નિરાશાઃ** *નિરાશા વ્યક્તિને નૈતિક મૂલ્યોના પાલનથી વિચલિત કરે છે. વ્યક્તિ જ્યારે સમાજની સામાજિક વ્યવસ્થામાંથી પોતાની આવશ્યકતાઓની પૂર્તિ કરી શકતો નથી ત્યારે તે નિરાશા અનુભવે છે. અને તેને પ્રવર્તમાન સામાજિક ધોરણ વ્યવસ્થામાં વિશ્વાસ રહેતો નથી અને તે નૈતિક મૂલ્યોથી વિરુધ્ધના કાર્યો કરે છે. આમ, નિરાશા એ નૈતિક મૂલ્યોના પતનનું એક કારણ છે.*

**6. પશ્ચિમીકરણઃ** *દરેક સમાજમાં નૈતિક મૂલ્યોમાં તફાવત હોય છે. કેટલાંક વર્તન-વ્યવહાર કે જે પશ્ચિમના દેશોમાં સામાન્ય માનવામાં આવતા હોય તે ભારતીય સમાજમાં મૂલ્યો વિરુધ્ધના મનાય છે. એટલે પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ ભારતીય સમાજમાં નૈતિક મૂલ્યોના ભંગ માટે જવાબદાર બને છે. દા.ત. પશ્ચિમી સંસ્કૃતિમાં યુવાન કુંવારી છોકરી પોતાની ઈચ્છાથી પુરુષ મિત્રો સાથે જાતીય વ્યવહાર કરે તે સામાન્ય છે. પરંતુ ભારતીય સમાજમાં લગ્ન પહેલા જાતીય વ્યવહારએ સામાજિક મૂલ્યોનો ભંગ સૂચવે છે.*

**7. વિજ્ઞાનનો પ્રભાવઃ** *વૈજ્ઞાનિક યુગમાં વ્યક્તિ ધર્મને બદલે વિજ્ઞાનને મહત્ત્વ આપતો થયો છે. નૈતિક મૂલ્યોનો આધાર ધર્મ છે. જ્યારે વિજ્ઞાન કાર્ય કારણ સબંધોને મહત્ત્વ આપે છે. તેથી વૈજ્ઞાનિક યુગમાં વ્યક્તિ તાર્કિકતા અને કાર્યકારણ સબંધો દ્વારા રજૂ થતી બાબતોને સ્વીકારે છે. જ્યારે નૈતિક મૂલ્યો પાછળ કોઈ તર્ક કે કાર્યકારણ સબંધો નહિ, પરંતુ ધર્મનું પરિબળ રહેલું છે. આથી વિજ્ઞાનનો પ્રભાવ વધતા નૈતિક મૂલ્યોની અસરકારકતા નબળી પડી છે.*

**તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

*નોંધઃ* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*

(2) *એકમના અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ સરખાવો.*

1. *નૈતિક મૂલ્યોનું પતન એટલે શું?સમજાવો.*

## 13.4 સારાંશ :

*પ્રસ્તુત પ્રકરણમાં આપણે ઉપભોગતાવાદની સમસ્યા, તેનું સ્વરૂપ, ઉપભોગતાવાદની સમસ્યાના સહાયક પરિબળો તેમજ પરિણામોની ચર્ચા કરી. આ ઉપરાંત નૈતિક મૂલ્યોના પતનની સમસ્યા અને તેના કારણોની પણ સમજ મેળવી. આ બંને સમસ્યાઓ આધુનિકતાની દેણ છે. આધુનિક સમાજમાં વ્યક્તિવાદ ફૂલ્યોફાલ્યો છે, સામુદાયિક ભાવના નબળી પડી છે. સામાજિક સબંધોનું વર્તુળ નાનું બન્યુ છે. અને વ્યક્તિ માત્ર તેની ઈંદ્રિયોના સંતોષને વધુ મહત્ત્વ આપતો થયો છે. જેના પરિણામે ઉપભોગતાવાદ અને નૈતિક મૂલ્યોનું પતન જેવી સામાજિક સમસ્યાઓ ઉદ્ભવી છે.*

## 13.5 શબ્દાવલિ :

**પશ્ચિમીકરણ** *ભારતીય સમાજ દ્વારા પશ્ચિમના દેશોની સંસ્કૃતિના થતા અનુકરણને પશ્ચિમીકરણ કહે છે.*

**સંસ્કૃતિ** *સંસ્કૃતિ બહુ વ્યાપક ખ્યાલ છે. તે સમુદાય દ્વારા નિર્મિત રિવાજો, મૂલ્યો, ભાષા, માન્યતાઓ, કળા, જ્ઞાન જેવી સામુદાયિક ઓળખ ઉભી કરતી તમામ બાબતોના સમૂહને સૂચવતો ખ્યાલ છે.*

**સામાજિક પરિવર્તન** *સામાજિક સંરચના, સમાજના કાર્યો, સામાજિક સંસ્થાઓઅને સામાજિક પ્રક્રિયાઓમાં આવતા બદલાવને સામાજિક પરિવર્તન કહે છે.*

## 13.6 બહુવિકલ્પ પ્રશ્નો :

1. *ઉપભોગતાવાદનો લેખિત ઈતિહાસ શેમાંથી મળે છે?*

(*અ) કન્ઝ્યુમર્ઝિમ* (*બ) એ ક્રિટિક્સ ઑફ અમેરિકન કન્ઝ્યુમર્ઝિમ*

(*ક) અમેરિકન કન્ઝ્યુમર્ઝિમ*

2. *કાર્લ માર્ક્સના સામાજિક પરિવર્તનના સિદ્ધાંત મુજબ સામાજિક સંરચનાને કયા ભાગમાં વહેંચે છે?*

(*અ) અધિરચના* (*બ) અધોરચના* (*ક) અ અને બ બંને*

3 *ક્યારે 'રાષ્ટ્રીય ગ્રાહક દિવસ' મનાવવામાં આવે છે?*

(*અ)* 24 *ડિસેમ્બર* (*બ)* 1 *ડિસેમ્બર* (*ક)* 15 *માર્ચ*

4. *કોમવાદ* ............................... *છે.*

(*અ) મૂલ્ય* (*બ) વિમૂલ્ય* (*ક)ધોરણ*

5**........................***નૈતિક મૂલ્યોના પતનનું કારણ છે.*

(અ) *વ્યક્તિવાદ* (બ) *પરંપરા* (ક) *રૂઢીચુસ્તતા*

**જવાબો:**

1. **(**બ)*એ ક્રિટિક્સ ઑફ અમેરિકન કન્ઝ્યુમર્ઝિમ*
2. **(**ક)*અ અને બ બંને*
3. **(**અ) 24 *ડિસેમ્બર*
4. **(**બ) *વિમૂલ્ય*
5. **(**અ) *વ્યક્તિવાદ*

- *તમારી પ્રગતિ જાતે ચકાસોના જવાબો.*

- **તમારી પ્રગતિ ચકાસો. (ક)**

(1) *આર્થિક દ્રષ્ટિકોણથી ઉપભોગ એટલે ધન કે કોઈ વસ્તુના બદલામાં જીવન નિર્વાહની ચીજવસ્તુઓ મેળવી તેનો ઉપયોગ કરવો અને આવી ક્રિયા કરનારને ઉપભોગતા કહેવાય. જ્યારે સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, ઉપભોગ એટલે સમાજમાં પ્રવર્તમાન મૂલ્યો કે માન્યતાઓ મુજબ કોઈ વિશેષ વસ્તુઓ કે પદાર્થોનો ઉપયોગ કરવાની પ્રવૃત્તિને ઉપભોગ કહેવામાં આવે છે.*

(2) *સમય અને સાંસ્કૃતિક-આર્થિક પરિવર્તનો સાથે ઉપભોગની પ્રક્રિયામાં પણ પરિવર્તન આવે છે. શિકારી અવસ્થામાં ઉપભોગની પ્રવૃત્તિ કૃષિ અવસ્થાની ઉપભોગની પ્રવૃત્તિ કરતાં જુદી હતી. જ્યારે પ્રવર્તમાન સમયની ઉપભોગની પ્રવૃત્તિ કૃષિ અવસ્થાની ઉપભોગની પ્રવૃત્તિ કરતાં જુદી છે. ઔદ્યોગિકરણને પરિણામે ઉપભોગની પ્રક્રિયામાં ધરમૂળથી ફેરફાર થયા છે. આજે વ્યક્તિ પાસે વસ્તુ ખરીદવા માટે પૈસા ન હોય તો પણ વ્યક્તિ બજારમાં ઉધારથી કે લોન લઈને પણ પોતાની જરૂરિયાતોને પૂરી કરે છે. આમ, ઉપભોગતાવાદ વસ્તુઓના ઉપભોગની એવી પ્રવૃત્તિ છે જેમાં વ્યક્તિ વધારેમાં વધારે મહેનત કરીને એવી વસ્તુઓનો ઉપભોગ કરવા માંગે છે.*

- **તમારી પ્રગતિ ચકાસો. (ખ)**

(1) *સામાજિક મૂલ્યોનું અવમૂલ્યન કે ઉલ્લંઘન જ સામાજિક મૂલ્યોના પતનની સમસ્યા છે. જે વિમૂલ્યો સર્જે છે. વિમૂલ્યો સામાજિક જીવનના પતનમાં પરિણમે છે. મૂલ્યો અને વિમૂલ્યોમાં અંતર સ્પષ્ટ કરતાં રાધાકમલ મુખર્જી કહે છે કે 'સત્યનો હંમેશા વિજય થાય છે.' તે એક શ્રેષ્ઠ સામાજિક મૂલ્ય છે. પરંતુ 'રાજનીતિમાં બધુ જ યોગ્ય છે.' તે એક વિમૂલ્યનું ઉદાહરણ છે. 'ક્ષમા એ જ સૌથી મોટી સજા છે.' તે એક મૂલ્ય છે. જ્યારે 'ખૂનનો બદલો ખૂન' એ એક વિમૂલ્ય છે. આમ જ્યારે સમાજનો મોટો વર્ગ મૂલ્યોને અવગણી વિમૂલ્યોને સ્વીકારી લે છે ત્યારે નૈતિક મૂલ્યોનું પતન થાય છે.*

**13.7 સ્વાધ્યાય :**

1. *ઉપભોગતાવાદનો અર્થ આપી ઉપભોગતાવાદના સહાયક પરિબળોની ચર્ચા કરો.*

2. *નૈતિક મૂલ્યોનો અર્થ આપી તેનું મહત્ત્વ સમજાવો.*

3. *નૈતિક મૂલ્યોનું પતન એટલે શું? તેના કારણોની ચર્ચા કરો.*

### ❖ સંદર્ભસૂચિઃ

1. *મહાજન ધર્મવીર ઔર મહાજન કમલેશઃ ભારતીય સમાજઃ મુદ્દે એવં સમસ્યાએ; વિવેક પ્રકાશન, દિલ્હી* 2010.
2. *મિશ્રા મહેન્દ્રકુમાર(ડૉ.): સમકાલીન ભારત કી સામાજિક સમસ્યાએ; આર. બી. એસ. એ. પબ્લિશર, જયપુર* 2008.
3. *મુકર્જી રવીન્દ્રનાથ(ડૉ.), અગ્રવાલ ભરત(ડૉ.) ઔર ચૌહાન કરનસિંહ(ડૉ.): ભારતીય સમાજઃ મુદ્દે એવં સમસ્યાયેં; એસ. બી. પી. ડી. પબ્લિકેશન્સ, આગ્રા* 2020.
4. *રાજોરા સુરેશચંદ્ર(ડૉ.): સમકાલીન ભારતકી સામાજિક સમસ્યાયેં; રાજસ્થાન હિન્દી ગ્રંથ અકાદમી, જયપુર* 2000.
5. *શર્મા વિરેન્દ્રપ્રસાદઃ ભારતીય સમાજ મુદ્દે ઔર સમસ્યાયેં; પંચશીલ પ્રકાશન, જયપુર* 2004.

# એકમ -14 વિઘટનલક્ષી પશ્નો :અપરાધ અને ગુનાવૃત્તિ

: રૂપરેખા :

**14.0** ઉદ્દેશો.

**14.1** પ્રસ્તાવના

**14.2** વિઘટનલક્ષી પ્રશ્ન તરીકે અપરાધ

**14.2.1** અપરાધનો અર્થ

**14.2.2** અપરાધની લાક્ષણિકતાઓ

**14.2.3** અપરાધના પ્રકારો

**14.2.4** અપરાધનાં કારણો

- તમારી જાતે ચકાસો (ક)

**14.3** વિઘટનલક્ષી પ્રશ્ન તરીકે ગુનાવૃત્તિ

**14.3.1** ગુનાવૃત્તિનો અર્થ.

**14.3.2** ભારતમાં ગુનો અને ગુનાવૃત્તિઓની બદલાતી તાસીરો.

- તમારી પ્રગતિ ચકાસો (ખ)

**14.4** સારાંશ

- શબ્દાવલિ
- બહુવિકલ્પીય પ્રશ્નો
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો
- સ્વાધ્યાય
- સંદર્ભસૂચિ

## 14.0 ઉદ્દેશોઃ

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે......*

- *અપરાધ સમસ્યા વિશે સમજૂતી મેળવી શકશો.*
- *અપરાધના કારણો,પ્રકારો લક્ષણોની સમજૂતી મેળવી શકશો.*
- *ગુનાવૃત્તિ વિશે સમજૂતી મેળવી શકશો.*

## 14.1 પ્રસ્તાવના :

*ઝડપથી વિકાસ પામતી આ સમાજવ્યવસ્થામાં માનવીએ અનેક આવિષ્કારોની ભેટવિશ્વને ધરી છે.રોજબરોજની નવી-નવી શોધખોળો અને ટેક્નૉલૉજીના કારણે ખૂબ ઝડપી જીવનશૈલી વિકસાવી. આ ઝડપી જીવનશૈલીમાં વ્યક્તિ અનેક સમસ્યાઓનો ભોગ બનતો રહે છે.સ્પર્ધાયુક્ત વાતાવરણના કારણે તેની અસર માનવીઓના પરસ્પરના સંબંધો ઉપર પડી છે અને તેના કારણે સમાજમાં અનેક સમસ્યાઓ ઊભી થઈ છે. સ્પર્ધાત્મક જીવનશૈલીને કારણે માનવીનો જીવન તરફનો દ્રષ્ટિકોણ બદલાયો અને વ્યક્તિમાં – ઉપભોક્તાવાદી વલણ વિકસ્યું. જેથી ભ્રષ્ટાચાર,લાંચરુશ્વત, ગુનાખોરી,અપરાધ જેવા અનેક વિઘટનકારી પ્રશ્નો ઊભા કર્યા જે સમાજ માટે એક પ્રકારની સામાજિક સમસ્યા જ ગણી શકાય. અપરાધ જેને બીજા અર્થમાં ગુના તરીકે પણ ઓળખવામાં આવે છે. ગુનો સમાજ માટે એક પ્રકારની વિઘટનકરી અને ભયયુકત ઘટના ગણી શકાય તે ન માત્ર વ્યક્તિ કે સામાન્ય નાગરિકને નુકસાન પહોંચાડે છે, તેમ જ સાથે-સાથે રાષ્ટ્રનિર્માણમાં પ્રશ્ન અવરોધક સાબિત થાય છે. અપરાધને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી જોવા જોઈએ તો તે સામાન્ય નાગરિકની ભાવનાઓ અને લાગણીઓને ઠેસ પહોંચાડતો સમાજ વિરોધી વ્યવહાર છે. જુદા-જુદા સમાજોમાં અપરાધ કે ગુનાને જુદા-જુદા દ્રષ્ટિકોણથી જોવામાં આવે છે.*

*સમાજનાં ધોરણો, મૂલ્યો માન્યતાઓ અને જટિલતા સાથે અપરાધની માત્રા સંકળાયેલી હોય છે. દરેક સમાજમાં અપરાધને નિયંત્રિત કરવા કાયદા-કાનૂનોની રચના કરવામાં આવી હોય છે. પરંતુ વ્યક્તિ જયારે આવા આદર્શો કે નિયમોનું ઉલ્લંઘન કરે છે ત્યારે વ્યક્તિએ અપરાધી પ્રવૃત્તિ કરી એવું સ્થાપિત કરી શકાય અને રાજયના કાનૂન અને દંડસંહિતાના આધારે તેને દંડક સજાની જોગવાઈ અનુસાર શિક્ષાપાત્ર કે ગુનાપાત્ર ઠરાવે છે ત્યારે તે અપરાધી સાબિત થાય છે.*

## 14.2 વિઘટનલક્ષી પ્રશ્ન તરીકે અપરાધ :

*માનવ સમાજમાં અપરાધની સમસ્યા વર્ષો જૂની છે ખાસ કરીને ગ્રામીણ સમાજ અને આદિવાસી સમાજોમાં અપરાધને નીતિશાસ્ત્ર અને ધર્મ સાથે જોડીને ધાર્મિક કે સમાજના ધોરણો અને નિયમોની ઉલ્લંઘનવૃત્તિને પાપ સાથે જોડી અપરાધ સ્વરૂપે જોવામાં આવે છે. નીતિશાસ્ત્રમાં પણ અપરાધને એક અનૈતિક ઘટના ગણવામાં આવે છે. ત્યાં સુધી*

*કહેવાયું કે કદાચ માનવી સમાજની નજરે ગુનેગાર તરીકે બચી જશે પણ ઈશ્વર તો તને દંડ કરે જ છે, મને કાયદાશાસ્ત્રમાં અપરાધને કાયદા વિરુદ્ધનું કૃત્ય ગણવામાં આવ્યું છે,માનવશાસ્ત્ર "અપરાધ" ને સમાજ વિરોધી વયવહાર કે વિઘટનલક્ષી પ્રશ્ન તરીકે પરિભાષિત કરે છે.*

**14.2.1 અપરાધનો અર્થ :**

*અપરાધની કેટલીક વ્યાખ્યાઓ નીચે મુજબ છે.*

*"અપરાધ એ એવું કૃત્ય છે,જે કાનૂન દ્વારા નિષેધ છે,તથા તેના માટે વૈધાનિક દંડની વ્યવસ્થા છે,"* **-ઈલિયેડ અને મોરી**

*" ફોજદારી કાયદો અમુક માનવવર્તન અંગેના ચોક્કસ નિયમોનો સમુચ્ચય છે,આ નિયમો કોઈ રાજકીય સતાતંત્રે ઘોષિત કરેલા હોય છે. તે નિયમો જે લોકો માટે તે લોકોને એકસરખી રીતે લાગુ પડતા હોય છે. રાજય આ નિયમોમાં અમલ માટે દંડશકિતનો ઉપયોગ કરતું હોય છે. "***-સધરલેન્ડ**

*મોયાર અપરાધને સામાજિક ધોરણોનાં ઉલ્લંઘન તરીકે ઓળખાવે છે તો,***રેડક્લીફ બ્રાઉનના** *મતાનુસાર અપરાધને પ્રચલિત રીતિઓને તોડનારું બતાવ્યું છે કે જે માટે દંડની કાર્યવાહી લાગુ પાડી શકાય.*

*ઉપરોક્ત વ્યાખ્યાઓના આધારે ફલિત થાય કે અપરાધ અનેક બાબતો સાથે સંકળાયેલી ઘટના છે,સમાજશાસ્ત્રીય દ્રષ્ટકોણથી અપરાધ સાથે માનવીય સંબંધો, મૂલ્યો, ધોરણો, માન્યતાઓ, આદર્શો, સામાજિક આંતરક્રિયાઓ વગેરે સંકળાયેલી છે, જેનું ઉલ્લંઘન એટલે સમાજની નજરે અપરાધ.*

**14.2.2 અપરાધની લાક્ષણિકતાઓ:**

*વ્યકિતના સમાજની વિરુદ્ધ વર્તનને અપરાધ તરીકે ઓળખાવી શકાય જેમાં કાયદાના ઉલ્લંઘનને ધ્યાને લેવામાં આવે છે. અપરાધપૂર્ણ વ્યવહારની કેટલીક વિશિષ્ટ લાક્ષણિકતાઓ છે જે સામાન્ય વ્યવહાર કરતા અપરાધ વ્યવહારને જુદા પાડે છે.*

i) *અપરાધ માટે ક્રિયા અગત્યની હોય છે.વ્યકિતના મનમાં અપરાધ કરવાનો ઈરાદો જન્મે પરંતુ જયા સુધી તેનો ઈરાદો ક્રિયામાં પરિણમતો નથી ત્યાં સુધી તેને અપરાધ ગણી શકાય નહિ દા.ત કોઈ ચોર મનમાં ચોરી કરવાનો ઈરાદો કરે તો તેને અપરાધ ગણી શકાય નહિ આથી ક્રિયા અપરાધની મહત્વની લાક્ષણિકતા છે.*

ii) *અપરાધ ઘટનાઓમાં વ્યકિતનો બદઈરાદો ધ્યાને લેવામાં આવે છે,અદાલત પછી વ્યકિત અપરાધ છે કે નહિ તે જાણવા વ્યકિતના ઈરાદાને ધ્યાને લેવાતી હોય છે. વ્યકિત સમજણપૂર્વક અને સભાનતાપૂર્વક કોઈ કાયદા વિરુદ્ધનું વર્તન કરે ત્યારે તેનો અપરાધી ઈરાદો સ્પષ્ટ હોય છે. આથી બદઈરાદાને પછી અપરાધની લાક્ષાણિકતા ગણવામાં આવે છે.*

iii) *અપરાધ પ્રથમ માનસિક ક્રિયાના સંદર્ભમાં વ્યક્તિના મનમાં ઉદ્દભવે છે ત્યારબાદ તે બાહ્ય પરિણામમાં અપરાધ સ્વરૂપે પ્રગટ થાય છે.દાત.કોઈ વ્યક્તિના મનમાં કોઈનું ખૂન કે હત્યા કરવાનો વિચાર ઉદ્દભવે છે, ત્યારબાદ હત્યા કે ખૂન કરે છે.આમ,અપરાધ વિચારનું બાહ્ય પરિણામ અપરાધ બનતું હોવાથી તેને લાક્ષણિકતા કહી શકાય .*

iv) *જ્યા સુધી સમાજ વિરોધી વર્તનને કાયદાકીય દંડની જોગવાઈ ન કરવામાં આવે ત્યાં સુધી તે અપરાધ ના ગણી શકાય પરંતુ કયાડતી વિરુદ્ધના વર્તનને જો કાયદાકીય રીતે વ્યવહારને અપરાધ ગણવામાં આવ્યો તો અપરાધ તરીકે ના સ્વીકારવામાં તે વ્યવહારને અપરાધ ન ગણી શકાય દા.ત ગુજરાતમાં દારૂ વેચવો અને દારૂબંધીનો કાયદો હોવાથી અપરાધ છે,જ્યારે મહારાષ્ટ્રમાં દારૂ વેચવો કે પીવો એ અપરાધ નથી.*

v) *વ્યક્તિનો બદઈરાદો કાયદાકીય દ્રષ્ટિએ નુકસાનકર્તા ના હોય તો તેને અપરાધ ન કહી શકાય પછી વ્યક્તિનો વ્યવહારની કાયદાકીય દ્રષ્ટિએ વર્જિત હોય જે સમાજને નુકસાનકર્તા હોય તો તેને ગુનો કહી શકાય.દા.ત વ્યક્તિ ખૂન કે હત્યા કરે છે ત્યારે તે કાયદાકીય વિરુદ્ધ વ્યવહાર છે, આવા વ્યવહારથી સમાજને નુકસાન થાય છે. માટે નુકસાનકર્તા આવા વ્યવહારોને પછી લાક્ષણિકતા ગણી શકાય .*

### 14.2.3 અપરાધ (ગુના)ના પ્રકારો :

*કેટલાંક વિદ્વાનોએ અપરાધને તેના સ્વરૂપ અને ગંભીરતાના આધારે નીચે મુજબના વર્ગીકરણો આપ્યાં છે.*

**(A) સધરલેન્ડે આપેલું અપરાધ (ગુના) નું વર્ગીકરણઃ**

**I. સાધારણ અપરાધ**

**II. ગંભીરઅપરાધ.**

**(i) સાધારણ અપરાધ :**

*સધરલેન્ડે આ પ્રકારના અપરાધમાં ચોરી, લુંટફાંટ, મારપીટ, મદ્યપાન, મારા-મારી ઉગ્ર બોલા-ચાલી વગેરેનો સમાવેશ કર્યો છે.*

**(ii) ગંભીર અપરાધ :-**

*ખૂન, બળાત્કાર, અપહરણ, લૂંટ ફાટ, રાજદ્રોહ, આત્મહત્યા વગેરે જેવા ગુનાઓને ગંભીર ગુનાઓ તરીકે દર્શાવ્યા છે, આવા ગુનાઓને ગંભીર ગુનાઓ તરીકે દર્શાવ્યા છે, આવા ગુનાઓ બદલ કઠોર શિક્ષાત્મક જોગવાઈઓ હોય છે.*

- **તમારી જાતે ચકાસો**

*નોંધ :* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*

(2) *એકમના અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ સરખાવો.*

1. *અપરાધ (ગુના) ને ત્રણ લીટીમાં સમજાવો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**(B) બોજરે આપેલું અપરાધનું વર્ગીકરણ**

- **આર્થિક અપરાધ :** *દા.ત ટેક્ષચોરી, નાણાકીય, કૌભાંડો, નાણાકીય છેતરપિંડી*
- **જાતિય અપરાધ :** *દા.ત બળાત્કાર, શારીરિક શોષણ, જાતિયતા સંબંધી વિકૃત વર્તનો.*
- **રાજકીય અપરાધ :** *દા.ત રાજ્ય વિરુદ્ધ કાવતરાં, રાજદ્રોહ, ચૂટણીમાં ગેરરીતિ રાજકીય કાવતરાં વગેરે.*
- **અન્ય અપરાધ :** *દા.ત ઉપરોક્ત ત્રણેય પ્રકારના અપરાધમાં સમાવિષ્ટના હોય તે તમામ ગુનાઓ, દા.ત, અપહરણ, મારા-મારી, લૂંટ -ફાટ વગેરે.*

**(C) અપરાધીઓની સંખ્યાના આધાર પર વર્ગીકરણ**

- *વ્યક્તિ દ્વારા આચરવામાં આવતો અપરાધ.*
- *એકસાથે એક કરતાં વધુ વ્યક્તિઓ ( સંગઠન ) દ્વારા આચરવામાં આવતો અપરાધ.*

**(D) ભારતીય દંડ સંહિતા (IPC) પ્રમાણે વર્ગીકરણ :**

- *સંપતિ વિરુદ્ધના અપરાધ*
- *રાજ્યની વિરુદ્ધના અપરાધ*
- *માનવ શરીર વિરુદ્ધના અપરાધ*
- *લોકશાહી વિરુદ્ધના અપરાધ*
- *વહીવટી સેવકો દ્વારા અપરાધ*
- *મનનેવિચલિત કરનારા અપરાધ.*

➢ **સંપતિ વિરુદ્ધના અપરાધ :**

*કોઈની માલિકીની વસ્તુ તેની સંમતી વિના બેઈમાનીથી મેળવી લેવી મિલ્કત ગુનાહિત ઉચાપાત,અનઅધિકૃત પ્રવેશ,ખેતીની જમીન અને બિનખેતીની જમીન સંબંધિત ગુનાઓ,વિશ્વાસઘાત કરી મિલ્કત પચાવવી ,ઠગાઈ કરવી વગેરે ગુનાઓ સંપતિ વિરુદ્ધના ગુનાઓ ગણવામાં આવ્યા છે.*

➢ **રાજયની વિરુદ્ધના અપરાધ :**

*રાજ્ય વિરુદ્ધ યુદ્ધ કરવું, રાજદ્રોહ કરવો, વિદ્રોહ કરવો, બનાવટી ચલણી નાણું છાપવું, ખોટા પુરાવા કે જુબાની આપવી, રાજયના હુકમના વિરુદ્ધ વર્તનો વગેરે. આવા અપરાધોને રાજ્ય વિરુદ્ધ અપરાધો ગણી શકાય. આવા અપરાધો ગંભીર ગણવામાં આવ્યા છે જે બદલ કડક સજાની જોગવાઈ છે.*

➢ **માનવ શરીર વિરુદ્ધના ગુનાઓઃ**

*આત્મહત્યા (ખૂન)હત્યા, ગર્ભપાત, અપરાધી બળપ્રયોગ, બાળકનો ત્યાગ કરવો. ઈજા પહોચાડવી, સદોષ અપરાધ (અસ્પૃશ્યતાના આચરવી સંબંધિત ગુનાઓ) ટૂંકમાં વ્યક્તિના શરીરને નુકસાન સંબંધિત આચરણો થાય તો તેને માનવશરીર વિરુદ્ધના ગુનાઓ તરીકે પરિભાષિત કરવામાં આવ્યા છે.*

➢ **લોકશાંતિ વિરુદ્ધના અપરાધ :**

*જુગારધામ ચલાવવા, દંગા-ફૂસાદ, વર્ગ-વિગ્રહ વધારવો, ગેરકાયદેસર સંસ્થાઓના સભ્ય બનવું, આંતર વિગ્રહ-કલહ વધારવામાં મદદરૂપ બનવું વગેરે પ્રકારના ગુનાઓનો સમાવેશ લોકશાંતિ વિરુદ્ધના અપરાધ તરીકે ગણી શકાય.*

➢ *વહીવટી સેવકો દ્વારા આચરાતા અપરાધ*

*જ્યારે કોઈ વહીવટી સેવક દ્વારા કાયદાની વિરુદ્ધનાં વર્તનો કરવામાં આવે ત્યારે તેને ભારતીય દંડસંહિતા મુજબ અપરાધ ગણવામાં આવે છે. દા.ત ખોટા પ્રમાણપત્રો બનાવવાં, ખોટી માર્કશીટો બનાવવી, કાયદા વિરુદ્ધના પુરસ્કારો મેળવવા, કાયદા વિરુદ્ધના વ્યાપારમાં જોડાવું, જાણી જોઈને કાયદાની ઉપેક્ષા કરવી વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.*

➢ **મનને વિચલિત કરનારા અપરાધો**

*માનહાની, અપરાધીક ધમકી, ગુનાહિત સંતાપ આપવો, બ્લેકમેઈલ કરવા વગેરે પ્રકારના અપરાધોને મનને વિચલિત કે પ્રભાવિત કરનારા ગુનાઓ તરીકે ભારતીય દંડ સંહિતામાં ઓળખવામાં આવ્યા છે.*

**14.2.4 અપરાધના કારણોઃ-**

**(i) સામાજિક કારણો :-**

*સામાજિક વિચલન, વિઘટન, સ્પર્ધા, સંઘર્ષ, સામાજિક રાજકીય સંસ્થાઓ, ધોરણો, રીતિરિવાજો, ખામીભર્યું સામાજીકરણ, સંચારવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં માધ્યમો, શહેરીકરણ, અપરાધી માહોલ, અપરાધી વારસો, અનૈતિક બાબતો, સોશ્યલ મીડિયા વગેરેનો અપરાધના સામાજિક કારણોમાં સમાવેશ થાય છે.*

**(ii) મનોવૈજ્ઞાનિક કારણો :-**

*મનોવિકૃતિ, માનસિક અસ્થિરતા, મંદબુદ્ધિ, માનસિકતાણ, માનસિક દબાણ વગેરેનો સમાવેશ આ પ્રકારના કારણોમાં કરી શકાય.*

**(iii) આર્થિક કારણોઃ-**

*ગરીબી, બેકારી, મંદી, સંકટ, દેણું, કરજ, ધનની લાલચ, સ્પર્ધા, જીવનશૈલી વ્યાપાર, ઔધોગીકરણ, પશ્ચિમીકરણ, આધુનિકીકરણ, વ્યસનો, દુષ્કાળ, જરૂરિયાતો વગેરેનો સમાવેશ આર્થિક કારણો તરીકે કરી શકાય.*

**(iv) શારીરિક કારણોઃ-**

*માનસિક વિકારો, વય, જાતિ, લિંગ, અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ, શારીરિક દશાઓ વગેરેનો સમાવેશ શારીરિક કારણોમાં સમાવેશ કરી શકાય.*

**(v) અન્ય કારણોઃ-**

*ટી.વી, સિનેમા, ચલચિત્રો, સમાચારપત્રો, ન્યાયતંત્ર, સ્થળાંતર, ટેક્નૉલૉજી વગેરેને ગુનાનાં કારણો તરીકે સમાવિષ્ટ કરી શકાય.*

## 14.3 વિઘટનલક્ષી પ્રશ્ન તરીકે ગુનાવૃત્તિ :

*ઔદ્યોગીકરણ, શહેરીકરણ અને પશ્ચિમીકરણની અસરોથી ભારતમાં સામાજિક પરિવર્તન અને વિકાસના મંડાણ થયા પરંતુ તેની સાથે-સાથે મૂલ્યો અને ધોરણોના પાલનની કટોકટી પણ સર્જાય. ખરાબ, અનિચ્છનીય, અનૈતિક વગેરે ગેરમૂલ્ય તરીકે પ્રસ્થાપિત થયેલાં છે. જ્યારે સારું, નૈતિક ઈચ્છનિય વગેરે સમાજના મૂલ્યો તરીકે સ્થાપિત થયાં છે. લગભગ વર્તમાન સમયમાં સમાજજીવનના બધાં જ ક્ષેત્રોમાં ગેરમૂલ્યો પ્રવર્તે છે, ઊંચા જીવનધોરણનો મોહ, ઉપભોક્તાવાદ, ભૌતિકવાદ વગેરેના પ્રભાવ હેઠળ સમાજમાં મૂલ્યોના પાલનના બદલે ગેરમૂલ્યોનું ચલણ વધવા લાગ્યું છે. ઊંચી જીવનશૈલી, ઉપભોક્તાવાદ સંતોષવા સમાજમાં ભ્રષ્ટાચાર, ચોરી લૂંટફાટ, અનૈતિક વ્યવસાયો, ગુનાખોરી વગેરે બાબતો ગુનાહિત પ્રવૃત્તિઓ તરીકે ઉભરીને આવી રહી છે, જેના કારણે સમાજમાં ગેરમૂલ્યોનું મહત્વ ક્યાંક મૂલ્યોના મહત્વ કરતાં ચડિયાતું બને છે, જેથી સમાજ વિરોધી ગુનાહિત કાર્યો અને ગુનાવૃત્તિ અને ગુનાખોરીમાં સતત વધારો થઈ રહ્યો છે.*

### 14.3.1 ગુનાવૃત્તિનો અર્થ :

*ઉપભોક્તાવાદની અસર નીચે સમાજનાં મૂલ્યો અને ગેરમૂલ્યોની સમતુલા જોખમાય છે, પૈસા અને ભૌતિક સુખ વર્ચસ્વી બનવા લાગ્યું છે. સત્તા, સંપત્તિના અમર્યાદિત ઉપભોગથી સમાજમાં ભોગવિલાસની જીવનશૈલી વિકસિત થાય છે. સમાજના તમામ વર્ગોમાં ઉપભોક્તાવાદી જીવનશૈલી સંતોષવા વ્યક્તિ નીતિ-મૂલ્યોને નેવે મૂકી ગેરમૂલ્યોના સહારે જે પણ વધારો થઈ રહ્યો છે એને ગુનાવૃત્તિ તરીકે પરિભાષિત કરવામાં આવે છે.*

*ગુનાવૃત્તિમાં માત્ર ચોરી, લૂંટફાટ, અપહરણ, બળાત્કાર છેતરપિંડી ઉપરાંત વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાના માધ્યમની ફેસબુક, વોટ્સએપ તથા અન્ય પ્રકારનાં માધ્યમો દ્વારા પણ ગુનાવૃત્તિનું પ્રમાણ વધ્યું છે. જેનો સમાવેશ "સાયબર ક્રાઈમ"માં કરવામાં આવે છે, સમાજમાં સામાજિક પરિવર્તનની સાથે વ્યક્તિઓની ગુનાવૃત્તિઓમાં પણ પરિવર્તનો આવવા લાગ્યા છે. સાથે-સાથે ગુનાવૃત્તિ પ્રવૃત્તિઓમાં પણ દરવર્ષે વધારો થવા લાગ્યો છે જે ગુનેગારોની બદલાતી તાસીર છે.*

### 14.3.1 ભારતમાં ગુનો અને ગુનાવૃત્તિઓની બદલાતી તાસીરો

**(i) ગુના અને ગુનાવૃત્તિમાં વધારો :**

*ભારતમાં દર વર્ષે ગુનાખોરીની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જોવા મળ્યો છે.*2014*માં ભારતમાં* IPC*(ઇન્ડિયન પીનલ કોડ) અને* SLL *(સ્પેશ્યલ લોકલ ક્રાઈમ ) હેઠળ કુલ* 45,71,663*, જયારે* 2015*માં વધીને* 47,10,676 *અને* 2016*માં તેનાથી પણ વધીને* 48,31,515 *કુલ ગુનાઓ નોંધાયા હતા. ગુનાના દરના સંદર્ભમાં જોવા જઈએ તો* 2014*માં ગુનાનો કુલ* 367.5 *હતો જે* 2015 *માં* 374.1 *થયો અને* 2016*માં* 379.3 *આમ,* IPC *હેઠળના ગુનાઓમાં* 2016*માં* 2015*ની સરખામણીએ* 0.9% *અને* SLL (Special and Local Laws) *હેઠળના ગુનાઓમાં* 5.4% *અને કુલ ગુનાઓમાં* 2.6% *ટકાનો વધારો નોંધાયો હતો. કુલ ગુનાઓમાં* 61.6% *ગુનાઓ* IPC *અને* 38.4% *ગુનાઓ* SLL *હેઠળ નોંધાયા હતા.*

*ભારતમાં* IPC*ની કુલ ટકાવારીના* 9.5 *ગુનાઓ ઉત્તરપ્રદેશમાં નોંધાયા હતા. મધ્યપ્રદેશમાં* 8.9% *મહારાષ્ટ્ર અને કેરળમાં અનુક્રમે* 8.8% *અને* 8.7% *ગુનાઓ નોંધ્યા હતા.*

2016*માં દિલ્હી* (UT) *માં* IPC *હેઠળ સૌથી વધુ ગુનાઓ* (974.4)*ના દરથી નોંધયા હતા. જયારે બીજા નંબરે કેરળમાં* (727.6) *ના દરે ગુનાઓ નોંધાયા હતા.*

2016*માં* SLL *હેઠળ* 14.1% *ગુનાઓ સાથે પ્રથમ હતુ તો ગુજરાત અને તામિલનાડુ* (15.5%) *સાથે બીજા ક્રમે* SLL *હેઠળના સૌથી વધુ નોંધાયા હતા. કેરળ અને ગુજરાતમાં રાષ્ટ્રીય ગુનાના દર કરતા પણ વધુ ગુનાઓ નોંધાયેલા જોવા મળ્યા.*

*આમ, ભારતમાં ત્રણ વર્ષના નોંધાયેલા ગુનાઓની સરખામણી કરતા માલૂમ પડે છે કે દરવર્ષે ગુનાઓ અને ગુનાહિત પ્રવૃત્તિઓમાં સતત વધારો થવા લાગ્યો છે જે રાષ્ટ્ર માટે અવરોધક પરિબળ ગણી શકાય.*

*(સંદર્ભ:* Crime in India, National Crime Record`s Bureau,New Delhi ,2016)

(ii) *ગુનાવૃત્તિમાં વિજ્ઞાન, ટેક્નૉલૉજી અને સોશ્યલ મીડિયાનો વધતો જતો પ્રભાવ. સમાજના દરેક ક્ષેત્રે વિજ્ઞાન અને ટેક્નૉલૉજીનો ઉપયોગ વધવા લાગ્ય છે, ગુનાખોરીના ક્ષેત્રમાં પણ આધુનિક ટેક્નૉલૉજીનો ગુનેગારો ભરપૂર માત્રામાં ઉપયોગ કરવા લાગ્યા છે, ગેસથી ચાલતા કટર મશીનો, પિસ્તોલ, સેન્સર, રીમોર્ટસ, રાયફલો, બોમ્બ, આર.ડી.એક્સ, જેવા વિસ્ફોટકો અને વિનાશક વસ્તુઓનો પણ ગુનાઓ કરીને ભાગી છુટવામાં ઉપયોગમાં લેવાનું પ્રમાણ વધવા લાગ્યું છે. સાથે-સાથે મીડિયા અને સોશ્યલ મીડિયાના પ્રભાવ હેઠળ અપરિચિત વ્યકિતઓને પોતાની જાળમાં ફસાવી શારીરિક-આર્થિક બ્લેક મેઈલીગ તેમ જ ઈન્ટરનેટના માધ્યમથી ઈ-મેલ તેમ જ વેબસાઈટ, બેંક એકાઉન્ટો હેક કરીને ઘરે બેઠા પૈસા કમાવવાની ગુનાવૃત્તિઓમાં ખૂબ જ વધારો નોંધાયો છે. જે ગુનાઓ સાયબર ક્રાઈમ હેઠળ નોંધવામાં આવે છે.*

**(iii) ગુનાખોરીનું વ્યવસાયિકરણ વધ્યું છે :-**

*આધુનિક સમયમાં તમામ ક્ષેત્રે જોવા જઈએ તો ગુનાખોરીનું વ્યાવસાયિકરણ થવા લાગ્યું છે. ગુનો આચરનારા તત્વો સંગઠિત બનીને ટોળકી ગેંગ, કે સંગઠનના રૂપમાં ગુનાહિત પ્રવૃત્તિઓ આચરે છે, આવાં સંગઠનોમાં પ્રાદેશિક સંગઠનથી લઈ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયકક્ષાનાં સંગઠનો વિકસેલાં હોય છે અને સમાજમાં તમામ ક્ષેત્રે આવા સંગઠનો પોતાની ગુનાહિત પ્રવૃત્તિઓનો વ્યાપ—વિસ્તાર વધારતા રહે છે. આમ, હવે ગુનાને એક વ્યવસાય તરીકે અપનાવીને સંગઠિત ગુનાના પ્રભાવમાં દિન-પ્રતિદિન વધારો થવા લાગ્યો છે. આમ, ભારતમાં ગુનાનું વ્યાવાસયિકરણમાં વધારો એ ગુનાની બદલાતી તાસીર તરીકે ઓળખાવી શકાય*

**(iV) ગુનાખોરીની પ્રવૃત્તિઓનું વિશેષીકરણ :-**

*સમાજનાં અન્ય ક્ષેત્રોમાં વિશેષીકરણ વિકસેલું છે. તેમ ગુનાખોરીના ક્ષેત્રમાં પછી વિશેષીકરણ જોવા મળે છે, દા.ત દારૂનો વ્યવસાય  કરતી ટોળકી, અપહરણ કરનાર ટોળકી, જુગારધામ ચલાવનાર ટોળકી, સ્ત્રીઓનો વ્યાપાર કરનાર ટોળકીઓ, વૈશ્યાઓના દલાલી કરનાર ટોળકીઓ વગેરે ગુનાખોરીમાં વિશેષીકરણ દર્શાવે છે, જે ટોળકી જે બાબતમાં વિશિષ્ટતા ધરાવે છે તે ટોળકી બીજા પ્રકારના ગુનાઓમાં સામેલ થતી નથી, દા.ત અપહરણ કરનાર ટોળકી અપહરણ કરવામાં જ નિષ્ણાત હોય છે. તે ખૂન કે હત્યાના ગુનાઓમાં સામેલ થતી નથી.*

**(ii) અપરાધોનું રાજકીયકરણ:-**

*ગુનાની બદલાતી તાસરીના સંદર્ભમાં જોવા જઈએ તો અપરાધોનું રાજકીયકરણ અને રાજકારણીઓમાં અપરાધી છબી ધરાવતા વ્યક્તિઓ સ્થાનિક પાલિકા, નગરપાલિકા, વિધાનસભામાં કે લોકસભામાં સ્વતંત્ર કે કોઈ પક્ષના નેજા હેઠળ ચૂંટણી લડીને જીતે છે આમ, તો ભારતીય ચૂંટણીપંચે અપરાધી કે ગુનાહિત વ્યકિતત્વ ધરાવતા વ્યકિતઓને ચૂંટણીમાં ટિકિટ ન આપવી જોઈએ પરંતુ તેના બદલે મોટાભાગે ક્રિમીનલ રેકોર્ડ ધરાવતા ઉમેદવાર વધુ ચૂંટાઈ આવે છે. આમ, અપરાધીકરણનું રાજકીયકરણ થવાં લાગ્યું છે. ઘણીવખત કેટલાક રાજકીય નેતાઓના પણ અપરાધી રેકોર્ડ જોવા મળે છે, જે રાજકારણ અને અપરાધીકરણ બંને એકબીજા સાથે સંબંધિત છે. વર્તમાન સમયમાં અપરાધ અને રાજકારણી બંનેમાં પરસ્પરાવલંબિતા જોવા મળે છે.જે ગુનાવૃત્તિની બદલાતી તાસીર બતાવે છે.*

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

*નોંધ :*

1. *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*
2. *એકમના અંતે આપેલા જવાબ સાથે તમારો જવાબ સરખાવો.*

1. *અપરાધનું રાજકીયકરણ અને રાજકારણનું અપરાધીકરણ તમારા શબ્દોમાં સમજાવો.*

## 14.4 સારાંશ :

*આ એકમમાં અપરાધ અને ગુનાવૃત્તિ વિશે જાણકારી મેળવી. અપરાધના કારણો પ્રકારો, લાક્ષણિકતાઓ તેમ જ ગુનાખોરીના સંદર્ભમાં ભારતમાં ગુનો અને ગુનાખોરીની બદલાતી તરેહોના સંદર્ભમાં જાણકારી મેળવી. ટૂંકમાં અપરાધ એટલે વ્યક્તિ કાયદાથી પરિભાષિત વર્તનો થી વિરુદ્ધ પ્રકારના સામાજિક વ્યવહાર અથવા વર્તનો કરે ત્યારે જ અપરાધ કર્યો કહેવાય. પરંતુ વ્યક્તિ મનમાં અપરાધ કરવાનો ઈરાદો ધરાવે તો તેને અપરાધ ગણી શકાય નહિ તેમ જ ગુનાખોરીમાં દિન-પ્રતિદિન માળખાકીય વિકાસના સંદર્ભમાં ઉપભોક્તાવાદી જીવનશૈલી ગુનાવૃત્તિ પ્રમાણમાં વધવા લાગી છે.*

- **શબ્દાવલી :**

| | |
|---|---|
| **ગુનાખોરી** | *વ્યક્તિના વર્તનમાં ગુનાના સંદર્ભમાં વ્યક્ત થતી અનૈતિક પ્રવૃત્તિઓ* |
| **જાતીય અપરાધ** | *જાતીયતાના સંદર્ભમાં આચરેલો અપરાધ દા.ત શારીરિક શોષણ* |
| **ઉપભોક્તાવાદ** | *જીવનશૈલીમાં ઉચ્ચ ભૌતિક –ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવો.* |

- **બહુવિકલ્પીય પ્રશ્નો** *:*

1. ______________*શાસ્ત્રમાં અપરાધને કાનૂન-વિરોધી કૃત્ય ગણવામાં આવ્યું છે.*
*(અ) કાયદા (બ) સમાજ (ક) નીતિ*
2. *ટેક્ષચોરી* ............... *પ્રકારનો અપરાધ છે.*
*રાજકીય (બ) જાતીય (ક) આર્થિક*
3. IPC *એટલે* .............................
**(***અ) ઈન્ડિયન પીનલ કોડ(બ) ઈન્ડિયન પ્રિમિયર કોડ (ક) ઈન્ડિયન પ્રાયમરી કોડ*

4.______________ એ માનવ શરીર વિરુદ્ધનો ગુનો છે.

(અ) ચોરી (બ) હત્યા (ક) મિલ્કતની ઉચાપત

5. ઈન્ટરનેટના માધ્યમથી આચરાતા ગુનાને .......................... કહેવાય.

(અ) વ્હાઈટ કોલર ક્રાઈમ(બ) સાયબરક્રાઈમ (ક) બ્લુ કોલરક્રાઈમ

**જવાબો.**

**1.** (અ) કાયદા **2.** ક) આર્થિક

**2.** અ) ઈન્ડિયન પીનલ કોડ **4.** (બ) હત્યા

5. (બ) સાયબર ક્રાઈમ

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો
- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

કાયદાશાસ્ત્રમાં અપરાધ (ગુના)ને કાયદાથી વિરુદ્ધનું કૃત્ય ગણવામાં આવ્યું છે, જ્યારે સમાજશાસ્ત્રમાં અપરાધને સમાજવિરોધી કે વિઘટનલક્ષી પ્રશ્ન તરીકે પારિભાષિત કરવામાં આવ્યું છે.

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

અપરાધી છબી ધરાવતા ઉમેદવારો રાજકારણમાં ઝંપલાવે ત્યારે તેને રાજકારણનું અપરાધીકરણ થયું કહેવાય. વ્યકિત રાજકારણમાં કોઈ ઉચ્ચ નેતૃત્વ ધરાવતો હોય અને સાથે-સાથે ગુનાહિત રેકોર્ડ પણ ધરાવતો હોય ત્યારે તેવી ઘટનાને રાજકારણનું અપરાધીકરણ થયું. વર્તમાન સંદર્ભમાં આ ઘટનાઓ રાજનીતિ અને અપરાધિક જગતમાં પ્રમાણમાં વધવા લાગી છે.

- **સ્વાધ્યાયઃ**

1. અપરાધની લાક્ષણિકતાઓ સવિસ્તાર સમજાવો.

2. *ટૂંકનોંધ લખો : અપરાધ(ગુના)અને ગુનાવૃત્તિની બદલાતી તાસીરો.*

- **સંદર્ભસૂચિઃ**

1. *શુક્લ બી.એમ, અપરાધવિજ્ઞાન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.* .1996
2. *પટેલ હિતેષ એન.અપરાધનું સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ,* 2012
3. *દવે હર્ષિદા એચ. સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,* 2012
4. *શાહ એ.જી. અને દવે જગદીશ, ગુનો અને સમાજ, અનડા પ્રકાશન, અમદાવાદ* 2004-05 *(પ્રથમ આવૃત્તિ)*
5. *બઘેલ ડી.એસ, અપરાધશાસ્ત્ર, વિવેક પ્રકાશન, દિલ્હી* 2001 *(હિન્દી)*
6. *આહુજા રામ, સામાજિક સમસ્યાઓ રાવત પબ્લિકેશન, જયપુર,* 2001 *(હિન્દી)*
7. *મિશ્ર કે.કે. સામાજિક વિઘટન, વૈશાલી પ્રકાશન, ગોરખપુર* 1985-86 *(હિન્દી)*
   Ahuja Ram : Crime Against Women, Rawat Publication
8. Crime in India, National Crime Record Bureau, New Delhi yearly Report .2016
9. http://Ncrb.gov.in
10. Cyber crime portal www.cybercrime.gov.in
11. www.data.gov.in.(crime in india)

# એકમ : 15 શ્વેત ગુનાઓ અને ભ્રષ્ટાચાર

: રૂપરેખા :

15.0ઉદ્દેશો
15.1પ્રસ્તાવના
15.2શ્વેત ગુનાઓ એક સામાજિક સમસ્યા તરીકે
15.2.1 શ્વેત ગુનાનો અર્થ
15.2.2 શ્વેત ગુનાની લાક્ષણિકતાઓ
15.2.3 શ્વેત ગુનાઓ ભારતના સંદર્ભમાં
●તમારી પ્રગતિ ચકાસો (ક)
15.3ભ્રષ્ટાચાર એક સામાજિક સમસ્યા તરીકે
15.3.1ભ્રષ્ટાચારનો અર્થ
15.3.2ભ્રષ્ટાચારનું સ્વરૂપ
15.3.3 ભ્રષ્ટાચારનાં પરિણામો.
15.3.4 ભ્રષ્ટાચારના મુખ્ય સ્ત્રોતો અને આંકડાકીય માહિતી.
●તમારી પ્રગતિ ચકાસો (ખ)
15.4 સારાંશ
- શબ્દાવલી
- બહુવિકલ્પીય પ્રશ્નો
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો
- સ્વાધ્યાય
- સંદર્ભ સૂચિ

## 15.0 ઉદ્દેશો:

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે*

- *શ્વેત ગુનાઓ અને ભ્રષ્ટાચારની સમસ્યા વિશે સમજૂતી મેળવી શકશો.*
- *શ્વેત ગુનાઓ અંગે વિસ્તૃત જાણકારી મેળવી શકશો.*
- *ભ્રષ્ટાચારની સમસ્યા તેનાં કારણો, પરિણામો, અસરોથી પરિચિત બનશો.*
- *શ્વેત ગુનાઓ અને ભ્રષ્ટાચારની સમસ્યાનાં સમાધાનો વર્ણવી શકશો.*

## 15.1 પ્રસ્તાવના :

*ભ્રષ્ટાચારની સમસ્યા માત્ર કોઈ એક સમાજ સાથે નહિ પરંતુ વિશ્વના તમામ સમાજો સાથે સંકળાયેલી આધુનિક વિશ્વમાં ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને ઉપભોક્તાવાદી જીવનશૈલી હેઠળ સમાજજીવનમાં ભ્રષ્ટઆચરણ સાથે સંબંધિત બાબત છે.વિશ્વના ઘણા દેશોમાં આ સમસ્યા જોવા મળે છે.*

*લોકજીવનમાં ભ્રષ્ટાચાર એક ગંભીર સમસ્યા તરીકે ઊભરી આવી છે. જેના મૂળ પછી ક્યાંક ને ક્યાંક સમાજ વ્યવસ્થાની અંદર જ સમાયલાં છે, જેને એક સડાના રૂપમાં પછી જોવામાં આવે છે. આજે સામાન્ય કામથી માંડીને મોટા કામ સુધી નાની રકમથી લઈ તગડી રકમનાભ્રષ્ટાચાર-લાંચરુશ્વતના કિસ્સાઓ રોજ-બરોજ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક માધ્યમોથી સમાજમાં ઉજાગર થાય છે.*

*શ્વેત ગુનાઓને પણ ભ્રષ્ટાચારના એક ભાગ તરીકે જ જોવામાં આવે છે, જેને વ્હાઈટ કોલર ક્રાઈમ તરીકે ઓળખવામાં આવે છે. વિકાસ અને ટેકનોલોજીના સંદર્ભમાં શ્વેત ગુનાખોરીનો ઉદ્દભવ વિકાસ માની શકાય. ભ્રષ્ટાચારની જેમ શ્વેત ગુનાઓ પછી ઉપભોક્તાવાદી સંદર્ભથી પેદા થયેલી મૂલ્યોની કટોકટી સાથે નાતો ધરાવે છે આમ, ભ્રષ્ટાચાર અને શ્વેત ગુનાઓ બંને એક સિક્કાની બે બાજુઓ સમાન છે. વ્યવસાય-ધંધાના સંદર્ભમાં ઉચ્ચ કે મધ્યમ વર્ગની વ્યક્તિઓ દ્વારા આચરવામાં આવતા ગુનાઓને શ્વેતગુનાઓ તરીકે ઓળખવામાં આવે છે.*

## 15.2 શ્વેત ગુનાઓ : અકે સામાજિક સમસ્યા તરીકે :

*શ્વેત ગુનાઓ અંગેના અભ્યાસોમાં સધરલેન્ડનું નામ જાણીતું છે. શ્વેતગુનાઓને "વ્હાઈટ કોલર ક્રાઈમ " તરીકે પણ ઓળખવામાં આવે છે. સમાજમાં ઉચ્ચ હોદાઓ પર બિરાજમાન વ્યકિતઓ ગુનોઓને શ્વેત ગુનાઓ તરીકે પરિભાષિત કરવામાં આવ્યા છે. સમાજમાં સામાજિક વ્યવસ્થામાં ચોરી, લૂંટફાટ, હિંસા વગેરે પ્રકારના ગુનાઓ સામાજિક આર્થિક વર્ગની વ્યકિતઓ દ્વારા આચરવામાં આવે છે, જેને "બ્લ્યુ કોલર ક્રાઈમ" તરીકે અપરાધિક જગતમાં ઓળખવામાં આવે છે. પરંતુ સમાજમાં સામાજિક આર્થિક વ્યવસ્થાઓમાં ઉચ્ચ હોદાઓ પર રહીને ધંધા-વ્યવસાયના સંદર્ભમાં જે ગુનાઓ આચરાય છે તેવા ગુનાઓ પણ શ્વેત ગુનાઓ તરીકે ઓળખાવી શકાય. દા.ત સંગ્રહખોરી, છેતરપિંડી, કાળાબજારી, ભેળસેળ વગેરે કારણ કે આ બધા ગુનાઓ વ્યવસાયની આડમાં રહીને આચરવામાં આવે છે. જે સમાજ માટે નુકસાનકારક સાબિત થાય છે.*

### 15.2.1શ્વેતગુનાનો અર્થઃ

**1. સધરલેન્ડ :**

*"સંપત્તિ,માન સન્માન ધરાવતી વ્યક્તિ તેની વ્યાવસાયિક કે ધંધાકીય પ્રવૃત્તિમાં કાયદાનું ઉલ્લંઘન કરે તેને શ્વેત ગુનાઓ તરીકે પરિભાષિત કર્યા છે"*

**2. કલીનાર્ડ :** *"રાજકારણીઓ,ધંધાદારી વ્યક્તિઓ કે વેપાર-વાણિજ્ય સાથે સંકળાયેલી વ્યકિતઓ તેમના ધંધા-વ્યવસાયના સંદર્ભમાં કરેલા કાયદાકીય ઉલ્લંઘનોને શ્વેત ગુનાઓ તરીકે ઓળખાવે છે."*

**15.2.2 શ્વેતગુનાની લાક્ષણિકતાઓઃ**

**પ્રો.રામ આહુજાએ** *અપરાધના સંદર્ભમાં શ્વેતગુનાની કેટલીક લાક્ષણિકતાઓ વર્ણવી છે,જે નીચે મુજબ છે.*

- *-શ્વેત ગુનાઓ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઈને-કોઈ ધંધા વ્યવસાય સાથે સંકળાયેલી બાબત છે.*
- *-શ્વેત ગુનાઓને પણ કાનૂનભંગ વર્તન તરીકે ઓળખવામાં આવે છે.*
- *-શ્વેત ગુનાઓને આર્થિક ગુનાઓ સાથે સાંકળી શકાય કારણ કે તેમાં આર્થિક ધ્યેય મહત્ત્વનું ગણવામાં આવે છે.*
- *-કોઈપણ વર્ગની વ્યક્તિ તેના વ્યવસાય-ધંધામાં આચરતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને શ્વેતગુના તરીકે ઓળખવામાં આવે છે.*
- *-શ્વેત ગુના આર્થિક વળતરના સંદર્ભમાં આચરતા હોવાથી ધનની લાલચ મુખ્ય બાબત બની રહે છે.*
- *-શ્વેતગુનાની અસરો સામાન્ય ગુનાઓ કરતા અતિશય ગંભીર સ્વરૂપની માનવામાં આવે છે.*

**15.2.3 શ્વેત ગુનાઓ ભારતના સંદર્ભમાંઃ-**

*ભારતીય સમાજના સંદર્ભમાં જોવા જઈએ તો શ્વેતગુનાઓ સમાજના દરેક ક્ષેત્રમાં વ્યાપક છે.ભારતમાં નિમ્ન,મધ્યમ પોતાના ધંધા-વ્યવસાયના સંદર્ભમાં આચરેલા ગેરકાનૂની વર્તનોની પાછળ મુખ્ય હેતુ આર્થિક સ્વરૂપનો હોય છે.*

*દા.ત કોઈ વ્યક્તિ પોતાની સાચી આવક છુપાવી ને ખોટી આવક દર્શાવે તો તેને પણ શ્વેતગુના તરીકે ઓળખાવી શકાય. એ જ રીતે ટેક્ષચોરી કરવી, ભાડાની આવક છુપાવવી ખોટા ઈન્કમટેક્ષ રીટર્ન ભરવા,માલ કે ઉત્પાદિત વસ્તુઓમાં ભેળસેળ આચરવી,વગેરેને શ્વેતગુનાઓ તરીકે ઓળખાવી શકાય.*

*ઉપરોક્ત બાબતોના સંદર્ભમાં જોવા જઈએ તો ભારતીય સમાજના તમામ ક્ષેત્રોમાં વ્યાપ્ત ધંધા-વ્યવસાયના સદર્ભમાં બ્લ્યુ કોલર ક્રાઈમની સરખામણીમાં વ્હાઈટ કોલર ક્રાઈમનું પ્રમાણ અને ચલણી વ્યાપ્ત બનવા લાગ્યું છે.*

*વર્તમાન સમયમાં બ્લ્યુ કોલર ક્રાઈમ એ સમાજમાં બદનામી આપે છે, પરંતુ સમાજમાં ધંધા- વ્યવસાયની આડમાં રહી બદનામી ના મળે એ હેતુથી ગેરકાનૂની કૃત્યો આચરવા*

*પાછળનો મુખ્ય હેતુ આર્થિક લાલચ હોય છે.હાલમાં માર્ગ-મકાન નિર્માણ સંબંધી વ્યવસાયમાં મોટાપ્રમાણમાં શ્વેતગુનાઓ આચરાતા જોવા મળે છે.*

*દા.ત. કોઈ રોડ કે સરકારી મિલ્કતના ટેન્ડરમાં નક્કી થયેલી શરતો મુજબ વસ્તુઓ ન વાપરીને નબળી ગુણવત્તાની વસ્તુઓ વાપરવી એ પણ શ્વેતગુનાનો ભાગ કહી શકાય.*

*શ્વેત ગુનાઓ આચરનારની મુખ્ય માનસિકતા એવી જાણવા મળે છે કે પોતે પોતાના ધંધા-વ્યવસાયમાં રહીને ગુનાઓ આચરતા હોવાથી પોતાને કાનૂનભંગ વર્તન કરનાર તરીકે ઓળખાવે છે પરંતુ પોતાના આ પ્રકારના કૃત્યથી બીજા કોઈ તેના ભોગ બનતા નથી.*

*પ્રો.રામ આહુજા ભારતના સંદર્ભમાં શ્વેતગુનાને વ્યાવસાયિક-આર્થિક ગુનાના સંદર્ભમાં રજૂ કરી ભારતમાં જોવા મળતા વ્યાવસાયિક –આર્થિક ગુનાઓનું વર્ણન કરે છે જે નીચે મુજબ છે.*

- *કાળા બજાર,સંગ્રહખોરી*
- *ટેક્ષચોરી તેમ જ અન્ય પ્રકારના કરની ચોરી*
- *આંગડિયા –હવાલા વ્યવહાર.*
- *બેંકિંગના ક્ષેત્રમાં આચરતા ગુનાઓ.*
- *વીમાના સંદર્ભમાં આચરાતા ગુનાઓ*
- *ખરીદ-વેચાણના ખોટાં બિલો બનાવવાં*
- *ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ આચરવી.*
- *ફાર્માસ્યુટીકલ ઉત્પાદનોમાં ભેળસેળ.*
- *સરકારી અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા આચરતા આર્થિક વ્યવહારો (લાંચરૂશ્વત સંબંધિત )*
- *વાસ્તવિક કિમત કરતા ખોટી કિમતના મિલ્કતના દસ્તાવેજો બનાવી ઓછી સ્ટેમ્પડ્યૂટી અને ઓછા સર્વિસ ટેક્ષ ભરવા.*
- *બનાવટી-નકલી પ્રમાણપત્રો બનાવી સરકારી લાભો મેળવવા.*
- *સોના-ચાંદીના વ્યવસાયોમાં ખોટાં બિલો રાખવાં-બનાવવાં*
- *સરકારી પરવાનાઓનો દૂરઉપયોગ કરી ગેરકાનૂની કૃત્યો આચરવાં.*

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

*નોંધ :* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*

(2) *એકમના અંતે આપેલા જવાબ સરખાવો.*

1 *શ્વેતગુનો એટલે શું?*

________________________________________

## 15.3 ભ્રષ્ટાચાર એક સામાજિક સમસ્યા તરીકે :

*વિશ્વના તમામ દેશમાં ભ્રષ્ટાચારની સમસ્યા જોવા મળે છે. ભારતમાં પણ તમામ રાજ્યો અને કેદ્રશાસિત પ્રદેશો પણ ભ્રષ્ટાચારથી બાકાત નથી. તમામ રાજ્યોમાં અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછાવત્તા અંશે ભ્રષ્ટાચાર વ્યાપ્ત છે. ભ્રષ્ટાચાર એ સમાજના મૂલ્યોનો હ્રાસ કરતી ઘટના છે,સમાજમાં સુમેળ અને એકરૂપતા સ્થાપવામાં ભ્રષ્ટાચાર.*

### (i) રાજકારણ સાથે સંગઠિત થયેલું અપરાધિક ગઠબંધનના સ્વરૂપમાં :

*વર્તમાન સમયમાં સમાજમાં રાજકારણી અને અપરાધિક જગત બંને ગઠિત સ્વરૂપે કામ કરે છે, મોટાભાગના રાજકીય નેતાઓ પોતાની સત્તાઓ ટકાવી રાખવામાં મને છે,આ માટે તેઓ કોઈને કોઈ અપરાધિક વર્તુળ સાથે સંકળાયેલા હોય છે. અપરાધિક તત્ત્વોની મદદના સહારે પોતાના વિરોધીઓની હત્યા કરાવવી, ચૂંટણીઓમાં બોગસ મતદાન કરાવવું, ચૂંટણી સમયે નાણાંભંડોળ ભેગું કરવું,ધાક-ધમકીથી મત અપાવવા વગેરે ભ્રષ્ટાચારના સ્વરૂપોની પાછળ રાજકીય સંરક્ષણનું એક મહત્ત્વનું પરિબળ ભાગ ભજવે છે,જે સમાજમાં ભ્રષ્ટાચાર વધારવામાં મદદરૂપ બને છે.*

### (ii) હોદ્દાઓના દુરુપયોગ દ્વારા આચરાતાં ભ્રષ્ટ કૃત્યો :

*સંપત્તિ અને પૈસા મેળવવા માટે મોટા ભાગે નોકરશાહીમાં અધિકારી અને કર્મચારીઓ દ્વારા આચરવામાં આવતા ભ્રષ્ટાચારનું આ સ્વરૂપ ખૂબ જ પ્રચલિત છે.*

*ભ્રષ્ટાચાર અવરોધક પરિબળ છે,આઝાદી પહેલા ભારતમાં ભ્રષ્ટાચારનું સ્વરૂપ ખૂબ જ ઓછું જોવા મળતું પરંતુ આઝાદ ભારતમાં નોકરશાહી,વહીવટ અને રાજકીય સત્તાઓ વગેરેના વ્યાપ વિસ્તારની સાથે સાથે ભ્રષ્ટાચારનો વ્યાપ વિસ્તાર પણ ધીમે-ધીમે વધવા લાગ્યો આઝાદ ભારત માં નોકરશાહી વર્ગ અસ્તિત્વમાં આવ્યો. ઉપભોક્તાવાદ અને મૂડીવાદના ઓછાયા હેઠળ ભ્રષ્ટાચાર ધીમે-ધીમે ભારતીય સમાજમાં મૂળ સુધી જવામાં સફળ રહ્યો છે.*

*સાથે-સાથે ભારતીય સમાજમાં આઝાદી બાદ અનેક પ્રશ્નો જેવા કે ભાષાવાદ, પ્રાંતવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ, પ્રદેશવાદ, સંપ્રદાયવાદ, રાજકારણ વગેરે અનેક ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર પોતાની હદ વધારવામાં સફળ બન્યો. આજે ભારતના સામાજિક- આર્થિક-*

*રાજકીય- ધાર્મિક વગેરે માંથી એકપણ ક્ષેત્ર બાકાત ન રાખી શકાય કે જ્યાં ભ્રષ્ટાચારના કિસ્સાઓ સામે ન આવ્યા હોય.*

**15.3.2 ભ્રષ્ટાચારનો અર્થઃ**

1. **રોબર્ટ બ્રુકસઃ** *"આમાં કોઈ મૂર્ત કે અમૂર્ત રીતે અંગત લાભ માટે કરવામાં આવતા કાયદા વિરુદ્ધનો વ્યવહાર છે ભ્રષ્ટાચાર લાંચ સાથે જોડાયેલું છે, સમાજના માપદંડોનું ઉલ્લંઘન કરવું એને ભ્રષ્ટાચાર તરીકે ઓળખાય છે.*
2. **સમાજશાસ્ત્રીય શબ્દકોષ પ્રમાણેઃ** *લોક-વ્યવહારમાં પ્રતિષ્ઠિત એવું આચરણ છે, જેથી પોતાના અંગત સ્વાર્થ હેતુ માટે પોતાની સત્તા અથવા હોદ્દાનો દુરુપયોગ સૂચવતી ઘટના છે.*

*ઉપરોક્ત વ્યાખ્યાઓના આધારે ફલિત થાય છે કે ભ્રષ્ટાચાર એ અંગત સ્વાર્થ કે હેતુ માટે પોતાના કર્તવ્યોનું ઉલ્લંઘન કરીને અનૈતિક આચરણ કરવું. ભ્રષ્ટાચાર એ પોતાના કે અંગત, વ્યક્તિગત કે કૌટુંબિક હિત માટે સમાજના નીતિનિયમો નેવે મૂકનારી બાબત છે, જેમાં છળકપટ, ભેળસેળ, બેઈમાની, દગાબાજી, વિશ્વાસઘાત, અનૈતિક્તાનું આચરણ વગેરે બાબતો સમાવિષ્ટ છે.*

**15.3.2 ભ્રષ્ટાચારનું સ્વરુપ**

*ભ્રષ્ટાચાર અનેક ક્ષેત્રોમાં છે. ત્યારે સામાજિક સમસ્યાના સંદર્ભમાં તપાસીએ તો માલુમ પડે છે કે ભ્રષ્ટાચાર એ આચરણ કે દુરાચરણ સાથે સંકળાયેલી બાબત નહિ પરંતુ સમાજજીવનના દરેક તબક્કે પ્રચલિત થયેલ બાબત છે ત્યારે ભ્રષ્ટાચારને સ્વરૂપની દ્રષ્ટિએ નીચે મુજબ વર્ણવી શકાય.*

**(i) સંરક્ષણના સ્વરૂપમાંઃ**

*સંરક્ષણ એ ભ્રષ્ટાચારનું સૌથી મહત્ત્વનું સ્વરૂપ માનવામાં આવે છે કારણકે રાજકીય વ્યવસ્થામાં ઉચ્ચ હોદ્દાઓ ધરાવતા લોકનેતાઓ પોતાના સગાઓ અને પોતાના પક્ષના કાર્યકરોને પોતાના હોદ્દાઓનો દુરુપયોગ કરી લાભ અપાવે છે. દા. ત. અંગત વ્યક્તિઓને કોઈ નોકરીઓ અપાવવામાં મદદરૂપ બનવું, બદલી કરાવવામાં સહાયરૂપ થવું, મળતીયાઓને ગ્રાંટ અપાવવી, પરવાના અપાવવા, ટેન્ડરો પાસ કરાવવા વગેરે ક્યાંક ને ક્યાંક ઉચ્ચ હોદ્દાઓનો દૂરુપયોગ કરી અંગત સગાઓ કે કાર્યકરોને લાભ અપાવી એક જાતનું સંરક્ષણ પૂરું પાડે છે.*

**(ii) ખોટી વિગતો દર્શાવી આચરાતો ભ્રષ્ટાચાર**

*ઘણી વખત સરકારી અધિકારીઓ અને લોકનેતાઓ દ્વારા પોતાના અહેવાલોમાં ખોટી વિગતો દર્શાવીને પોતાના અંગત સ્વાર્થ હેતુ સિદ્ધ કરવામાં આવે છે.*

**(iii) સંસ્થાકરણના સ્વરૂપે વ્યાપ્ત ભ્રષ્ટાચારઃ-**

*આધુનિક સમાજવ્યવસ્થામાં ઉપભોક્તાવાદી સંસ્કૃતિની અસર હેઠળ ભ્રષ્ટાચાર સમાજજીવનમાં સંસ્થાકરણ થવા પામ્યું છે. ભેટ-સોગાદો, રિવાજ, ભાગ-બટાઈ વગેરે સ્વરૂપે ભ્રષ્ટાચાર નિયમિત રીતે સમાજમાં આચરાતો જોવા મળે છે. સરકારના મહત્ત્વના વિભાગો જેવા ખાણ-ખનીજ, મહેસૂલ પોલીસતંત્ર,પરિવહન વિભાગ,આવકવેરા વિભાગ આવાં અનેક ક્ષેત્રોમાં સરકારી અહેવાલો અને લાંચરુશ્વત બ્યુરોના આધારે જાણી શકાય છે. ઉપરોક્ત તમામ ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર એ સામાન્ય બાબત સ્વરૂપે જોવામાં આવે છે.*

**(iv) કાયદાકીય બાબતોનાં અમલીકરણનાં ઉલ્લંઘન સ્વરૂપે વ્યક્ત થતો ભ્રષ્ટાચારઃ**

*ઘણી વખત કાયદાકીય બાબતોનું ઉલ્લંઘન કરીને સમાજમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોય છે. દા.ત વીજળી કે આવક સંબંધી બાબતોમાં સેટલમેન્ટ કરી વ્યકિતને ફાયદો પહોંચાડવામાં ભ્રષ્ટાચાર આચરાય છે.*

**15.3.3 ભષ્ટાચારનાં કારણો**

*સમાજજીવનમાં આચારતા ભષ્ટાચાર પાછળ અનેક કારણો જવાબદાર હોઈ શકે તેમાં કેટલાંક મુખ્ય જવાબદાર કારણો નીચે મુજબ છે.*

(i) *વસ્તીવધારોઃ*

*વસ્તી વધારો પણ મહંદ્અંશે ભ્રષ્ટાચાર માટે ભારતીય સંદર્ભમાં જવાબદાર પરિબળ ગણી શકાય અતિશય વસ્તીને કારણે સમાજમાં ઉચ્ચ હોદ્દાઓ પર આરૂઢ વ્યક્તિઓ દ્વારા બિનપરિચિત વ્યકિતઓ પાસેથી લાંચરુશ્વત લઈ કામ કરી આપતા હોય છે. પરિચિત વ્યકિતઓ પાસેથી વ્યકિત લાંચ લેતા ખચકાટ અનુભવતી હોય છે, જે સંદર્ભમાં અનુભવતી એક સ્વરૂપે ભ્રષ્ટાચાર માટે કારણ બને છે.*

ii) *સ્પર્ધાયુક્ત વાતાવરણ***:**

*ઉપભોક્તાવાદી સંસ્કૃતિના પ્રભાવથી સમાજમાં જીવનશૈલી, ધોરણો દિન-પ્રતિદિન ઊંચા થતા જાય છે,વ્યકિત પોતાના ધ્યેયો કે જરૂરિયાતો કાયદાકીય માળખા અનુસાર નથી મેળવી શકતી ત્યારે ભ્રષ્ટાચારનો સહારો લેવામાં આવે છે.*

*આમ વર્તમાન સમયમાં ભૌતિકવાદી સંપત્તિ એ માનવ જીવનશૈલી સ્પર્ધા યુક્ત વિકસાવી છે જેને સમાજ માન્ય સાધનો દ્વારા પોતાના ધ્યેય હાંસલ ન કરી શકે ત્યારે ગેરમાન્ય આચરણો દ્વારા ભ્રષ્ટાચાર વ્યક્ત થતો જોવા મળે છે, જે તેનું મહત્ત્વનું કારણ ગણી શકાય.*

iii) *વ્યાવસાયિક વાતાવરણની અસરઃ-*

*મનોવૈજ્ઞાનિક ખ્યાલથીઆ બાબતને સમજવાનો પ્રયાસ કરીએ તો કાર્યના સ્થળનો વ્યક્તિના મનપર પ્રભાવ પડે છે કાર્યસ્થળ વાતાવરણ તંદુરસ્ત અને કાર્યદક્ષ હશે તો વ્યક્તિ ઓછી ભ્રષ્ટાચારી અથવા તો નહિવત ભષ્ટાચારી બનશે. પરંતુ વ્યક્તિના વ્યવસાય ધંધાનું વાતાવરણ જો સંપૂર્ણપણે ભ્રષ્ટાચારથી લિપ્ત હશે તો વ્યક્તિનાં વર્તન પર*

*તેની અસર ચોક્કસ પડે છે ધંધા વ્યવસાય કે નોકરીમાં નવી જોડાનાર વ્યક્તિ ઘણી વખત દેખાદેખીથી પણ ભ્રષ્ટાચાર આચરતી થઈ જાય છે આમવ્યાવસાયિક વાતાવરણ ભ્રષ્ટાચારનું કારણ બને છે.*

iv) *સ્વાર્થપરાયણતાઃ*

*ભ્રષ્ટાચાર માટે મહદઅંશે સ્વાર્થવૃત્તિ જરૂરી છે, ઉપભોક્તાવાદી જીવનશૈલીએ વ્યક્તિના વ્યક્તિવાદની ભાવના જન્માવી છે. વ્યક્તિવાદમાં પણ સ્વાર્થ સર્વોચ્ચસ્થાને હોવાથી વ્યક્તિ પોતાના અંગત લાભ હેતુ જરૂરિયાત સંતોષવા અનેક રીતે ભ્રષ્ટાચાર આચરે છે. દા.ત. કોઈ પશુપાલનના વ્યવસાય કે ડેરી ઉદ્યોગનો વ્યવસાય કાર દૂધમાં પાણી ભેળવે, ઉત્પાદિત વસ્તુઓ દવાઓની એક્સપાયરી તારીખ- મુદત પૂર્ણ થયે ફરીથી એ જ વસ્તુને રી - પેકીગ કરે, મીઠાઈના માવામાં ભેળસેળ કરે, નકલી ઘી નકલી તેલ વગેરે ભ્રષ્ટાચાર સંદર્ભે સ્વાર્થ પરાયણતાનાં પૂરતાં ઉદાહરણો છે.*

V) *સમજદારી અને જાગૃતિનો અભાવઃ-*

*ભારતીય સમાજમાં ભ્રષ્ટાચારની બાબતો સામે સમજદારી અને જાગૃતિ જેટલા સંદર્ભમાં હોવી જોઈએ, તેટલા પ્રમાણમાં ઓછી પ્રવર્તે છે, લાંચરુશ્વત બ્યુરોમાં ભ્રષ્ટાચાર રોકવા હેલ્પ લાઈન સેવાઓ ઉપલબ્ધ હોવા છતાં વ્યક્તિ ભાગ્યે જ ઉપયોગમાં લે છે ભ્રષ્ટાચાર સામે ઉપેક્ષા સેવી ક્યાંકને ક્યાંક પોતાની ઓછી સમજદારી અને ઓછી જાગૃતિ દર્શાવે છે.*

Vi) *મૂડીવાદી વર્ગવ્યવસ્થાઃ-*

*મૂડીવાદી વ્યવસ્થામાં મોટાભાગે મૂડીપતિઓ ને ભ્રષ્ટ રાજકારણીઓ દ્વારા સિધા ફાયદા પહોંચાડવામાં આવતા હોય છે. પ્રજાનાં હિત કે કલ્યાણને બાજુએ રાખી મોટા મોટા ઉધોગપતિઓને મદદરૂપ બનતા હોય છે. ઉધોગપતિઓ પોતાના ઉદ્યોગમાં બેફામ રીતે ભ્રષ્ટાચાર આચરી મૂડીવાદને વધુ પ્રોત્સાહન આપે છે. દા.ત કોઈ ઉદ્યોગપતિ રાજકારણીની મદદથી જમીનનો મેળવે છે.*

Vii) *ઉપભોક્તાવાદઃ*

*ઉપભોક્તાવાદ એ ભ્રષ્ટાચારનું પાયાનું કારણ ગણાવી શકાય. વર્તમાન સમયમાં ઉપભોક્તાવાદે નાણાંનું મૂલ્ય વધાર્યું છે. ઉપભોક્તાવાદ વ્યક્તિની અમર્યાદિત જરૂરિયાતો પહોંચી વળવા વ્યક્તિને ભ્રષ્ટાચાર આચરવા મજબૂર કરે છે.*

viii) *ભૌતિકવાદી જીવનશૈલીઃ*

*ભૌતિકવાદી જીવનશૈલી પણ ક્યાંકને ક્યાંક ભ્રષ્ટાચાર ને બળ આપનાર તત્ત્વ છે. વ્યક્તિની આજની જીવનશૈલીમાં ભોગ-વિલાસનાં સાધનો જેવાં કે મોંઘા મોબાઈલ, ટી.વી. ફ્રીજ, મોંઘી કાર, બાઈક, સોનું, આલીશાન મકાનો વગેરેનો સમાવેશ થાય છે. ઊંચી ભૌતિકવાદી જીવન-શૈલી પાછળ ભરપૂર માત્રામાં ભ્રષ્ટાચાર મદદરૂપ બનતો હોય છે.*

### 15.3.4 ભ્રષ્ટાચારનાં પરિણામો

*વ્યક્તિગત અને સામાજિક દ્રષ્ટિએ સમાજમાં ભ્રષ્ટાચારનાનીચે મુજબનાં પરિણામો જોવાં મળે છે.*

- *વ્યક્તિના ચારિત્ર્યનું અધઃ પતન થાય છે.*
- *ભ્રષ્ટાચારના પરિણામે વ્યક્તિમાં નિરાશા અને ઉદાસીનતાના વલણો વિકસિત થાય છે.*
- *ભ્રષ્ટાચાર વ્યક્તિની આદત બની જાય છે. જેનાથી દૂર રહેવું પ્રામાણિક બનવું, નિષ્ઠાવાન બનવું વગેરેથી વંચિત રહે છે.*
- *પ્રામાણિક વ્યક્તિઓ સમાજમાં વ્યાપ્ત ભ્રષ્ટાચારના કારણે અલગતાવાદી કે એકાકી બની જાય છે.*
- *સમાજમાં ભ્રષ્ટાચારથી સામાજિક વિઘટનની પ્રક્રિયા ઉદ્ભવે છે.*
- *સમાજની અસમાનતામાં વધારો કરે છે.*
- *રાષ્ટ્રનિર્માણ અને સમાજ સુધારણામાં અવરોધક સાબિત થાય છે.*
- *અમીર અને ગરીબની વચ્ચેની ખાઈમાં વધારો કરે છે.*
- *અલગતાવાદી પરિબળોને ઉત્તેજન પૂરું પાડે છે.*
- *દૂષિત રાજકારણમાં વધારો કરે છે.*

*કાનૂનવ્યવસ્થા સામે મોટી અડચણો બને છે.*

### 15.3.5 ભ્રષ્ટાચારના મુખ્ય સ્ત્રોતો અને આંકડાકીય માહિતીઃ

**★ ભ્રષ્ટાચારના મુખ્ય સ્ત્રોતોઃ**

- *વિવિધ સરકારી ઉત્સવો અને કાર્યક્રમનાઆયોજનમાં થતી નાણાકીય ગેરરીતિઓ*
- *વિવિધ વહીવટી કાર્યોને ઝડપથી પૂરાં કરવામાં થતી ગેરરીતિઓ.*
- *વિવિધ ટેન્ડરો, લાયસન્સ,પરવાનાઓ અપાવવા થતી રાજકીય વર્ગનો ઉપયોગ.*
- *સરકારી નોકરીની ભરતીઓમાં પોસ્ટિંગ બદલી-બઢતી વગેરેમાં થતી નાણાકીય લેવડ-દેવડ.*
- *વિવિધ ઈન્સ્પેકશન વિભાગ દ્વારા ઉઘરાવાતા ગેરકાયદેસર હપ્તાઓ દા. ત. ફૂડ ઈન્સ્પેક્શન વખતે નાણાકીય લેવડદેવડ વગેરે.*
- *ચૂંટણીના નામે સ્ટેશનરી, વાહનભથ્થાંઓ અન્ય ભથ્થાંઓ વગેરેમાં અધિકારીઓ દ્વારા થતી નાણાકીય ગોલમાલ.*
- *વિવિધ સરકારી યોજનાની મંજૂરી માટેનો નાણાકીય વ્યવહાર દા.ત.ગ્રામીણ વિસ્તારમાં આવાસ યોજના અને શૌચાલય નિર્માણ માટેની મંજૂરી માટે નાણાકીય વ્યવહારો.*

❖ **ભ્રષ્ટાચાર અંગેની આંકડાકીય માહિતી.**

*ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ 1995માં તેની સ્થાપના બાદ ભ્રષ્ટાચાર રસ્તા ચાર ભ્રષ્ટાચાર પર્સટર્શન, ઈન્ડેક્સ, ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલનું મુખ્ય સંશોધક સૂચક તેમ જ જાહેર ક્ષેત્રના ભ્રષ્ટાચાર ઉજાગર કરવામાં પણ તેના આંકડાઓની મદદથી જાણી શકવામાં મદદરૂપ બને છે. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલે સૂચવેલા સૂચકાંકની મદદથી સમગ્ર વિશ્વના ક્રમાંકિત દેશો અને પ્રદેશોના ભ્રષ્ટાચારની વૈશ્વિક માહિતી આંકડાકીય સ્વરૂપે પ્રાપ્ત થાય છે 2012માં ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા એક વર્ષની બીજા વર્ષની તુલના સ્કોરના આધારે કરવાની મંજૂરી આપવામાં આવી. 2018ના ઈન્ડેક્ષમાં કુલ 180 દેશને શૂન્ય( ખૂબ જ ભ્રષ્ટ) ફી લઈ 100( ખૂબ જ સ્વચ્છ) ના માપદંડના આધારે વૈશ્વિક ક્રમાંક નક્કી કરવામાં આવ્યા છે, જેમાં ભારતનો નંબર 2018ના ઈન્ડેક્ષ મુજબ 41નાસ્કોરસાથે 78મો આવે છે 2015માં સ્કોર 38,2016માં 40 અને 2017 માં સ્કોર 40 નો હતો.*

| **રાજય** | **1990-95** | **1995-2000** | **2001-05** | **2006-10** |
|---|---|---|---|---|
| *રાજસ્થાન* | 0.27 | 0.23 | 0. 26 | 0. 27 |
| *કેરાલા* | 0.16 | 0. 20 | 0. 22 | 0. 27 |
| *મહારાર્ષ્ટ્ર* | 0.45 | 0. 29 | 0. 27 | 0. 26 |
| *ઉત્તરપ્રદેશ* | 0.11 | 0. 11 | 0. 16 | 0. 21 |
| *ઓરિસ્સા* | 0.22 | 0. 16 | 0. 15 | 0. 19 |
| *આસામ* | 0.21 | 0. 02 | 0. 14 | 0. 17 |
| *પશ્ચિમ બંગાળ* | 0.11 | 0. 08 | 0. 03 | 0. 01 |

*ઉપરોક્ત કોષ્ટકમાં 1990- થી 2010 માં જે –તે રાજયમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ થયેલા સરકાર દ્વારા પ્રયત્નોની સ્થિતિ દર્શાવે છે. વધુ સ્કોર ભ્રષ્ટાચાર વિરુદ્ધના પ્રયત્નોમાં સુધારો સૂચવે છે. જયારે ઓછો સ્કોર ભ્રષ્ટાચાર પ્રત્યે ઓછી સજાગતા દર્શાવે છે.બિહાર-ગુજરાત,જમ્મુ-કાશ્મીર,આંધ્રપ્રદેશમાં ભ્રષ્ટાચાર –વિરોધી પ્રયત્નો સફળ દેખાયા છે જયારે ઓરિસ્સા, આસામ અને પશ્ચિમ બંગાળમાં સ્થિતિ વણસેલી જાણવા મળે છે.*

*નોંધઃ-ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના દ્વારા 0 (શૂન્ય ) સ્કોર (ખૂબજ સ્વચ્છ) અને 100 ( ખૂબ જ ભ્રષ્ટ ) એ માપદંડના આધારે ક્રમાંકો આપવામાં આવ્યા છે.*

*ભ્રષ્ટાચાર અંગેના થયેલા અત્યાચારોના આધારે 1990 થી 2010 સુધીમાં ભારતના વિવિધ રાજ્યોમાં ભ્રષ્ટાચારની સ્થિતિ નીચે મુજબ છે.*

| રાજ્ય | 1990-95 | 1995-2000 | 2001-05 | 2006-10 |
|---|---|---|---|---|
| બિહાર | 0.41 | 0.30 | 0. 43 | 0. 88 |
| ગુજરાત | 0.48 | 0. 57 | 0. 64 | 0. 69 |
| આંધ્રપ્રદેશ | 0.53 | 0. 73 | 0. 55 | 0. 61 |
| પંજાબ | 0.32 | 0. 46 | 0. 46 | 0. 60 |
| જમ્મુ અને કાશ્મીર | 0.13 | 0. 32 | 0. 17 | 0. 40 |
| હરિયાણા | 0.33 | 0. 60 | 0. 31 | 0. 37 |
| હિમાચલ પ્રદેશ | 0.26 | 0. 14 | 0. 23 | 0. 35 |
| તમિલનાડુ | 0.19 | 0.20 | 0.24 | 0.29 |
| મધ્યપ્રદેશ | 0.23 | 0.22 | 0.31 | 0.29 |
| કર્ણાટિક | 0.24 | 0.19 | 0.20 | 0.29 |

**Source : Transparency International**

➢ ભ્રષ્ટાચારમાં વધારો સૂચવે છે.

- 2018 ના કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્ષ મુજબ ડેન્માર્ક ભ્રષ્ટાચારમાં 180 દેશોમાં સૌથી ભ્રષ્ટદેશ તરીકે પ્રથમ ક્રમાંક ધરાવે છે. જેનો સ્કોર 88 નો છે.
- ન્યુઝીલેન્ડ 87ના સ્કોર સાથે બીજા નંબરના સૌથી ભ્રષ્ટ દેશ તરીકેનો ક્રમાંક ધરાવે છે. સિંગાપોર, સ્વિટ્ઝર્લેન્ડ, સ્વીડન, ફીનલેન્ડ વગેરે દેશો ત્રીજા ક્રમાંકે ભ્રષ્ટાચારમાં સૌથી મોખરે છે. જ્યારે નૉર્વે સાતમાં ક્રમાંકે નેધરલેન્ડ આઠમા ક્રમાંકે, કેનેડા નવમા ક્રમાંકે યુકે અને જર્મની અગિયારમા ક્રમકિ સ્થાન ધરાવે છે.
- જ્યારે સૌથી ઓછા ભ્રષ્ટ દેશોમાં 180 દેશોમાં સોમાલિયા 10 ના સ્કોર સાથે 180 મું સ્થાન ધરાવે છે જેનો સમાવેશ ઓછા ભ્રષ્ટદેશમાં થાય છે.
- આ ઉપરાંત સૌથી ઓછા ભ્રષ્ટ દેશોમાં સિરીયા, દક્ષિણ સુદાન ઉત્તર કોરિયા, યમન, અફઘાનિસ્તાન, સુદાન લીબીયા, વેનેઝુએલા ઈરાક, કમ્બોડિયા વગેરે દેશોનો સમાવેશ થાય છે.

- **તમારી પ્રગતિ ચકાસો**

નોંધ (1) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.

(2) એકમના અંતે આપેલા જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

1. ભ્રષ્ટાચારનાં મુખ્ય કારણો કયાં-કયાં છે?

## 15.4 સારાંશ :

*ભારતમાં ભ્રષ્ટાચાર અને શ્વેતગુનાઓ અંગે વિગતે અભ્યાસ કર્યો ભારતમાં શ્વેતગુનાઓ અને ભ્રષ્ટાચાર અંગે માહિતી મેળવી તેમ જ ભ્રષ્ટાચારનાં સ્વરૂપો, કારણો, પરિણામો, સ્રોતો અને વૈશ્વિક કક્ષાએ ભ્રષ્ટાચારની સ્થિતિ અંગે જાણકારી મેળવી ટૂંકમાં શ્વેતગુનાઓ અને ભ્રષ્ટાચાર એ બને સમાજ વિરોધી વ્યવહાર છે .*

❖ **શબ્દાવલી**

- **વ્હાઈટ કોલર ક્રાઈમ :** *જેને શ્વેત ગુનાઓ તરીકે ઓળખવામાં આવે છે તે દા.ત ભેળસેળ.*
- **બ્લ્યુ કોલર ક્રાઈમ :** *શ્વેતગુનાઓ સિવાયના ગુનાઓ બ્લ્યુ કોલર ક્રાઈમ તરીકે ઓળખાય છે દા.ત ખૂન, અપહરણ વગેરે*
- **ઉપભોકતા :** *જીવનશૈલીમાં ભૌતિકવાદી સંપત્તિનું વધતું વલણ અને નાણાનું ઊંચું મૂલ્યાંકન.*
- **મૂડીવાદી વર્ગ :** *મૂડી જેમના તરફ કેન્દ્રિત થઈ છે તેવો વર્ગ અતિ શ્રીમંત કે ઉદ્યોગપતિ વર્ગ*
- **નૈતિક મૂલ્યો :** *વ્યવહારના સમાજમાન્ય નીતિ-નિયમો*

• **બહુવિકલ્પીય પ્રશ્નો .**

1. *વ્હાઈટ કોલર ક્રાઈમ એટલે* ____________________

*(અ) શ્વેતગુનાઓ (બ) હિંસકગુનાઓ (ક) જાતીય ગુનાઓ*

2. *સંગ્રહખોરીનો સમાવેશ* ________________*માં થાય છે.*

*(અ)બ્લ્યુ કોલર ક્રાઈમ (બ) વ્હાઈટ કોલર ક્રાઈમ(ક) સાયબર ક્રાઈમ*

3. *ભ્રષ્ટાચાર* _____________*સાથે સંકળાયેલી બાબત છે.*

*(અ)સદાચરણ (બ)દુરાચરણ (ક) નીતિમત્તા.*

4. ___________ *જીવનશૈલી એ ભ્રષ્ટાચાર વધારવામાં ફાળો આપે છે.*

*(અ)ગ્રામીણ (બ)આદિવાસી (ક) ઉપભોક્તાવાદી*

5. *ભ્રષ્ટાચાર સમાજની* ___________ *વધારવામાં ફાળો આપે છે.*

*(અ) સમાનતા (બ) અસમાનતા (ક) બિન સાંપ્રદાયિકતા*

❖ *જવાબો .*

(1) *(અ) શ્વેતગુનાઓ*

(2) *(બ)વ્હાઈટ કોલર ક્રાઈમ*

(3) *(બ)દુરાચરણ*

(4) *(ક)ઉપભોક્તાવાદી*

(5) *(બ) અસમાનતા*

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો ( ક )**

- *ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજમાન વ્યક્તિઓ દ્વારા ધંધા – વ્યવસ્થાના સંદર્ભમાં આચરવામાં આવતા ગુનાઓને શ્વેતગુનાઓ અથવા વ્હાઈટ કોલર ક્રાઈમ તરીકે ઓળખવામાં આવે છે.*

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો ( ખ )**

- *ભ્રષ્ટાચારનાં મુખ્ય કારણોમાં વસ્તી વધારો, નાણાકીય સ્પર્ધાઓ, ઉપભોક્તાવાદી, જીવનશૈલી ભૌતિક સંપત્તિ, સામાજિક જાગૃતિનો અભાવ, સ્વાર્થપરાયણતા, મૂડીવાદી અર્થવ્યવસ્થા, નિરક્ષરતા વગેરેનો સમાવેશ કરી શકાય છે.*

● **સ્વાધ્યાયઃ**

(1) *શ્વેતગુનાની લાક્ષણિકતાઓ સવિસ્તાર સમજાવો.*

(2) *ભ્રષ્ટાચારનું સ્વરૂપ વિગતવાર સમજાવો.*

**સંદર્ભ સૂચિઃ**


1. *આહુજા રામ, "સામાજિક સમસ્યાઓ "રાવત પબ્લિકેશન જયપુર,* 2000 *(હિન્દી)*
2. *દવે હર્ષિદા એચ .સામાજિક સમસ્યાઓ , યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ* 2000 *(પ્રથમ આવૃત્તિ )*
3. *યાદવ રામજી. સામાજિક સમસ્યાઓ,અર્જુન પબ્લીશીગ હાઈસ ન્યુ દિલ્હી.*
4. *ગુજરાત સરકાર,ભારતમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ,*1988
5. *મિશ્ર કે.કે, સામાજિક વિઘટન,વૈશાલી પ્રકાશન,ગોરખપુર* 1985-86 *(હિન્દી)*
6. *પટેલ હિતેષ એચ.અપરાધનું સમાજશાસ્ત્ર ,યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ* 2012.
7. *શુકલ બી.એન. અપરાધવિજ્ઞાન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ,અમદાવાદ .*
8. Crime In India,NCRTS,New Delhi Yearly Report ,2016
   Website : www.acbgujarat.gv.in
   http://www,transparency.org
   Corruption in india (Wikipedia) .co. in Wikipedia.org

# એકમ : 16 વ્યસન અને આત્મહત્યાની સમસ્યા

: રૂપરેખા :

**16.0 ઉદ્દેશો**

**16.1 પ્રસ્તાવના**

**16.2 વ્યસન એક સામાજિક સમસ્યા તરીકે**

**16.2.1 વ્યસનનો અર્થ**

**16.2.2 વ્યસનનાં કારણો**

**16.2.3 વ્યસનની અસરો**

- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

**16.3 આત્મહત્યા એક સામાજિક સમસ્યા તરીકે**

**16.3.1 આત્મહત્યાનો અર્થ**

**16.3.2 આત્મહત્યાના પ્રકારો**

**16.3.3 આત્મહત્યાના તારણો**

**16.4 સારાંશ**

- **શબ્દાવલી**
- **વૈકલ્પિક પ્રશ્નો**
- **તમારી પ્રગતિ ચકાસોના જવાબ**
- **સ્વાધ્યાય**
- **સંદર્ભસૂચિ**

## 16.0 ઉદ્દેશો :

*વિદ્યાર્થી મિત્રો, આ એકમ બાદ તમે,*

1. *વ્યસનની સમસ્યાને સામાજિક દષ્ટિકોણથી સમજી શકશો.*
2. *વ્યસનનાં મુખ્ય કારણો તથા અસરો સમજી શકશો.*
3. *'આત્મહત્યા' ની સમસ્યાને સામાજિક સમસ્યા રૂપે સમજી શકશો.*
4. *આત્મહત્યાનો અર્થ તથા પ્રકારો જાણી શકશો.*
5. *આત્મહત્યાનાં મુખ્ય કારણોની માહિતી મેળવી શકશો.*

## 16.1 પ્રસ્તાવના :

*પ્રાચીન સમયથી જ માનવીઓમાં નશીલા પદાર્થોના સેવનની આદતો જોવા મળે છે, જેમાં મુખ્યત્વે મદ્યપાન, ધુમ્રપાન, નશીલા પદાર્થો જેવાકે ચરસ, ગાંજો, અફીણ, ભાંગ વગેરેનો ઉપયોગ થતો જોવા મળ્યો છે. આયુર્વેદમાં પણ અફીણનો ઉપયોગ પીડાને શાંત કરવા માટેની દવા તરીકે થતો હોવાનો ઉલ્લેખ જોવા મળ્યો છે. આદિવાસી સમુદાયમાં પણ મદ્યપાનનો ઉપયોગ મહેમાનોના સ્વાગત માટે કરવામાં આવતો હતો. મદ્યપાનને પણ વ્યક્તિગત અધ:પતનનું સૂચક ગણવામાં આવે છે. અન્ય વ્યસનોને પણ સામાજિક સમસ્યા ગણવામાં આવે છે. વ્યક્તિ અમુક માત્રામાં વધુ પડતા નશીલા પદાર્થોનો ઉપયોગ કરે છે. તેનાથી તે વ્યસની બને છે. સમાજમાં આવી સમસ્યાઓને ખૂબ જ ગંભીર ગણવામાં આવે છે. વર્તમાન સમયમાં યુવાનોમાં મદ્યપાન મેધપણ અને માદક દ્રવ્યોનું વ્યસન જેવી સમસ્યાઓ જોવા મળે છે. આજના યુવાનોમાં દારૂનું સેવન કરવું,નશો કરવો, ધુમ્રપાન કરવું એક ફેશન બની ગઈ છે. મોટાભાગે જોવા જઈએ તો વ્યક્તિની નિરાશાઓ અને મનોવેદનાઓ વ્યક્તિને વ્યસની બનાવવા તરફ દોરે છે.*

*આત્મહત્યા પણ અધ:પતનની સમસ્યા સાથે સંકળાયેલી બાબત છે. વર્તમાન સમયમાં યુવાનોમાં નશાખોરીની સાથે-સાથે આત્મહત્યાનું પ્રમાણ વધવા લાગ્યું છે. ઉચ્ચ જીવનશૈલી, નિરાશા, મનોવેદનાઓ પણ વ્યક્તિને પોતાનું જીવન ટુંકાવવા માટે મજબૂર કરે છે, ઘણાબધા સામાજિક-આર્થિક કારણો પણ આત્મહત્યા માટે જવાબદાર હોય છે. આત્મહત્યાનું પ્રમાણ, કારણો અને અસરો જુદા-જુદા સમાજોમાં જુદી-જુદી માત્રામાં જોવા મળ્યાં છે.*

## 16.2 વ્યસન એક સામાજિક સમસ્યા તરીકે :

*વિશ્વના મોટા ભાગના દેશોમાં માદક દ્રવ્યોનું સેવન થતું જોવા મળે છે. બ્રિટન, જાપાન, અમેરિકા, ચીન, રશિયા મોટા ભાગના દેશોમાં અનેક પ્રકારનાં વ્યસનો જોવા મળ્યાં છે. ઘણા દેશોમાં અમુક પ્રકારના નશાકારક પદાર્થો પર પ્રતિબંધ હોવા છતાં ગેરકાયદેસર રીતે ધુસાડીને લોકો સુધી નશાકારક પદાર્થો પહોચાડવામાં આવે છે. ભારતના સંદર્ભમાં જોવા જઈએ તો પ્રાચીન સમય થી જ માનવ સમુદાયમાં કેટલાક સામાન્ય વ્યસનોની આદતો જોવા મળતી હતી. પ્રાચીન સમયમાં રાજાશાહી યુગમાં ઘણા રાજા-મહારાણીઓ નશીલા પદાર્થોનો ઉપયોગ કરતા હતા. આ ઉપરાંત અફીણ, ગાંજો, ચરસ જેવા નશાકારક પદાર્થોનો ઉપયોગ સામાજિક-ધાર્મિક પ્રસંગોએ કરવામાં આવતો હતો.*

### 16.2.1 વ્યસનોનો અર્થ :

*જે પદાર્થોનું વારંવાર સેવન કરવું પડતું હોય તેમજ એ પદાર્થો કે દ્રવ્યો વિના રહી શકાતું ન હોય. તેમજ તેના વિના કોઈપણ કાર્ય સારી રીતે કરી શકાતું ન હોય તેને વ્યસન તરીકે ઓળખવામાં આવે છે.*

*નશાકારક દ્રવ્યોનો ઉપયોગ કર્યા વિના વ્યક્તિમાં જોવા મળતી અશક્તિને વ્યસન કહેવાય અને તેવી વ્યક્તિ આવા નશાકારક પદાર્થો પર અવલંબન અનુભવવા લાગે ત્યારે આવા અવલંબનને વ્યસન કહેવાય.*

- **માદક દ્રવ્યોનો અર્થ અને વ્યાખ્યા**

W.H.O.*એ માદક દ્રવ્યોની વ્યાખ્યા નીચે મુજબ આપી છે;*

- *"એવી કાયમી નશાકારક પરિસ્થિતિ જેમાં અવારનવાર નશીલા દ્રવ્યોનું સેવન કરવામાં આવે છે. "*

*"નશીલા દ્રવ્યોનું વ્યસન એ સુખકારક અસર પેદા કરવા માટે દુઃખ દર્દને દૂર રહેવા માટે ઉપભોગ કરેલા સારાયણિક પદાર્થો પ્રત્યેની શારીરિક અને મનો ચિકિત્સક પ્રતિક્રિયા છે."* **-જોન એ. ક્લોરીન**

*દારૂ, તમાકુ વગેરે નશાકારક પદાર્થો જ્યારે થોડી માત્રામાં લેવામાં આવે છે ત્યારે તે ટેવ બને છે. પરંતુ વારંવાર અને અનિયમિત રીતે જ્યારે ઉપયોગમાં લેવામાં આવે છે. ત્યારે તે વ્યસન બની જાય છે.*

**16.2.2 વ્યસનનાં કારણો :**

*વ્યસન એ ગરીબ, મધ્યમ અને શ્રીમંત ત્રણેય વર્ગોમાં જોવા મળતી સામાન્ય બાબત છે. ખામીભર્યું સામાજીકકરણ અને સંતાનો તેમજ માતા-પિતા વચ્ચે કુસમાયોજન એ વ્યક્તિના વ્યસન પાછળ જવાબદાર પરિબળ ગણી શકાય. ઉચ્ચ વર્ગોમાં યુવાનો સ્વતંત્ર તેમજ ભૌતિક જીવન જીવવા પણ વ્યસનનો સહારો લે છે. કોલેજ કાળ દરમ્યાન ઘણા યુવાનોને ખરાબ મિત્રોની સંગત પણ વ્યસની બનવા તરફ દોરી જાય છે. કૌટુંબિક ઝઘડાઓ તેમજ અનેક પ્રકારની માનસિક તાણમાંથી મુક્તિ મેળવવા વ્યક્તિ નશીલા દ્રવ્યોના વ્યસન તરફ દોરાય છે.*

**1) ખામીભર્યું સામાજિકકરણ :-**

*ઘણી વખત વ્યક્તિના સામાજીકકરણમાં અમુક બાબતોની ઊણપ રહી જવા પામી હોય તો પણ વ્યક્તિ વ્યસન તરફ દોરાય છે. નાનપણથી ઘરમાં બાળકોની સામે વડીલો દ્વારા તમાકુ, દારૂ, સિગારેટ, બીડી, છીકણી જેવા પદાર્થોનો ઉપયોગ થતો હોય તો બાળકમાં પણ આવા વ્યસનની ટેવો વિકસે છે. ઘરનું સામાજિક વાતાવરણ અને સંતાનો તેમજ માતા-પિતા વચ્ચેના સમાયોજનના અભાવની પરિસ્થિતિમાં બાળક નાનપણથી વ્યસન તરફ દોરાય છે.*

**2) મિત્ર-જૂથોનું દબાણ :-**

*વ્યસન પાછળ મહત્ત્વનું કારણ મિત્ર-જૂથોનું દબાણ પણ જોવા મળે છે. એક અભ્યાસ મુજબ* 859 *વ્યસનીઓમાંથી* 74% *જેટલા વ્યક્તિઓ મિત્ર-જૂથોના દબાણ હેઠળ*

*વ્યસન તરફ વળ્યા છે. સ્વીકૃતિની જરૂરિયાતને પણ એક સામાજિક પ્રેરક માનવામાં આવે છે. વ્યક્તિ પોતાની સમકક્ષ અન્ય વ્યક્તિઓ દ્વારા તેમનો સ્વીકાર થાય તેવી ઈરછા ધરાવે છે. ઘણીવાર સ્વીકૃતિની જરૂરિયાત સંતોષવા માટે પણ વ્યક્તિ જૂથોના ધોરણોનું પાલન કરવા તરફ દોરાય છે.*

**3) ઉદ્યોગીકરણ અને શહેરીકરણ :**

*ઉદ્યોગીકરણ અને શહેરીકરણ બન્ને સમાંતર ચાલતી પ્રક્રિયા છે, જે વ્યક્તિના વ્યસન પાછળ જવાબદાર પરિબળ તરીકે ગણાવી શકાય. અતિ ઉદ્યોગીકરણ અને શહેરીકરણ પ્રક્રિયાએ શહેરોના ગંદા વસવાટો, ઝૂંપડપટ્ટી, લગ્ન કુટુંબો, બાળ-અપરાધો, અંજપો, અશાંતિ, જેવી અનેકવિધ સામાજિક મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ સર્જી છે. વ્યક્તિને આ પરિસ્થિતિની પણ ઘણી વખત વ્યસન તરફ દોરી જતી હોય છે. પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે મદ્યપાન અને નશીલા દ્રવ્યો આવી સમસ્યામાં ફાળો આપે છે.*

**4) શારીરિક - માનસિક તણાવ :**

*ઘણીવાર વ્યક્તિને શારીરિક - માનસિક તણાવ પણ વ્યસની બનવા તરફ દોરી જાય છે. વ્યક્તિને કામનો અતિશય બોજ, નોકરી - ધંધામાં ઉપરી અધિકારી દ્વારા અપાતો માનસિક ત્રાસ, ઘરના કૌટુંબિક ઝઘડાઓ, નાણાકીય ભીડ વગેરે બાબતો વ્યક્તિને ચિંતાગ્રસ્ત કે તણાવયુક્ત બનાવે છે. તેમાંથી છૂટકારો મેળવવા વ્યક્તિ ધીમે - ધીમે વ્યસન તરફ વળે છે, જે લાંબા ગાળે તેને વ્યસની બનાવે છે. ઘણી વખત શારીરિક રોગો કે શારીરિક તણાવમાંથી છૂટવા માટે પણ વ્યક્તિ વ્યસન કરવા તરફ દોરાય છે.*

**5) જિજ્ઞાસાવૃત્તિ :**

*ઘણા કિસ્સાઓ અને અભ્યાસમાં જાણવા મળ્યા મુજબ વ્યક્તિ જિજ્ઞાસાવૃત્તિ સંતોષવા માટે પણ વ્યસન તરફ વળે છે, દારૂ, ચરસ, તમાકુ, અફીણ, સિગારેટ, બીડી વગેરેનો સ્વાદ જાણવા માટે વ્યક્તિ ગમ્મત ખાતર લેતો હોય છે, પરંતુ ધીમે-ધીમે તેની જિજ્ઞાસાવૃત્તિ વ્યસનમાં પરિણમે છે. આથી જિજ્ઞાસાવૃત્તિને પણ વ્યસનનું મહત્ત્વનું કારણ ગણી શકાય.*

**16.2.3 વ્યસનની અસરો**

**1) વૈયક્તિક અને સામાજિક વિઘટન :**

*વ્યક્તિના વ્યસની બનવા પાછળ અનેકવિધ કારણો જવાબદાર હોઈ શકે. ઘણીવાર વ્યક્તિ વ્યક્તિગત મુશ્કેલીઓમાંથી છૂટકારો મેળવવા માટે, જિજ્ઞાસાવૃત્તિ સંતોષવા વ્યસનનો સહારો લે છે. આના લીધે વ્યક્તિ થોડાઘણા અંશે રાહત અનુભવે છે. પછી ધીમે-ધીમે વ્યક્તિ તેનો ઉપયોગ દિન-પ્રતિદિન કરવા લાગે છે. વ્યસનના કારણેવ્યક્તિ ધીમે ધીમે આત્મબળ અને સ્વતંત્ર ગુમાવે છે. અને વ્યક્તિ વ્યસનનો ગુલામ બની જાય છે. તેનું નૈતિક અધઃપતન થાય છે. તે ધીમે-ધીમે માનસિક સંમતુલન ગુમાવી બેસે છે. જેની સીધી અસરો વ્યક્તિના વ્યક્તિગત જીવન, કૌટુંબિક જીવન અને સમાજ*

*અને રાષ્ટ્ર ઉપર પડે છે. જે સમાજમાં વૈયક્તિક અને સામાજિક વિઘટનની પરિસ્થિતિ પેદા કરવામાં ફાળો આપે છે.*

**2) ગુનાખોરીમાં વધારો કરે છે.**

*મોટાભાગનાગુના પાછળ જવાબદાર પરિબળોમાં જાણવા મળ્યા અનુસાર ગુનેગારો કોઈને કોઈ પ્રકારના વ્યસનના આદતી હોય છે. નશીલા દ્રવ્યો કે નશાકારક પદાર્થોને ગુનાખોરી સાથે સીધો સંબંધ છે. વ્યસન કરનાર વ્યક્તિ શારીરિક - માનસિક સંમતુલન જાળવી શકતો નથી તે નશાની હાલતમાં કાયદા વિરુધ્ધના કૃત્યો કરી બેસે છે. તેમજ ઘણીવાર વ્યસનને સંતોષવા વ્યક્તિ નાની-મોટી ચોરીઓ કરે છે, વ્યસની વ્યક્તિઓ ઘરફોડ ચોરીઓ ઠગાઈ કરવી, દાણચોરી કરવી, ક્યારેક ખૂન, હત્યા, અપહરણ, બળાત્કાર જેવા ગંભીર ગુનાઓ પણ કરી લે છે. આમ, મોટાભાગના ગુનાખોરીના કિસ્સામાં વ્યસન અને ગુનાખોરીને સીધો અથવા તો આડકતરો સંબંધ જવાબદાર બને છે.*

**3) કૌટુંબિક વિઘટનની પરિસ્થિતિ સર્જાય છે.**

*વ્યસનની અસરો વ્યક્તિગત જીવન પૂરતી સીમિત ન રહેતાં વ્યક્તિના કૌટુંબિક જીવન પર પણ પ્રભાવ પાડે છે.*

*વ્યસની વ્યક્તિઓને તેના પરિવારજનો તેમજ સગાસંબંધીઓ ઘણીવાર તિરસ્કાર અને ધૃણાની નજરે જોવે છે. વ્યસન પાછળ થતા ખર્ચને પહોંચી વળવા વ્યક્તિ પોતાની આર્થિક પરીસ્થિતિ કંગાળ બનાવી બનાવી બેસે છે અને પછીથી વ્યસનની જરૂરિયાને પહોચી વળવા પત્ની કે કુટુંબના અન્ય સભ્યો પાસેથી દિન-પ્રતિદિન પૈસાની માંગણી કરવા લાગે છે. ઘરના સભ્યો ઘણીવાર પૈસા ન આપી શકે તો વ્યક્તિ ઘરમાંથી નાની - મોટી ચોરીઓ કરે છે. વ્યક્તિ પોતાની સામાજિક અને કૌટુંબિક જવાબદારીઓ પણ સારી રીતે પાલન કરી શકતી નથી. કુટુંબના વડીલોનો પણ આદળ-સત્કાર જળવાતો નથી. તેમજ વ્યસનના કારણે આર્થિક કટોકટીનો સામનો કરવો પડે છે. જેના કારણે વ્યક્તિ દેવાદાર બને છે. ઘરમાં કંકાસયુક્ત વાતાવરણ સર્જાય છે.*

**4) વિચલિત વર્તનમાં વધારો કરે છે.**

*વ્યસનોના અતિપણાના કારણે સમાજમાં વિચલિત વર્તનોમાં વધારો નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે. વ્યસની વ્યક્તિઓના વર્તનો સમાજ માટે ઘાતક અને ક્ષતીયુક્ત હોય છે. નશાકારક પદાર્થોના ઉપયોગને સમાજમાં વિચલિત વર્તન તરીકે ગણવામાં આવે છે. વિચલિત વ્યક્તિ સામાજિક ધોરણોનું ઉલ્લંઘન કરે છે. સામાજિક નીતિનિયમોને સ્વીકાર્ય ગણતા નથી. સામાજિક ન્યાય ધોરણોનું ઉલ્લંઘન થાય તેવાં કાર્યો કરે છે. વ્યક્તિ પોતાના કુટુંબ પરિવારના નિયમોને નેવે મૂકીને અસ્વીકાર્ય કાર્યો કરવા તરફ વળે છે.*

**5) આર્થિક વ્યવસ્થા માટે નુકસાનકારક સાબિત થાય છે.**

*નશાકારક પદાર્થોની ગેરકાયદેસરની હેરાફેરી આર્થિક વ્યવસ્થા સામે સૌથી મોટો પડકાર સાબિત થયો છે. વ્યસન કરનાર વ્યક્તિઓ કોઇપણ પ્રકારના ઉત્પાદક કાર્ય કરવા શક્તિમાન હોતા નથી. વાસ્તવમાં દેશની આર્થિક વ્યવસ્થામાં બોજારૂપ બની રહે છે.*

નશીલા દ્રવ્યના વ્યસનીઓ કોઈપણ રાષ્ટ્રના વિકાસમાં અવરોધક સાબિત થાય છે. જે રાષ્ટ્રમાં વ્યસનીઓની સંખ્યા વધુ હોય તે રાષ્ટ્રમાં રોગીઓની સંખ્યા વધુ હોય છે. નશિલા દ્રવ્યોના વ્યસનીઓ ચોરી, લૂંટફાટ, અપહરણ, ખૂન જેવા અપરાધજનક કૃત્યો સાથે સંકળાયેલા હોય છે.

**6) શિક્ષણ પર માઠી અસર પહોંચાડે છે.**

ઘણા કોલેજિયન યુવક - યુવતીઓમાં નશાકારક દ્રવ્યોના વ્યસનો જોવા મળે છે. પરીક્ષા દરમિયાન તણાવ દૂર કરવા મોટાભાગે નશાકારક પદાર્થોનો સહારો લેવામાં આવે છે. મોટાભાગે વિદ્યાર્થી અવસ્થા દરમિયાન યુવાનો પોતાની સમસ્યાઓનું નિરાકરણ લાવવા સમર્થ હોતા નથી. તે માટે તેઓ તરંગીય આનંદવૃત્તિ ખાતર વ્યસનો તરફ વળે છે. ભારતમાં એક અભ્યાસ મુજબ પંજાબના 18.87% વિદ્યાર્થીઓ નશીલી દવાઓના વ્યસનથી જોડાયેલા હતા. દિલ્હી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ મોટાભાગે માદક દ્રવ્યોના વ્યસન સાથે સંકળાયેલા હતા. વિદ્યાર્થીઓ તરંગીય આનંદ માટે, શરમાળવૃત્તિ ટાળવા માટે, દેખાદેખી માટે, નવાં જૂથોમાં સ્થાન મેળવવા માટે તેમજ લાંબા સમય સુધી અભ્યાસ કરવા માટે મોટાં શહેરો જવકિ, દિલ્હી, મુંબઈ, કોલકત્તા, ચેન્નઈ, અમદાવાદ વગેરેની શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને હોસ્ટેલોમાં રહેતા યુવાવર્ગમાં વ્યસનોનો અતિરેક જોવા મળે છે. જે શૈક્ષણિક વિકાસ ઉપર ગંભીર અસરો છોડે છે.

**7) આરોગ્ય માટે ગંભીર અને જોખમકારક સ્થિતિનું નિર્માણ થાય છે.**

નશીલા દ્રવ્યો અને માદક દ્રવ્યોના વ્યસનના કારણે વ્યક્તિ શારીરિક અને માનસિક સ્થિતિ જોખમાય છે. દારૂ, બીડી, સિગારેટ, તમાકુ, ચરસ, ગાંજો, અફીણ વગેરે પદાર્થોનું સેવન કરનારા વ્યક્તિઓની પાચન શક્તિ, મજ્જાતંતુ, આંતરડાં, જઠર, કીડની, ફેફસાં વગેરે જેવા શરીરના અતિ મહત્ત્વનાં અંગો માટે નુકસાનકારક બને છે. કેન્સર જેવા અતિગંભીર રોગો માટે વ્યસન સૌથી મોટું કારણ માનવામાં આવે છે. ધીમે ધીમે વ્યસની વ્યક્તિને રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થવા લાગે છે. વ્યક્તિનું ચિત્ત એકાગ્ર બની શકતું નથી. વ્યસની વ્યક્તિ પોતાનો આત્મવિશ્વાસ, આત્મસન્માન તેમજ પ્રામાણીકતા ખોઈ બેસે છે. તેમજ તેમનું જીવન રોગમય અને દવામય બની જાય છે. આમ, વ્યસન આરોગ્ય સામે સૌથી મોટો પડકાર છે.

- **તમારીપ્રગતિ ચકાસો (ક)**

**સૂચના :**

1) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.

2) એકમના અંતે આપેલા જવાબ સાથે તમારો જવાબ સરખાવો.

1. **વ્યસનનો અર્થ સમજાવો.**

## 16.3 આત્મહત્યા એક સામાજિક સમસ્યા તરીકે :

*સમાજશાસ્ત્રમાંઆત્મહત્યા વિશેનાં લખાણોમાં એક જ નામ મોખરે છે: એમાઈલ દુર્ખેમે આત્મહત્યાના સિદ્ધાત દ્વારા પ્રતિપાદન કર્યું છે કે આત્મહત્યા એક રીતે જોવા જઈએ તો અતિસામાન્ય ગુપ્ત અને ગંભીર બાબત છે. તેમના મતે આત્મહત્યા એ વ્યક્તિગત વર્તનની બાબત તો ખરી જ પરંતુ સમાજને આ વર્તનની સમજૂતી આપવામાં સમાજશાસ્ત્રની ભૂમિકા હોઈ શકે, તેમ જ આત્મહત્યાના અભ્યાસથી સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર પણ વિકસિત બનવાની સંભાવના વધી જાય છે.*

### 16.3.1 આત્મહત્યાનો અર્થ :

*દુર્ખેમના મત મુજબ વ્યક્તિ કોઈપણ જૂથ સાથે જોડાણ ધરાવતો હોય છે. તેમજ વિભિન્ન જૂથો વિભિન્ન સામાજિક લાગણીઓ ધરાવે છે. આ સામાજિક લાગણીઓ સામાજિક પ્રવાહો ઉત્પન્ન કરે છે. આથી સામૂહિક લાગણીઓમાં આવતાં પરિવર્તનો સમાજમાં પણ પરિવર્તન નીપજાવે છે. જે અંતે આપઘાતના દરોમાં પણ પરિવર્તન સૂચવે છે.*

*સમાજનું બંધારણ જ વ્યક્તિને આપઘાત તરફ દોરી જવાની બાબત છે. તેમજ અમુક પરિસ્થિતિમાં સમાજનું ચોક્કસ પ્રકારનું દબાણ પણ વ્યક્તિને આત્મહત્યા કરવા મજબૂર બનાવે છે. આત્મહત્યા એ અંગત સ્વભાવનું પરિણામ નહિ પરંતુ વ્યક્તિની આજુબાજુની સામાજિક પરીસ્થિતિ પણ તેના માટે કારણભૂત હોઈ શકે છે.*

## 16.3 આત્મહત્યાના પ્રકારો :

**(A)** *અહમ્‌વાદી આપઘાત*

*અહમ્ એ વ્યક્તિના વ્યક્તિત્વ સાથે સંકળાયેલી બાબત છે. અહમ્ એટલે વ્યક્તિને પોતાના અંગત હિતો કે વલણો સંદર્ભમાં પોતાની જાતને વધુ પડતી ઊંચી આંકવાની મ્હત્ત્વાકાંક્ષા. દરેક નાની મોટી બાબતમાં "હું" કે "મારાપણું" સાબિત થતું હોય છે. સામાજિક પરિસ્થિતિઓના સંદર્ભે જોવા જઈએતો વ્યક્તિના અહમ્‌ને જેટલા અંશે તે વ્યક્તિ વધુ અહમ્‌વાદી બનતી જાય છે.તેથી જ વ્યક્તિવાદનો વધુ વિકાસ થાય છે. મોટાભાગે અહમ્‌વાદી વ્યક્તિ પોતાને જૂથ જીવનથી અલગ માનવા માંડે છે અને*

*એકાંતપ્રિય બનવા લાગે છે. તેમજ જૂથ થી વ્યક્તિ અળગી થવા લાગે છે. આમ, અહમ્ ઘવાતા વ્યક્તિ આત્મહત્યા કરવા તરફ વળે છે.*

*દુર્ખેમના મતાનુસાર નીતિમત્તા, મૂલ્ય, રોજિંદા જીવનમાં અપમાન, સ્વમાન ઘવાય, અવગણના વગેરે પ્રકારની સ્થિતિમાં વ્યક્તિને મળતી નૈતિક ટેકાની લાગણી તેમના જીવનને ટકાવી રાખવામાં મદદરૂપ બને છે. પરંતુ આવી પરિસ્થિતિના અભાવમાં નજીવી બાબતમાં નિરાશા, હતાશા, અપમાન કે અવગણના વ્યક્તિને આત્મહત્યા માટે મજબૂર બનાવે છે.*

*અહંવાદી આત્મહત્યા સૂચવે છે કે વ્યક્તિ ગમે તેટલો અહંવાદી કે વ્યક્તિવાદી કેમ ન હોય તેમાં સામાજિક તથ્યો અને પરીસ્થિતિ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.*

**(B) પરાર્થવાદી આપઘાત**

*દુર્ખેમના મતાનુસાર પરાર્થવાદી આપઘાત એ વ્યક્તિનું સમાજ સાથેનું સામાજિક સુગ્રથન ખૂબ જ મજબૂત હોય તેવી પરિસ્થિતિમાં વધુ બનવાની સંભાવના રહે છે. અહંવાદીથી વિરુદ્ધનો ખ્યાલ છે. જૂથ કે સમાજના કલ્યાણ માટે વ્યક્તિ પોતાનું બલિદાન આપે છે. વ્યક્તિ પોતાના જૂથની ફરજ પ્રત્યે અત્યંત સભાન અને નિષ્ઠાવાન હોય તે પ્રકારનાં જૂથોમાં ઘણીવાર વ્યક્તિ જૂથોના દબાણ હેઠળ આપઘાત કરવા ફરજ પાડવામાં આવે છે.પરાર્થવાદી આત્મહત્યા કરનાર વ્યક્તિ મોટાભાગે એવું માને છે કે જૂથ કે સમાજ ખાતર બલિદાન આપવું એ તેમની ફરજ છે મોટાભાગે લશ્કરી જૂથોમાં આ પ્રકારની આત્મહત્યાની સંભાવનાઓ મોટા ભાગે હયાત જીવન પછીના સારા જીવનની કલ્પનાને કારણે પણ ઉદ્દભવતી હોય છે. જે સમાજમાં સંગઠનની માત્રા ઉચ્ચ કોટિની હોય તે સમાજના પરાર્થવાદી આપઘાત વધુ પ્રમાણમાં નોંધાતા હોય છે.*

**(C) એનોમિક આત્મહત્યા :**

*દુર્ખેમના મતાનુસાર સમાજમાં નિયંત્રણતંત્રમાં ભંગાણની સ્થિતિને એનોમીની સ્થિતિ કહેવામાં આવે છે. સમાજનું નિયમનતંત્ર ભાંગી પડવાની સ્થિતિમાં એનોમિક આત્મહત્યાની ઘટનાઓ વધુ પ્રમાણમાં બને છે.*

*સમાજના નિયંત્રણતંત્રમાં ભંગાળનું સ્વરૂપ હકારાત્મક કે નકારાત્મક હોય ત્યારે પણએનોમિક આત્મહત્યાના દરમાં ફેરફાર થવાની શક્યતાઓ વધુ રહે છે. દા.ત. આર્થિક મંદી નકારાત્મક ભંગાણ છે. આવી પરિસ્થિતિમાં એનોમિક આત્મહત્યા વધુ થવાની સંભાવના રહે છે મંદીના કારણે ઉદ્યોગો-ધંધામાં કામ કરતી વ્યક્તિ ઉદ્યોગ અને નોકરી ધંધાના નિયમનથી છુટી પડી જાય છે. આવી પરિસ્થિતિમાં વ્યક્તિ અનોમીની પરિસ્થિતિમાં ભોગ બને છે. તેવી જ રીતે વ્યક્તિ પોતાના જૂથ, કુટુંબ, સમાજ, ધર્મ, રાજ્ય વગેરેના નિયમનથી વિખૂટી પડે છે. ત્યારે પણ એનોમીની પરિસ્થિતિ ઉદ્દભવે છે, આવા સંજોગોમાં પણ અનોમિક આત્મહત્યાની સંભાવનાઓ વધુ રહે છે.*

**(D) ભાગ્યવાદી આત્મહત્યા :**

*દુર્ખેમ જણાવે છેકે આ પ્રકારની આત્મહત્યા ઉચ્ચ પ્રકારના નિયમન સાથે સંબંધિત છે, વધારે પડતા નિયમનના સંજોગોમાં ભાગ્યવાદી આત્મહત્યાઓ વધુ થવાની સંભાવનાઓ રહે છે. જે વ્યક્તિઓની ઈચ્છાઓને દમનકારક સ્વરૂપના હિંસક રીતે ગુંગળાવી દેવામાં આવી હોય તેમજ ભવિષ્ય નિર્દયી રીતે રૂંધાઈ ગયું હોય તેમજ ભવિષ્ય નિરાશાજનક ગણતા હોય. દા.ત. ગુલામી અવસ્થા, ગુલામી પોતાના જીવનની દરેક પરિસ્થિતિને નિરાશાજનક ગણતો હોય છે. અતિશય નિયમન અને અતિશય દમન ખિન્નતા અને ઉત્સાહભંગના પ્રવાહો જન્માવે છે. જે અંતે ભાગ્યવાદી આત્મહત્યામાં પરિણમે છે.*

**16.3.3 આત્મહત્યાનાં તારણો :**

*જુદાં-જુદાં જૂથોના અભ્યાસના આધારે દુર્ખેમે આત્મહત્યા અંગેનાં નીચે મુજબનાં તારણો રજૂ કર્યાં છે.*

- *આત્મહત્યાનો દર સામાન્ય રીતે દરેક વર્ષે એકસમાન રહે છે.*
- *શિયાળા કરતાં ઉનાળાની ઋતુમાં આત્મહત્યાનું પ્રમાણ સામાન્ય રીતે વધુ જોવા મળે છે.*
- *વૃદ્ધોમાં આત્મહત્યા વધુ પ્રમાણમાં જોવા મળે છે.*
- *સ્ત્રીઓની સરખામણીમાં પુરુષોમાં આપઘાતનો દર સામાન્ય રીતે ઊંચો જોવા મળે છે.*
- *ગ્રામીણ પૃષ્ઠભૂમિના સંદર્ભમાં શહેરી પૃષ્ઠભૂમિ ધરાવતી વ્યક્તિઓમાં આત્મહત્યા વધુ જોવા મળે છે.*
- *લશ્કરી વ્યક્તિઓ આપઘાતનું પ્રમાણ વધુ મળે છે.*
- *પરિણીત વ્યક્તિઓની સરખામણીમાં અપરિણીત વ્યક્તિઓ, છૂટાછેડા લીધેલી વ્યક્તિઓ અને વિધવા કે વિધુર વ્યક્તિઓની આત્મહત્યા વધુ પ્રમાણમાં નોંધાય છે.*
- *પરિણીત વ્યક્તિઓમાં પણસંતાનોવાળી વ્યક્તિઓ કરતા સંતાનો વિનાની વ્યક્તિઓમાં આત્મહત્યા વધુ માત્રામાં જોવા મળે છે.*

**❖ તમારી પ્રગતિ ચકાસો (ખ)**

**સૂચના :**

1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*
2) *એકમના અંતે આપેલા જવાબ સાથે તમારો જવાબ સરખાવો.*

1) *અહંમવાદી અંગે આત્મહત્યા ટૂંકમાં લખો.*

## 16.4 સારાંશ :

*વ્યસનો અને આત્મહત્યા બન્ને સમસ્યાઓ વિઘટન સાથે સંકળાયેલી છે. વર્તમાન સમયમાં સમાજમાં બન્ને સમસ્યાઓ ખાસ કરીને યુવાવર્ગમાં નશીલા દ્રવ્યોના સેવન અને મદ્યપાણ, ધુમ્રપાન જેવાં અનેક વ્યસનો ખૂબ વધ્યાં છે, જ્યારે બીજી બાજુ સમાજમાં અનેક પ્રકારની તાણ અને સમસ્યાઓના કારણે આત્મહત્યાનું પ્રમાણ પણ વધ્યું છે, ઉપભોકતાવાદી જીવનશૈલી આ બન્ને સમસ્યાના મૂળમાં રહેલી છે.*

**શબ્દાવૃત્તિ :**

**જિજ્ઞાસાવૃત્તિ** *કંઈક નવીનતાભરી બાબત જાણવાની ઉત્સુકતા.*
**નૈતિક અધઃપતન** *નીતિમત્તા અને મૂલ્યોથી વિરુદ્ધનું વર્તન.*
**કૌટુંબિક વિઘટન** *કુટુંબની સામાન્ય પરિસ્થિતિઓમાં ઉદ્દભવતી ભંગાણની પ્રક્રિયા.*
**પરાર્થવાદી** *બીજાના ભલા માટે, સારું કરવાની વૃત્તિ.*
**એનોમી** *સામાજિક માળખામાં સર્જાતી ભંગાણની પરિસ્થિતિ.*

**વૈકલ્પિક પ્રશ્નો :**

1) *નીચેનામાંથી કયો પદાર્થ નશાકારક નથી?*

**(**અ) *અફીણ (બ) ગાંજો (ક) ટીમરુ*

2) *નીચેનામાંથી કયું કારણ વ્યસન માટે જવાબદાર ગણી શકાય?*

**(**અ) *જિજ્ઞાસાવૃત્તિ (બ) નિખાલસવૃતિ (ક) સહજવૃત્તિ*

3) *વ્યસનની અસરના કારણે સમાજમાં કઈ પરિસ્થિતિ જન્મે છે?*

**(**અ) *ગુનાખોરીમાં વધારો (બ) શૈક્ષણિક પ્રવૃત્તિમાં વધારો (ક)આર્થિક પ્રવૃત્તિમાં વધારો*

4) *આત્મહત્યાના સિદ્ધાંતના જનક કોને કહેવામાં આવે છે?*

**(**અ) *ઈમાઈન દુર્ખેમ (બ) મેક્સ પેબર (ક) કાર્લ માર્ક્સ*

5) *પદાર્થવાદી આત્મહત્યામાં કઈ બાબત મોખરે હોય છે?*

**(**અ) *બીજાનું ભલું (બ) બીજાનું ખરાબ (ક) પ્રોત્સાહન*

**જવાબ**

1) **(**ક)ટીમરુ

2) **(**અ) જિજ્ઞાસાવૃત્તિ

3) **(**અ) ગુનાખોરીમાં વધારો

4) **(**અ) ઈમાઈલ દુર્ખેમ

5) **(**અ) બીજાનું ભલું

❖ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**જવાબ (ક)**

*જે પદાર્થોનું વારંવાર સેવન કરવું પડતું હોય અને જે પદાર્થ વિના રહી શકાતું ન હોય તેમજ તે પદાર્થના સેવન વિના કોઈપણ કાર્ય સારી રીતે પાર પાડી શકતા ન હોય તેને વ્યસન કહેવામાં આવે છે.*

**જવાબ (ખ)**

*અહંવાદી આત્મહત્યા એ વ્યક્તિના વ્યક્તિત્વ સાથે સંકળાયેલી બાબત છે. અહં એટલે પોતાની જાતને વધુ પડતી ઊંચું આંકવાનું વલણ ધરાવે છે, વ્યક્તિના અહંને જેટલા અંશે વધુ સંતોષવામાં આવે છે તેટલો વ્યક્તિવાદ વિકસતો જાય છે. વ્યક્તિ પોતાની જાતને બીજાથી અલગ માનવા માંડે છે. ઘણીવાર અહં ન સંતોષાતાં આવી વ્યક્તિઓ આત્મહત્યા કરવા પ્રેરાય છે, ત્યારે તેને અહંવાદી આત્મહત્યા કહી શકાય.*

❖ **સ્વાધ્યાય**

1) *વ્યસનની અસરો સમજાવો.*

2) *આત્મહત્યાનાં તારણો વર્ણવો.*

## ❖ સંદર્ભ/સૂચિ


1. *આહુજા રામ ,સામાજિક સમસ્યાઓ, (હિન્દી),રાવત પબ્લિકેશન, જયપુર* (2000)
2. *દવે હર્ષિદા એચ. સામાજિક સમસ્યાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ* (2000) *પ્રથમ આવૃત્તિ*
3. *મિશ્રા કે.કે. સામાજિક વિઘટન, વૈશાલી પ્રકાશન,ગોરખપુર,* 1985-86 (*હિન્દી*)
4. *શર્મા જી.એલ સામાજિક મુદ્દે, રાવત પબ્લિકેશન, જયપુર (હિન્દી),* 2015
5. *મનીષ જનસારી, પ્રશિષ્ટ સમાજશાસ્ત્રીય પરંપરાઓ,ગર્ગ પબ્લિકેશન, અમદાવાદ,* (2017)
6. *મહાજન ધર્મવીર, મહાજન કમલેશ, ભારતીય સમાજ, મુદ્દે એવમ્ સમસ્યાએં, વિવેક પ્રકાશન દિલ્હી,* 2010 (*દિલ્હી*)

# એકમ : 17 ભારતીય સમાજની સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક અને રાજનૈતિક સમસ્યાઓ પ્રત્યેના દ્રષ્ટિકોણ

: રૂપરેખા :

**17.0 ઉદ્દેશ્યો**

**17.1 પ્રસ્તાવના**

**17.2 ભારતીય સમાજની સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક અને રાજનૈતિક સમસ્યાઓ પ્રત્યેના દ્રષ્ટિકોણ**

**17.2.1 દ્રષ્ટિકોણ/પરિપ્રેક્ષ્યનો અર્થ**

**17.2.2 ભારતીય સમાજની સામાજિક સમસ્યાઓ**

**17.2.3 સામાજિક સમસ્યાઓ અને તેના પ્રત્યેના દ્રષ્ટિકોણ**

**તમારી પ્રગતિ ચકાસો. (ક)**

**17.3 સારાંશ**

**17.4 શબ્દાવલિ**

**17.5 બહુવિકલ્પ પ્રશ્નો (જવાબો સહિત)**

**17.6 સ્વાધ્યાય**

**સંદર્ભસૂચિ**

## 17.0 ઉદ્દેશ્યોઃ

*વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે –*

1. *દ્રષ્ટિકોણ/પરિપ્રેક્ષ્યની વિભાવના કરી શકશો.*
2. *સામાજિક સમસ્યાઓના અભ્યાસ માટેનો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસશે.*
3. *સામાજિક સમસ્યાઓના અભ્યાસ માટેના જુદાં જુદાં દ્રષ્ટિકોણથી માહિતગાર થયો.*
4. *ભારતીય સામાજિક સમસ્યાઓના મુદ્દા અને તેના અભ્યાસ માટેના દ્રષ્ટિકોણની ચર્ચા કરી શકશો.*

## 17.1 પ્રસ્તાવના :

*માનવ સમાજનો ઈતિહાસ જોઈએ તો જાણી શકાય કે પ્રત્યેક સમાજ જુદી જુદી સમસ્યાઓથી પીડાય છે. પછી તે શિક્ષિત સમાજ હોય કે અશિક્ષિત, સભ્ય સમાજ હોય કે અસભ્ય, વિકસિત સમાજ હોય કે અવિકસિત. સામાજિક સમસ્યાઓ સમાજની કાર્યાત્મકતા પર વિઘાતક અસર કરે છે અને સમાજનું વિઘટન થાય છે. આથી સમાજમાં સ્થિરતા અને વ્યવસ્થા જાળવવી હોય તો સામાજિક સમસ્યાઓનો ઉકેલ મેળવવો જરૂરી છે. જે માટે સામાજિક સમસ્યાના લક્ષણો, તેના કારણો, તેનું સ્વરૂપ વગેરે વિશે માહિતી મેળવવી જરૂરી બને છે. જે જુદાં જુદાં વિજ્ઞાનોને સામાજિક સમસ્યાઓના અભ્યાસ તરફ પ્રેરે છે. પ્રત્યેક વિજ્ઞાન એક જુદાં જ દ્રષ્ટિકોણથી સામાજિક સમસ્યાને જોવે છે. એટલું જ નહિ સમાજશાસ્ત્રમાં પણ સામાજિક સમસ્યાઓને સમજવા અંગેના જુદાં જુદાં દ્રષ્ટિકોણ વિકસ્યાં છે, જેની વિગતે ચર્ચા પ્રસ્તુત પ્રકરણમાં કરીશું.*

## 17.2 ભારતીય સમાજની સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક અને રાજનૈતિક સમસ્યાઓ પ્રત્યેના દ્રષ્ટિકોણ

*દરેક વિજ્ઞાનનું ચોક્કસ વિષયવસ્તુ હોય છે. જેનો અભ્યાસ કરવા માટે જે તે વિજ્ઞાનમાં ચોક્કસ દ્રષ્ટિકોણ, પરિપ્રેક્ષ્ય કે અભિગમ વિકસેલા હોય છે. આ દ્રષ્ટિકોણ જ એક વિષયને બીજા વિષયથી જુદો પાડે છે. સમાજશાસ્ત્ર પણ સામાજિક સમસ્યાઓનો અભ્યાસ આવા કેટલાક વિશિષ્ટ દ્રષ્ટિકોણથી કરે છે. કોઈ પણ સામાજિક સમસ્યાના અનેક લક્ષણો અને પ્રભાવ હોય છે. આ લક્ષણો અને પ્રભાવ બહુ વિસ્તૃત અને વ્યાપક હોય છે. સામાજિક સમસ્યાના આ વિભિન્ન પાસાનું અવલોકન અને વિશ્લેષણ કરવા માટે તેને નિશ્ચિત સીમામાં બાંધવું જરૂરી છે. સમસ્યાઓના અભ્યાસ માટેના દ્રષ્ટિકોણ તેને નિશ્ચિત સીમા કે પરિઘમાં સીમિત કરે છે. ભારતીય સમાજની સામાજિક-સાંસ્કૃતિક આર્થિક અને રાજનૈતિક સમસ્યાઓ પ્રત્યેના દ્રષ્ટિકોણને વિગતવાર તપાસતા પહેલા દ્રષ્ટિકોણની પરિભાષા અને ભારતીય સમાજની સામાજિક સમસ્યાઓવિશે માહિતી મેળવીએ.*

### 17.2.1 દ્રષ્ટિકોણ/પરિપ્રેક્ષ્યનો અર્થ

*દ્રષ્ટિકોણ એટલે કોઈ ઘટના કે પરિસ્થિતિને જોવા, તપાસવાની કે નિરીક્ષણ કરવા માટેની આગવી દ્રષ્ટિ. જે માટે પરિપ્રેક્ષ્ય શબ્દનો ઉપયોગ પણ થાય છે. પરિપ્રેક્ષ્ય અંગ્રેજી શબ્દ* 'Perspective`*નું ગુજરાતી રૂપાંતર છે. જેનો અર્થ થાય છે* 'Seen through` *એટલે કે ની દ્વારા જોવું અથવા ની દ્વારા નિરીક્ષણ. અર્થાત્ કોઈ ચોક્કસ દ્રષ્ટિબિંદુ મારફતે કોઈ ઘટના કે પરિસ્થિતિને તપાસવી કે જોવી. પરિપ્રેક્ષ્ય વિચાર કરવાની કે ઘટનાને સમજવાની તેમજ તેની વ્યાખ્યા કરવાની દ્રષ્ટિ છે અને તેથી જ તેને દ્રષ્ટિકોણ પણ કહે છે. પરિપ્રેક્ષ્ય કોઈ વસ્તુ કે પરિસ્થિતિના વિષયમાં પ્રકટ કે અપ્રકટ માન્યતાઓનું સંમિશ્રણ છે જે વૈજ્ઞાનિક અભ્યાસનો આધાર બને છે.*

**બી. ભૂષણ** *પરિપ્રેક્ષ્યની વ્યાખ્યા આપતાં કહે છે કે, "મૂલ્યો, વિશ્વાસો, મનોવૃત્તિઓ તેમજ અર્થો માટે ઉપયોગમાં આવતો શબ્દ કે જે વ્યક્તિને પરિસ્થિતિને દેખવા માટે એક રૂપરેખા કે દ્રષ્ટિ આપે છે."*

**લાઈટ અને કેલરના** *મતે જ્યારે આપણે સંસારને સમાજશાસ્ત્રીય રૂપમાં જોઈએ છીએ તો એક વિશિષ્ટ પરિપ્રેક્ષ્ય દ્વારા જોઈએ છીએ. સમાજશાસ્ત્ર વૈયક્તિક દ્રષ્ટિથી ભિન્ન માનવજીવનને સંગઠિત કે નિયંત્રિત કરનાર શક્તિઓનો વસ્તુલક્ષી અભ્યાસ કરે છે. જેને તેઓ એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરે છે. કોઈ એક કૉલેજમાં કોઈ એક વર્ગનો અભ્યાસ જો સમાજશાસ્ત્રી કરે તો, તે વ્યક્તિગત વિદ્યાર્થીનો અભ્યાસ ન કરતાં વિદ્યાર્થીઓના સામુહિક વર્તન વ્યવહારના પ્રતિમાનોને જોવાનો પ્રયત્ન કરશે. તેનું કેંદ્રબિંદુ કોઈ એક વિદ્યાર્થીનું વર્તન ન રહેતા સામાજિક સબંધ, શક્તિના સબંધ, વ્યવહારના નિયમો તેમજ વર્ગ વિશેષતાઓ હશે. આજ વર્ગનો અભ્યાસ કોઈ આર્કિટેક્ટ કરે તો, તે વર્ગખંડનો આકાર, ફર્નીચરનો પ્રકાર, ડેક્સનો ક્રમ, ધ્વનિનો પ્રકાર વગેરેના રૂપમાં તેને જોશે. એક ડૉક્ટર જો આ વર્ગનો અભ્યાસ કરે તો, તે વર્ગના વિદ્યાર્થીઓની શારીરિક સ્થિતિ, આંખોની શક્તિ,પોષણનું સ્તર વગેરેને જોશે. એક પેઈન્ટર કે ફોટોગ્રાફર તેને વર્ગના વિદ્યાર્થીના કપડાંના રંગ અને છાયા-પ્રકાશના દ્રષ્ટિકોણથી જોશે. આમ દ્રષ્ટિકોણ એ કોઈ પણ ઘટના કે પરિસ્થિતિને જોવા તપાસવાની દ્રષ્ટિ છે.*

*કેટલાક વિદ્વાન દ્રષ્ટિકોણને સ્થાને અભિગમ શબ્દને વધુ યોગ્ય માને છે. અભિગમ શબ્દ માટે હિંદીમાં ઉપાગમ શબ્દનો ઉપયોગ થાય છે. જેનો શાબ્દિક અર્થ ઉપ આગમન એટલે કે, વાસ્તવિકતાની નજીક લઈ જવું થાય છે. જેને કોઈ સમસ્યાનો અભ્યાસ કરવાની રીત કે પ્રયુક્તિ પણ કહેવામાં આવે છે જેના આધાર પર સમસ્યાનું વિશ્લેષણ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રમાં વિભિન્ન પરિસ્થિતિઓ પ્રક્રિયાઓ અથવા પરિવર્ત્યીના અભ્યાસ અનેક પરિપ્રેક્ષ્યો દ્વારા કરવામાં આવે છે અને પ્રત્યેક પરિપ્રેક્ષ્ય તે સમસ્યાના કોઈ વિશિષ્ટ પાસાં પર વધુ ભાર મુકે છે.*

### 17.2.2 ભારતીય સમાજની સામાજિક સમસ્યાઓ

*ભારતીય સામાજિક સમસ્યાઓ પ્રત્યેના દ્રષ્ટિકોણની ચર્ચા કરતાં પૂર્વ ભારતની સામાજિક સમસ્યાઓ અંગે થોડી ચર્ચા કરવી આવશ્યક છે. ભારતીય સમાજની સમસ્યાઓનો અભ્યાસ અનેક પરિપ્રેક્ષ્યોથી થઈ શકે છે. સામાજિક વિજ્ઞાનિઓ સામાજિક સમસ્યાઓનો અભ્યાસ મુખ્યતઃ ચાર પરિપ્રેક્ષ્યોમાં કરે છે. સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજનૈતિક. જેથી અત્રે અહિં આપણે સામાજિક સમસ્યાઓની ચર્ચા આ ચાર પરિપ્રેક્ષ્યોમાં કરીશું.*

*ભારતની વર્તમાન સમસ્યાઓને સમજવા માટે જરૂરી છે કે ભારતીય સમાજની સમસ્યાઓની ઐતિહાસિક પૃષ્ઠભૂમિને પણ તપાસવામાં આવે. ભારતીય સમાજની ઐતિહાસિક સમસ્યાઓની વાત કરીએ તો, વૈદિક કાળમાં વૈદિક ગ્રંથો અનુસાર ભારતીય*

સમાજની મુખ્ય સમસ્યા આર્યો અને દસ્યુઓ વચ્ચેના સંઘર્ષો હતાં. આ સિવાય પશુ બલિની સમસ્યા પણ આ સમયમાં જોવા મળતી હતી. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મએ સામાજિક અસમાનતા અને યજ્ઞમાં પશુ બલિની પરંપરાનો વિરોધ કર્યો. શીખ ધર્મે પણ સામાજિક સમાનતા પર ભાર મૂક્યો. આમ છતાં બ્રાહ્મણવાદ હેઠળ આ સમસ્યાઓને પ્રોત્સાહન મળતુ રહ્યું.

જ્યારે ભારતીય સમાજમાં વિદેશી આક્રમણો શરૂ થયા ત્યારે વિદેશી હુમલાખોરોથી સ્ત્રીઓને બચાવવા બાળ વિવાહ,પરદા પ્રથા, સતી પ્રથા, સ્ત્રી સ્વાતંત્ર્ય પર પ્રતિબંધ, વિધવા વિવાહ પર પ્રતિબંધ, સ્ત્રી શિક્ષણ પર પ્રતિબંધ વગેરે જેવી સમસ્યાઓ ઉદ્ભવી.આ સમય દરમ્યાન અસ્પૃશ્યતાની સમસ્યા પણ વધુ કઠોર બની. વિદેશ યાત્રા પર પ્રતિબંધ મુકાયો. આ સાથે સાથે કેટલાક વિસ્તારોમાં ધાર્મિક-સામાજિક રીત-રિવાજ તરીકે તબાંકુ, અફીણ અને ગાંજાના સેવનને પ્રોત્સાહન મળ્યું. જેથી વ્યસનની સમસ્યા પણ પ્રસરી. બ્રાહ્મણવાદની પકડ મજબૂત થતા બ્રાહ્મણોએ જ્ઞાતિના ભેદભાવને વધુ મજબૂત કરી દીધા.

વર્તમાન ભારતની અનેક સમસ્યાઓ વર્ષોથી ચાલી આવે છે. જેવી કે અસ્પૃશ્યતા, પરદા પ્રથા, વિધવા પુનઃવિવાહ નિષેધ, દહેજ, બાળ વિવાહ, આંતરજ્ઞાતિય લગ્ન નિષેધ, અંધવિશ્વાસ, ધાર્મિક કટ્ટરતા, સાંપ્રદાયિકતા, પ્રદેશવાદ, નૃજાતિય વિસંવાદિતતા, પ્રાદેશિક વિસંવાદિતતા, ભાગ્યવાદિતા વગેરે. આ બધી જ સમસ્યાઓ સામાજિક તો છે જ, પરંતુ આ સમસ્યાઓને સામાજિક આર્થિક સાંસ્કૃતિક અને રાજનૈતિક વિશેષતાઓને આધારે વર્ગીકૃત કરી શકાય. વર્તમાન સમસ્યાઓને ધ્યાનમાં રાખતાં તેમને નીચે મુજબ વર્ગીકૃત કરી તેમનું અધ્યયન થઈ શકે.

1. સામાજિક સમસ્યાઓઃભારતીય સમાજની મુખ્ય સામાજિક સમસ્યાઓ અસ્પૃશ્યતા, અનુસૂચિત જાતિ અને મહિલાઓની સમસ્યા, વ્યસનની સમસ્યા વગેરે છે.
2. સાંસ્કૃતિક સમસ્યાઓઃ ભારતની મુખ્ય સાંસ્કૃતિક સમસ્યાઓ ભાગ્યવાદ, વિશિષ્ટતાવાદ, પિતૃસત્તાત્મકતા, રાષ્ટ્રિય સંપત્તિની ઉપેક્ષા, સાંપ્રદાયિકતા,વસ્તીવૃદ્ધિ વગેરે છે.
3. આર્થિક સમસ્યાઓઃ ગરીબી, બેકારી, કાળાબજારી, બાળમજૂરી વગેરે આર્થિક સમસ્યા છે.
4. રાજનૈતિક સમસ્યાઓઃ ભાષાવાદ, પ્રદેશવાદ, હિંસા, આતંકવાદ વગેરે રાજનૈતિક સમસ્યાઓ છે.

ઉપરોક્ત તમામ સમસ્યાઓનું વર્ગીકરણ માત્ર અભ્યાસની સરળતા માટે કરવામાં આવ્યું છે ખરેખરમાં તો, બધી સમસ્યાઓ એકબીજાંથી પ્રભાવિત થાય છે અને એકબીજા પર પ્રભાવ પાડે છે.

### 17.2.3 સામાજિક સમસ્યાઓ અને તેના પ્રત્યેના દ્રષ્ટિકોણ

*સામાજિક સાંસ્કૃતિક આર્થિક અને રાજનૈતિક પરિપ્રેક્ષ્યની ચર્ચા સામાજિક સમસ્યાઓના સંદર્ભમાં નીચે મુજબ કરી શકાય.*

1. **સામાજિક પરિપ્રેક્ષ્ય અને સામાજિક સમસ્યાઓઃ** *સામાજિક પરિપ્રેક્ષ્ય મુજબ સામાજિક સમસ્યાઓ સમાજની જ પેદાશ છે અને તેથી સામાજિક સમસ્યાઓનું અધ્યયન સામાજિક પરિપ્રેક્ષ્યથી કરવું જોઈએ.* **મેકાઈવર અને પેજ** *લખે છે કે, સમાજ એક જટિલ સમગ્ર છે. જે સતત પરિવર્તન પામે છે. સામાજિક સમસ્યાઓ અને સમાજ પરસ્પર એકબીજાં સાથે ઘનિષ્ઠ રીતે સબંધિત છે. સામાજિક સમસ્યાઓ સમાજથી સબંધિત છે એટલે સામાજિક સમસ્યાઓ પણ પરિવર્તનશીલ છે. જ્યારે સમાજમાં પરિવર્તન આવે છે તો સામાજિક સમસ્યાઓ પણ ઉત્ત્પન્ન થાય છે અને જ્યારે સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે ત્યારે સમાજમાં પરિવર્તન આવે છે. સામાજિક સંરચના, મૂલ્ય, ધોરણો, સંસ્થાઓ, રીત-રિવાજ વગેરે સામાજિક સમસ્યાઓ સાથે સબંધિત છે.*

*માનવી તેની વિવિધ જરૂરિયાતો સમાજમાં રહીને પૂર્ણ કરે છે. જેના માટે તે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયા અને આંતરક્રિયા કરે છે. આ આંતરક્રિયા દરમ્યાન કેટલીક સમસ્યાઓ પણ ઉદ્ભવે છે. જો વ્યક્તિ સમાજ દ્વારા નિર્દેશિત ધ્યેયોને સમાજ દ્વારા ઉપલબ્ધ સાધનો દ્વારા મેળવે તો સામાજિક સમસ્યા ઉદ્ભવતી નથી. પરંતુ જો આ બંનેમાંથી કોઈ એક અથવા બંનેનું ઉલ્લંઘન વ્યક્તિ, જૂથ કે સમુદાય કરે તો સામાજિક સમસ્યા ઉદ્ભવે છે. માનવી ઉપકરણોનો સર્જક, વાહક અને દાસ છે. તે તેની આવશ્યકતાઓની પૂર્તિ હેતુ સાદા, સરળ કે જટિલ સાધનો, ઉપકરણો, પદ્ધતિઓ કે કાર્યપ્રણાલીઓ વિકસાવે છે. જેનાથી સમાજની પરંપરાગત વ્યવસ્થામાં પરિવર્તન આવે છે. જેથી પરંપરા અને આધુનિકતા વચ્ચે સંઘર્ષની સ્થિતિનું નિર્માણ થાય છે. જે સામાજિક સમસ્યાઓને જન્મ આપે છે.*

*સમાજમાં પ્રત્યેક વર્ગના વ્યક્તિને તેના આગવા હિત હોય છે. અને આવા જુદાં જુદાં વર્ગના હિતો પરસ્પર વિરોધી હોય છે, ત્યારે તમામ વર્ગના લોકો પોતાના હિતોનોમહત્તમ સંતોષ મેળવવાનો પ્રયત્ન કરે છે અને અન્યનું શોષણ કરે છે. જે સામાજિક સમસ્યાનું સર્જન કરે છે. આમ ઉપરોક્ત ચર્ચા પરથી સમજી શકાય કે સામાજિક સમસ્યાઓ અને સમાજ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે અને તેથી જ સમસ્યાઓના અભ્યાસ માટેનો સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય વિકસ્યો કે જે સામાજિક સમસ્યાઓને સમાજ સાથે સાંકળી જોવાનો પ્રયત્ન કરે છે.*

**2. સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય અને સામાજિક સમસ્યાઓઃ** *સાંસ્કૃતિક દ્રષ્ટિકોણથી જોઈએ તો જ્યારે સાંસ્કૃતિક ક્ષેત્રે પરિવર્તન આવે છે ત્યારે સામાજિક સમસ્યાઓ ઉદ્ભવે છે. જ્યારે સમાજની પરંપરાગત વ્યવહારની રીતો, જીવનશૈલી, ધોરણો અને સંસ્થાઓમાં પરિવર્તન આવે છે. ત્યારે સમાજમાં સંક્રમણની અવસ્થા સર્જાય છે જેમાં પરિવર્તન સર્વગામી ન હોવાથી સંસ્કૃતિના જુદાં જુદાં ઘટકો વચ્ચે અસંતુલન અને અવ્યવસ્થા સર્જાય છે. જે*

*સામાજિક સમસ્યાઓના ઉદ્ભવનું કારણ બને છે. સંસ્કૃતિ અને સામાજિક સમસ્યાઓ વચ્ચેનો સબંધ સમજવામાં* **ઑગબર્નની** *સાંસ્કૃતિક મંદતાની અવધારણા વધુ ઉપયોગી બની રહે છે. તેના મતે સંસ્કૃતિને બે વિભાગમાં વહેંચી શકાય. ભૌતિક સંસ્કૃતિ અને અભૌતિક સંસ્કૃતિ. ભૌતિક સંસ્કૃતિ એટલે જે તે સમાજમાં ઉપયોગમાં લેવામાં આવતા ભૌતિક ઉપકરણો કે સાધનો તે સમાજની ભૌતિક સંસ્કૃતિ કહેવાય છે. દા.ત. ફર્નિચર, મકાનની બાંધણી, મકાનની સજાવટ, ફોન, ટી. વી. જેવા જુદાં જુદાં ઉપકરણો વગેરે. જ્યારે અભૌતિક સંસ્કૃતિ એટલે જે તે સમાજના રીત-રિવાજો, કાર્યપ્રણાલીઓ, માન્યતાઓ, મૂલ્યો, ધોરણો, વર્તનની ઢબ વગેરે. ઑગબોર્નના મતે, અભૌતિક સંસ્કૃતિની સાપેક્ષે ભૌતિક સંસ્કૃતિમાં ઝડપથી પરિવર્તન આવે છે. જેથી ભૌતિક સંસ્કૃતિના અને અભૌતિક સંસ્કૃતિના ઘટકો વચ્ચે એક જાતની અસમતુલા જન્મે છે સંસ્કૃતિનાઆ બંને ઘટકો વચ્ચેના અવકાશને તેઓ સાંસ્કૃતિક મંદતા તરીકે ઓળખાવે છે. જે સામાજિક સમસ્યાઓના ઉદ્ભવનું કારણ બને છે. આમ સામાજિક સમસ્યાઓને સમજવા માટેનો સાંસ્કૃતિક દ્રષ્ટિકોણ સમસ્યાઓને સાંસ્કૃતિક ઘટકો સાથે સાંકળીને જોવાનો પ્રયત્ન કરે છે.*

**3. આર્થિક પરિપ્રેક્ષ્ય અને સામાજિક સમસ્યાઓઃ** *આર્થિક પરિપ્રેક્ષ્ય સામાજિક સમસ્યાઓને જોવા માટેનો આર્થિક દ્રષ્ટિકોણ ધરાવે છે.* **કાર્લમાર્ક્સ, એડમ સ્મિથ, જોન સ્ટુઅર્ટમિલ,ડેવિડ રિકાર્ડો** *વગેરે આર્થિક પરિપ્રેક્ષ્યના સમર્થક હતાં. તેમના મતે સમાજ શરૂઆતમાં શિકારી અવસ્થામાં હતો ત્યારબાદ પશુપાલક, કૃષક અને મૂડીવાદી અવસ્થાઓમાં પરિવર્તન પામ્યો. પરંતુ આ તમામ અવસ્થામાં આર્થિક સબંધો સમાજમાં મહત્ત્વના રહ્યાં અને આર્થિક હિતોના સંઘર્ષને પરિણામે જ સમાજમાં જુદી જુદી સમસ્યાઓ ઉદ્ભવે છે.* **કાર્લમાર્ક્સના** *મતે,આર્થિક સંરચના જ સમાજની અન્ય સંરચનાઓનો આધાર છે. જેથી આર્થિક સંરચનામાં જો પરિવર્તન આવે તો તેનો પ્રભાવ અન્ય તમામ સંરચનાઓ પર પડે છે. અને અન્ય તમામ સંરચનાઓમાં પણ પરિવર્તનની જરૂરિયાત ઉદ્ભવે છે. તેમના મતે, ભૂતકાળથી વર્તમાન સમય સુધીના ઈતિહાસને તપાસવામાં આવે તો માનવ સમાજના પ્રત્યેક સમાજમાં બે વિરોધી હિતો ધરાવતાં વર્ગ મળે છે અને આ બંને વર્ગો આર્થિક પાયા પર રચાયેલ હોય છે. જેમાં અર્થિક સાધનોથી સંપન્ન મૂડીપતિ વર્ગ પોતાના આર્થિક હિતોને સંતોષવા મજૂર વર્ગનું શોષણ કરે છે આમ આર્થિક પરિપ્રેક્ષ્યઆર્થિક કારકો દ્વારા સામાજિક સમસ્યાઓને સમજવાનો પ્રયત્ન કરે છે.*

**4. રાજનૈતિક પરિપ્રેક્ષ્ય અને સામાજિક સમસ્યાઓઃ** *રાજનૈતિક પરિપ્રેક્ષ્ય સામાજિક સમસ્યાઓને રાજકીય સંસ્થા સાથે સાંકળીને જોવાનો પ્રયત્ન કરે છે. સરળ અને સાદા સમાજોમાં રાજકીય વ્યવસ્થાનું સ્વરૂપ સાદું હોય છે. જેમકે શિકારી સમાજ, આદિમ સમુદાય, કૃષક સમાજ વગેરે. આવા સમાજોમાં ન્યાયપાલિકા, કાર્યપાલિકા, નોકરશાહી વગેરેનો અભાવ હોય છે. પરંતુ જ્યારે રાજકીય વ્યવસ્થા સરળ માંથી જટિલ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે અનેક સમસ્યાઓ ઉદ્ભવે છે. આ ઉપરાંત સત્તા અને સમાજ વચ્ચે પણ સબંધ જોવા મળે છે. રાજકીય સત્તામાં પરિવર્તન આવતા સામાજિક વ્યવસ્થામાં પણ પરિવર્તન આવે છે. રાજ્ય કાયદા અને કાનૂનની મદદથી સામાજિક સ્થિરતા અને વ્યવસ્થાને*

*જાળવવાનું કામ કરે છે. એટલે રાજકીય સત્તામાં પરિવર્તન આવતા સમાજમાં પણ બદલાવ આવે છે. રાજ્યતંત્ર કાયદા અને કાનૂન દ્વારા સામાજિક સમસ્યાઓના નિયમન અને તેના ઉકેલના પ્રયત્નો કરે છે. દા.ત. બ્રિટિશ શાસન સમયે સતીપ્રથા પ્રતિબંધક કાનૂન અને બાળકીને દૂધપીતી કરવાની પ્રથા પર પ્રતિબંધ મૂકતા કાનૂન આવ્યા. આ ઉપરાંત, ભારત આઝાદ થયા બાદ પણ જુદી જુદી સમસ્યાઓને નાબૂદ કરવા માટેના કાનૂન બન્યા છે. જોકે, રાજ્યતંત્ર દ્વારા તેનો યોગ્ય અમલ ન થઈ શકતા ભારતીય સમાજ હજી પણ ઘણી સમસ્યાઓથી પીડાય છે. આમ, રાજનૈતિક પરિપ્રેક્ષ્ય સામાજિક સમસ્યાને રાજનૈતિક વ્યવસ્થાતંત્ર સાથે જોડીને જોવા તપાસવાનો પ્રયત્ન કરે છે.*

❖ **તમારી પ્રગતિ ચકાસો. (ક)**

*નોંધ:* (1) *નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.*
(2) *એકમના અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ સરખાવો.*

1. *દ્રષ્ટિકોણ એટલે શું? ટૂંકમાં સમજાવો.*

## 17.3 સારાંશ :

*પ્રસ્તુત પ્રકરણમાં આપણે સામાજિક સમસ્યાઓના અભ્યાસ કરવા માટેના જુદાં જુદાં દ્રષ્ટિકોણ વિશે વિગતવાર માહિતી મેળવી તેમજ આ દ્રષ્ટિકોણ જે તે સમસ્યાને તપાસવા માટે કઈ બાબત પર ભાર મૂકે છે, તે સમજવાનો પણ પ્રયત્ન કર્યો. સામાજિક સમસ્યાઓના અભ્યાસ અંગેના આ જુદાં જુદાં દ્રષ્ટિકોણની મદદથી સામાજિક સમસ્યાઓના જુદાં જુદાં પાસાંઓને જોવા તપાસવાની દ્રષ્ટિ વિકસે છે તેમજ સમસ્યાના વિભિન્ન પાસાંઓથી માહિતગાર થઈ શકાય છે.*

## 17.4 શબ્દાવલિઃ

**સામાજિક સમસ્યા** *કોઈ એવી પરિસ્થિતિ કે જે સમાજના મોટાભાગના લોકો પર અનિચ્છનીય અસર કરતી હોય અને સમાજના લોકો તેને બદલવી જોઈએ તેમ માનતા હોય તેમજ તેને બદલવા માટે પ્રયત્નશીલ*

હોય.

**બ્રાહ્મણવાદ** *બ્રાહ્મણ જ્ઞાતિના હિતોને પોષતી વિચારસરણી કે જેનો બ્રાહ્મણો દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો અને ધર્મનું પીઠબળ આપી સમાજમાં તેને દ્રઢ કરવામાં આવી.*

## 17.5 બહુવિકલ્પ પ્રશ્નો (જવાબો સહિત)

1. *સાંસ્કૃતિક મંદતાની અવધારણા કોણે આપી?*

(અ) એડમ સ્મિથ (બ) ડેવિડ રિકાર્ડો (ક)ઑગબર્ન

2. *પરિપ્રેક્ષ્ય અંગ્રેજી શબ્દ ..............................નું ગુજરાતી રૂપાંતર છે.*

(અ) Perspective (બ) Approach (ક) Methodology

3. *નીચેનામાંથી કોણ આર્થિક પરિપ્રેક્ષ્યના સમર્થક હતાં?*

(અ) ઑગષ્ટ કોમ્ત (બ) ઈમાઈલ દુર્ખિમ (ક)કાર્લ માર્ક્સ

4. *સમાજમાં ઉપયોગમાં લેવામાં આવતા .......................... તે સમાજની ભૌતિક સંસ્કૃતિ કહેવાય છે.*

(અ) ડુંગરો (બ) ભૌતિક ઉપકરણો (ક)વાતાવરણ

5. *રાજનૈતિક પરિપ્રેક્ષ્ય સામાજિક સમસ્યાઓને .................................... સાથે સાંકળીને જોવાનો પ્રયત્ન કરે છે.*

(અ) આર્થિક સંસ્થા (બ) રાજકીય સંસ્થા (ક) સમાજ

*જવાબો:*

1. (ક)ઑગબર્ન
2. (અ) Perspective
3. (ક)કાર્લ માર્ક્સ
4. (બ) ભૌતિક ઉપકરણો
5. (બ) રાજકીય સંસ્થા

❖ **તમારી પ્રગતિ જાતે ચકાસોના જવાબો.**

● **તમારી પ્રગતિ ચકાસો. (ક)**

1. *દ્રષ્ટિકોણ એટલે કોઈ ઘટના કે પરિસ્થિતિને જોવા, તપાસવાની કે નિરીક્ષણ કરવા માટેની આગવી દ્રષ્ટિ. જે માટે પરિપ્રેક્ષ્ય શબ્દનો ઉપયોગ પણ થાય છે. પરિપ્રેક્ષ્ય અંગ્રેજી શબ્દ* 'Perspective'*નું ગુજરાતી રૂપાંતર છે. જેનો અર્થ થાય છે* 'Seen through' *એટલે કે........ની દ્વારા જોવું અથવા .......ની દ્વારા નિરીક્ષણ.*

## 17.6 સ્વાધ્યાય :

1. *દ્રષ્ટિકોણ એટલે શું? સામાજિક સમસ્યાઓને સમજવા માટેના જુદાં જુદાં દ્રષ્ટિકોણ સમજાવો.*

2. *ભારતની સામાજિક સમસ્યાઓ અને તેનો અભ્યાસ કરવા માટેના દ્રષ્ટિકોણને વિસ્તૃત ચર્ચા કરો.*

### ❖ સંદર્ભસૂચિ


1. Ahuja Ram: Social Problems in India; Rawat Publication, Jaipur 1997.

2. *મહાજન ધર્મવીર ઔર મહાજન કમલેશઃ ભારતીય સમાજઃ મુદ્દે એવં સમસ્યાયેં; વિવેક પ્રકાશન, દિલ્હી* 2010.

3. *મુકર્જી રવીન્દ્રનાથ(ડૉ.), અગ્રવાલ ભરત(ડૉ.) ઔર ચૌહાન કરનસિંહ (ડૉ.): ભારતીય સમાજઃ મુદ્દે એવં સમસ્યાયેં; એસ. બી. પી. ડી. પબ્લિકેશન્સ, આગ્રા* 2020.

4. *રાજોરા સુરેશચંદ્ર(ડૉ.): સમકાલીન ભારતકી સામાજિક સમસ્યાયેં; રાજસ્થાન હિન્દી ગ્રંથ અકાદમી, જયપુર* 2000.

5. *શર્મા વિરેન્દ્રપ્રસાદઃ ભારતીય સમાજ મુદ્દે ઔર સમસ્યાયેં; પંચશીલ પ્રકાશન, જયપુર* 2004.

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે, હો દશે દિશે શુભ-લાભ. ?

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળાં પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવતારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસનાં ફૂલ મહેંકે;
બંધન નહીં કો' સ્થાન સમયનાં જવું ન ઘરથી દૂર,
ઘર આવી મા હરે શારદા દૈન્યતિમિરનાં પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે,મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીએ આપણ સૌ
ભવ્ય રાષ્ટ્રનિર્માણ...
દિવ્ય રાષ્ટ્રનિર્માણ...
ભવ્ય રાષ્ટ્રનિર્માણ

○

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**